Vol. 42, No. 5
September 2021
ISSN 2455 - 4162


નવનીત સમર્પણ

Rs: 30

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



Just Released



- A Life Story of a pre-eminent Kashmiri Poet Lal Ded.
- Her songs enlightens us as to how poetry can give meaning to life.
- Seven hundred years ago, the valley of Kashmir was passing through the same spell of torment and turmoil as it is today.....



PB ₹ 280

Postage Extra

For copies, please contact:
BHARATIYA VIDYA BHAVAN Publication Division
505, Sane Guruji Marg, Gora Gandhi Compound, Tardeo, Mumbai 400 034
Ph.: 23530916/23514466/23519808 (Direct) Fax: 23520385
E-mail: pvsankarankutty@gmail.com or pvsankarankutty@bhavans.info
Website: www.bhavans.info

ISBN 978-81-7276-594-1
9 788172 765941 >

અનહદ બાની



☐ સુભાષ ભટ્ટ

ખલીલ જિબ્રાન એક એવો રહસ્યવાદી છે જે માનવપ્રેમી પણ છે. એ પ્રેમના અધિકારથી દરેક માનવીને સીધા સંબોધે છે. ધર્મ અને અધ્યાત્મને તટસ્થ બનીને દૂરની કોઈ ટેકરી પરથી નીરખવાની એને ટેવ છે. 'ધ મેડમેન' નામની એક ચોટદાર પુસ્તિકામાં એમણે એક અદ્ભુત બોધકથા આલેખી છે.

એક યુવાન ખોજી હતો, મહા રખડુ હતો. તેણે એક એવી વાયકા સાંભળી કે દૂર-દૂર કોઈ એક નગર છે. ત્યાંની પ્રજા શાસ્ત્રને અનુસરે છે – જીવે છે. પેલો પાગલ ખોજી તો ખભે ખલીતો નાખીને નીકળી પડ્યો- આખરે એકતાલીસમે દિવસે એ ધન્ય અને વરદાન પામેલ નગરમાં પહોંચ્યો. એને આઘાત લાગ્યો કે દરેક નગરજનને એક જ આંખ અને એક જ હાથ છે. જ્યારે નગરજનોને આ યુવાનને બે આંખ અને બે હાથ જોઈને આશ્ચર્ય થયું. યુવાનને થયું આ વરદાન પામેલ નગર છે કે શાપિત? તેણે એક વૃદ્ધને આવી આપત્તિનું કારણ પૂછ્યું. વૃદ્ધ અને ટોળું તેને નગર વચ્ચે આવેલ એક પવિત્ર સ્થાનકે દોરી ગયું. જ્યાં કરમાયેલ આંખો અને સુકાયેલ હાથોનો એક ઢગલો હતો. યુવાને પૂછ્યું, 'આ કયા શાસકે – કયા ગુના માટે આટલી ક્રૂર સજા આપી છે?' પેલો વૃદ્ધ કહે, 'આ અમે જ અમને સજા આપી છે.' પછી વૃદ્ધ યુવાનને એક શિલાલેખ ચીંધે છે, જ્યાં આમ લખ્યું છે, 'તારી જમણી આંખ પાપ કરે તો તેને ખેંચી કાઢજે જેથી આખા દેહને સજા ન મળે. તારો જમણો હાથ પાપ કરે તો તેને દેહથી કાપી નાખજે જેથી આખા દેહને નરક ન વેઠવું પડે.' યુવાન પૂછે છે, 'તો અહીં બન્ને આંખ અને હાથ સાબૂત હોય તેવું કોઈ નથી? વૃદ્ધ કહે છે, 'હા થોડાંક બાળકો છે જે શાસ્ત્ર આદેશ વાંચી અને સમજી શકતાં નથી.' અને તત્ક્ષણ યુવાન તે નગર છોડીને નીકળી ગયોઃ હું શાસ્ત્ર વાંચી, સમજી અને અનુસરી ન શકું તેટલો નાનો નથી...'

મરમી રવીન્દ્રનાથ ઠાકુર કહેતા, 'નિર્મળ ચૈતન્યને સ્થળે અચેતન અભ્યાસને બેસાડવામાં આપણે ખોટું નથી કરતા?'

❑❑❑

૧૨૧

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર
વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૨ અંકઃ ૫, સપ્ટેમ્બર ૨૦૨૧

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan9@gmail.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.



મુનશીવાણી

જૂન ૧, ૧૯૬૩ - અધ્યાત્મમાર્ગ

મારા નવયુવાન મિત્ર,

પરંતુ ત્યારેય લોકોએ પોતાના અધ્યાત્મમાર્ગની રક્ષા કરવાની અને તેને વિકસાવવાની સ્વતંત્રતા ક્યારેય ગુમાવી ન હતી. તેઓ દીઠા એવા સત્યને અનુસર્યા, માનસમાં પ્રકટ્યા એવા સૌંદર્યની કલ્પના કરી અને પોતપોતાની રીતે પ્રભુનો આદર કર્યો. આધ્યાત્મિક લક્ષ્ય પ્રત્યેના અભિગમમાં ક્યાંય અંતરાય ન નડ્યો.

ચીન સામેની આપણી લડત એ કેવળ આક્રમક રાષ્ટ્ર સામેની જ લડત નથી. એ તો સામ્યવાદી શાસનતંત્ર સામેની જ આપણી લડત છે. આ શાસનતંત્રની નીતિ જ ધર્મપૂજાને કચડી નાખવાની છે, એ તંત્ર તેના સત્યને શોધવાના માનવીના અધિકારનો ઇન્કાર કરે છે. એ તંત્ર માનવના હૃદયમાં રહેલી પ્રભુ પ્રત્યેની આસ્થાને જળમૂળથી ઉખેડી નાખવાની વ્યવસ્થિત ઝુંબેશ ચલાવે છે. ટૂંકમાં એ શાસનવ્યવસ્થા આધ્યાત્મિક જીવનમાર્ગને નકારે છે.

જો આવું તંત્ર ભારતમાં આવે તો એની હેઠળ આપણને સમજાય એ રીતે આપણા અધ્યાત્મમાર્ગની સાધના કરવી લગભગ અશક્ય અને એકાદ પેઢી પછી તદ્દન અસંભવિત બની જાય.

આ સાચું છે કે અધ્યાત્મજ્ઞાન એકલા ભારતનો જ ઇજારો નથી. જે કોઈ આ અધ્યાત્મજ્ઞાનની સાધના કરે તેના સમક્ષ એ પ્રકટ થાય છે – પછી ભલે એ ગમે તે દેશના હોય. પણ ભારત એ આ જ્ઞાનનો માળો છે અને આ માળાને ઉખેડવા પ્રવૃત્ત થનારા આ અધ્યાત્મમાર્ગના વિરોધીઓ છે.

આપણે જેનું સમર્થન કરીએ છીએ, એ આધ્યાત્મિક મૂલ્યો છેઃ સત્ય, પ્રેમ અને સૌંદર્ય. આ સત્ય આપણને દેખાય અને સમર્થન કરવાનું મન થાય એવું છે. સામ્યવાદ તો નકલી સત્યો ઊભાં કરે છે. અને આ નકલી સત્યોને રાજ્યતંત્ર ધમકી કે ફરજિયાત મતાંતર દ્વારા વ્યક્તિ પર ઠોકી બેસાડે છે.

[ક્રમશઃ]

॥ શબ્દમૂળની શોધ ॥

કુડવ

□ હેમન્ત દવે

શિલાહાર શાસક મુમ્મુણીરાજ (૧૦૪૫-૧૦૭૦)ના થાણા તામ્રપટમાં વજન માટે 'કુડવ', 'ખંડિકા', અને 'મૂટક' શબ્દો પ્રયોજાયા છે.[1] અગાઉ આ સ્તંભમાં વજનને લગતા શબ્દોની ચર્ચા કરવામાં આવી હતી ('ખાંડી', મે ૨૦૧૮; 'મૂડો', જૂન ૨૦૧૮; 'કળશી' જુલાઈ ૨૦૨૧). આમાં 'કુડવ' શબ્દને હસમુખ સાંકળિયાએ 'કોડી' શબ્દ સાથે જોડેલો.[2] પણ વજન માટે 'વીસ'નો અર્થ ધરાવતો 'કોડી' શબ્દ હોય એ બહુ પ્રતીતિકર લાગતું નથી.

ટર્નરના તુલનાત્મક કોશમાં 'કુડવ' અર્થ 'પ્રસ્થ'નો ચોથો ભાગ એમ આપી એ શબ્દ મહાભારતમાં कुटप અને ઉણાદિસૂત્રમાં कुडव તરીકે નોંધાયો હોવાનું લખ્યું છે. મહાભારતમાં ક્યાંયે कुटप શબ્દ પ્રયોજાયેલો હું શોધી શક્યો નથી. ટર્નર 'કુડવ'ને 'પૉટ' તરીકે ઘટાવે છે અને 'same as *KUṬAVA-?' એમ નોંધે છે (૩૨૪૬). એટલે કે, મૂળ અર્થ 'માટીનું વાસણ' અને એ ઉપરથી 'એ માટીના વાસણમાં ભરી શકાય એટલું અનાજ' એમ અર્થ વિકસ્યો.

બરો અને એમનો એમના દ્રાવિડી વ્યુત્પત્તિ કોશમાં તમિળ 'કુળકમ', મલયાળમ 'કોળકમ', કન્નડ 'કોળગ', 'કુલ', તુળુ 'કોળગ', તેલુગુ 'કોલગમુ', વગેરે વજનના અર્થના શબ્દો નોંધી સમાંતરે ટર્નરની ઉપરોક્ત પ્રવિષ્ટિ પ્રતિનિર્દેશે છે (૧૮૨૭). બરો મલયાળમમાં કોળકમ પચાસ ઈડંગારિ જેટલું વજન હોવાનું જણાવે છે. સેમ્યુલ મટીઅર એમના *નેટિવ લાઇફ ઇન ત્રાવણકોર*માં લખે છે કે ૨૪ ઈડંગારિનો એક બુશલ (આઠ ગૅલનનું એક અંગ્રેજ માપ) થાય (૧૮૮૩: ૩૬૬).

ગુજરાતીમાં 'કુડવ' અથવા 'કુડપ'નો અર્થ સાર્થ જોડણીકોશ 'બાર મૂઠી અથવા સોળ તોલાનું માપ' એવો આપે છે. સોળ તોલા એટલે આશરે બસો ગ્રામ. એ રીતે તો અનાજ માટેનું ભાગ્યે કોઈ વજન કહેવાય.

❑❑❑

---

[1]Vasudev Vishnu Mirashi. 1977. Corpus *Indscriptionnum Indicarum*, vol. VI, Inscriptions of the *Śīlahāras*. New Delhi: Archaeological Survey of India, p. lxiv.
[2]1975. *Annales of Bhandarkar Oriental Research Institute* 56: 308-311.



મહામતિ પ્રાણનાથ

વસ્તુ અમૂલખ

☐ ફારૂક શાહ

પહેલે આપ પહચાનોં

પહેલે આપ પહચાનોં રે સાધો, પહેલે આપ પહચાનોં.
બિના આપ ચિન્હે પાર બ્રહ્મ કો, કૌન કહે મૈં જાનો?

પીછે ઢૂંઢો ઘર અપનો, કૌન ઠૌર ઠહેરાનો,
જબ લગ ઘર પાવે નહીં અપનો, સો ભટકત ફિરત ભરમાનો.
પહેલે આપ પહચાનોં...

પાંચ તત્ત્વ મિલ મોહોલ રચ્યા હૈ, સો અંત્રીખ ક્યોં અટકાનો,
યાકે આસપાસ અટકાવ નહીં, તુમ જાગ કે સંસે ભાનો.
પહેલે આપ પહેચાનોં...

નીંદ ઉડાએ જબ ચિન્હોગે આપ કો, તબ જાનોગે મોહોલ યોં રચાનોં,
તબ આપે ઘર પાઓગે અપનો, દેખોગે અલખ લખાનો.
પહેલે આપ પહાચાનોં...

બોલે ચાલે પર કોઈ ન પહચાને, પરખત નહીં પરખાનો,
'મહામત' કહે માંહે પાર ખોજોગે, તબ જાએ આપ ઓળખાનોં.
પહેલે આપ પહચાનોં...

- મહામતિ પ્રાણનાથ

સમગ્ર જીવન અને રચનાનો ભેદ સ્વયંને જાણ્યા પહેલાં જાણી શકાતો નથી. અંતર્યાત્રાના પ્રદેશનો આ વૈશ્વિક નિયમ છે. સ્વયંનો ભેદ જાણીને પ્રથમ સ્વયંની સાચી ઓળખ પ્રાપ્ત કરવી જરૂરી છે. ત્યાંથી જ અંતરી ઉત્ક્રાંતિની વાસ્તવિક શરૂઆત શક્ય છે. તે વાતને મહામતિ પ્રાણનાથે આ ભજનમાં દ્દઢાવી છે.

મહામતિ પ્રાણનાથ સર્વધર્મ સમભાવ અને ઉમદા માનવમૂલ્યોને સમાજમાં પ્રસારનારા સંત. પ્રણામી નિજાનંદ સંપ્રદાયના આદ્ય સ્થાપક દેવચંદ્રજીના શિષ્ય. જીવનકાળ ઈ. સ. ૧૬૧૫થી ૧૬૯૫. જામનગરના લોહાણા પરિવારમાં કેશવજી ઠક્કર અને ધનબાઈને ત્યાં જન્મ. જન્મનામ મિહિરરાજ (મહેરાજ), ઈ. સ. ૧૬૩૧માં દીક્ષા સમયે મળેલું નામ પ્રાણનાથ. તેમણે પ્રચારેલ આધ્યાત્મિક માર્ગમાં સંત અને સૂફી સાધનાનો સમન્વય થયેલો છે. ઇન્દ્રાવતી, મહામતિ, પ્રાણનાથ વગેરે નામોથી તેમણે હિન્દી, ગુજરાતી, ઉર્દૂ, સિંધી ભાષાઓમાં ભજનો અને દીર્ઘ કાવ્યગ્રંથો રચ્યાં છે. 'બારમાસી', 'મારમતસાગર', 'ખેલવત ખૂલાયા', 'પરધામવર્ણન', 'વડા સિંગાર', 'છોટા સિંગાર' વગેરે ગ્રંથો મુખ્ય છે. તેમના દર્શનના સારભૂતને રજૂ કરતો ભજનસંગ્રહ છે 'તારતમસાગર.'

અહીં શર્ત છે સૌ પહેલાં સ્વયંની સાચી ઓળખ પ્રાપ્ત કરવાની. નિર્ગુણ રહસ્યવાદી માર્ગોમાં સાધનાનું તે પહેલું ચરણ છે. સંતો સ્વના સાચા રૂપને 'સુરત' કહે છે. ફકીરો તેને 'રૂહ' કહે છે. તેની બેઠકનું સ્થાન કપાળમાં બે આંખોની વચ્ચે આવેલું છે. તેને પિંડલોકમાં નિજ સ્થાન તરીકે પણ રહસ્યવાદી રચનાઓ ઓળખાવે છે. સંતો તેને 'તીસરા તિલ' કહે છે તો ફકીરો તેને 'નુક્તાએ સુવૈદા' કહે છે. ત્યાંથી સુરતની ધાર નીચે ઊતરીને શરીરના નવ દરવાજા દ્વારા બાહરી વિશ્વમાં ફેલાય છે. બેઠકના સ્થાને સ્થિર થવું તે અંતરી યાત્રાનું પહેલું ચરણ છે.

અંતરી ઉત્ક્રાંતિના પ્રદેશનો નિયમ છે કે જ્યારે બેઠકના સ્થાને સ્થિર થઈ ચૈતન્યના સંપર્કમાં સુરત આવે છે ત્યારે સ્વયંની વાસ્તવિક ઓળખ મળી જાય છે. અને પિંડ ક્ષેત્રનો સમગ્ર ખ્યાલ આવી જાય છે. તે પછી જ અંતરી ઉત્ક્રાંતિના આગળના મુકામો તય કરી શકાય છે. તેથી જ અહીં કહેવામાં આવ્યું છે કે સ્વયંને જાણ્યા વિના

'પારબ્રહ્મ'ના ક્ષેત્રનો, તેનાથી આગળ નિર્મળ ચૈતન્યના દેશનો પરિચય મળી શકતો નથી.

ભીતરમાં અનેક આધ્યાત્મિક મંડળો આવેલાં છે. તેમાં ગતિ કરતા પહેલાં પોતાના નિજ સ્થાને આવવું અનિવાર્ય છે. પોતાના નિજ સ્થાને આવ્યા વિના જે કંઈ પ્રયાસો થાય તે બહાર ભટકાવનારા છે. તેનાથી કોઈ પ્રતીતિકર સમાધાન મળવાને બદલે કેવળ ભ્રાંતિઓ જ હાથ આવે. અને સમગ્ર બોધ પામવાની જિજ્ઞાસા ઠેરની ઠેર રહી જાય.

આ અટકાવને ચીંધ્યા પછી અહીં એ તથ્ય દર્શાવવામાં આવ્યું છે કે પિંડલોક પાંચ તત્ત્વોથી બનેલો છે. તેનો ઠોસ પરિચય મેળવી ઉપર તરફ ગતિ થઈ શકે. સભાન પ્રયત્નથી ભટકાવ રહેતો નથી. ઉપર તરફની આ ગતિ જાગૃતિથી શક્ય બને છે. પિંડલોકના અટકાવ અને પ્રકૃતિને જાણી લેવાથી તેનાં કાર્યો વિશેના સર્વે સંશય દૂર થઈ જાય છે.

જ્યારે જાગૃતિપૂર્વક ઓળખાણની પ્રક્રિયા શરૂ થઈ જાય છે ત્યારે સુરતની નીચે તરફની ગતિ અટકી જાય છે અને તેનું ઊર્ધ્વીકરણ થાય છે. સ્વયંની સાચી ઝલક મળતાં પિંડલોકની રચનાનું રહસ્ય ખૂલી જાય છે. અને ત્યાંથી જ અલખ એટલે કે ચૈતન્યના અનંત વ્યાપ સાથે સંલગ્ન થવાનું બને છે. તે પછી જ સંતો જેને 'બ્રહ્માંડ' અને 'પારબ્રહ્મ' કહે છે તે મંડળોનો પરિચય થાય છે. આ બધા સ્તરો આપણી અંદર આવેલા છે. તેથી જ પૂરા પહોંચેલા લોકોએ બહિર્મુખ સાધનાદૃષ્ટિને વ્યર્થ ગણાવી છે. સંત રૈદાસ એક જગ્યાએ તેથી જ સાવધ કરે છે કે,

બાહર ખોજત કા ફિરઈ, ઘટ ભીતર હી ખોજ,
'રવિદાસ' ઉનમનિ સાધકર, દેખહુ પિઆ કૂં ઓજ.

તું બહાર શા માટે ખોજી રહ્યો છે? ઘટની ભીતર ખોજવાની જરૂર છે. સુમિરન અને ધ્યાન દ્વારા બહિર્મુખ મનને ભીતર તરફ વાળી ચિત્તને બેઠકના સ્થાને સ્થિર કર. ત્યારે અંતિમ સત્યના, નિર્મળ ચૈતન્યના પ્રકાશની તું ઝાંખી કરી શકીશ.

આ રૂહાની અભ્યાસ વિશે બાબા બુલ્લે શાહ અને તેમના મુરશિદ ઈનાયત શાહનો સંવાદ પંજાબીમાં બહુ જાણીતો છે. બુલ્લે શાહની પહેલી મુલાકાત સમયે તેમના કામિલ મુરશિદે જણાવ્યું હતું, "બુલ્લયા રબ દા કી પાના, એધરોં પુટણા તે ઉધર લાના." અહીંથી ઉખાડી ત્યાં વાવવું. આ કામ સુમિરન અને ધ્યાનની યુક્તિથી જ શક્ય બને છે. નીચે તરફ પિંડલોકના વિષયોમાં વહેતી સુરતની ધારને ઊલટાવી મૂળ સ્થાને, બેઠકના સ્થાને લાવવાની છે. અને ત્યાંથી ચૈતન્યની ધાર સાથે સંલગ્ન થવાનું છે. આને જ ભક્તિ કહી છે. વિખૂટો અંશ ચૈતન્યના સમુદ્ર સાથે જોડાય છે. જે વિભક્ત હતો તે ભક્ત થાય છે. ત્યારે ભક્તિની ઘટના સંભવ બને છે. અને તે માટેની ક્રિયાને જ પહોંચેલા લોકોએ સાચા 'ભજન' તરીકે ઓળખાવી છે.

બુલ્લે શાહ આ ક્રિયાને, આ અભ્યાસને 'ઊલટી ગંગા વહાવવી' કહે છે:

ઊલટી ગંગા બહાયો રે સાધો, તબ હર દર્શન પાએ,
પ્રેમ કી પૂની હાથ મેં લીજે, ગુઝ મરોડી પડને ન દીજૈ.

મતલબ, મન અને સુરતને ઊલટાં ઘુમાવી તેમને ભીતર તરફ વાળી દેવાનાં છે. પૂરા પ્રેમે ચૈતન્યની ધાર સાથે જોડાવાનું છે. તેથી જ ચરખાના રૂપક દ્વારા અહીં કહેવામાં આવ્યું છે કે પ્રેમની પૂણીમાં ગૂંચવણ પાડ્યા વિના ઘણું સચેત રહીને સુરતની ઊર્ધ્વ ગતિનો આ અભ્યાસ કરવાનો છે.

પ્રાણનાથ સ્વામીએ મૂળ ભજનમાં ઊંઘ અને બેહોશીને દૂર કરવાનું ઇજન આપ્યું છે. અભ્યાસમાં તેઓ સચેત રહેવાની વાત કરે છે. સતત સચેત રહેવું તે અંતરી અભ્યાસ માટેની મુખ્ય જરૂરત છે. ત્યારે જ પૂરે પહોંચવાની સંભાવના નિર્માણ પામે છે. કબીર સાહેબે સચેત રહેવાની એ બાબતને આ રીતે સમજાવી છે:

અબ મન જાગત રહુ રે ભાઈ.
ગાફલ હોઈ કૈ જનમુ ગવાઈયો ચોરુ મુસૈ ઘર જાઈ,
પંચ પહરૂઆ દર મહિ રહતે તિન કા નહીં પતીઆરા.
ચેતિ સુચેત ચિત હોઈ રહુ તઉ લૈ પરગાસુ ઉજારા.

અહીં હર પ્રહર સચેત રહી, જાગૃત રહી અંતરી સમૃદ્ધિને જાળવી લેવાની તાકીદ થયેલી છે. પિંડના નીચેનાં સ્થાનોના વિકારોથી તે આત્મિક સમૃદ્ધિને બચાવવાની છે.

તેથી જ દરિયા સાહેબે (મારવાડ નિવાસી) નિમ્ન સ્થાનોના કાર્યકલાપ પ્રત્યે સક્રિય લોકોને સૂતેલા ગણ્યા છે અને ચૈતન્ય કે અંતિમ સત્ય પ્રત્યે સક્રિય લોકોને જાગેલા ગણ્યા છે.

માયા મુખ જાગૈ સબૈ, સો સૂતા કર જાન,
'દરિયા' જાગૈ બ્રહ્મ દિસ, સો જાગા પરમાન.

મનોમુખ ગતિને એટલે જ ખાસ ચિહ્નિત કરીને મહામતિ પ્રાણનાથ જણાવે છે કે,

બોલે ચાલે પર કોઈ ન પહચાને, પરખત નહીં પરખાનો,
'મહામત' કહે માંહે પાર ખોજોગે, તબ જાએ આપ ઓળખાનોં.

નિમ્ન સ્થાનો પ્રત્યેની પ્રવૃત્તિ ભ્રમણાઓ સર્જી શકે અને કૃતક વ્યક્તિત્વનો આભાસ રચી શકે, પરંતુ તેમ છતાં સ્વયંના સાચા સ્વરૂપની, Real 'I'ની ઓળખ અને પરખ પ્રાપ્ત થતી નથી. જ્યારે ચિત્તની ધારને ઊલટાવી નિજ બેઠકના સ્થાને આવીએ ત્યારે જ આંતરિક ઉત્ક્રાંતિ અને જીવનના વાસ્તવિક સ્તરોનો બોધ પામવા મળી શકે.

❑❑❑

અરુણ કોલટકરનાં કાવ્યો

☐ અનુવાદ: હેમાંગ દેસાઈ / સ્રોત: અંગ્રેજી કાવ્યસંગ્રહ જેજુરી (૧૯૭૬)

પૂજારીનો પોરિયો

આ પાંચ ટેકરીઓ
એટલે ખંડોબાએ મારેલા
પાંચ દાનવ

કે'શે પૂજારીનો પોરિયો
એક નાનકડો છોકરો
બનશે તમારો ગાઈડ
કેમ કે સ્કૂલમાં વૅકેશન છે

શું લાગે છે તને
સાચી હશે એ કથા
તમે પૂછશો તો

જવાબ નહીં આપે
બસ અકળાશે થોડો, ખભા ચડાવશે
અને દૂર દૂર ખોવાઈ જશે એની આંખો

સખત તાપમાં બળી મરેલા
આછેરા ઘાસિયામાં
ક્ષણિક ચળવળાટ, આછો ચળકાટ
ભળાતાં જ એ બોલી પડશે

જુઓ
પતંગિયું
ત્યાં

પતંગિયું

નથી એની કોઈ રામકહાની
એ તો સરકતી પલનો પલકાર
એની ધરી પર ફરે

નથી એનું કોઈ ભવિષ્ય
ન ભૂત સાથે કરાર
એ તો સાંપ્રત પર સાધેલો શ્લેષ

એક પીળું ટચૂકડું પતંગિયું
આ નિર્જન ટેકરીઓ
પાંખમાં સંકોરતી

એક ચપટીભર પીળાશ
ઊઘડે જે બંધ થતાં પહેલાં
બંધ થાય જે ઊ...

અરે ક્યાં ગયું

ઉઝરડો

ઈશ્વર અને પથ્થર
વચ્ચે ભેદરેખા
જો હોય કોઈ
તો પણ જેજુરીમાં તો
સાવ આછી, મારા ભાઈ.
પ્રત્યેક પથ્થર અહીં
દેવ કે એનો પિતરાઈ.

અહીં દેવ સિવાય
કોઈ પાક થાય નહીં
અને બારે મહિના
બંજર જમીન ને
પથરાળ પ્રદેશમાં
દોહ્યલા દેવ લણાય અહીં.

પેલી રાક્ષસી શિલા
જાણે બેડરૂમ ઇન અ વિલા

શિલાભૂત પત્ની છે ખંડોબાની
ને એના પર પડેલી ફાટ
ગુસ્સામાં એકવાર
પતિએ એના પર વીંઝેલી
તલવારનો દૂઝતો ઘા

ખણો પથ્થર
ને ઊછળે કથા.

ગીત

☐ **પ્રણવ પંડ્યા**

ઋજુ ગોપીનું ઉદ્ધવને કહેણ

ઓધાજી, મારા વ્હાલાને કહેજો, પણ વઢતા નહિ!
ઢાઈ આખરનો છે આખો આ મામલો,
પોથીનું જ્ઞાન કશું પઢતા નહિ
યમુનાની સંગ વહુ, કાયમ સંગે જ રહું
એવો ન કર્યો એણે વાયદો
માલીપા હોય એણે સામે પણ રહેવાનું,
પ્રેમમાં ન હોય એવો કાયદો
ખરબચડી શંકાને ટેરવાંમાં રાખીને
મખમલનું મોરપીંછ અડતા નહિ
મારા વ્હાલાને કહેજો, પણ વઢતા નહિ!
આખું બ્રહ્માંડ જેના મુખમાં સમાયું છે,
કેમ એને સમજાવો ન્યાય
એટલું તો જાણો કે તેડવા જાઓ છો જેને
એ તો ગયા જ નથી ક્યાંય
જીવતા શીખવાડ્યું, જીરવતા શીખવાડ્યું છે,
ખોખલા દિલાસાઓ ઘડતા નહિ
મારા વ્હાલાને કહેજો, પણ વઢતા નહિ!

(*પુણ્યસ્મરણ - ઓધાજી, એમ મારા વ્હાલાને
વઢીને કહેજો : ભગો ચારણ)

અચરજ કેવું!

☐ ડૉ. ભરત ગોહેલ

સપના અંદર સપનું આવે, અચરજ કેવું!
એ પાછું ના સપનું લાગે, અચરજ કેવું!

બનતી બીના જોવે છે ને નોંધ કરે છે;
કોઈ સૂતા-સૂતા જાગે, અચરજ કેવું!

ભીંત-છબી શી ધૂળ ચડેલી ઘટનાઓને,
અંધારા તેજે નવડાવે, અચરજ કેવું!

જીવેલી વાતો દેખી હું ભ્રમણા કહું તો;
ભાવિ કેરા ભેદ બતાવે, અચરજ કેવું!

વિતક કે આગંતુક એવા ભાગ રહે ના;
કાળ સ્વયંનું માપ ગુમાવે, અચરજ કેવું!

ગઝલ

☐ સાહિલ

જીવનમાં કેમ ના સ્વીકારું તમને શ્રીસવા રૂપે
તમે જ્યારે મળ્યાં ત્યારે મળ્યાં છો આગવા રૂપે

તમે શોધી રહ્યા છો નાવમાં સઢમાં હલેસાંમાં
મળ્યા સાતેય દરિયા મુજને બુઙ્ઢા ખારવા રૂપે

તમે છાયાની જેમ જ હાથ ના ક્યારેય પણ આવ્યાં
રહ્યાં છો જિંદગીમાં આમ સાથે હાથવા રૂપે

ફરક નખ જેટલો છે બેઉને ઝરણાં મળ્યાં એમાં
મળ્યાં વ્હેતાં રૂપે તમને તો અમને ઝાંઝવાં રૂપે

નથી એ આવતું કાયમ અહમ્‌ની આંગળી ઝાલી
પધારે છે પતન ક્યારેક નકરી વાહ વા રૂપે

તમોને કેમ ઓળખવા - તમે મળતા રહ્યા અમને
કદી જો આગવા રૂપે કદી તો જૂજવા રૂપે

જીવનમાં જે મળ્યું જ્યારે મળ્યું છે જેટલું સાહિલ
સ્વીકારી લીધું છે મારા મને એ માળવા રૂપે

નહીં હું આપું

☐ દક્ષા રંજન

ટુકડામાં માની જાજો, અંબર નહીં હું આપું.
ફળિયું કરું મુબારક, પણ ઘર નહિ હું આપું.

જો પ્રેમ જેવું હો તો, વિશ્વાસ રાખો મુજ પર,
સંગાથ મારો નહીં તો, પળભર નહીં હું આપું.

જો જંગ જીતવી હો, ગાંડિવ ખુદ ઉઠાવો,
માધવની જેમ મારું, લશ્કર નહીં હું આપું.

અગ્નિપરીક્ષા શાને, મારે જ આપવાની?
બેદાગ છું, ખુલાસા, રીતસર નહીં હું આપું.

મેં દ્વાર વાસી દીધાં, મારા હૃદયનાં આજે,
બીજો તમોને મોકો, નવતર નહીં હું આપું.

ઉત્કંઠા જો હશે તો, એ આપોઆપ ફૂટશે,
ઊગવાને કોઈ શમણું, સરવર નહીં હું આપું.

ચાહત જો મારી ચાહો, અપનાવજો ડૂબીને,
છબછબિયાં કરવા મારો સાગર નહીં હું આપું.

ગઝલ

☐ અનિલ ચાવડા

શ્વાસ મારા ભાગ્યમાં આવ્યા છે, એમાં શક નથી,
એ જુદી છે વાત મારો એની ઉપર હક નથી.

તું મને જીવન વિશે ના આમ વારંવાર પૂછ,
મેં તને એક વાર કીધું તો ખરું, માફક નથી.

માફ કરવામાં તને, મેં બહુ વ્યથાઓ ભોગવી,
તું સ્વયં જાણે જ છે, તું માફીને લાયક નથી.

બેઉ જણ સૌ બાળકો માટે રમકડાં થઈ ગયાં,
એમના ઘરમાં ઘણાં વર્ષોથી કોઈ બાળક નથી.

તેં જ હઠ લીધી હતી સૂરજ થવાની, યાદ છે?
તો હવે ફરિયાદ શાની કે મને ટાઢક નથી!

ખોટ ખાઈને નજર ચલવે છે આંખોની દુકાન,
કેટલાંયે વર્ષથી શુભ દશ્યની આવક નથી.

તળાવ

☐ ભરત ત્રિવેદી

ક્યારેય તોફાને ના ચડે દરિયાની જેમ, કે
ના વહે નદીઓની જેમ દૂર દૂર સુધી

તે તો બેઠું રહે બપોરે
કોઈ સંન્યાસીની જેમ પલાંઠી વાળી, પણ
તેને જપ કરતાં ક્યાંથી આવડે!
એ તો પૂરું સંસારી!

દેડકો ડ્રાંઉં ડ્રાંઉં કરે તેને આજેય ઘણા
તળાવના મંત્રોચ્ચાર માની બેસતા હોય છે, ને

સમડી જેમ ઉંદરને પકડવા
ઉપર આકાશમાં ચક્કર માર્યા કરે તેમ
તળાવના ફેરા કર્યા કરે

તળાવના કિનારે તમે બેઠા હો
કોઈ વાદળછાઈ સાંજે, કોઈ એકલી બપોરે
તો તળાવ તમને એવી એવી વાતો સંભળાવે
કે તમે માની પણ ના શકો!

તળાવને બધી ખબર કે
વાસણ કે કપડાં ધોવાને બહાને આવેલી
સ્ત્રીઓના મનમાં શું શું ચાલતું હોય છે

કોઈ એકલદોકલ આવેલી સ્ત્રી પાણીમાં
કૂદકો મારતાં કોનું નામ લઈ રહી હોય છે

તળાવ શાંત લાગે ત્યારે
તે કેટકેટલા વિચારે ચડેલું હોય છે!

શ્રી ગણેશ

☐ પારુલ ખખ્ખર

ચ્હેરો ઉતારી કરશું નાટકના શ્રી ગણેશ,
જો થાય તો થવા દો આદતના શ્રી ગણેશ.

એનાં સ્મરણ ડુબાડી રાહતનો શ્વાસ લીધો,
જળમાંથી કોઈ બોલ્યું 'ચાહતના શ્રી ગણેશ.'

મારી અગાશી ઝૂરે ચાતકની પ્યાસ લઈને,
એની અગાશી ઘૂંટે શ્રાવણના શ્રી ગણેશ.

જે ક્ષણ સહુથી નોખી જે ક્ષણ સહુથી મીઠી
એ ક્ષણ કરાવી બેઠી માતમના શ્રી ગણેશ.

બેઉ વચાળે એવી સમજણની ટોચ ઊગી,
સૂવાના ઓરડે થ્યા આડશના શ્રી ગણેશ.

એક પળમાં થવાનું હતું

☐ ગગન ગિલ / હિન્દીમાંથી અનુવાદ: કુશલ રાજેશ્રી-બિપિન ખન્ધાર

અચાનક ખતમ થઈ ગયાં બધાં કામ
અધ્ધર રહી ગયો
હવામાં શ્વાસ

ન ક્યાંય જવાની જગ્યા
ન પહોંચવાની

ન બચી ચિંતા
ન કોઈ
પ્રાર્થના

પહેલા અન્ન થયું અસ્વીકાર
પછી ફળ
દૂધ બધું

ઓછા થયા કલાક
ઘટ અને પળ
લંગડી થઈ ઘડિયાળ
પછી લૂલી

કાળો થયો ચાંદ
બારીની બહાર
વનસ્પતિ કાળી
દિવસ કાળો

માંજો કાપીને એકલી
ઊડી તું ગગનમાં

ડૂબી એક નાવડી
ગડગડ છાતીમાં

ઊજળો તારો શ્વાસ
છેલ્લે સુધી
દલદલમાં

હોઠ પર છેલ્લે સુધી
નામ પ્રાર્થનાનું

આકાશથી
વરસ્યો એક કોરડો

હું ડરી
અમે ડર્યાં

ઢળી પડ્યાં અંદર
તારા મૃત ગર્ભમાં


એક પળમાં થવાનું હતું
એક પળમાં થયું

અન્ય આ સંસાર

શ્રીમતી ગગન ગિલનો પરિચય

ગગન ગિલ હિન્દીની પ્રતિષ્ઠિત લેખિકા-કવયિત્રી છે. એમના પાંચ કાવ્ય-સંગ્રહ અને ચાર ગદ્ય પુસ્તકો પ્રકાશિત થયાં છે. ૧૯૮૩-૯૩માં ટાઈમ્સ ઓફ ઇન્ડિયા સમૂહ અને સન્ડે ઓબ્સર્વરમાં સાહિત્ય સંપાદન પછી ૧૯૯૨-૯૩માં હાર્વર્ડ વિશ્વવિદ્યાલય, અમેરિકામાં પત્રકારિતાની નીમન ફેલો. ૧૯૯૦માં અમેરિકાના સુપ્રસિદ્ધ "આયોવા ઇન્ટરનેશનલ રાઇટિંગ પ્રોગ્રામ" માં ભારતથી આમંત્રિત સર્જક.

એમનું 'અવાક' નામક યાત્રા-સંસ્મરણ બી.બી.સી.ની શ્રેષ્ઠ યાત્રા સંસ્મરણોની યાદીમાં સ્થાન પામ્યું છે. એ ઉપરાંત એમને ભારતભૂષણ અગ્રવાલ પુરસ્કાર (૧૯૮૪), સંસ્કૃતિ સમ્માન (૧૯૮૯), કેદાર સમ્માન (૨૦૦૦), હિન્દી અકાદેમી સાહિત્યકાર સમ્માન (૨૦૦૮), દ્વિજદેવ સમ્માન (૨૦૧૦) અને અમર ઉજાલા શ્રેષ્ઠ કવિતા સમ્માન (૨૦૧૮) મળ્યાં છે.



અસ્થિ

☐ હિમાંશી શેલત

બળતા હતા ચોમેર એ બધા, જેમને એ બિલકુલ જાણતો નહોતો. હતા તો એ પણ કોકનાં ને કોકનાં પ્રિયજન, છતાં એમને વિદાય આપવા આવેલા જાણે રડવાનું ભૂલી ગયા હોય એવું લાગે. સહુ પોતીકાંને બાળવા માટેની જગ્યા રોકી લેવામાં રઘવાયા અને હાવરાબાવરા. રડવા માટે તો પછી ઘણો

સમય મળવાનો, અત્યારે તો તાકીદ ચિતાની.

આટલી બધી ચિતા એક સાથે, એટલે ગરમી અસહ્ય અને ધુમાડો ગોટેગોટ. એમાં વળી પ્લાસ્ટિકનાં સુરક્ષા આવરણ. પાર્કિંગ માટેનો અનામત વિસ્તાર પણ ચિતા માટેનાં લાકડાંથી ઠાંસેલો. પંદર-વીસ જણ વધારાની ચિતાઓ માટે પાવડા-કોદાળી અને ઈંટો સાથે મચી પડેલા. કોઈક સંસ્થાએ લાલ અને કાળા માસ્ક એમને આપ્યા હશે તે સહુ એકસરખા બિહામણા અને સાક્ષાત્ યમરાજે મોકલી આપ્યા હોય તેવા દેખાતા હતા. શબ અને શબવાહિનીની કતાર વણથંભ લંબાતી જતી હતી. સહુ મૂંગામંતર હતા અને જે કંઈ બોલચાલ હશે તે સાવ દબાયેલી.

ટોકન નંબર નવ. ગોળ સિક્કાને આંગળીઓ વચ્ચે ફેરવતો અતુલ એકલો અટૂલો, અજાણ્યા ઓળાઓથી ઘેરાયેલો ઊભો હતો. એમ તો દેવુકાકા, એમનો શરદ અને જનક તથા બીજા ચારપાંચ સાથે આવેલા પણ અહીં પહોંચ્યા બાદ એ તમામ કશીક માથાકૂટમાં આઘાપાછા થઈ ગયા હતા. આમેય એનો સંપર્ક આ સહુ સાથે ઓછો, એટલે આવી સ્થિતિમાં વાતચીત પણ શી કરવાની? એક તરફ જરઠ લીમડાના થડની આસપાસ ગણવામાં ગોથું ખાઈ જવાય એટલી માટલીઓ પડી હતી. તમામનાં મોં બાંધેલાં. કહેવાય તો અસ્થિકુંભ છતાં લઈ જવાનો મેળ નહીં પડ્યો હોય કારણ કે ચેહ ટાઢી પડે ત્યાં લગી રોકાવાનું ફાવ્યું નહીં હોય. સ્વજનોની રાખનાં તો કેવાં રખોપાં હોય! એના વિસર્જન માટે પવિત્ર સ્થળોએ આખો પરિવાર યાત્રા કરે, વહેતા જળમાં કુંભ ઠલવાય, સજળ આંખો આખુંયે દશ્ય હૃદયમાં કોતરી લે. વિદાયમાં સહુ હાથ જોડે, દિવંગત જોડેનો નાતો ધબકી ઊઠે થોડી ક્ષણો માટે.

અત્યારે આમાંનું કશું નહીં. તમામ માટલીઓ પર ધૂળ અને રાખ, ઉપેક્ષિત, હાથના સ્પર્શની પ્રતીક્ષામાં.

...છેક એવું નથી. મોટા ભાગના તો અસ્થિ લેવા આવે છે, આવશે જરૂર...

એમાં જ તો સાચવી રાખ્યાં છે. જુઓ નામ છે માટલી પર. અસ્થિવિસર્જન તો છેવટની વિદાય ગણાય આપણામાં...

પોતાની આંખો વાંચીને આટલું કહેનાર આ કોણ? અતુલે બોલનાર ભણી જોયું. હશે પચાસેકના, જોવા ગમે એવા સુઘડ. કોણ પાછું થયું હશે એમનું? પૂછવું હતું પણ આ સમયે, અને સ્થળે, આવો સવાલ અયોગ્ય. આ વખતે પણ અતુલને કળી ગયા હોય એમ એ આધેડે કતારમાંના ત્રીજા શબ તરફ આંગળી ચીંધી. આંગળી સહેજસાજ કંપતી હતી.

-જમાઈ છે. ફેમિલી કેનેડા. કંપનીના કામે આવેલા ને રોગ વધી ગયો. પાછા જવાની તારીખ નક્કી હતી પણ એવામાં તો... બધું વેરવિખેર. દીકરી ત્યાં અને

આ અહીં આમ જતા રહ્યા! શું થાય આપણાથી?

સજ્જન સ્વસ્થ હતા. માથે પડ્યું તે વેઠી લેવાનું, એ ઢબે કેફિયત રજૂ કરતા હતા. જુવાન દીકરીને ભાગે એકલપંડ તરવાનું આવ્યું હતું એટલે અંદરથી તૂટી તો ગયા હશે, પણ આ બધું કોને કહેવાનું? અહીં જેટલા દેખાતા હતા એ સહુ પીડામાં જ હતાને!

...દીકરો નથી મારે. એની ગરજ સારે એવો આ એક હતો, અડીખમ અને બહુ કેરિંગ, ગુમાવી દીધો...

બોલનારના હોઠ હવે કંપતા હતા. પ્લાસ્ટિકમાં લપેટાયેલા શબ પરની ફૂલપાંખડીઓ ફરફરી. ખંખેરીને ઊભો થઈ જાય એ જીવ, થાય એવો કોઈ ચમત્કાર? સજ્જને અતુલને આંખથી સવાલ પૂછ્યો, કોણ ગયું?

-મારા ફાધર...

-તમારી સાથે રહેતા હશે અહીં...

-ના, ના, મારી જોબ તો ભોપાલ. અહીં તો ચારેક દિવસ પર જ આવ્યો. ક્રિટિકલ છે એવા ખબર પછી. બહુ ટેન્શનમાં ગયા દિવસો અને બધું કર્યું તોયે ન બચાવી શક્યા. પછીનો સમય પણ વેરી ટાયરિન્ગ... આ કોરોનાએ તો જાણે...

બોલાઈ તો ગયું પણ અતુલને ઊંડો સંકોચ થયો. બાપના ગયાની પીડા હોય, કે પોતાની નગણ્ય તકલીફોની? ભૂલ સુધારવાની જરૂર લાગતાં એણે મનમાં વ્યવસ્થિત વાક્યો ગોઠવ્યાં.

-ટેરિબલ લોસ. મને તો ફાધર સાથે રહેવાનું મળ્યું નહીં. હોસ્ટેલમાં રહીને ભણ્યો, પછી નોકરી બહાર કરવાનું આવ્યું. ફાધરને લઈ જવા હતા ભોપાલ પણ નવો ફ્લેટ તૈયાર થાય એના પર લંબાતું ગયું અને છેવટે...

-હમણાં જ જવાનું થયું ભોપાલ?

-નો, નો, એમ તો દોઢેક વરસ થઈ ગયું.

આ અર્ધસત્ય. ભોપાલ પહોંચ્યાંને ત્રણ વરસ થવાનાં. કેમ આગ્રહ કરીને ન બોલાવ્યા બાપને? ફ્લેટ કંઈ એવડો નાનો તો હતો નહીં. શું નડતું હતું ખુલ્લા દિલે આગ્રહ કરવામાં? હઠ કરીને કેમ લઈ ન ગયો?

સામે લાલપીળા કેસરી ભડકા અને શ્વાસને થંભાવી દેતો ધુમાડો. ધોળા ધોળા ઓળાઓ, વચ્ચે વચ્ચે ક્યાંક ભૂરા પણ ખરા. ચહેરા ઢંકાયેલા, ન વયની ખબર પડે, ન જાતિની. આખી ભૂતાવળ કોઈ અન્ય ડરામણા ગ્રહની હોય એવી, આવી ભયંકર જગ્યાએ ક્યાંથી આવી પડ્યા?

...હજી વારો આવતાં વાર લાગવાની...

અતુલે જરા મોટેથી જાતને કહ્યું. આંખો ફરી ફરીને પેલી માટલીઓ તરફ જતી હતી. દાદાના અસ્થિવિસર્જનની દીર્ઘ પટ્ટી નજર સામે સરકતી હતી. એ વેળા આખું ઘર બનારસ ગયેલું. દસ બારની કાચી આંખે પહેલી વખત

જોઈ હતી એ નગરી. નદી, ઘાટ અને ઓવારા, પવિત્ર થવા ડૂબકી મારતાં ભીનાં શરીર, કાંઠે કાંઠે ઘંટારવ અને આરતીઓ, ઘીમાં બોળેલી અસંખ્ય વાટો ધીમે ધીમે બળતી હોય એવી ગંધ આખા વાતાવરણમાં, ચાંલ્લો ચોડતા અને સ્વસ્તિ વચનો ઉચ્ચારતા પંડાઓ, ભભૂત ચોળી ભમતા ચિત્રવિચિત્ર બાવાઓ, અને ક્યાંક ક્યાંક સળગતી ચિતાઓના તણખા. જોકે ત્યારે ચિતાઓ ખરેખર જોયેલી, કે પાછળથી જોયેલી ચિતાઓ પેલી ચિત્રપટ્ટીમાં પ્રવેશી ગઈ, એ અંગે અતુલ ખાતરીપૂર્વક કશું કહી શકે એવી સ્થિતિમાં નહોતો.

અસ્થિ નદીના પ્રવાહમાં સરતાં સરતાં વેગળે વહી ગયેલાં ને બાપુએ આદરથી હાથ જોડેલા. વળતી મુસાફરીમાં એ સાવ મૂંગા થઈ ગયેલા એમ અતુલને ઝાંખુંપાંખું યાદ. ઘેર જવાના ઉલ્લાસમાં ઊછળકૂદ કરતા એને બાએ ધમકાવીને બેસાડી દીધો હતો. મરણનો એ પહેલો પરિચય. દિવસો નહીં, વરસો સુધી એની હાજરી વરતાયેલી ઘરમાં. દાદાનો ફોટો રોજ સાફ થતો, દીવો નિયમિત એ ફોટાની સામે મુકાતો. પુણ્યતિથિએ હાર ચડતો, ને દાદાને કપાળે ચંદનનો ટીકો. બાપુજીએ આ ક્રમ બરાબર સાચવેલો. દાદાની કેટલીયે વાતો નવરાશમાં થયા કરતી, એમનું ઝીણું ઝીણું બધું જ બાપુને યાદ હતું, એને કેટલું યાદ હતું બાપુનું? નિરાંતે

સાથે બેઠાંને કેટલો સમય થયો?

પેલા સજ્જન એને ખભે હાથ મૂકી હલબલાવતા હતા. ટોકન નંબર નવનો વારો. અતુલ બધું ખંખેરી ઊભો થયો. ત્યાં હાજર કવચધારી ઓળાઓ આગળ આવ્યા સહાય માટે. દેવુકાકાએ એની પીઠ પર હાથ રાખ્યો. અત્યાર સુધી દૂર હતો એટલે બળતી ચિતાઓનો તાપ માત્ર આંખે અનુભવેલો, હવે અતુલ પરસેવે નીતરતો થયો. પ્રદક્ષિણા ફરતો એ મનોમન માફી માગતો હતો. સોરી, સમય નહોતો આપ્યો તમને, તમારા હકનો સમય. તમને મળવો જોઈતો હતો એ સમય. હતું કે ભોપાલ લાવીને સાટું વાળી દઈશ, તમને ન લાવ્યો મારે ઘેર, સવારે સાથે બેસીને ચા ન પીધી, તમને ગમતા વિષયો છેડીને રસભર ચર્ચાઓ ન કરી, તમારી નાની નાની જરૂરિયાતો પૂરી કરવામાં મળતો સંતોષ લેવાનું ન આવડ્યું, સાંજે ઘેર પાછો ફરું ત્યારે મને ખબર સુધ્ધાં ન પડે એમ મારી રાહ જોતી આંખોની હૂંફ માણવાનું ચૂકી જવાયું. સો સોરી, આમ, આવી રીતે સાત-આઠ દિવસમાં બધું સમેટીને તે કંઈ ચાલી નીકળાય? છેક આવું?

અતુલને કાને એક ખરબચડો અવાજ અથડાયો. -કંઈ કરવાનું ન આવ્યું. ડોક્ટર કહે કે ફેફસાં નકામાં થઈ ગયાં. દવા કે ઇંજેક્શન, કશું કામ ન આવ્યું. સાવ છેતરીને જતો રહ્યો... જોતજોતાંમાં, શું કરીએ?

-ચાલો, તમે સારવાર તો કરી. મારા ફ્રેન્ડને તો દાખલ કરે એ પહેલાં જ, આમથી તેમ દોડાદોડમાં... સાલું માની ન શકાય કે ચાળીસ બેતાળીસનો જુવાન આમ ટપ દઈને શ્વાસ લેતો અટકી જાય! ડર લાગે, યાર! લાઈફ આટલી તકલાદી હોય?

ત્રીજો એક અવાજ પાછળથી આવ્યો.

-પેલા શબની ક્રિયા માટે કોઈ નથી એમ લાગે છે. આ લોકોને જ કરવું પડશે બધું.

-આ લોકો એટલે કોણ?

-છે એક એનજીઓ. આ કામ માટે રોકાય છે સ્મશાનમાં. હવે તો રાતેય કરવા પડે છે અગ્નિસંસ્કાર. બે ટીમ કામ કરે, એક દિવસે અને બીજી રાતે, ખડે પગે.

ચેહ ભડભડતી નહોતી એ અતુલે જોયું. બાપુજીએ પૂરી વિદાય લીધી. અહીંથી નીકળ્યા એટલે બધું પતી ગયું. ન થઈ બેચાર બોલની આપલે, કે ન બેસાયું એમની પાસે. ગયા, પલકારામાં જતા રહ્યા!

સાચવજો રોગ લઈને ન આવતા, ત્યાં રોકાવું હોય તો રોકાજો, પણ ભઈસા'બ ચેપ ન લાગે એની કાળજી રાખજો... નવી ઉપાધિ લઈને ન આવતા...

સલાહસૂચનનો ભાર ખભે હતો. બાપુજીની નજીક જવાનો તો સવાલ જ નહોતો. વીડિયો કોલ થતો, એમનો ચહેરો જોઈને થતું, કે પાંચ સાત

દિવસમાં આ હાલ? આવા બેહાલ તો ક્યારેય નહોતા! શી ખબર ખાવાપીવાનું ધ્યાન રખાતું હશે કે નહીં. સુઘડ અને શોખીન જીવ, રસરુચિથી ભરપૂર જીવનારા ખુદ્દાર આદમી.

- તે આટલાં વરસે ભાન પડ્યું કે અત્યારે યાદ કરવા બેઠો!

બેન બોલેલી આવું. એની જીભ કડવી છતાં આ વાત સાચી. એણે જ જાળવ્યા બાપુને બાના ગયાં પછી. એ ન હોત, અથવા પોતાના સંસારમાં જ રચીપચી હોત, તો બાપુની હાલત કેવી હોત, કોને ખબર! જોકે હતા તો ભારે સ્વતંત્ર, તોયે વધતી વય સહુને નબળા બનાવે. ટટ્ટાર રહેવું મુશ્કેલ બને. નક્કી કરેલું બાપુજીને ભોપાલ લઈ જવાનું, એ કબૂલ સુધ્ધાં થયેલા. કેતકીને સમજાવી દીધેલી.

–મારાથી એમનું બધું નહીં સચવાય. તારે જવાબદારી લેવી પડશે. એટલું કબૂલ હોય તો મારે શો વાંધો હોય?

થોડા આગ્રહો હતા બાપુજીના, જે સાચવતાં છેલ્લે છેલ્લે બા પણ થાકતી એટલે કેતકીનો વાંક નહીં. તો આ જે ગિલ્ટ લાગે છે તે શેની?

અતુલે ચોંકીને સામે જોયું, ચિતાનો મદદગાર ઊભેલો. હો ગયા... મટકી પે નામ હોગા, જબ આયે તો દેખ લેના...

અસ્થિ. બાપુના દેહની રાખ. આ માણસ એ રાખને માટલીમાં ભરી દેશે, અને એનું મોં બાંધી દેશે. ઉપર લખાશે નામ, બાપુનું નામ, પોતાના નામ પાછળ કાયમ લખાતું નામ.

–ચાલો, અતુલભાઈ તમતમારે નીકળો દેવુકાકા જોડે. અસ્થિ તો હું કાલબાલ કલેક્ટ કરી લેવા, એટલા ખાતર રોકાવાની જરૂર નથી. તમારે પાછું તમારું કામ અટવાય...

અતુલે નજીકના બાંકડા પર હાથ ટેકવ્યો. પીઠ પર આરસની તકતીમાં લાલ અક્ષરે લખેલું, 'પૂ. બાપુજી માધવ-પ્રસાદની પુણ્ય સ્મૃતિમાં.' કોઈક પરિવારે છેવટના વિસામામાં બાપને યાદ કર્યા હશે આ રીતે.

–ના, હું બેસું છું અહીં. અસ્થિ લઈને જ નીકળીશ. તમતમારે જાવ. આમેય અહીં મારે ક્યાં કામ વહી જાય છે?

અતુલ બાંકડા પર બેસી પડ્યો. ધુમાડામાં અદ્ધર ચાલતા હોય એમ પેલા સજ્જન આવીને અતુલની અડોઅડ ગોઠવાયા.

–હુંયે રોકાઈ જાઉં છું. અસ્થિ લઈને જ જશું. એવી તે શી ઉતાવળ છે અહીંથી નીકળવાની!

અજાણ્યા બે જણ બાંકડે બેસીને બળબળતી આંખે ચોમેરના ભડકા જોઈ રહ્યા. આમ તો નિયમાનુસાર આ રીતે અડી અડીને ન બેસાય એ સાચું, છતાં આ ઘડીએ અંતર રાખવાનું બેમાંથી એકેયને યાદ રહ્યું નહીં. અને અતુલે તો પેલા સજ્જનને ખભે હાથ જ મૂકી દીધો, તેય જરા દાબીને.

❑❑❑



એક વિશિષ્ટ ચિકિત્સા પદ્ધતિ – પંચકર્મ

☐ ડૉ. ભાલચંદ્ર હાથી

માત્ર માલિશ અને શેક કરવાથી પંચકર્મ વિશારદ થવું એ સૂંઠને ગાંગડે ગાંધી થવા જેવી વાત છે! પંચકર્મ એ આયુર્વેદની એક વિશિષ્ટ ચિકિત્સા પદ્ધતિ છે. એલોપથીની સર્જરીની બાજુમાં મૂકી શકાય તેવી સારવારની આ પદ્ધતિ છે. કેટલાક આયુર્વેદજ્ઞો અને સ્થાપિત હિતોની સાઠગાંઠને કારણે જે રીતની જોઈએ તે રીતની આગળ આવતી નથી. પણ તેમાં કામ કરતા લોકોને સામાન્યપણે આર્થિક ફાયદો થયો છે. આ વિવાદિત વાતની આપણે ચર્ચા કરવાનો ઉપક્રમ નથી. પણ તે પદ્ધતિ કેટલી ઉપકારક થઈ શકે છે અને સામાન્ય વ્યક્તિને તેની જાણકારી મળે તે હેતુ છે. અતીસાર રોગનાં કારણોમાં પંચકર્મનું વધુ પડતું સેવન પણ એક કારણ છે. જે તેની અયોગ્ય વિધિનું દ્યોતક છે. પંચકર્મ એક વિશાળ વિષય છે તેને સામાન્ય ગણીને વ્યવહાર કરવો ન જોઈએ. પણ જેમ ફિઝિશિયન સર્જરી નથી કરી શકતો તેમ એક સામાન્ય વૈદ્ય પણ પંચકર્મ કરી શકતો નથી. કેટલીક વાર આવા લોકો પણ દર્દીના મૃત્યુનું કારણ બનતા હોય છે. આમ તે કર્મોનો અયોગ, અતિયોગ કે મિથ્યાયોગ ઘણા રોગોના ઉપદ્રવનું કારણ બને છે. આયુર્વેદના સ્નાતકના અભ્યાસક્રમ બાદ માત્ર અને માત્ર

પંચકર્મનો શાસ્ત્રોક્ત અભ્યાસ (થિયરી) અને પ્રત્યક્ષ કર્માભ્યાસ (પ્રેક્ટિકલ) સાથે સ્નાતકોત્તર અભ્યાસક્રમ હોવો જરૂરી છે. આવો અભ્યાસક્રમ દર્દીઓ અને ચિકિત્સા પદ્ધતિના હિત માટે અતિ ઉપયોગી છે.

ઓપરેશનમાં જેમ પ્રિ ઓપરેટિવ, ઓપરેટિવ અને પોષ્ટ ઓપરેટિવ એમ ત્રણ કર્મો હોય છે તેમ પંચકર્મમાં પણ પૂર્વ કર્મ, પ્રધાન કર્મ અને પશ્ચાત્ કર્મ એમ ત્રણ કર્મો છે. પંચકર્મમાં પૂર્વકર્મમાં સ્નેહન અને સ્વેદન આવે છે. જે અન્ય રોગોની ચિકિત્સા પણ છે. સ્નેહન બે પ્રકારનાં છે. આભ્યાન્તર અને બાહ્ય. આભ્યાન્તર એટલે સ્નેહપાન, તે ઔષધ સાધિત ઘી, તેલ, વસા કે મજ્જાને પીવાનાં હોય છે. તે બધી જ બાબતો અને રોગાનુસાર કયું સ્નેહપાન કરાવવું તે પંચકર્મવિદ્ નક્કી કરે છે. આ જાતની ચીકાશ (સ્નેહ)થી શરીરના દોષોને તેના આશયથી છુટ્ટા પાડવાની આ ક્રિયા હોય છે. ત્યાર બાદ સ્વેદન (શેક) દ્વારા તેને એક સ્થાને (લોકલાઇઝ લાવવાની પ્રક્રિયા છે. સ્નેહનના ઘણા પ્રકારો છે. આભ્યાન્તર સ્નેહ ક્યારેક ગંભીર સ્વરૂપ પણ પકડી શકે છે. સ્નેહન અને સ્વેદન રોગાનુસાર અલગ અલગ પ્રકારનાં હોય છે. તેમાં રોગી માટે પસંદ કરવામા આવેલ ઔષધ અને તેની માત્રાની યોગ્ય અયોગ્યતાની પૂરી ચોકસાઈ રાખવી જોઈએ. સ્નેહન અને સ્વેદન કર્મ કરાવ્યા બાદ પ્રધાન કર્મ વમન કે વિરેચન (જે જરૂરનું હોય તે) કરાવવું જોઈએ. વમનથી ઊર્ધ્વ ભાગ - અન્ન નળીથી નાના આંતરડા સુધીનો ભાગ-ની ચિકિત્સા થાય છે. વમન નિશ્ચિત નથી હોતું, તે રોગ અને રોગીના બલાબલ જોઈને નક્કી થાય છે. પ્રધાન કર્મ વમન એટલે ઊલટી કરાવવી. એક સ્થાને થયેલા દોષો (લોકલાઇઝ)ને બહાર કાઢવા માટે પ્રથમ "ઉત્ક્લેશક દ્રવ્ય" તરીકે આકંઠ ઇક્ષુ સ્વરસ (શેરડીનો તાજો રસ) અથવા આકંઠ દુગ્ધપાન કરાવવું જોઈએ. સાથે વમન ઔષધ રૂપે મદન ફ્લ (ભીંઢળ) ચૂર્ણ કે અન્ય જરૂરી ઔષધ આપવું જોઈએ. આપેલ દૂધ કે ઇક્ષુ સ્વરસ, દવા વગેરેના ચોક્કસ માપની અને સમયની નોંધ કરવી જરૂરી છે. ત્યાર બાદ વમન થાય તેનો સમય, કેટલા વેગ આવ્યા અને વમન દ્વારા નીકળેલ દ્રવ્યનું માપ આ બધું નોંધવું અત્યંત જરૂરી છે. અને નીકળેલા દોષોનું માપન- ન્યૂનાધિકતા ચકાસીને તેની નોંધ કરવી જોઈએ. તેનાં પરિણામો જોયા બાદ જ નક્કી થાય છે કે આગળ આ જ કર્મ ફરી કરાવવું, કેટલું કરાવવું અથવા પછીનું કર્મ કરાવવું. આ બધાં કામ એકલદોકલ વૈદ્યનાં નથી પણ તેના માટે ટીમ વર્ક હોવું જોઈએ.

વમનકર્મની વાત કરવી જેટલી સહેલી છે એટલું સહેલું એ કર્મ નથી. હૃદય રોગ, હાઈ બ્લડ પ્રેશર અને મધુ પ્રમેહની પહેલેથી જ ચકાસણી કરવી અને તેના રિપોર્ટ કેસ સાથે જ રાખવા ખૂબ જરૂરી

હોય છે. આ કર્મ જો 'નિમ હકીમ' દ્વારા પૂરતી કાળજી લીધા સિવાય કર્યું હોય તો 'ખતરે જાન' પણ બની જાય છે. વમન કર્મથી અમુક રોગોનું આમૂલ નિવારણ થાય છે. આ કર્મ કરાવ્યા પહેલાં અને પછી દરદીની સંપૂર્ણ કાળજી લેવાની રહે છે. આ કર્મ કર્યા પછીના ખોરાકમાં પ્રથમ પ્રવાહી, અર્ધ પ્રવાહી અને ઘન એ રીતે ખોરાકનું આયોજન કરવાનું રહે છે. તેમાં પણ દરદીની સ્થિતિ, બળ વગેરે ધ્યાનમાં લેવામાં આવે છે. ખોરાકના આ ક્રમને 'પેયાદિક્રમ' કહેવામાં આવે છે. આ કર્યા પછી વિશેષ વમનકર્મની જરૂરિયાત જણાય તો ફરીને પ્રથમથી જ કર્માનુસાર બધી જ ક્રિયાઓ કરવી જોઈએ.

આ પછીનું કર્મ છે તે વિરેચન કર્મ. તે કર્મ અધો ભાગના એટલે કે નાના અને મોટા આંતરડાંના રોગો માટે કરવામાં આવે છે. વિરેચન કર્મ કરવા માટે પણ તેનાં પૂર્વકર્મો તે કર્મને અનુરૂપ અને રોગાનુસાર હોય છે જે કરાવ્યા બાદ વિરેચન કર્મ રોગ, સ્થિતિ, દેશ, કાળ અને ઋતુને ધ્યાનમાં રાખીને કરવાનું હોય છે. આ કર્મમાં પણ બહુ કાળજી લેવી પડતી હોય છે. કર્મમાં આપેલ ઔષધ દ્રવ્યનું માપ, દોષ બહાર આવ્યાનું માપ, તેનો રંગ અને વિરેચનના કેટલા વેગ થયા તે બધાંના ચોક્કસ માપની નોંધ રાખવાની હોય છે. પછી જ તેની સમીક્ષા કરવાની હોય છે જેથી શું પરિસ્થિતિ છે તે જાણીને આગળ ઉપરનું આયોજન વિચારી શકાય છે. તે કર્મ કરાવ્યા બાદ આહાર વગેરેનો ક્રમ રોગ અને રોગીની સ્થિતિ મુજબ ગોઠવવાનો હોય છે. વમન કે વિરેચન દરમિયાન ડિહાઇડ્રેશન ન થાય તેની ખૂબ જ કાળજી રાખવી જોઈએ અને તે જો ઉપદ્રવ રૂપે થાય તો તેના નિવારણ માટે દવાઓ અને જરૂરી સાધનો હાથવગાં રાખવાં જોઈએ.

પ્રથમ બે પ્રધાનકર્મ વમન અને વિરેચન મોટા આંતરડા સુધીના રોગો માટેની સારવાર માટે આ રીતે ઉપયોગમાં લેવાય છે. કોઈ પણ કર્મ ફરીને કરાવવાની જરૂર પડે તો બધી જ પ્રક્રિયા ફરીથી કરવી જરૂરી છે. તે બન્ને કર્મો કરાવ્યા બાદ આહાર અને આભ્યાન્તર ઔષધોની યોજના કરવાની રહે છે. આ બધું જેટલું સહેલું લાગે છે તેટલું વ્યવહારમાં સહેલું નથી. તેમાં જો ઉપદ્રવો ઊભા થાય તો તે પંચકર્મવિદ્‌ની પણ આકરી કસોટી કરે છે. પાંચે કર્મોમાં કયા કયા ઉપદ્રવો સંભવિત છે તે અને તેના ઉપચારો પહેલેથી જ તૈયાર રાખવાની ઘણી જ અગત્ય છે. અને તેમાં સહેજ પણ ગફલત ચલાવી લેવાય નહીં. એટલે વૈદ્યે ચકોર રહેવું જોઈએ. આ પછી મોટા આંતરડા (પક્વાશયથી ગુદાના અંતિમ છેડા સુધી)ના રોગો માટે ત્રીજું કર્મ 'બસ્તિ' આપવામાં આવે છે. તેના બે પ્રકાર છે. (૧) અનુવાસન. (૨) આસ્થાપન. તે પણ તે તે સ્થાનના રોગો

માટે હોય છે.

પહેલી મહત્ત્વની વાત એ છે કે બસ્તિ એટલે 'એનિમા' નહીં. એનિમા એક પ્રક્રિયા છે. તેથી ગુદા અને તેની વલ્લીઓનું માત્ર શુદ્ધિકરણ થાય છે. જેનાથી તે જગ્યાએ મળનો જથ્થો સંગ્રહિત થયો હોય તે એનિમાથી બહાર આવી જાય છે અને મલશુદ્ધિ થાય છે. જ્યારે બસ્તિ દ્વારા જે ઔષધદ્રવ્યો ગુદામાં મૂકવામાં આવે છે તે ત્યાંનાં અંગોની નિર્બળતા દૂર કરી સ્વસ્થ કરે છે. તેમાં જે દોષોને અનુરૂપ રોગ હોય તેવાં ઔષધોનો ઉપયોગ કરાય છે. તેમ જ કેટલાક સાર્વદૈહિક રોગો પણ બસ્તિથી કાબૂમાં લેવાય છે. બસ્તિનાં બે મૂળ કર્મો (અનુવાસન અને આસ્થાપન)માં વપરાતાં સાધનો સ્વચ્છ કરીને (સ્ટેરિલાઈઝ) વાપરવાનાં હોય છે. તે ઉપરાંત બસ્તિના અયોગ, અતિયોગ કે મિથ્યાયોગને ધ્યાનમાં લઈને તેના ઉપાયો પણ સજ્જ રાખવા જોઈએ.

વમન અને વિરેચન પછીનું કર્મ બસ્તિ આવે છે. તેના બે ભેદ છે. (૧) અનુવાસન બસ્તિ, (૨) આસ્થાપન બસ્તિ. બસ્તિ કર્મમાં પણ ચોકસાઈ અને પ્રત્યુત્પન્નમતિ અતિ આવશ્યક છે. ગુદા 'સદ્ય પ્રાણહર મર્મ' છે તેથી ખૂબ જતન અને કાળજી રાખવી જોઈએ. બન્ને પ્રકારની બસ્તિ માટેનાં સાધનોનું, ઔષધદ્રવ્યોનું અને બસ્તિ આપવાની કુશળતાનું સમ્યક જ્ઞાન હોવું જરૂરી છે. તેમાં કોઈ જાતની અસાવધતા ચાલી શકે નહીં. અનુવાસન બસ્તિ દ્વારા અપાયેલું દ્રવ્ય શરીરમાં રોકાવું જોઈએ. અન્ય કોઈ કારણસર રોકાઈ ન શકે તો બહાર આવતું અટકાવવું ન જોઈએ. અને યોગ્ય સમયે તે જ કર્મ ફરીથી કરવું જોઈએ. તે અહોરાત્ર રોકાય તો સારું પરિણામ આપે છે. અને પોતાની રીતે કોઈપણ જાતની અડચણ વગર તેનું પ્રત્યાવર્તન થવું જોઈએ. (અહીં અડચણ એટલે આધ્માન, વાયુનો અવરોધ વગેરે ઉપદ્રવો) તે જ આસ્થાપન બસ્તિમાં પણ કાળજી એટલી જ લેવાની થાય છે. પણ તે માટેનાં દ્રવ્યોમાં રોગોને અનુરૂપ ફેરફાર હોય છે. આ બસ્તિમાં પ્રત્યાવર્તન તરત થાય છે. અને જો એમ ન થાય તો અને અન્ય ઉપદ્રવો થાય તો અન્ય તીક્ષ્ણ બસ્તિ આપી તેનું પ્રત્યાવરણ કરાવવું જોઈએ. અને સાથે તેના શમનના પણ પ્રયત્નો પણ કરવા જોઈએ.

મળમાર્ગની બસ્તિ છે તેમ મૂત્રમાર્ગની પણ બસ્તિ છે. તેને ઉત્તર બસ્તિ કહેવાય છે. મહિલા દર્દીને ઉત્તર બસ્તિ આપતાં ઉપકરણોમાં થોડો ફરક હોય છે. ઉત્તર બસ્તિનાં બધાં જ ઉપકરણો સ્ટેરિલાઇઝ કરીને જ વાપરવાં અને કોઈ રીતે બહારથી વાયુ એ સાધનો દ્વારા અંદર ન જવો જોઈએ તેની પણ ખાસ કાળજી લેવી જોઈએ. જ્યારે રુગ્ણને મૂત્રત્યાગની ઇચ્છા થાય ત્યારે

તે દ્રવ્યોનું પણ પ્રત્યાવર્તન થવા દેવું. અને તે સમ્યક રીતે થયું છે તેનું ચોકસાઈથી પરીક્ષણ કરવું જોઈએ. જો બાર કે ચૌદ કલાકમાં તેનું પ્રત્યાવર્તન ન થાય તો 'ઔષધવર્તી' (વાટ) મૂકી પ્રત્યાવર્તન કરાવવું જોઈએ. તેમાં પણ ઉપદ્રવો થવાની શક્યતાઓ રહેલી છે. તેથી તેના શમન (શક્ય ઉપદ્રવો અને તેની સારવાર) માટેના ઉપચારો તૈયાર રાખવા અત્યંત આવશ્યક છે. પુરુષોને ઉત્તર બસ્તિ આપવાની રીત સરખી જ હોય છે. ગર્ભાશય અને મૂત્રાશયનો આયુર્વેદમાં મર્મસ્થાનમાં સમાવેશ કર્યો છે, અને તે 'સદ્ય પ્રાણહર' મર્મો કહેવાય છે. ગુદા પણ તેમાં આવે છે. અને તે અનુવાસન, આસ્થાપન અને ઉત્તર બસ્તિમાં અસાવધાની મૂર્છા કે મૃત્યુ સુધી લઈ જઈ શકે છે. તેથી પંચકર્મ વૈદ્યની કુશળ ટીમથી જ બધાં કર્મો થવાં જોઈએ.

સમગ્ર પંચકર્મ રોગ નિવારણ ઉપરાંત રસાયન અને વાજીકરણ પ્રયોગો માટે પણ કરવામાં આવે છે. જે લોકો ધનાઢ્ય હોય તે રસાયન, વાજીકરણ કે કાયાકલ્પના પ્રયોગો કરાવવા માગે છે. તેને માટે સમગ્ર પંચકર્મો દેહશુદ્ધિ માટે કરાવવાનાં હોય છે. જેમ મેલાં કપડાં ઉપર રંગ નથી ચડતો તેમ દેહશુદ્ધ કર્યા વગર રસાયનાદિ પ્રયોગો થતા નથી. તેથી જેનાં પાંચે કર્મો સમ્યક રીતે થઈ ગયાં હોય તેને રસાયનાદિ પ્રયોગો થાય છે. તેમાં ' વાતાતપિક' અને 'કૂટિ પ્રાવેશિક' રસાયન પ્રયોગો છે.

પંચકર્મમાં વમન, વિરેચન અને બસ્તિના રોગ સ્થાન અનુક્રમે આમાશય, પચ્યમાનાશય અને પક્વાશય છે. તે રીતે તેના દોષો અનુક્રમે કફ, પિત્ત અને વાયુ છે. સામાન્ય રીતે કફ અને પિત્ત હલન ચલન કરી શકતાં નથી. પંગુ છે. જ્યારે વાયુ સંચારી અને ગતિશીલ છે. તેથી કફ અને પિત્તને અન્ય સ્થાનોમાં લઈ જાય છે. (कफ पंगु पित्त पंगु, पंगवो मल धातव, वायुना यत्र नियंते गच्छन्ति तत्र मेघ वत् ।।) જે સ્થાન નબળું હોય (પ્રતિકાર શક્તિ ન હોય) તેને અસર વધારે કરે છે. આથી કેટલીક વાર રોગ અને દોષ સ્થાન ભૂલમાં મૂકી દે છે. તેથી વાયુ દોષ વધારે ધ્યાન દેવા યોગ્ય છે.

પંચકર્મોનાં બધાં કર્મો, ઉપદ્રવો, પૂર્વ, પ્રધાન અને પશ્ચાત કર્મ ઉપર સતત દેખરેખ કુશળતાપૂર્વક થવી જોઈએ. જેમ પાશ્ચાત્ય ચિકિત્સામાં સર્જરી અલગ રીતે, ફુલટાઇમ થિયરી અને પ્રેક્ટિકલ અભ્યાસ કુશળ સર્જન પ્રોફેસરના હાથ નીચે જ કરાવાય છે તેમ પંચકર્મનો પૂર્ણકાલીન સ્નાતકોત્તર અભ્યાસક્રમ હોવો જોઈએ. જેથી કરીને અર્ધદગ્ધ ચિકિત્સક દ્વારા થતી ચિકિત્સા તથા તેને મૃત્યુ સુધી લઈ જતા ઉપદ્રવોથી બચી શકાય અને ભારતીય ચિકિત્સાપદ્ધતિને ફરીથી ઉચ્ચ સ્તરે લાવી શકાય.

❑❑❑



હર્ષદેવ માધવ સાથે સંવાદ

☐ આરાધના ભટ્ટ

આપણાં સરકારી દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો સંસ્કૃત ભાષામાં રાષ્ટ્રીય સમાચાર બુલેટિન આપે એને એ માધ્યમોના ઉપભોક્તાઓ દ્વારા ખાસ આવકાર ન મળ્યો. બોલચાલની ભાષા તરીકે સંસ્કૃત બહુજન સમાજમાં સ્વીકૃતિ પામી નથી. આ દેવભાષાને લોકભાષા તરીકેનો દરજ્જો આપવા અને એનો બોલચાલમાં ઉપયોગ થાય એવા હેતુથી ગુજરાતના એક વિદ્વાન કાર્યશીલ છે, બલ્કે એ એમના જીવનનું ધ્યેય હોય એટલી નિષ્ઠાથી તેઓ સંસ્કૃત ભાષામાં છેલ્લા ચાર દાયકાથી લેખન-સર્જન કરતા

રહ્યા છે. અમદાવાદની એચ.કે. આટ્ર્સ કોલેજના સંસ્કૃતના અધ્યાપક અને વિભાગીય અધ્યક્ષપદેથી નિવૃત્ત થયેલા બહુભાષી સર્જક ડો. હર્ષદેવ માધવે આપણને દોઢસોથી વધુ પુસ્તકો આપ્યાં છે, જેમાં સંસ્કૃત નાટક, હાઇકુ, તાન્કા, સીજો, ગઝલ અને મોનો-ઇમેજ જેવાં આધુનિક કાવ્યપ્રકારોનાં પુસ્તકો, નવલકથા, અલંકારશાસ્ત્ર, વ્યાકરણ, શબ્દકોશ, ઉપરાંત ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાઓમાં મૌલિક સર્જનો અને અનુવાદોનો સમાવેશ થાય છે. આધુનિક સંસ્કૃત સાહિત્ય, વેદ-પુરાણ, જ્યોતિષ, આયુર્વેદ, ધર્મશાસ્ત્ર અને મંત્રશાસ્ત્ર એમના રસના વિષયો છે. એમને કલ્પવલ્લી એવોર્ડ, સંસ્કૃત સાહિત્ય અકાદમીના એવોર્ડ, ગુજરાત રાજ્યનો ગૌરવ પુરસ્કાર, અખિલ ભારતીય કાલિદાસ સન્માન, એમના કાવ્યસંગ્રહ 'તવ સ્પર્શે સ્પર્શે'ને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી એવોર્ડ, મોરારિબાપુ પ્રેરિત ‘વાચસ્પતિ એવોર્ડ' ઉપરાંત અનેક સન્માનો પ્રાપ્ત થઈ ચૂક્યાં છે. અનેક ભારતીય અને બિનભારતીય ભાષાઓમાં એમનાં કાવ્યોના અનુવાદો થયા છે. એમના માર્ગદર્શન હેઠળ ૨૦થી વધુ વિદ્યાર્થીઓએ મહાનિબંધ તૈયાર કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. એમની સાથેનો આ વાર્તાલાપ એમની સર્જનશીલતા, સંસ્કૃત ભાષા-સાહિત્ય અને એના શિક્ષણ પ્રત્યેના એમના વિશિષ્ટ અભિગમનો પરિચય કરાવશે.

- આ. ભટ્ટ

આ. ભ. : તાજેતરમાં આપને સોમનાથ ટ્રસ્ટનું સન્માન પ્રાપ્ત થયું એ બદલ સૌપ્રથમ અભિનંદન. આ અગાઉ પણ આપને અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે. સન્માન મળે ત્યારે શું અનુભવો?

ઉ. : સાહિત્યકાર એક ખૂણામાં બેસીને લખતો હોય છે, મોટેભાગે અંધારામાં બેસીને લખતો હોય છે. એ સમાજની રોશનીથી બહુ દૂર હોય છે. પછી અચાનક સમાજ એનો સ્વીકાર કરે, પ્રશંસાનાં પુષ્પોથી એને વધાવે ત્યારે એ અંધારાની અંદર કોઈએ રોશની કરી હોય એવું લાગે. એનો અનુભવ બહુ સુખદ, આહ્લાદક, રોમાંચક હોય છે, કેટલીક વાર પીડાદાયક પણ હોય છે. પણ ઘણીવાર સાહિત્યકારોની બહુ કદર થતી નથી. કેટલાક સાહિત્યકારો તો મૃત્યુ પછી પોંખાયા છે. એ બાબતે સાહિત્યકારના મનમાં જે દુ:ખ હોય એ દુ:ખ સામાન્ય લોકો કરતાં જુદા પ્રકારનું દુ:ખ હોય છે. ૧૯૯૭માં મને સૌથી પહેલો એવોર્ડ મળ્યો –કલ્પવલ્લી એવોર્ડ. એ એવોર્ડ મળ્યો ત્યારે મને પોતાને ખબર નહોતી, એક મિત્રએ કહ્યું કે છાપામાં તારું નામ છે. કલકત્તાની ભારતીય ભાષા પરિષદનો સંસ્કૃત ભાષા માટેનો એ એવોર્ડ મારા ચોથા કાવ્યસંગ્રહ 'મૃગયા' માટે મળ્યો ત્યારે

હું એકદમ રોમાંચ અનુભવવા માંડ્યો. અને મને એમ થયું કે મારું સર્જન ગુજરાતથી કલકત્તા સુધી તો પહોંચ્યું છે અને એ મારું સદ્ભાગ્ય હતું. ત્યાર પછી મને અવારનવાર સન્માનો અને એવોર્ડ મળતાં રહ્યાં છે. એ વખતે બે વસ્તુ મનમાં આવે છે, એક તો એ કે લોકો મારા સાહિત્યની કદર કરે છે. બીજું એ કે ભગવતી સરસ્વતી મારા ઉપર કૃપા કરે છે, મારી જરૂરિયાતો પૂરી કરે છે અને મને યશ પણ અપાવે છે, અને સમાજમાં મારો સાર્વત્રિક સ્વીકાર થઈ રહ્યો છે એનો વિશેષ આનંદ થાય છે.

પ્રશ્ન: અગિયારમા ધોરણમાં સારા ગુણાંક આવ્યા છતાં આપે સંસ્કૃતનો અભ્યાસ કર્યો, વિજ્ઞાન શાખા ન લીધી. પછી જેવું નરસિંહ મહેતાના જીવનમાં બન્યું હોવાનું કહેવાય છે એવું આપના જીવનમાં બન્યું. નરસિંહને ભાભીનું મહેણું લાગ્યું, આપને ભાઈનું મહેણું લાગતાં આપે સંસ્કૃતમાં સર્જન કરવાનું શરૂ કર્યું. આપનાં બાળપણ અને પરિવાર વિષે વાત કરો.

મારો જન્મ ભાવનગર પાસેના એક નાનકડા ગામ વરતેજમાં થયો. અમે ત્રણ ભાઈ-બહેન હતાં અને હું ચાર વર્ષનો હતો ત્યારે મારા પિતાજીએ દેહ છોડી દીધો. પછી મારી વિધવા માએ હિંમત કરીને પ્રાથમિક શિક્ષિકાની નોકરી સ્વીકારી અને અમને બધાંને મોટાં કર્યાં. વિધવા હોય એને એ સમયમાં અનેક દુઃખો પડતાં, સગાં-વહાલાં સાથ છોડી દે વગેરે. એ વખતે શિક્ષકોનો પગાર સો-સવાસો રૂપિયા જેટલો જ હતો અને આખર તારીખમાં અમારી પાસે પૈસા ન હોય એવું પણ બનતું અને આઠ-દસ દિવસ કેમ પસાર થશે એવો પ્રશ્ન પણ ઊભો થતો. આમ જોવા જઈએ તો બે ટંક ખાવાના સાંસા હોય એવી પરિસ્થિતિ હતી, એવામાં અમે ભણ્યાં. મારા ટકા સારા આવ્યા એટલે હું કોઈપણ કોલેજમાં એડમિશન લઈ શકું એમ હતું પણ મારી પરિસ્થિતિ એવી નહોતી કે હું કોલેજની ફી ભરી શકું. બાની બદલી કોળીયાક ગામે થયેલી અને ત્યાંથી બસમાં જવા-આવવાના પૈસા પણ ન હોય એવું હતું, ભણવાની વાત તો પછી આવે. એટલે અગિયારમા ધોરણ પછી એક્સ્ટર્નલ અભ્યાસ કરીને મેં બી.એ. કર્યું અને પછી પોસ્ટ એન્ડ ટેલિગ્રાફમાં મને નોકરી મળી. એ પછી હું બધા સંઘર્ષોને પાર કરતો કરતો પોસ્ટલ ક્લાર્કમાંથી હાયર સેકન્ડરી સ્કૂલમાં અને ત્યાંથી પછી કોલેજમાં આવ્યો. એમ.એ. સુધીનો બધો અભ્યાસ મેં એક્સ્ટર્નલ કર્યો. સંસ્કૃત પણ મને કોઈ દેવકૃપાએ આવડ્યું છે. કેમ કે મારા ઘરમાં એવી કોઈ પરંપરા નહોતી, મને કોઈ શિખવાડનાર નહોતું. મારા વિષે ઉમેશ કવિ કરીને એક જ્યોતિષી

હતા એમણે આગાહી કરી હતી કે આ છોકરો ડોક્ટર થશે. પણ મારા ભાગ્યમાં મેડિકલ ડોક્ટર થવાનું નહોતું લખ્યું એટલે પછી હું સાહિત્યનો ડોક્ટર થયો. એ બનવા જોગ છે કે સંસ્કૃત ભાષાએ જ મને આર્ટ્સ તરફ ધકેલ્યો. એટલે મેં જ્યારે સંસ્કૃત લીધું ત્યારે મારા મોટા ભાઈ ભરતભાઈ યાજ્ઞિક, મારા કરતાં ચાર વર્ષ મોટા, અને એ મને મહેણાં મારતા કે 'આ સંસ્કૃત એ ચોટલીઓની ભાષા કહેવાય. તારે કર્મકાંડ કરવાનું હોય કે શ્લોકો બોલવાના હોય તો તું કંઈ લખશે નહીં.' પણ મારા બંને ભાઈઓ પસ્તીમાંથી જૂની ચોપડીઓ લઈ આવતા. એ વાંચતાં વાંચતાં હું સાહિત્ય અને વિશ્વ-સાહિત્યનો અભ્યાસી બન્યો. સંસ્કૃતના, ગુજરાતીના મોટા-મોટા સર્જકો મને પસ્તીમાંથી વાંચવા મળ્યા. કૃષ્ણલાલ શ્રીધરાણીની એક કવિતા મારે એસ.એસ.સી.માં ભણવામાં આવતી, 'પતંગિયું અને ચમ્બેલી.' મને આજે પણ એ કવિતા આખી મોઢે યાદ છે. એ બહુ રોમેન્ટિક કવિતા છે. એ કવિતાનું રસદર્શન એ પાઠ્યપુસ્તકમાં સુરેશ જોશીએ કરાવ્યું હતું. એ કવિતાથી મારી કવિ તરીકેની પાંખો ખૂલી ગઈ. અને મેં સૌથી પહેલાં છંદોમાં લખવાનું શરૂ કર્યું, પછી ગીતો શીખ્યો. તે વખતે દુલા ભાયા કાગ હતા, એમની પાસેથી હું ચારણી છંદો, પોસ્ટલ સંપર્ક દ્વારા, શીખ્યો. ઝવેરચંદ મેઘાણીને વાંચીને મને લોકસાહિત્ય શું છે, લોકભાષા શું છે એનો ખ્યાલ આવ્યો. બીજી તરફ કાલિદાસ, માઘ, ભવભૂતિ એ બધાએ મને ક્લાસિકલ (પ્રશિષ્ટ) ભાષાનું ઘેલું લગાડ્યું. પણ મેં નક્કી કર્યું હતું કે મારે કશુંક નવું કરવું હશે તો જ હું લખીશ, નહીં તો હું નહીં લખું. મારા ભાઈએ મને ૧૯૭૨-૭૫ની વચ્ચે એક અંગ્રેજી હાઈકુનું પુસ્તક આપ્યું. અંગ્રેજી પણ હું જાતે જ શીખ્યો, મારે બધું જાતે જ શીખવાનું હતું. તો હાઈકુ વાંચતાં વાંચતાં હાઈકુનું જે ઊંડાણ છે, એની જે વિશેષતાઓ છે, એની જે ઇમેજ છે, એ મને સ્પર્શી ગઈ અને એમાંથી મેં સંસ્કૃતમાં હાઈકુ લખવાનાં શરૂ કર્યાં. ૧૯૭૨-૭૩થી લઈને ૧૯૭૫-૭૬ સુધી મેં લગભગ બસો પચાસ હાઈકુઓ લખ્યાં. અને સદ્ભાગ્યે એ વખતે મને એક ગુરુનું સરનામું મળ્યું, હું એકલવ્ય હતો અને એ મારા દ્રોણ હતા. પોસ્ટલ સંપર્ક દ્વારા હું મારાં કાવ્યો એમને મોકલતો, એ મારાં કાવ્યો વાંચતા, મને પ્રોત્સાહન આપતા, ક્યાંક વ્યાકરણની ભૂલો હોય તો સુધારતા-એ ડો. એમ.વી. જોશી, જે હમણાં જ દિવંગત થયા. તો હું એમનો ઉપકાર માનું છું કે એમણે મને એકલવ્ય તરીકે સ્વીકાર્યો પણ એમણે મારો અંગૂઠો ન માગ્યો. એને કારણે ૧૯૭૭ થી ૧૯૭૯ સુધી મારાં હાઈકુઓ 'સંવિદ્' પત્રિકામાં

છપાયાં. આપ જાણતાં જ હશો કે પહેલાં નવનીત અને સમર્પણ બે જુદાં સામયિક હતાં, એની સાથે ભારતીય વિદ્યાભવનનું 'સંવિદ્' સંસ્કૃત સામયિક પ્રકાશિત થતું. એ વખતે મારા અક્ષર બહુ ખરાબ હતા, ટાઈપિંગની કોઈ વ્યવસ્થા નહોતી, પણ એના તંત્રીએ મને બહુ પ્રેમપૂર્વક, વાત્સલ્યપૂર્વક વધાવ્યો અને કહ્યું કે તમે નવો ચીલો ચાતરી રહ્યા છો અને તમે તમારો પ્રયત્ન ચાલુ રાખો. 'સંવિદ્' આ પ્રકાશિત કરશે. અને લગભગ ત્રણ વર્ષ સુધી મારાં હાઈકુઓ એમાં પ્રકાશિત થયાં. અને એ રીતે સંસ્કૃતમાં મારા લેખનની શરૂઆત થઈ.


પ્રશ્ન: આપનું મૂળ નામ હર્ષવદન મનસુખલાલ જાની. એમાંથી આપે હર્ષદેવ માધવ નામ અપનાવ્યું. એનું કારણ શું?

એનાં બે-ત્રણ રમૂજી કારણો પણ છે. એક તો કનૈયાલાલ મુનશીની માસ્ટરપીસ નવલકથા 'પૃથ્વીવલ્લભ' મેં વાંચી અને મને બહુ જ ગમી ગઈ, એમાં 'માધવનો સંયમ' કરીને એક પ્રકરણ છે. એ માધવ એટલે માલતીનો માધવ. એ સમયે મેં સમ્રાટ હર્ષવર્ધનની કૃતિ વાંચી, 'રત્નાવલી' 'પ્રિયદર્શિકા' વગેરે. તો હર્ષવર્ધન સંસ્કૃતમાં હર્ષદેવ તરીકે જાણીતા છે. એટલે મારું નામ હર્ષવદન એમાંથી મેં વદન કાઢીને દેવ સાથે જોડી દીધું. આ પહેલું કારણ. અને બીજું કારણ એ હતું કે એ વખતે હું પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં હતો અને એ ડિપાર્ટમેન્ટ ખૂબ જ શિસ્તબદ્ધ હતો. એટલો બધો શિસ્તબદ્ધ કે તમે કોઈ સરકારી કાર્યક્રમમાં ભાગ ન લઈ શકો, તમે કવિ સંમેલનોમાં ભાગ ન લઈ શકો, તમે કશું છપાવી ન શકો. એને કારણે મારે મારી સાચી ઓળખ છુપાવવાની અનિવાર્યતા હતી, એટલે મેગેઝિનોમાં મારું નામ આવે તો મને કોઈ ઓળખે નહીં. એ રીતે આકાશવાણીમાં પણ ઘણા બધા કાર્યક્રમો મેં આપ્યા. અને સદ્‌ભાગ્યે 'હર્ષદેવ માધવ' એ નામથી હું ઘણું લખી અને પ્રકાશિત કરી શક્યો અને 'ધૂમકેતુ'એ જે યાતનાઓની વાત કરી છે એ યાતનાઓથી હું મુક્ત રહ્યો. અને પછી તો આ નામનું મને વળગણ થઈ ગયું. એટલે મને એમ થયું કે આ માલતી-માધવ અને હર્ષવર્ધન એ બેને મારી સાથે લઈને હું જીવી રહ્યો છું.

પ્રશ્ન: આપે ગઝલ, હાઈકુ, અછાંદસ, એબ્સર્ડ નાટક, નવલકથા જેવાં ગદ્ય અને પદ્યનાં અનેક સ્વરૂપોમાં સર્જનો કર્યાં છે. આટલાં બધાં સ્વરૂપોમાં સર્જનો કરવાં એ સહજ અભિવ્યક્તિ અને સર્જનશીલતા છે કે પછી પ્રયોગાત્મકતા?

તમે બહુ સરસ સવાલ પૂછ્યો. ગુજરાતીમાં બે શબ્દો છે 'પ્રયોગશીલ' અને 'પ્રયોગખોર'. પ્રયોગખોર ખાલી કરવા ખાતર પ્રયોગ કરતો હોય છે. જે પ્રયોગશીલ હોય એનાથી આપોઆપ પ્રયોગો થતા રહેતા હોય. સંસ્કૃતમાં એક

બહુ સરસ ઉક્તિ છે કે क्षणेक्षणे यं नवतां उपैति तदैव रूपं रमणीयता:' જે ક્ષણેક્ષણે નવું લાગે એનું નામ રૂપ. તમે જુઓ તો સમુદ્ર એક સરખો નથી હોતો, એનાં રૂપ સતત બદલાતાં હોય છે. અને કવિની ચેતના પણ એ પ્રકારની જ હોય તો એ સારું લખી શકે છે. જે લોકો એક રૂપમાં ફસાઈ જાય છે એ લોકો જિંદગીભર પછી ગઝલ તો ગઝલ જ લખ્યા કરે છે, અને પછી એમાં કશું નવું આવતું નથી. સંસ્કૃતમાં બીજી પણ એક સરસ ઉક્તિ છે કે प्रज्ञा नवनवोन्मेषशालिनी प्रतिभामता'. જે નવા નવા ઉન્મેષો પ્રગટાવે એનું નામ પ્રતિભા. તો મને ખબર નથી કે મારી ઈશ્વરદત્ત પ્રતિભાએ આ બધું કામ કર્યું છે, પણ મેં જે પ્રયોગો કર્યા છે એ પૂરેપૂરા સાહસ સાથે, પૂરેપૂરા જોખમ સાથે કર્યા છે અને હું સંસ્કૃતના પંડિતોની નિંદાનો ભોગ પણ બન્યો છું. પણ ભોગ બન્યા પછી પણ મેં મારી પ્રતિષ્ઠા, મારી કારકિર્દી અને કવિ તરીકેનો મારો દિગ્વિજય ચાલુ રાખ્યો છે અને અંતે એ પંડિતોએ મને હાથ જોડીને સ્વીકાર્યો છે. એટલે સંસ્કૃતમાં હાઈકુ, સિઝો- જે દક્ષિણ કોરિયાનો કાવ્યપ્રકાર છે, તાન્કા વિષે આપણે ગુજરાતીઓ જાણીએ છીએ, એ બધું હું લઈ આવ્યો. મોનો-ઇમેજ કવિતા એ ૧૯૭૦-૭૧ની આજુબાજુએ સુરેન્દ્રનગરના રમેશ આચાર્ય, મધુ કોઠારી જેવા મિત્રોએ કાવ્યપ્રકાર શરૂ કર્યો. એમાં મફત ઓઝા, સતીશ ડણાક આ બધા કવિઓ હતા. એ લોકોએ એક કાવ્યસંગ્રહ બહાર પાડ્યો, એમાં પણ મારી એક કવિતા આવેલી. એટલે મોનો-ઇમેજનું આંદોલન મને બહુ ગમ્યું, કારણકે મૂળથી હું ઇમેજિસ્ટ કવિ હતો. હાઈકુએ મારામાં બિંબવાદનાં, કલ્પનવાદનાં મૂળ નાખી દીધાં હતાં. બીજું એ કે સંસ્કૃત ભાષા બહુ જ રૂઢિચુસ્ત હતી. હું 'હતી' શબ્દ વાપરું છું, મારા આવ્યા પછી નથી રહી. સંસ્કૃતમાં સામાન્ય રીતે મહાકાવ્યો લખાય, ખંડકાવ્યો લખાય, નેતાઓની પ્રશસ્તિઓ લખાય, બોધ આપનારા શ્લોકો લખાય. ભાષાની એ બધી સરહદોને મેં તોડી નાખી. સંસ્કૃતમાં એવા વિષયો પર ક્યારેય કોઈએ લખ્યું જ ન હોય એવા વિષયો પર મેં લખવાનું શરૂ કર્યું, અને સંસ્કૃત પંડિતોને આંચકો આપ્યો. અને એ આંચકાઓ ખાતાં ખાતાં પંદર-વીસ વર્ષ પછી મારો સાર્વત્રિક સ્વીકાર થયો. હું તમને એક ઉદાહરણ આપું: મોનો-ઇમેજ એ અકાવ્યોચિત વિષયોને કાવ્યોચિત બનાવે છે. આ એની પહેલી શરત છે. બીજું, એની અંદર પ્રતીક હોય, કલ્પન હોય, પુરાકલ્પન હોય, એ બધું મને બહુ ગમ્યું. ગમ્યું એટલા માટે કે આ બધું લખવા માટેની મને પૂરેપૂરી મુક્તિ હતી. એક ઉદાહરણ આપું તમને કે बुद्धस्य



भिक्षापात्रे निमज्जितमस्ति अणुबोम्बदग्धं नगरम् । બુદ્ધના ભિક્ષાપાત્રમાં ડૂબી ગયું છે અણુબોમ્બથી બળેલું નગર. બીજા વિશ્વયુદ્ધ પછી જ્યારે બધું પાયમાલ થઈ જાય ત્યારે એ ખંડેરોમાં કોઈ આશ્વાસન આપે એવું હોય તો માત્ર બુદ્ધની દયા છે. અને એ વખતે બુદ્ધના ભિક્ષાપાત્રમાં આખી સંસ્કૃતિ, આખી સભ્યતા ફેંકાઈ જશે. બીજું તમને કહું, દાખલા તરીકે સંસ્કૃતમાં આજ સુધી બાથરૂમ ઉપર કોઈએ લખ્યું જ નથી. અને જો લખ્યું હોય તો બહુ ભવ્ય વર્ણન હોય, કે સોનાજડિત વાસણો અને એવું બધું પડ્યું હતું વગેરે જેવું બાણ ભટ્ટે લખેલું છે. મારો બાથરૂમ તો કોમન મેનનો બાથરૂમ છે. स्नानगृहं गत्वा गृहक्लेशश्रान्ता वधूः निःशब्दं रोदिति तदा स्नानगृहं तस्याःपितृगृहं भवति। બાથરૂમમાં જઈને, ઘરના કંકાસથી કંટાળેલી પુત્રવધૂ નિશબ્દ રડે છે ત્યારે બાથરૂમ થઈ જાય છે એનું પિયર. સંયુક્ત કુટુંબમાં પુત્રવધૂ ક્યાં જઈને રડે? એ પોતાનું દુઃખ ક્યાં જઈને ઠાલવે? એટલા માટે એ બાથરૂમને પસંદ કરે છે, ત્યાં પણ એ નિઃશબ્દ રડે છે, કોઈને ખબર ન પડે એટલે. તો આ મોનો-ઇમેજની એટલી બધી અસર થઈ છે કે છેલ્લાં ત્રીસ વર્ષમાં મોનો-ઇમેજની વાત નીકળે ત્યારે આની વાત થાય જ. હમણાં દિલ્હી યુનિવર્સિટીએ એના અભ્યાસક્રમમાં પણ મારી આ કવિતા પસંદ કરી. બીજી પણ એક બાથરૂમ ઉપરની કવિતા છે 'स्नानगृहं अर्थात पंचमहाभूतानां जलेन सह संवाद्स्य केन्द्रं.'

બાથરૂમ એટલે શરીરનાં પંચમહાભૂતો- પૃથ્વી, પાણી, આકાશ, વાયુ અને તેજ, એનો પાણી સાથેનો સંવાદ. બેડરૂમ ઉપરની કવિતા આવી છે कामं गृहं अकिंचनं स्यात् शयनकक्षस्तु स्वपनैरमंडितो भवति. ભલે ઘર ગરીબ હોય પણ બેડરૂમ તો સ્વપ્નોથી શણગારેલો હોય છે. બીજું એક જુઓ, यदा शयनकक्षातद् वैशाखी पूर्णिमा पलायिता तदा शयनकक्षे समस्तकपिलवास्तुनगर्या: अन्धकारो वस्तुमागतः। જ્યારે વૈશાખી ચાંદની બેડરૂમમાંથી પલાયન કરી ગઈ -આપ જાણો છો વૈશાખી ચાંદનીનો બુદ્ધની સાથેનો સંબંધ છે, મહાભિનિષ્ક્રમણ સાથેનો. તો વૈશાખી પૂનમ જ્યારે બેડરૂમમાંથી ભાગી ગઈ હશે, બુદ્ધના રૂપમાં, ત્યારે યશોધરાને શું થયું હશે? 'तदा समस्त कपिलवस्तुनगर्या: अन्धकार:' -ત્યારે આખી કપિલવસ્તુ નગરીનો અંધકાર યશોધરાના શયનકક્ષમાં આવી ગયો.

પ્રશ્ન: જેમ અનેક સાહિત્ય સ્વરૂપોમાં સર્જનો થયાં એમ અનેક ભાષાઓમાં પણ સર્જનો થયાં. ભાષાઓ વચ્ચેની આવન-જાવન કેવી રીતે થાય છે? સૌથી સહજ અભિવ્યક્તિ કઈ ભાષામાં થઈ શકે છે?

બહુ સુંદર પ્રશ્ન છે આપનો. ૨૦૦૪માં જ્યારે મને પચાસ વર્ષ પૂરાં થયાં, ત્યારે દિલ્હીની સાહિત્ય અકાદમીની મુંબઈમાં એક ગોષ્ઠી હતી, એમાં સુરેશ દલાલની અધ્યક્ષતામાં મારે કવિતા વાંચવાની હતી. એ વખતે મેં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત આ બધી ભાષાઓમાં કવિતા વાંચી. ત્યાં બાવીસ ભાષાઓના કવિઓ બેઠેલા અને ત્યાં ગુલઝાર અને જાવેદ અખ્તર જેવા મહાકવિઓ પણ હતા. તે વખતે સુરેશ દલાલે એક વાક્ય કહેલું એ મને યાદ છે કે 'હર્ષદેવ એક રૂમમાંથી બીજા રૂમમાં જતો હોય એટલી સહજતાથી એક ભાષામાંથી બીજી ભાષામાં જાય છે.' પ્રશ્ન એ થાય કે લખાણની ભાષા કેવી રીતે નક્કી થાય? જ્યારે કવિતા ઊતરતી હોય છે ત્યારે એ પોતાનું આખું કલેવર નક્કી કરીને આવતી હોય છે. જે ભાવ હું સંસ્કૃતમાં અનુભવતો હોઉં એ ભાવ હું ગુજરાતીમાં ન અનુભવતો હોઉં. મારા ભાવો ભાષા બદલાતાં બદલાઈ જાય. સાહિત્ય અકાદમીએ મારો હિન્દી ગઝલસંગ્રહ પણ પ્રકાશિત કર્યો છે. ગુજરાતી ભાષા એ આધુનિક ભાષા છે, એ અંગ્રેજી શબ્દોને અપનાવે છે. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ અને સુરેશ દલાલે કરેલાં અલગ અલગ વીસમી સદીની ગુજરાતી કવિતાનાં સંકલનોમાં મારી કવિતા એમણે લીધી છે. ચિનુ મોદીએ પણ એમના સંપાદનમાં મારી એક ગઝલ પસંદ કરી. તો હું માનું છું કે એ ઈશ્વરની કૃપા છે કે આ ભાષાઓ મને એમના કવિ તરીકે સ્વીકારે છે.

[અનુસંધાન પૃ. ૧૨૩]



“હવે સુગંધ જ નાક થઈ ગઈ...”

(अथातो ‘शास्त्र’ जिज्ञासा)

☐ અરુણા જાડેજા

સંત જ્ઞાનેશ્વરે જ્યારે શ્રીમદ્ ભગવદ્ગીતા પરનું ભાષ્ય નામે 'ભાવાર્થ દીપિકા' અર્થાત્ 'જ્ઞાનેશ્વરી' ગ્રંથ ગુરુ નિવૃત્તિનાથનાં શ્રીચરણોમાં ધર્યો ત્યારે ગુરુ નિવૃત્તિનાથે એમને કહ્યું, ''ઉત્તમ, પણ આ તો ભગવાન શ્રીકૃષ્ણની વાત તેં ભાવિકો સામે ધરી, પણ તારું પોતાનું શું? તારી પોતાની જે સ્વાનુભૂતિ છે તેને તું ભાવિકો સામે રજૂ કર.'' અને પછી લખાયો આ ગ્રંથ નામે : 'અમૃતાનુભવ', અમૃતનો અનુભવ, પરમ સત્યની અનુભૂતિ, શિવ-શક્તિનું ઐક્ય, અદ્વૈતભાવ!

'અમૃતાનુભવ'નું પહેલું પ્રકરણ છે : 'શિવશક્તિસમાવેશન' અને છેલ્લું નવમું પ્રકરણ છે :

'જીવન્મુક્તદશાકથન.' પહેલું પ્રકરણ શરૂ થતા પહેલાં, ગુરુને નમન કરતા પહેલાં પાંચ શ્લોકોમાં પોતાના અનુભવામૃતના પાંચ તબક્કા જ્ઞાનેશ્વરે સૂચિત કરી દીધા છે.

-પહેલા નમનમાં ગુરુ નિવૃત્તિનાથનો આશ્રય તેમણે સ્વીકાર્યો છે,

-બીજા નમનમાં શાંકરી વિદ્યાનો જયજયકાર કરતાં કહે છે કે ગુરુ એ જ સાક્ષાત્ શાંકરી વિદ્યા (અધ્યાત્મવિદ્યા, બ્રહ્મવિદ્યા) છે, એ વિદ્યા-માવડીને હું પ્રણામ કરું છું.

-ત્રીજા નમનમાં જણાવ્યું છે કે એકરૂપ એવા શિવ-શક્તિ (દેવ-દેવી)માં કોનો અર્ધો ભાગ કોના અર્ધાની સાથે જોડાયેલો છે એ આમ એકદમ જાણવું મુશ્કેલ છે કારણ કે એ બન્નેના દ્વૈતનો આભાસ માત્ર છે.

-ચોથા નમનમાં અદ્વૈત એ જ મૂળ તત્ત્વ હોવાની પૂર્ણ-અદ્વૈતની સાક્ષી આપી છે અને

-પાંચમા નમનમાં ગૂઢ-અદ્વૈતમય અનુભૂતિની કાવ્યમય પ્રતીતિ કરાવે છે.

પહેલા પ્રકરણમાં જ્ઞાનેશ્વર શિવશક્તિ માટે 'દેવ-દેવી' શબ્દપ્રયોગ પ્રયોજે છે, આ શિવશક્તિ એટલે ચોક્કસ એ સાંખ્યવાળાં પુરુષ-પ્રકૃતિ નથી. જ્ઞાનેશ્વરનો શિવ ઉદાસીન નથી, અનુરાગી છે અને આ શક્તિ સ્વતંત્ર તત્ત્વ નથી પણ શિવમાં જ અંતર્ભૂત છે. લાગે છે કે જ્ઞાનેશ્વરે અહીં શિવશક્તિ બંને તત્ત્વોને પરસ્પરાવલંબી માન્યાં છે. નવમા, છેલ્લા પ્રકરણના સક્ષમ વિરુદ્ધ કથનમાંથી જ્ઞાનેશ્વરના ગૂઢ અદ્વૈતનો સાક્ષાત્કાર થાય છે. આ ગૂઢાદ્વૈત જોઈએ તે પહેલાં મરાઠી કવિ વિંદા કરંદીકર કહે છે, ''કોઈ સંગીતકાર જેટલી સહજતાથી સ્વરના સૂક્ષ્મ ભેદ અને એની કક્ષાઓ ધ્યાનમાં રાખીને તેમને પ્રયોજે છે તે જ સહજતાથી શબ્દ અને અર્થના સૂક્ષ્મ ભેદ અને એની કક્ષાઓ ધ્યાનમાં રાખીને તેમને પ્રયોજતા જોવા મળે છે.''

હવે છેલ્લા નવમા પ્રકરણ 'જીવન્મુક્તદશાકથન'માં ગૂઢાદ્વૈતની ચરમસીમા જોવા મળે છે. મરાઠી વિવેચક રામચંદ્ર ઢેરે કહે છે, ''આ માત્ર એક અને એક જ એવું શિવતત્ત્વ જ વિશ્વરૂપે સ્ફુરિત થયું છે, આ વિશ્વચક્ર, આ સચરાચરનો વ્યાપાર એટલે શિવની આત્મરતિ છે, પોતે જ પોતાને ભોગવવા માટે બહુત્વને પામ્યો છે (એકઃ અહમ્, બહુ સ્યામ્). જ્ઞાનેશ્વરે આત્મરતિની કલ્પના પોતાની કાવ્યમય ભાષામાં ખીલવી છે.'' અહીં જ્ઞાનેશ્વરે જીવન્મુક્ત અવસ્થાનું વર્ણન કરતી વખતે એક પછી એક સુંદર, બંધબેસતી અને ઉચિત કલ્પનાઓને વરસાવીને આત્મરતિ વર્ણવી છે :

''હવે સુગંધ નાક બની ગઈ, શબ્દોને જ કાન ફૂટ્યા, આંખ અરીસા બની ગઈ.

વાયરો પોતે જ વીંઝણો બન્યો ને પોતાને જ ઢોળે, ચંપો થઈને મસ્તકો ફરફરે.

રસના રસથી રસાઈ, કમળ પોતે સૂર્ય બન્યું, ચકોર ચંદ્રમા બન્યું.

પુષ્પો ભ્રમર બની ગયાં, યુવતી યુવાન બની ગઈ, નિદ્રાધીન શૈયા બની ગયો.

દેખાતા સુંદર, વિવિધ અલંકારો પોતે

જ સોનાની લગડી બની ગયા.

એવા ભોગ્ય અને ભોક્તા, દશ્ય અને દ્રષ્ટા જે અખંડ અદ્વૈતને પામ્યાં.'' (૭૦૨થી ૭૦૭)

અર્થાત્ સુગંધ અને નાક, શબ્દો અને કાન, વાયરો અને વીંઝણો, ચંપો અને મસ્તક, પુષ્પો અને ભમરા, કમળ અને સૂર્ય, યુવાન અને યુવતી, નિદ્રાધીન અને શૈયા, સોનાના અલંકારો અને લગડી - આ બધાં વચ્ચેની ભિન્નતા, એમના વચ્ચેનું દ્વૈત મટી ગયું અને એ અદ્વૈતમાં ભળી ગયું.

આમ કહી શકાય કે સંત જ્ઞાનેશ્વરનું આ અમૃતાનુભવ જે એક તત્ત્વકાવ્ય છે.

*

રામજી લુહારની જીવન્મુક્તિ

હવે પંક્તિના જ અનુસંધાનમાં એક વાર્તાનો સાર જોઈએ.

મહારાષ્ટ્રના વીસમી સદીના એક ઉત્કૃષ્ટ કથાકાર એટલે દિગંબર મોકાશી, એમની પાસેથી આ જ - "आता आमोद सुनासी झाले।"* (आमोद – સુગંધ, सुनासी - નાક 'સુગંધ જ નાક झाले - થઈ ગઈ') - શીર્ષક હેઠળ સાલ ૧૯૬૦માં, મરાઠી ભાષામાં એક અપ્રતિમ આધ્યાત્મિક વાર્તા મળે છે :-

*

મુસળધાર વરસાદ વરસી રહ્યો છે, ગામના શિવાની ગાય વિયાવા આવી છે; વરસાદનું પાણી પીને મસ્ત થયેલી ગામની નદીમાં પૂર આવ્યાં છે, અને એ પૂર ગામના લુહાર રામજીના એકના એક છોકરાને પોતાની સાથે તાણી જાય છે. હવા ભીના લથપથ ચીંથરા જેવી ટાઢીબોળ થઈ છે. ગણુનો દમ વધી ગયો છે. કુદરતનો કેર શરૂ થાય એટલે આવું આવું જ થાય કે? લોકો આમ અચેત કેમ બની જતા હશે?

છ-છ દિવસથી કેંબળ નામનું ગામડું વરસાદનો માર ખાઈખાઈને હેબતાઈને બેઠું હતું. છ દિવસમાં પણ આકાશનો કાળો ડિબાંગ રંગ કંઈ બદલાયો નહોતો. ડુંગરાથી માંડીને નીચે ગામની તળેટી સુધી ખગ્રાસ ગ્રહણ જેવો ભયાનક કાળોમસ અંધકાર બધે ફેલાયો હતો. પાણીનો રાતો પ્રવાહ ધસમસ વહી રહ્યો હતો. વરસાદની ધાર છરીની જેમ ધરતી પર ફરી રહી હતી. એંજિનમાંથી વરાળ છૂટે તેવો અવાજ વાતાવરણને ભરી નાખતો હતો. ઘર ટપક ટપકી રહ્યાં હતાં. મરદ બીડી ફૂંકી રહ્યા હતા: કોઈ ગોળની, કોઈ ખાંડની તો કોઈ દૂધની કે દૂધ વગરની ચા પી રહ્યું હતું. એ લોકો અંદરોઅંદર એવી વાત કરતા હતા કે એમને આ પૃથ્વી જાણે ક્યારેય ગમી જ ન હોય.

જેનામાં પોતાને જોતો રહેતો એવા પોતાના જુવાનજોધ દીકરાને મોતના મોંમાં જતો રહેલો જોઈને, દુઃખથી બધિર થઈ ગયેલો રામજી લુહાર. ગામને ઘેરી લેનારા અને તેના પર માર વરસાવનારા વરસાદ જેવું જ રામજીનું

દુઃખ. રોજ નિયમિત 'જ્ઞાનેશ્વરી'નું પઠન કરનારા ગામના ચાર ખેડૂતોમાંનો એક રામજી. એના દુઃખનો ભાર કઈ રીતે હલકો કરવો એ બીજાને સમજાતું નહોતું. રામજીનું દુઃખ એ લોકો સમજી શકતા હતા પણ એ દુઃખ સાથે તેઓ તાદાત્મ્ય પામી શકતા નહોતા. અદ્વૈત સાધવું એ પણ એવી જ કઠિન વાત.

પણ આજે રામજીનું દુઃખ કેમેય કર્યું હળવું થતું નહોતું. આજ સુધી લોકોને તે જે કંઈ સમજાવતો એ તો ઉપરછલ્લો સંતોષ હતો. જીવન અને મૃત્યુ એમાંનું એને કંઈ સમજાતું નહોતું. તેથી આજ સુધી તેણે જે કંઈ કર્યું નહોતું એવું એવું તે કરી રહ્યો હતો : ભગવાનને સવાલો પૂછતો હતો, પોતે પંદરપંદર વરસ સુધી પંઢરપુરની જાત્રા ભરી તેનું શું? નસીબ છોકરાને તાણી ગયું! શેનું વળી નસીબ? એ જાત્રાનું પુણ્ય ક્યાં ગયું? હવે ઘરડેઘડપણે મારે આ નસીબને રડવાનું?

જે ભાષા બીજાને શાંત કરવા પોતે વાપરી હતી એનો અર્થ આજે બોદો થઈ ગયો હતો. એ વિઠ્ઠલ પર ખિજાયો નહોતો, જોકે તેટલો આવેશ પણ રહ્યો નહોતો. ઘડિયાળ બંધ પડી જાય અને પછી સમય ખોટો લાગે તેવું એને થવા લાગ્યું હતું. એને થયું આટલાં વર્ષો તે વિઠ્ઠલની ભક્તિને આધારે જીવી રહ્યો હતો, પણ છોકરો જતાં તેને એકદમ સમજાઈ ગયું કે હું તો એ છોકરા માટે જીવતો હતો. છોકરો હતો ત્યાં સુધી પોતાનો જીવ જુદો, જીવવાનો હેતુ જુદો અને છોકરા માટેનો પણ જુદો હતો - એવું એને થઈ આવ્યું. પણ છોકરો ગયો અને પોતાનું શરીર તેને નકામું લાગવા લાગ્યું. પોતાનું શરીર એટલે જાણે એક થેલી જ. એમાંની ચીજવસ્તુ ઢોળાઈ જાય તો એ થેલી શા કામની?

એમનામાંના કોઈ એકાદા ભગતે કહ્યું કે રામજીનું દુઃખ એ પણ એક જાતનો અહંકાર છે. પણ બહાર જેમ આખુંયે ગામ ધોધમાર વરસાદમાંથી છૂટી શકતું નહોતું તેમ રામજી પણ આ (દેહના) અહંકારમાંથી છૂટી શકતો નહોતો.

પેલા ભગતે પાછું રામજી સામે જોયું. એને થયું કે માણસ દુઃખમાં આટલો બધિર થઈ શકે છે? રામજી પોતાને માટે આટલો નજીકનો? પણ એનું દુઃખ મને કેમ અડતું નથી- નવાઈ કહેવાય! પોતે હચમચી ઊઠ્યો પણ અંદરનું સુખી અને નચિંત મન કંઈ હચમચ્યું નહીં. 'પોતાનું તો બધું બરાબર છે.' - એ ભાવ અને એ હૂંફ ક્યારેય છૂટ્યાં નહીં.

આવી જ બેચેન મનોસ્થિતિમાં રામજી અને બીજા ત્રણ ખેડૂતાએ રોજની જેમ 'અમૃતાનુભવ'નું પઠન શરૂ કર્યું. વરસોનાં વરસોથી એ જ પંક્તિનું પારાયણ કરવા છતાંયે એનો અર્થ તેમને સમજાતો નહોતો. વિરોધાભાસ એટલે ખાસ એ જ પંક્તિઓ:

''હવે અજ્ઞાનને મારીને, જ્ઞાન અભેદે વિચરે
ઊંઘને જીતીને જાગૃતિ, રાચે જે રીતે॥''

આ જ ઓવી (પંક્તિ)થી એમના પઠનની શરૂઆત થતી. રામજી વિચારતો હતો કે અત્યાર સુધી આ જગત કેવું સાચું લાગતું હતું અને હવે અચાનક કેવું ખોટુંખોટું લાગે છે!

બરાબર આ જ વખતે પેલી બાજુ શિવાની ગાય વિયાણમાં અટકી પડી હતી, સુવાણ થતું નહોતું. શિવો અને એની વહુ લાચાર થઈને ગાયની પીડા જોઈ રહ્યાં હતાં. ગાયનો તરફડાટ વધી ગયો, વાછરડાનો એક પગ બહાર આવ્યો હતો પણ પાછો અંદર જતો રહ્યો અને માથું દેખાવા લાગ્યું પણ એ પાછું અંદર જતું રહ્યું; ગાય કણસીકણસીને હાંફી રહી હતી. ગાય અટકી પડી હતી.

શિવાની ઘરવાળી રડતીરડતી બૂમો પાડવા લાગી : ''એ રામજીદાદા, ધાજો રે, ગાય અટકી પડી રે, મારા બાપલા ધાજો રે.''

વિયાતી ગાયને સુવાણ કરનારા ગામમાં એક જ : રામજીદાદા.

કુદરતે કરેલા ઘાથી ભાંગી પડેલા રામજીદાદા ચચ્ચાર દિવસથી ખાતાપીતા, બોલતાચાલતા નહોતા. જાણે બધી જ સંવેદનાઓ થીજી ગઈ હોય તેમ.

રામજીના મનમાં કંઈક હલચલ થવા લાગી : 'દોડ, દોડ! ધસમસતા પૂરમાંથી આ પોકાર આવતો હતો??? ના, આ તો શિવાની ઘરવાળીનો સાદ છે, એની ગાય અટકી પડી કે મારો છોકરો સાદ કરે છે : ધાજો રે ધાજો!'

રામજીને અંદરથી અવાજ આવ્યો: 'ઊઠ, ઊઠ.' દુઃખથી અકડાયેલું એનું શરીર પડતું પડતું રહી ગયું, એણે માંડ જાતને સંભાળી, ખમીસની બાંયો ચડાવીને પત્નીને બૂમ મારી કે મારી દવાપેટી લઈને આવ. રામજી પણ શિવાની ગમાણ પાસે પહોંચી ગયો અને શિવા પર ખિજાયો : ''અરે, ગધેડા! ગાયને આમ ઉઘાડામાં રખાય? કામળો ઓઢાડવાનોને? ગાયની નીચે ઘાસ પાથરવાનું પણ ભૂલી ગયો? ચાલ, ડોલમાં પાણી લાવ; ગરમ.'' રામજી ગુસ્સે થઈને શિવાને ગાળ પર ગાળ આપી રહ્યો હતો, શિવો સાંભળી રહ્યો હતો નિરાંતે. રામજીએ પોતાનું ખમીસ કાઢીને ફગાવ્યું, ધોતિયું ઊંચે ચડાવ્યું. ત્યાં જ એની પેટી પણ આવી ગઈ.

રામજીએ પેટીમાંથી પોટેશિયમ પરમેંગનેટની બાટલીમાંથી થોડાં ટીપાં અને બીજી ચપટીભર દવા ગરમ પાણીમાં નાખીને, પોતાના બેઉ હાથ બોળીને નખેનખ સાફ કરી લીધા. નખ પણ જોયા કે વધેલા નથીને - ક્યાંક વાછરડાને વાગી ન જાય.

ગાય પાસે જઈને એના પેટની બેઉ બાજુ ધીમેકથી હાથ દબાવતો બોલ્યો: ''ધીરજ ધર, મારી માવડી.''

વાછરડાનું માથું દેખાતું હતું ત્યાં દવાવાળા હાથે વાછરડાના માથાને બેઉ હાથે પકડીને એની દિશા બદલાવીને ફેરવવા લાગ્યો. બહારના મુસળધાર વરસાદની એને જાણ નહોતી રહી,

જાણતો હતો અંદરની ગરમી જ. એનું ધ્યાન વાછરડામાં હતું : બહાર આવવા માગતો જીવ અંદર રૂંધાઈ રહ્યો હતો. અંદર ગયેલી રામજીની આંગળીઓ કોક અજ્ઞેયને વેધી રહી હતી. ગાય વેણ પર વેણ સહી રહી હતી, એક મોટી વેણ ઊપડતાં જ રામજીના અંદર ગયેલા હાથમાં વાછરડાની ખરી આવી અને પરસેવે નીતરતા રામજીએ વાછરડાને હળવેકથી બહાર ખેંચવા માંડ્યું. વાછરડાએ ટપ્ દઈને બહાર કૂદકો માર્યો, રામજીએ એ કૂદકો ગાયની દિશામાં દોર્યો.

બહાર પડતો વરસાદ જોઈને રામજીને પાછું ભાન આવ્યું. ખોયેલો છોકરો સાંભરી આવ્યો. પગલાં પાછાં ભારે થઈ ગયાં. ચહેરો કઠોર બન્યો. ઉતારે પેલા ત્રણ જણ રાહ જોતા બેઠા જ હતા : ''ચાલો, પોથી પૂરી કરીએ.'' પોથી-વાંચન શરૂ થયું :-

''હવે સુગંધ નાક બની ગઈ, શબ્દોને જ કાન ફૂટ્યા,... ચકોર ચંદ્રમા બન્યું...''

રામજીની કોરી આંખો ભરાવા માંડી, ત્રીજી ઓવી શરૂ થતાં જ રામજી ચોધાર આંસુએ રડવા લાગ્યો.

પઠન ચાલુ હતું :

...એવા ભોગ્ય અને ભોક્તા, દશ્ય અને દ્રષ્ટા જે અખંડ અદ્વૈતને પામ્યાં.''

*

અદ્વૈતનું ઉચિત ઉદાહરણ આપનારી, ગણ્યાગાંઠ્યા જ શબ્દોમાં એ આખું ચિત્ર નજર સામે ઊભું કરનારી અને તે સાથે જ જન્મમરણના અટલ ફેરાનું વર્ણન કરનારી, જ્ઞાતા અને જ્ઞેયનો ભેદ મટાડનારી આ વાર્તા રામજીની સાથે વાચકના હૈયાને હચમચાવી મૂકે છે અને એ હચમચાટનો મર્મ પણ સમજાવે છે. કહેવાય છે કે જ્ઞાનેશ્વરની એકાદી પણ પંક્તિનો અનુભવ કરી લેવો જોઈએ. એવા એક અનુભવનો સાક્ષાત્કાર અહીં જોવા મળે છે.

આ જ વાર્તા પરથી હાલમાં જ બે મહિના પહેલાં મરાઠીના જાણીતા ફિલ્મ નિર્માતા સુમિત્રા ભાવેનો (दिठी અર્થાત્ દષ્ટિ) સિનેમા પ્રદર્શિત Sonyliv પર થયો છે. અફસોસની વાત છે કે આ સિનેમા પ્રદર્શિત થતા પહેલાં જ દિગ્દર્શિકાનું અચાનક અવસાન થયું!

*આ જ મરાઠી વાર્તાનો અનુવાદ જાણીતા સાહિત્યકાર વ.મુ. ઉષાબહેન શેઠે ૨૦૦૯માં 'અમૃતાનુભવ' નામે ૪૮ પાનાંની નાનકડી પુસ્તિકા રૂપે પ્રગટ કર્યો હતો.

સંદર્ભ:

૧. નાથ સંપ્રદાયનો ઇતિહાસ : રામચંદ્ર ઢેરે

૨. સંત જ્ઞાનેશ્વરનો અમૃતાનુભવ : વિંદા કરંદીકર

૩. અનુભવામૃત: વાસુદેવ દામોદર ગોખલે

૪. અમૃતાનુભવ : જોગ મહારાજ

૫. દિ. બા. મોકાશી: "आता आमोद सुनासी झाले।"

❑❑❑



ધુમાડો અને અગ્નિ

☐ સતીશ વૈષ્ણવ

ચિત્ત ક્ષુબ્ધ હતું તો પણ જમવું પડ્યું. મજબૂરી હતી. સાજા રહેવાની સજા રૂપે. જમ્યા પછી ત્રણ ટેબ્લેટ લેવાની હતી. ઘરમાં એકલી પડી ત્યારથી અમોલાનું ચિત્ત સતત ક્ષોભ અનુભવતું હતું. એણે પોતે સ્વીકાર્યું હતું. વારંવાર. પણ મનોમન. સવારે એનું વર્તન અશોભનીય હતું. એક ગૃહિણી તરીકે. કંપનીના એક્ઝિક્યુટિવની પત્ની તરીકે.

અમોલા કિચનમાં હતી. મોટો દીકરો

સુહાસ ટીવીમાં કાર્ટૂન ફિલ્મ જોતો હતો. મન્મથ ઓફિસે જવા માટે તૈયાર થતો હતો. ત્યાં ફ્લેટની ડોરબેલ રણકી હતી. અમોલાએ બાર ઉઘાડીને જોયું તો મિસિસ શ્રીવાસ્તવ ઊભી હતી. અમોલાએ કંઈ પણ બોલ્યા વિના મન્મથના રૂમનાં બંધ બાર થપથપાવ્યાં હતાં. ટુવાલ વીંટેલી હાલતમાં મન્મથે બાર ઉઘાડીને અમોલાની પાછળ ઊભેલી મિસિસ શ્રીવાસ્તવને જોઈને તરત બાર બંધ કરી દીધાં હતાં. ટિપોઈ પર આમંત્રણપત્રિકા મૂકીને કશું બોલ્યા વિના મિસિસ શ્રીવાસ્તવ જતી રહી હતી.

હતપ્રભ મન્મથ કશું કહ્યા વિના ઓફિસે જતો રહ્યો. અમોલાએ બેપરવા બનવા બહુ કોશિશ કરી હતીઃ મોઢું ચડાવવાનું અહીંયાં. ઓફિસમાં ચુલબુલીઓથી ઘેરાઈ વળશે એટલે... બાગબાગ!

પણ જાતને ફોસલાવવાની કોશિશ નાકામિયાબ નીવડી. કેમ કે આજે વધુ પડતું બન્યું હતું. આજે એની ઘૃણાએ, અસભ્યતાએ, અસહિષ્ણુતાએ તમામ સીમા ઓળંગી હતી.

આકુળવ્યાકુળ અમોલા સોફામાં આડી પડી હતીઃ બે દીકરાની મા બન્યા પછી પણ હું મન્મથને હાથતાળી આપવામાં પ્રવીણ પુરુષ તરીકે જોઉં છું!

જાણીતા અખબાર દ્વારા મુંબઈના 'ફેસ ઓફ ધ ઇયર' તરીકે સિલેક્ટ થયેલા કોલેજિયન મન્મથનો દીવાલ પર લટકતો ફોટો જોતી અમોલા ઊંડા મનોવ્યાપારમાં ડૂબી હતીઃ દેખાવડા પુરુષો ઓછા હોય છે. (નાની બહેને મન્મથને પૂછ્યું હતું; 'જીજાજી! તમે બોલીવૂડમાં કેમ ગયા નહીં?') દેખાવડી પત્નીની સાથે એનો પતિ સ્વાભાવિકપણે હરે-ફરે છે. દેખાવડા પતિની સાથે હરતી-ફરતી રૂપે-રંગે ઓછીવત્તી ઊતરતી પત્ની મારી જેમ એની સહજતા ગુમાવી દેતી હશે? તમારાં લવ કે એરેન્જડ મેરેજ છે? એવો પ્રશ્ન લગ્નનાં શરૂઆતનાં વરસોમાં મને પુછાયો હતો. આ પ્રશ્ન પણ સ્ત્રીઓ જ પૂછતી હતી. મન્મથની સાથે મને જોઈને કોઈ પુરુષે એને આવો સવાલ પૂછ્યો હશે?

માનો કે મને પુછાતો પ્રશ્ન મન્મથને પુછાય તો એ વાક્પટુ તરત કહેશે; 'મેરેજ ઇઝ નોટ એ બ્યુટી કોન્ટેસ્ટ!'

કંપનીના રેસિડેન્શિયલ કોમ્પ્લેક્સમાં રહેવા આવ્યા પછી કંપનીના અન્ય એક્ઝિક્યુટિવની પત્નીઓ દ્વારા પણ વાતવાતમાં આ જ પ્રશ્ન પૂછવામાં આવતો હતો. પ્રશ્ન પાછળનો ધ્વન્યાર્થ સમજતી અમોલા ટૂંકો જવાબ આપીને ખામોશ રહેતી હતી. મિસિસ અરોરા બોલી હતીઃ 'અચ્છા! એરેન્જડ મેરેજ હૈ? મુઝે તો લવ મેરેજકા ખયાલ થા!'

આ ખામોશી, આ ચુપકીદી અમોલાના હૃદયમાં અજંપાની આગ ઉત્પન્ન કરતી હતી. દિવસ દરમિયાન ઘરમાં પુરાઈ રહેતી અમોલા મન્મથનાં

જાતજાતનાં, ભાતભાતનાં રેખાંકનો ને શબ્દાંકનો ચિત્તમાં દોર્યાં ને વિચાર્યાં કરતી હતી. મન્મથના મુંબઈ બહારના પ્રવાસોએ અમોલાને અનિદ્રાની ભેટ આપી હતી.

મન્મથના ફોટાને જોઈને અમોલા બબડી: આ માણસે ગયા ભવમાં બ્રહ્મચારી રહીને જરૂર કોઈ દેવીની આરાધના કરી હશે. એટલે આ ભવમાં એનાથી સ્ત્રીઓ અંજાયેલી રહે છે. મારી નાની બહેન, મારી સમવયસ્કા માસી, મારા કુટુંબની છોકરીઓ, આ બધીઓને રૂબરૂ કે ફોનમાં મન્મથ સિવાય વાત કરવાનો કોઈ વિષય જ નથી! શિષ્ટાચારના અંચળા નીચે મને સંડોવીને બિચારીઓ અફસોસ કરે છે; 'ઘણા સમયથી આપણે મળ્યાં નથી એટલે મળવાનું બહુ મન થયું છે!' કોસ્મેટિક પ્રોડક્ટની કંપનીમાં પી.આર.ઓ. બન્યા પછી તો ભાઈસાહેબનાં દશે આંગળાં ઘીમાં છે!

અંધ આવેશમાં ઊભી થઈને અમોલા છબિ તરફ ધસી! જોવામાં આવે નહીં એવી જગ્યાએ છબિને સંતાડી દેવા!

મન્મથના સમોવડિયાને જ પરણવાનો નિર્ધાર વ્યક્ત કરી ચૂકેલી અમોલાની માસીને પોતાની બરોબરિયો પણ મળ્યો નહોતો. એવું જ અમોલાની નાની બહેનની બાબતમાં બન્યું હતું. અમોલા આશ્વાસન આપતી; 'કપલમાં રૂપાળી છોકરી સારી લાગે એટલા રૂપાળા છોકરાઓ સારા લાગતા નથી!' માસી-ભાણી એક થઈને કહેતી: 'એ તો હવે! પરણ્યા પછીનું ડહાપણ! એવું માનતી હતી તો મન્મથનું માગું આવ્યું ત્યારે જ ના કહી દેવી હતીને!'

ક્યારેક અમોલા ખોંખારીને કહેતી: 'હા. અમારા એરેન્જ્ડ મેરેજ છે. દોડતાં આવ્યા હતા મુંબઈથી; મને જોવા માટે!' પણ એણે જોયું હતું કે એના શબ્દોનો ધાર્યો પ્રભાવ પડતો નહોતો. આધુનિકાઓને અમોલા સાંખી શકતી નહીં. કંપનીની ઈવેન્ટમાં મન્મથની સાથે હળવા-મળવા આતુર યુવતીઓને એ લીલા થોરની આંખે જોઈ રહેતી. કાર્યક્રમમાંથી સજોડે ઘેર પાછા ફરતી વખતે એ અનુભવતી કે એનો લઘુતાગ્રંથિનો ગ્રાફ વધુ ઊંચે ચડ્યો છે.

ઉપેનના જન્મ પછી કથળેલી તબિયતને લીધે અમોલાના ચહેરાની સુરખી ઝાંખી પડી હતી. દિવસ દરમિયાન સમયાંતરે લેવાની ટેબ્લેટ એને માંદી હોવાની બાબતમાં સતત જાગૃત રાખતી હતી. સતત કામમાં રહેતા મન્મથના આરોગ્ય વિશે એ મંથન કર્યા કરતી. કંપનીના નિયમ મુજબ દર વરસે દરેક એક્ઝિક્યુટિવનું મેડિકલ ચેકઅપ કંપનીના ડોક્ટર કામથ દ્વારા કરવામાં આવતું હતું. મન્મથના દર વરસે આવતા બધા રિપોર્ટ નોર્મલ જોઈને ડોક્ટર કામથ હંમેશ એને કહેતા; 'તમારો વર્કોહોલિક સ્વભાવ

તમને સદાબહાર રાખે છે.'

બપોરે નોકરે આવીને કહ્યું; 'ગેટ પર વાત થતી હતી કે કંપનીમાં લિફ્ટ તૂટી પડી છે.' ટીવીનું વોલ્યુમ ઘટાડીને બે હાથ વચ્ચે માથું દબાવીને અમોલા સોફામાં બેસી રહી. લિફ્ટના આમતેમ અથડાવવાના ચિતારથી એનું ચિત્ત કોલાહલમય બની ગયુંઃ લિફ્ટમાં મન્મથ તો નહીં હોયને? ખભે મૂઢમાર કે કોણીએ ઘસરકા... ના... ના... એના ચહેરા પરનો નાનો ઉઝરડો પણ મારાથી જોઈ નહીં શકાય...

સંજવારી કાઢતાં નોકરે કહ્યું; 'મેડમ! સાહેબને ફોન કરીને જાણી તો લ્યો!'

સંભ્રાંત અમોલાએ ફોન હાથમાં લીધો.

તેટલામાં મન્મથનો જ ફોન આવ્યો; 'લિફ્ટ ઉપર આવતી હતી ત્યારે બીજા ને ત્રીજા ફ્લોરની વચ્ચે તૂટી પડી હતી. લિફ્ટમાં ત્રણ જણ હતા. કોઈને ખાસ ઈજા થઈ નથી.'

* * *

'મમ્મી! પપ્પા નાર્સિસ્ટિક છે!' કોલેજિયન સુહાસે કહ્યું તે અમોલાએ ચકિત નજરે સાંભળ્યુંઃ અહો! કેટલાં વરસે આ શબ્દ સાંભળ્યો! કોલેજમાં સાંભળ્યો હતો ત્યારે એનો શબ્દાર્થ આટલો પ્રતીત થયો નહોતો.

'સંપૂર્ણ નહીં પણ એવું વલણ ધરાવે છે!' સુહાસે એના વિધાનને સુધાર્યું.

મન્મથની નોકરી એને ઘરની બહાર લાંબો સમય રાખતી હતી. કંપનીના અધિકારીઓની પત્નીઓ અનેક સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતી હતી પણ નાદુરસ્તીને કારણે તેમાં સામેલ નહીં થવાનું અમોલાને અનુકૂળ આવી ગયું હતું. યુવાનીમાં પ્રવેશેલા બે દીકરાઓની પ્રવૃત્તિમાં અમોલાને પોતાના મનને રોકાયેલું રાખવું ગમ્યું હતું. દીકરાઓ અમોલાની સાથે અમોલાને અનુકૂળ વાતો કરતા એ એને બહુ ગમતું હતું.

'સફળ પુરુષો થોડાઘણા નાર્સિસ્ટિક તો હોવાના!' અમોલાએ દેખાવડા પુરુષના સંદર્ભમાં કહ્યું હતું.

સુહાસથી બે વરસ નાના ઉપેનને મન્મથ વિશેનું સુહાસનું મંતવ્ય ગમ્યું નહોતુંઃ 'પપ્પાને વચ્ચે લાવ્યા વિના તું તારા રિસર્ચની વાત કહેશે તો ઠીક રહેશે!'

રિસર્ચ પ્રોજેક્ટ માટે જુદી જુદી કંપનીઓના અધિકારીઓની લીધેલી મુલાકાતના અનુસંધાનમાં સુહાસ રોજ કંઈક કહેતોઃ

'મમ્મી! આ લોકોની બોડીલેંગ્વેજમાં જ તેઓનું આત્મગૌરવ છલકાતું હોય છે!'

(અમોલા સ્વગતઃ મન્મથ મને જોવા આવ્યા હતા ત્યારે એની બોલવા-ચાલવાની છટા અને મોહક હાવભાવથી હાજર સૌ પ્રભાવિત થઈ ગયા હતા. માસી તો મને ચીપકીને બેસી રહી હતી!)

'એ લોકો અહંપ્રેમી ને આત્મકેન્દ્રી હોય છે.'

(અમોલાઃ છે જ!)

'અંગત વ્યક્તિમાં પણ રસ લેતા નથી.'

(અમોલાઃ મેં પૂછ્યું કે હું કેવા રંગની સાડીઓ પહેરું એ તમને ગમે? તો એ કહેઃ 'એ તારો વિષય છે! તને ગમે તે પહેર!)

'તેઓને પ્રશંસા પ્રિય છે.'

(અમોલાઃ થાકી ગઈ હતી હું સાંભળીને. શરૂઆતનાં વરસોમાં દરેક ઈવેન્ટમાં કોઈક તો કહેતું; મન્મથજી! આપકો તો એક્ટર હોના ચાહિએ થા!)

'એ લોકો સમય, સંજોગ અને વ્યક્તિને ધ્યાનમાં રાખીને પ્રશંસા કરવાની અદ્ભુત આવડત ધરાવે છે!'

(અમોલાઃ કંપનીના એન્યુઅલ ફંક્શનમાં મન્મથે બંગાળીમાં સ્પીચ આપી ત્યારે સહુની જેમ મને પણ લાગ્યું હતું કે બંગાળી ચેરમેનને ખુશ કરવા એણે આમ કર્યું હશે. પણ મારું માનવું ખોટું ઠર્યું. ચેરમેનની પત્ની મૌલી ગાંગુલીએ મને કહ્યું કે મન્મથ જૈસા સુંદર બંગાલી મૈં ભી નહીં બોલતી હું!)

'પોતે બધું જ જાણે છે એવું માને છે!'

(અમોલાઃ એમ.એ.માં ભણતી પ્રસન્ન ફોન કરે. મેડિકલમાં ભણતી પેલી જસ્મિતા પણ ફોન કરે. અને મન્મથ હોંશથી આ બધાંને લાંબા જવાબ આપ્યા કરે!)

બંને ભાઈઓ કોલેજેથી આવ્યા ત્યારે સૂતેલી અમોલાએ સુહાસને કહ્યું; 'આજે વળી ડિપ્રેશન જેવું લાગે છે!'

રૂમનું બારણું અટકાવીને બંને ભાઈઓ ચા પીતાં બેઠા. સુહાસે કહ્યું; 'પપ્પાએ મમ્મીનો વિશ્વાસ સંપાદન કરવા પ્રયત્નો કર્યા નથી.'

ઉપેનઃ 'હું જુદું વિચારું છું. મમ્મી અમુક ભ્રમથી દુઃખી રહે છે. રજનીશ કહે છે કે પોતે જ પેદા કરેલા ભ્રમના ધુમાડાથી માણસ જાતે અંધ થઈ જાય છે.'

સુહાસઃ 'અવતરણ સારું હોય એટલે સાચું હોય એવું માનવું નહીં. મમ્મી સ્ત્રી છે. ધુમાડાને નહીં ધુમાડાથી ઢંકાયેલા અગ્નિને સ્ત્રી જુએ છે.'

પછીના અઠવાડિયે ઘરમાં અમોલા અને ઉપેન એકલાં હતાં. સુહાસ મોડી સાંજે આવવાનો હતો. અમોલાએ પૂછ્યું; 'તે દિવસે તમે બે ભાઈઓ શું વાત કરતા હતા?'

ઉપેનઃ 'મમ્મી! પપ્પાનું મૂલ્યાંકન કરવામાં પપ્પાના સંઘર્ષને સુહાસ ભૂલી જાય છે. મલ્ટિનેશનલ કંપનીમાં જે વ્યક્તિ માત્ર બેતાલીસ વરસની વયે જનરલ મેનેજર બની હોય એણે ટકી રહેવા માટે પોતાના સમયનો અને ફેમિલી લાઇફનો કેટલો મોટો ભોગ આપવો પડે છે તે અમે સમજણા થયા ત્યારથી જોતા આવ્યા છીએ.'

(અમોલાઃ અસલામતીના ડર નીચે વરસોથી હું જીવું છું એનો તો કોઈ

વિચાર કરો!)

ઉપેનઃ 'સુહાસને મેં કહ્યું હતું કે પપ્પા વરસોથી ગ્લેમરની લપસણી ધરતી પર સ્વસ્થતાપૂર્વક ચાલે છે. એમણે નિષ્પક્ષ અને નિષ્કલંક રહીને જવાબદારી નિભાવી છે. વિશ્વની પ્રતિષ્ઠિત કંપનીઓ, અધિકારીઓની વાત છોડો, ચેરમેનની પણ નાની ચૂકને માફ કરતા નથી. હું જે કહેવા માગું છું તે તું સમજે છે ને, મમ્મી?'

(અમોલાઃ મારી સિક્સ્થ સેન્સ સમજતી નથી!)

* * *

કોસ્મેટિક અને બ્યુટી પ્રોડક્ટનું ઇન્ટરનેશનલ એક્ઝિબિશન પેરિસમાં યોજાવાનું હતું. એની પૂર્વ તૈયારી માટે મન્મથ પેરિસ જઈ રહ્યો હતો. થાકેલા શરીરે બેગ તૈયાર કરતાં મન્મથને કપાળે પરસેવો લૂછતાં બે વાર બેડ પર બેસી જવું પડ્યું હતું.

બેગ લઈને રૂમમાંથી બહાર ડ્રોઇંગ રૂમમાં આવીને મન્મથે ઘડિયાળમાં જોયુંઃ એરપોર્ટ જવા નીકળવામાં અડધા કલાકની વાર હતી.

'એમ ઘડિયાળમાં જુઓ નહીં!' અમોલાએ કહ્યું; 'આજે મારે મહત્ત્વની વાત કહેવી છે.'

મન્મથ અમોલાની સામેના સોફા પર બેઠો. અમોલા બોલી; 'મારું મન હવે દીકરાઓને પરણાવવા માટે અધીરું બન્યું છે. આમાં પણ કુદરતનો સંકેત હશે. અહીંના વાતાવરણમાં હું સાજી રહી નહીં શકું. માંદલા મોંએ હું કન્યાનાં માબાપની સાથે વાત કરવા માગતી નથી. હું આપણા માટુંગાના ફ્લેટમાં રહેવા જવા ઇચ્છું છું.'

'પણ એ તો વરસોથી અવાવરું છે.'

'ફ્લેટને રહેવા યોગ્ય બનાવવાનો પણ તમને ટાઇમ નથી. દોઢ-બે મહિનામાં એ ફ્લેટને ટનાટન કરી દેવાની સુહાસે તૈયારી બતાવી છે.'

મન્મથે કહ્યું; 'આમે પણ ચાર વરસ પછી ત્યાં રહેવા જવાનું હતું. થોડું વહેલું. કદાચ હું પણ વહેલા નિવૃત્ત થવાનું વિચારું!'

લાંબા અંતરાલ પછી પ્રગલ્ભ દાંપત્યને દીપાવે એવી ઉષ્માભરી વિદાય મન્મથને આપતાં અમોલા બોલી હતીઃ 'તબિયત સાથ આપશે તો હું તમારી સાથે પેરિસ એક્ઝિબિશનમાં આવીશ. છેલ્લે છેલ્લે તો લહાવો લઈ લઉં!'

હસતાંહસતાં છુટ્ટાં પડ્યાં પછી, કબાટમાંથી મન્મથની છબિ કાઢી, દીવાલ પર ટાંગીને અમોલા છબિમાંના 'ફેસ ઓફ ધ લાઇફ'ને જોઈને વિચારી રહીઃ ઓહ! મારા આકરા સ્વભાવથી વાકેફ મન્મથે કે ટીનેજર દીકરાઓએ તે દિવસોમાં ફોટા વિશે કશું પૂછ્યું નહોતું! ધારો કે પૂછ્યું હોત તો હું શું જવાબ આપત? એ કૃત્ય મારા અણગમાની અવિચારી અભિવ્યક્તિ હતી! સર્વિસ પરથી આવીને અત્યારે દીકરાઓ

દીવાલ પર ફરી યથાસ્થાને ગોઠવાયેલા પપ્પાના ફોટાને જોઈને પૂછશે તો મારે શો ખુલાસો કરવો?

અંતઃસ્તાપથી ઘેરી વળેલા ચિત્તને વાળવા અમોલા દીકરાઓની રાહ જોતી બાલ્કનીમાં જઈને ઊભી. ખાસ્સી વાર ઊભા રહ્યા પછી કંટાળી એટલે ડ્રોઇંગરૂમમાં આવીને અમોલા સોફામાં આડી પડી. કસમયની ઊંઘનો અંધકાર આંખમાં ઘેરાયો હતો ત્યાં ડોરબેલ વાગી. સફાળી જાગીને અમોલા દોડીઃ ઉપેન આવ્યો લાગે છે! ફ્લેટનું બાર ઉઘાડીને જોયું તો ડોક્ટર કામથ ઊભા હતા.

અગત્યનું ફોલ્ડર આપવા માટે મન્મથની સૂચના પ્રમાણે એનો પી.એ. ભત્કલ એરપોર્ટ પર સમયસર આવી ગયો હતો. મન્મથની કાર આવી. ભત્કલને જોઈને પરસેવાથી રેબઝેબ મન્મથ છાતી પર હાથ ઘસતાં માંડ માંડ બોલ્યો; 'ડોક્ટર કામથને ફોન કર!' ભત્કલે ડોક્ટર કામથને ફોન કર્યો. ભત્કલના બે-ચાર શબ્દો સાંભળીને ડોક્ટર કામથે કહ્યું; 'મન્મથને લઈને લીલાવતી પહોંચ. ડોન્ટ વેસ્ટ ઈવન એ મિનિટ!'

કારમાં લીલાવતી હોસ્પિટલ તરફ ધસમસતા જતા ડોક્ટર કામથના મનમાં વિચારોનું ઘમસાણ ચાલી રહ્યું હતુંઃ સંપૂર્ણ તંદુરસ્ત મન્મથને વરસોથી જાણતો હું કોન્ફિડન્સમાં રહ્યો કે છેલ્લા દિવસોમાં મન્મથ ઓવર કોન્ફિડન્સમાં રહ્યો? ગયે અઠવાડિયે મન્મથને ઓફિસમાં છાતી પર ભાર અને ગભરામણ જેવું લાગ્યું હતું. મને એની જાણ થઈ ત્યારે મેં એને ફોન કરીને ચેકઅપ કરાવી લેવાની તાકીદ કરી હતી. એણે કહ્યું હતું કે પેરિસથી આવીને ચેકઅપ કરાવી લઈશ.

ચાલુ કારે ડોક્ટર કામથે કંપનીના ચેરમેન ગાંગુલીનો ફોન રીસિવ કર્યો. ગાંગુલી કહેતા હતા; 'બોર્ડ (ઓફ ડાયરેક્ટર્સ) સમક્ષ ઊભા રહીને પ્રેઝન્ટેશન કરતી વખતે મન્મથ એના રોજિંદા જુસ્સામાં નહોતો. પ્રેઝન્ટેશન દરમિયાન પાણીના ઘૂંટ લઈને એ વિરામ લેતો હોય એવું લાગતાં મેં એને બેસીને પ્રેઝન્ટેશન વિશે બોલવાનું કહ્યું હતું.'

મન્મથને શ્રેષ્ઠ સારવાર મળે એવી વ્યવસ્થા કરવાની ગાંગુલીની સૂચના ડોક્ટર કામથે સાંભળી ત્યારે એની કાર હોસ્પિટલના કંપાઉન્ડમાં પ્રવેશી ચૂકી હતી. કારમાંથી ડોક્ટર કામથે જોયું કે એમ્બ્યુલન્સના અર્ધખુલ્લા દરવાજાની પાસે બે ડોક્ટરો અને ભત્કલ ઊભા હતા.

* * *

બે મહિનાની અંદર જ કંપનીનો ફ્લેટ ખાલી કરીને અમોલા માટુંગાના ફ્લેટમાં રહેવા જતી રહી. કંપનીમાં નોકરી આપવાની દરખાસ્તનો પણ બંને ભાઈઓએ સવિનય અસ્વીકાર કર્યો હતો, કહીને કે, 'હાલનો વ્યવસાય

અમારી પસંદગીનો છે.'

અમોલા પરણીને મન્મથના માટુંગાના ફ્લેટમાં પ્રવેશી હતી. સુહાસ અને ઉપેને અહીંથી જ નિશાળે જવાની શરૂઆત કરી હતી. નિવૃત્તિનાં વરસો અહીં પસાર કરવાનાં સોહામણાં સપનાં એ બે માણસે સાહચર્યના સુંદર દિવસોમાં જોયાં હતાં.

રવિવારની સાંજ હતી. બેક-પેઇન હોવાથી અમોલા એના રૂમમાં સૂતી હતી. બોસને ઘેર શુભ પ્રસંગે રાતે જવાનું હોવાથી ઉપેન તૈયાર થતો હતો. સુહાસ ટીવીમાં ક્રિકેટ જોતો હતો. ત્યાં ફ્લેટની જાળી પાસે એક પ્રૌઢા આવીને ઊભી. એની સાથે વીસેક વરસનો છોકરો પણ હતો. જાળીની બહાર ઊભા રહીને એ પ્રૌઢાએ કહ્યું; 'કામથસાહેબ પાસેથી સરનામું લઈને આવી છું!'

સુહાસે જાળી ઉઘાડીને એ બંનેને ડ્રોઈંગરૂમમાં લીધાં. સોફા પર બેસતાં એ સ્ત્રી બોલીઃ 'હું શિખા શ્રીપાલ છું. આ મારો દીકરો માર્મિક છે.'

ઘડીભર સુહાસ અમોલાની નજરે માર્મિકની શિકલ જોઈ રહ્યો.

'મેડમ છે?' શિખાએ પૂછ્યું.

'મમ્મી સૂતી છે. જોઉં જાગી હોય તો!' કહીને સુહાસ સીધો ઉપેન પાસે ગયોઃ 'અગ્નિ પ્રગટ થયો છે!'

રૂમમાંથી હેરીને ઉપેને શિખાને જોઈ. 'કહ્યું કે શા માટે આવી છે?'

'આવીને પૂછ્યું કે મેડમ છે?'

'લોકાચારે આવી હશે. તું ત્યાં બેસ.'

બહાર આવતા પહેલાં સુહાસે અમોલા પાસે જઈને કહ્યું; 'કોઈ શિખા નામની બાઈ એના છોકરા સાથે આવી છે.'

અમોલાનો હાથ ઝાલીને ઉપેન બહાર આવ્યો.

અમોલાને પગે લાગતાં શિખા રડી પડી.

પાણી પીને સ્વસ્થ બનેલી શિખાએ કહ્યુંઃ 'સાહેબે મને ઉગારી હતી. આજે પાછી હું નોધારી બની ગઈ છું. આજે મારું કોઈ નથી. મારા દીકરાનું કોઈ નથી.'

'હું પણ સાહેબ વિના સાવ પાંગળી બની ગઈ છું. દીકરાઓની જવાબદારી માથે છે એટલે પરાણે જીવું છું!' વ્યથિત અમોલાને ઉપેને કહ્યુંઃ 'મમ્મી! પ્લીઝ!'

થોડું રોકાઈને શિખાએ કહ્યુંઃ 'પ્લાન્ટના એક્સિડન્ટમાં અવનીશ ગુજરી ગયો ત્યારે હું ચોવીસની હતી અને માર્મિક દોઢ વરસનો. મારી માથે આભ તૂટી પડ્યું હતું. બાપના ઘેર કોઈ મળે નહીં. સાસરું એકદમ રૂઢિચુસ્ત. મુંબઈ જેવા શહેરમાં રહેવા છતાં મને એકલીને બહાર જવા દે નહીં. ઘર પાસેની દુકાને પણ નહીં. મારો દિયર વિનીત જાણી લાવ્યો કે કંપની મને નોકરી આપવાની છે. એ કંપનીમાં જઈને ફોર્મ પણ લઈ આવ્યો. ફોર્મની જગ્યાએ ટાઇપ કરેલો એક કાગળ આપીને એણે મને કહ્યું કે આમાં સહી કર!'

'વિનીતની પાછળ મારા સાસુ આવ્યાં અને મીઠી જબાને કહેવાં લાગ્યાં: વહુ! તમે જાણો છો કે આપણે ત્યાં સ્ત્રીઓ નોકરી કરતી નથી. અવનીશ ગયા પછી આખા કુટુંબનો બોજો વિનીત પર છે. તમારા સસરાની ઇચ્છા છે કે કંપની તમારી જગ્યાએ વિનીતને નોકરી આપે એમાં તમારી સંમતિ છે એવું તમારે લખી આપવું!'

શિખાએ લખી આપ્યું નહીં એટલે એને ત્રાસ આપવાની શરૂઆત થઈ. સાસુ તો ખરી જ વિનીત પણ એના પર હાથ ઉપાડતો. માર્મિકને દૂધ વિના ટળવળતો ભૂખી-તરસી શિખા જોઈ રહેતી.

એડ. એજન્સીમાં કામ કરતા શિખાના પડોશીએ મન્મથને શિખાની આપવીતી કહી તેના બીજે દિવસે કંપનીના સિક્યોરિટી અને એચ.આર. ડિપાર્ટમેન્ટના સાહેબો શિખાને ઘેર પહોંચી ગયા હતા.

શિખાને કંપનીના પેકિંગ ડિપાર્ટમેન્ટમાં નોકરી મળી ગઈ હતી.

શિખાએ આંસુ સારતાં કહ્યું; 'હું ઘણી નગુણી છું. પાડ માનવા હું પિતાતુલ્ય મન્મથસાહેબને એક વાર પણ મળી શકી નહીં. મારી નોકરી પ્લાન્ટમાં ને સાહેબ બેસે મોટી ઓફિસમાં. આજે જ્યારે મારી નોકરી જતી રહી છે ત્યારે સાહેબે મારા પર કરેલો ઉપકાર મને યાદ આવે છે.'

અમોલાએ પૂછ્યું: 'નોકરી કેમ જતી રહી?'

'કંપનીએ છટણી કરી. એકસાથે દોઢસો કામદારોની! દેવ જેવા સાહેબના દર્શન કરીને ઉપકાર માની શકી નહીં એની સજા અત્યારે હું ભોગવી રહી છું. એક તરફ મારી નોકરી ગઈ તો બીજી તરફ માર્મિકને, બી.એસસી. હોવા છતાં ક્યાંય નોકરી મળતી નથી.'

(અમોલા: આટલા બધાની છટણી થઈ હોય ત્યારે આ છોકરા માટે કંપનીના કોઈ સાહેબને મારાથી કેમ કહેવાય?)

(સુહાસ: બિઝનેસ કરવા માટે હજી નાનો છે!)

બોઝિલ ચુપકીદીની વચ્ચે બધાં બેસી રહ્યાં.

અમોલામાં રહેલી ગૃહિણી જાગી; 'શિખાબહેન! ચા પીશો?'

શિખાએ કહ્યું; 'ના. હવે અમે જઈશું'.

ધીમેથી મા-દીકરો ઊઠ્યાં અને ભારે ડગલે ફ્લેટનાં બારણાં તરફ ચાલ્યાં. બારણાં નજીક પહોંચતાં શિખા અટકી. માર્મિકે એની મમ્મી સામે જોયું; જોયું અને--

'એક મિનિટ!' ઉપેન બોલ્યો પાકિટમાંથી વિઝિટિંગ કાર્ડ કાઢીને માર્મિકને આપતાં એણે કહ્યું: 'બાયોડેટા સાથે કાલે સવારે દસ વાગે તમે મને મળજો!'

❑❑❑



ન બની શકેલા કવિનો વસવસો

☐ આનંદિતા રૈયાણી

તમને કવિતા ગમે? અને લખતાંય આવડે?... જો તમારા બીજા સવાલનો જવાબ ના હશે તો આપણે સમદુ:ખીયાં! સોશિયલ મીડિયા પર એકાઉન્ટ બનાવ્યું ત્યારે ખરેખર મૂંઝવણ થઈ હતી. સાચે... અમને થયું હતું કે અમે અહીં આવી તો ગયાં પણ કરીશું શું?... અહીં તો લોકો મોટાં મોટાં લેખ, વાર્તા અને કવિતા જ લખતા હતા. આવી કોઈ જ આવડત અમારી પાસે ન હતી પણ અમે બહુ ઉત્સાહથી એમને બધાને વાંચતાં. દિલથી લખાયેલું લખાણ હંમેશાં અમારા દિલને સ્પર્શી જતું. લેખ અને વાર્તાની સરખામણીમાં કવિતા પ્રત્યે હંમેશાં લગાવ રહ્યો ખબર નહીં કેમ... એવામાં ટાઇમલાઇન પર રોજ લાગતી પોસ્ટની ધક્કામુક્કીમાં એકાદ ધક્કો અમનેય લાગી ગયો! અજાણતાં લાગેલા આ ધક્કાને કારણે ન થવાનું થઈ ગયું!.. અમે પણ ઊર્મિઓને વાચા આપવા આ

નવા જ વિશ્વમાં ઝંપલાવ્યું!

કવિતા માટે પ્રાસ મેળવવા પડે એટલી જ સમજ. અમારી આ સમજ કેટલી મર્યાદિત છે એ વાતની ત્યારે ખબર નહોતી! એટલે એ જ સમજના આધારે અમે ઘણાં જોડકણાં (એમ જ કહેવાયને!) લખ્યાં અને આ સમયે અમારા મિત્રોએ અમારો ખૂબ ઉત્સાહ વધાર્યો... અરે ભાઈ લાઈક, કમેન્ટ કરી કરીને! પાણીને ઢાળ મળે એમ અમને પ્રોત્સાહન મળ્યું હતું એટલે અમારો હરખ સમાતો નહોતો.

અમારી માટે તો કવિતા એટલે કવિતા હતી પણ એક દિવસ અનાયાસે અમે છાંદસ ને અછાંદસ નામ વિષે જાણ્યું. કોઈએ કોઈની કમેન્ટમાં આવું કંઈક લખેલું. પણ અજાણ્યાને તો કેમ પૂછવું? અત્યાર સુધી વાંચેલી (એટલે બહુ થોડી!) કવિતાઓમાં અમે આજ દિવસ સુધી આવો કોઈ ભેદ ઓળખી શક્યાં જ ન હતાં! અમે તો માત્ર અને માત્ર ભાવ જ જોતાં, ભગવાનની જેમ! પણ પછી અમે જાણકારી મેળવવા આતુર હતાં. બે ચાર જાણકાર લાગતા મિત્રોને પૂછ્યુંય ખરું પણ એય અમારાં જેવા જ નીકળ્યા!

જ્ઞાન મળે નહીં ત્યાં સુધી અમે રોકાઈ જઈએ એ અમને પાલવે એમ ન હતું! અમને તો હીરલો હાથ લાગ્યો હતો એટલે અમે આવડે એવા પ્રયત્નો ચાલુ જ રાખ્યા. આમ પણ અમને એકલવ્ય પ્રત્યે પહેલેથી જ સહાનુભૂતિ! એટલે અમેય એની જેમ અમારી શીખવાની યાત્રા ચાલુ જ રાખી. સારું થયું જે શીખ્યાં એની કોઈ પરીક્ષા ન હતી... બાકી નિરાશા અને નિષ્ફળતા અમને ઘેરી વળત અને અમે કદાચ ગમતું કામ કરતાં રોકાયાં હોત... પણ એવું કશું થયું નહીં. ત્યારે તો બોલો વિચારેય એટલા આવતા! રસોઈ કરતાં, કપડાં સૂકવતાં, રાહ જોતી વખતે, છાપાં વાંચતી વખતે અમારા મગજમાં ઊર્મિઓનો રીતસર વંટોળ ઊઠતો! કામનું, નકામું ઘણું અમારી આસપાસ અથડાતું. જ્યારે કાગળ-પેન હાથવગાં ન હોય ત્યારે તો બહુ વિચારો આવતા! એમાંનું જે યાદ રહે એ અમે ક્યારેક ક્યારેક કાગળ પર ટપકાવતાં. દિલથી ઊગી નીકળે એવું લખવાની અમને મજા આવતી. 'કવિતા' છોકરી હોત તો જરૂર ખુશ થાત કેમ કે અમે એને કોઈ બંધનમાં બાંધી ન હતી! ન આવડવાના ફાયદા!

એવામાં એક મિત્રએ જાણીતા કવિનું મુક્તક શેર કર્યું. એને મુક્તક કહેવાય ત્યારે એવી ખબર નહોતી! આને પ્રામાણિક કબૂલાત સમજજો. ચાર લીટીની કવિતા વાંચીને ત્યારે અમને માત્ર એટલું સમજાયું કે આમાં ત્રીજી લાઈનમાં પ્રાસ ન મેળવવાનો હોય! સાવ ટપ્પા ન'તા પડતા એવામાં અમને કંઈક સમજાયું હતું! હવે હાથમાં રહે એ બીજા! અમે જેને મુક્તક સમજતાં હતાં એ અમે લખ્યાં! અમે તો નવરાં જ ન'તાં

પડતાં! લ્યો એમાંનું એક ઉદાહરણ...
સુકાયેલાં સપનાં, ઝાકળમાંય લીલાં થઈ
ગયાં...
દાટીને રાખ્યાં હતાં, અરમાનો તોય ઊગી
ગયાં...
કોશિશ તો કરી હતી અમે બદલાવાની...
પણ તોય પાછાં હતાં એનાં એ થઈ ગયાં...

અમારી આવી વણથંભી પ્રવૃત્તિઓ જોઈને એક મિત્રએ અમને એક વોટ્સએપ ગ્રુપમાં એડ્યા. એને એમ કે આ કંઈક શીખે! ઇચ્છા તો અમારીય હતી પણ ફિલ્મી અંદાજમાં કહું તો "किस्मत को यह फैसला मंजूर नहीं था!" એ તો બહુ જાણકારોનું ગ્રુપ હતું. એડમીન એક શબ્દ લખે ત્યાં તો રચનાઓની સરવાણી ફૂટે. લોકો ધડાધડ ગઝલો પોસ્ટ કરે. કોક ગાલગા, ગાગા અને ગાલગાગા... એવુંય લખે. આપણને તો બાઉન્સર જાય... આમાં પૂછવું કેમ? અને પૂછવું કોને? કેમકે અમને એડનાર મિત્ર તો એમની અંગત વ્યસ્તતાને લીધે પહેલાં જ ગ્રુપ છોડીને જતા રહ્યા હતા...

સુપરસ્ટાર બેચમાં નબળા વિદ્યાર્થીને જે લાગણીઓ થતી હશે એવી જ અનુભૂતિ અમને પણ થઈ! એ બધા સ્કોરર અને આપણને તો આ વિષયમાં પાસ થવાનાય ફાંફાં! એ લોકો શું ગણે છે અને કેવી રીતે ગણે છે એ કંઈ સમજાતું ન હતું! એવામાં કોઈએ છંદ શીખવા માટે એક પુસ્તકની વાત શેર કરી. અમે તો તરત જ મંગાવી લીધું. અમને એમ કે વાંચીને તો આવડે જને!

આનુંય બંધારણ હોય એ અમે પહેલીવાર જાણ્યું હતું. વાંચ્યું પછી તો બહુ અઘરું લાગ્યું! કવિઓનું સ્થાન અમારી નજરે હતું એના કરતાં પણ ઊંચું થઈ ગયું. કવિઓ અને ગણિતજ્ઞોના ચહેરાઓ એકરૂપ થતા હોય એવું લાગવા માંડ્યું!

શીખવાના શ્રી ગણેશ કર્યા પહેલાં જ અમને લાગવા માંડ્યું કે આપણી ચાંચ ડૂબશે નહીં!

પછી તો લઘુ, ગુરુ, બંધારણ, મીટર, આવર્તન, રદીફ, કાફિયા, મત્લા, મક્તા, સાની અને ઉલામાં ચકરાવે ચડ્યાં. કોઈ એમ ન સમજે કે અમને આવડી ગયું છે! અમને ખાલી આ નામ જ યાદ રહ્યાં અને બાકીનું બધું ભુલાવા લાગ્યું! લઘુ ક્યારેક ગુરુ થઈ જાય! ક્યારેક વળી છૂટ ચાલે... અમને આ બાર સાયન્સનાં ગણિત જેવું જ લાગવા માંડ્યું હતું! એક સત્ય સમજાયું કે 'ગુરુ વિના જ્ઞાન નહીં' શીખવાનો ઉત્સાહ ધીમે ધીમે ઓસરી રહ્યો હતો. હિંમતથી શીખવાને બદલે પલાયન કરવાની વૃત્તિ પ્રબળ થઈ રહી હતી! લઘુ, ગુરુના ચક્કરમાં ભાવ પણ ખોવાયો હતો. ધીરે ધીરે અમને સમજાયું કે

यह कविता नहीं आसान
बस, इतना समझ लीजिए...
छंद का दरिया है
और सीख के पार करना है...

એકવાર છંદમાં બેસે એવી ધરાર

પંક્તિઓય લખી! પણ मन है कि मानता नहीं એવું થયું!

અમને સમજાયું કે શબ્દોને ગોઠવી લેવાથી કવિતા બનતી નથી. અમે હવે ઉત્સાહ વગર આગળ વધવા માંગતાં ન હતાં. અમને થયું કે હવે તો 'એ' પાછો આવે તો જ કંઈક થાય ...અમે થોડા દિવસ પૂરતું એ પુસ્તકને મૂકીને બીજા કામમાં મન પરોવ્યું. કદાચ ડિસ્ટન્સથી લર્નિંગની ઇચ્છા થાય!

પછી તો ઘર અને વરની પળોજણમાં આ બધું સાવ ભુલાઈ ગયું હતું, એવામાં એક દિવસ અમને અમારા જૂના મેઈલ મળ્યા... અજ્ઞાનની પરાકાષ્ઠાએ અમે આવડે એવી કવિતાઓ સાહિત્યનાં સામયિકોમાંય મોકલેલી!

જો કે એ બધી જ કવિતાઓ સાદર પાછી આવી ગઈ છે! હવે અમને અમારા અજ્ઞાન માટે શરમ પણ આવી... પણ હવે શું થાય? તીર તો છૂટી ગયાં હતાં! क्षमा वीरस्य भूषणम् - આ સુવિચાર અમે ઘણી વાર વાંચેલ પણ સંપાદકોનાં વર્તનમાં અમે એનો સાક્ષાત્કાર અનુભવ્યો. અમે મનોમન એ બધાની માફી પણ માંગી અને સાચું લખતાં ન આવડે ત્યાં સુધી સંપાદકોને ન મોકલવાના સમ ખાધા! આત્મગ્લાનિ વધતી જતી હતી અને કચવાટ શમતો જ ન હતો, ત્યાં અનાયાસે જ અમને એક શ્લોક યાદ આવ્યો...

नातिक्रान्तानि शोचेत प्रस्तुतान्यनागतानि चित्यानि ।

અર્થાત્ વીતી ગયેલી વાતો પર દુઃખ ન મનાવવું. વર્તમાનની તથા ભવિષ્યની વાતો પર ધ્યાન કેન્દ્રિત કરવું.

આમ પણ જે થવાનું હતું એ તો થઈ ગયું હતું.

કોમ્પ્યુટરની જેમ જીવનમાંય Undo બટન આવતું હોત તો કેવું સારું... એવામાં અમને કવિ દાદ યાદ આવ્યા... એટલે અમે એમની રચનામાંથી પ્રેરણા લઈને સંકલ્પ કર્યો...

છાંદસ - અછાંદસ કે લઘુ - ગુરુમાં નથી કોઈ કાળે ફસાવું

ઘડવૈયા મારે 'ધરાર કવિ' નથી થાવું...

આ સંકલ્પ કર્યો ત્યારે જીવને થોડી શાંતિ થઈ! વિચાર્યું કે બધા કવિતા જ લખશે તો વાંચશે કોણ? અત્યારે તો અમે અમારી ડાયરી સાચવીને મૂકી દીધી છે... ભવિષ્યમાં (કદાચ!) ન બની શકેલા કવિઓની સભા થશે તો!

સાદર...

❑❑❑

જ્યારે પણ આપણે અનંત શુભનું પ્રભાત જોઈશું. જ્યારે પણ આ પ્રભાત ઊગશે ત્યારે ભૂલકાંઓ અને વૃદ્ધોનું લોહી રેડાયું હશે. માનવ ઇતિહાસ દુરિતો સામે સારપના વિજય સંઘર્ષની કથા નથી, એ તો મનુષ્યની સ્વભાવગત કરુણાના સૂક્ષ્મતમ સત્ત્વ ઉપર મહા દુરિતના કુઠારાઘાતની કથા છે.

- વેસિલી ગ્રોસમેન, 'લાઈફ એન્ડ ફેઇટ'માંથી

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૩૫. ઓઢાભાઈ ખુમાણ

કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓનો પરિચય થયો એમાંના એક હતા ઓઢાભાઈ ખુમાણ.

એક દિવસ સ્ટાફમાંથી કોઈએ આવીને મને કહ્યું, 'સાહેબ, ખુમાણસાહેબ આપને મળવા માગે છે.'

'કોણ?'

'ઓઢાભાઈ ખુમાણ.'

કોઈ લોકકથાના પાત્ર જેવું નામ. અણિયાળી મૂછ, પાણીદાર આંખો, ખભે બેનાળી બંદૂક, રાંગમાં ઘોડી–

ના, ના. ઓઢાભાઈ તો સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ હતા. ઓફિસમાં જે કામ નિમિત્તે આવ્યા હશે તે પતી ગયું હતું. શિષ્ટાચાર પૂરતા મને મળવા માગતા હતા. પ્રત્યક્ષ જોયા પહેલાં મને એટલું તો સમજાયું કે અમારી ઓફિસમાં સૌને એમને માટે આદર હશે.

મેં કહ્યું, 'મોકલો.'

પ્રથમ દૃષ્ટિએ જ માન થાય એવું એમનું વ્યક્તિત્વ હતું. ભરાવદાર શરીર, ગોળ મુખાકૃતિ, સૂરવાલ, ઝભ્ભો, ઉપર કાળું જાકીટ. માથે સાફો નહોતો, ખભે બંદૂક નહોતી, પણ મૂછ મેં કલ્પેલી તેના કરતાં પણ વધારે ભવ્ય, વધારે ઉન્નત હતી.

હાથ જોડીને સામે ઊભા રહ્યા. ટટાર. પૂરી વિનમ્રતા, પરંતુ તે સૂચવવા માટે શરીરને ઝુકાવવાની આવશ્યકતા નહીં.

મેં ઊભા થઈને એમને આવકાર્યા.

એમને મારું કામ તો હતું નહીં. ઓછા બોલા માણસ. થોડો ક્ષોભ પણ હશે. બે-પાંચ મિનિટ બેસીને વિદાય લીધી.

ઓઢાભાઈ સાથે ઘનિષ્ઠ સંબંધ

થયો નહીં તેનું એક કારણ ભૌગોલિક: સાવરકુંડલા ભાવનગરથી ઘણે દૂર, ત્યાં પહોંચવા માટે પ્રવાસીએ વચ્ચે અમરેલી જિલ્લો પસાર કરવો પડે. (રાજ્યના જિલ્લા અને તાલુકાઓની પુનર્રચના થઈ તેમાં સાવરકુંડલા હવે અમરેલી જિલ્લાનો ભાગ બન્યું છે.)

ઉપરાંત, જૂની અને પ્રતિષ્ઠિત સંસ્થાઓને પોતાનું વિશિષ્ટ વ્યક્તિત્વ હોય, પ્રણાલીઓ હોય. તેનું સંચાલન નિઃસ્વાર્થભાવે, સેવાની વૃત્તિથી થતું હોય. વહીવટ નિયમ પ્રમાણે સરળતાથી ચાલે. તેથી, સરકાર સાથેનો જરૂરી વ્યવહાર મોટે ભાગે ટપાલ દ્વારા જ થાય. તેના આચાર્યે કારકુનો પાસે, અધિકારીઓની આજુબાજુ આંટા મારવાના ન હોય.

સૌથી મહત્ત્વનું કારણ તે જે તે વ્યક્તિની પ્રકૃતિ. અન્ય કેટલાકની જેમ, સત્તાના કેન્દ્રની નજીક રહેવાની વૃત્તિ (જેની સરખામણી 'શાંતિપર્વ'માં સામિષ ભોજન સાથે કરવામાં આવી છે) ઓઢાભાઈ જેવા ધીર અને સ્વમાની પુરુષમાં ન હોય.

મને યાદ છે ત્યાં સુધી મારા બે વર્ષના સમયગાળા દરમિયાન કચેરીની આ એમની એકમાત્ર મુલાકાત હતી.

એકવાર અંગત કામે હું ક્યાંક જઈ રહ્યો હતો ત્યાં વચ્ચે સાવરકુંડલા આવ્યું. અમારી પાસે સમય નહોતો, છતાં હું ઓઢાભાઈને મળવાની લાલચ રોકી શક્યો નહીં અને સાથીદારોને એક જગ્યાએ રોકાવાની વિનંતી કરી એકલો સ્કૂલ પર પહોંચી ગયો.

કમનસીબે ઓઢાભાઈ ત્યારે ઉપસ્થિત નહોતા.

ફેરો પડ્યો.

અહીં, કંઈક ન સમજાય એવો અનુભવ મને થયો. શિક્ષણકામ વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું હતું, બહાર લોબીમાં કોઈ દેખાતું નહોતું. આચાર્ય સાહેબની ઓફિસનું બારણું બંધ જોઈને પાછા વળવાનું કરતો હતો, પણ એક ક્લાર્ક મને જોઈ ગયા અને બહાર આવ્યા. પછી તો થોડી દોડાદોડી થઈ ગઈ. ના, એમ બારણેથી પાછા વળાય નહીં. મેં ઘણું કહ્યું કે અમસ્તો, માત્ર એમના સાહેબને મળવા આવ્યો હતો, મુલાકાતનો કોઈ હેતુ નહોતો–

નાછૂટકે થોડીવાર બેસવું પડ્યું. ચા પીધી.

નીકળ્યો ત્યારે મારો ઉત્સાહ ઓસરી ગયો હતો. બધાના ચહેરા પર કંઈક ચિંતાની આશંકાની છાયાઓ હતી. ખાસ કારણ વગર અધિકારી આ રીતે અચાનક સંસ્થાની મુલાકાત લે તો માનવા કોઈ તૈયાર નહીં હોય.

*

મળી શકાયું નહીં તેનો વસવસો મને હતો તેના કરતાં સામે પક્ષે વધારે હશે.

એકાદ મહિના પછી અન્ય કોઈ સંસ્થાના કામે અમારે સાવરકુંડલા જવાનું થયું. રેસ્ટહાઉસ પર પહોંચ્યા

ત્યારે રાત પડી ગઈ હતી.

બીજી સવારે ડેપ્યુટી શ્રી કનાડા મારી રૂમમાં આવ્યા, 'ઓઢાભાઈ આવ્યા છે.'

બહાર ઊભા હતા. મેં બારણું ઉઘાડીને એમને આવકાર્યા.

અમસ્તા નહોતા આવ્યા, મુલાકાતનો ખાસ હેતુ હતો. કંઈક કહેવું હતું, રજૂઆત કરવી હતી.

પરંતુ, સંવાદની પદ્ધતિ કેવી!

એમણે કનાડાની સામે જોયું, 'તમે કહો-' એવા અર્થમાં.

હવે વારો આવ્યો કનાડાનો.

એમની દરેક ક્રિયામાં લાઘવ. ચાલે ધીરેધીરે, હસે મંદ મંદ, બોલવામાં એક પણ શબ્દનો વ્યય નહીં.

તરત, અડધા વાક્યમાં કહી દે તો કનાડા શાના?

મેં વારાફરતી બંનેની સામે જોયા કર્યું. સંકેતો અને ઇશારાઓથી હવા ભારે બની ગઈ હતી.

છેવટે મેં કહ્યું, 'બોલો, શંકરભાઈ. વાત શી છે?'

'ઓઢાભાઈ પૂછે છે-'

'શું પૂછે છે?'

'આમંત્રણ આપવા આવ્યા છે.'

'શાનું આમંત્રણ?'

'એમ કે, સાહેબશ્રી મારે ઘેર ભોજન માટે પધારે ખરા?'

(સ્પષ્ટતાઃ સાહેબશ્રી, ભોજન, પધારવું - આ શબ્દાવલિ લખનારની નથી.)

કાઠી દરબારના આતિથ્યનો અનુભવ તે સાંજે થયો.

અતિથિઓ માટે આસન પાથરવામાં આવ્યાં છે. સામે, બાજઠ ઉપર, કાંસાની થાળી નહીં પણ ઢાલ જેવડા થાળ મૂકવામાં આવ્યા છે. વચ્ચે બાજરીનો રોટલો અને એને ફરતે કલાત્મક રંગોળી પૂરી હોય એમ કેટલીયે જાતનાં શાક, ઓળો, કઢી, બે-ત્રણ મિષ્ટાન્ન, પાપડ, અથાણાં, વડી-

થાળની સંખ્યા બે, યજમાનની સામે થાળ મૂકવામાં આવ્યો નથી.

આવું કેમ? શું તેઓ ઉપવાસી છે?

ના, એવું નથી. કામની વહેંચણી થઈ છેઃ અતિથિ જમે. યજમાન જમાડે.

લગભગ ધાર્મિક કક્ષાનો વિધિ.

ઓઢાભાઈ અતિથિઓની સામે પલાંઠી વાળીને ટટાર બેઠા છે. વચ્ચે વચ્ચે મૂછને વળ દે છે. વીંજણો નાખે છે. ઉપર છતમાં વીજળીનો પંખો છે તે છો રહ્યો. એ ફરે છે તો ભલે ફરતો.

પંખો અને વીંજણોઃ બંનેના અર્થ જુદા, ધર્મ જુદા.

એક પછી એક ઊનીઊની વાનગી આવે તે પોતાના હાથે પીરસે છે. અતિથિઓને પ્રસન્નતાથી જોયા કરે છે. અન્ન એકના પેટમાં જઈ રહ્યું છે, ધરવ બીજાને થઈ રહ્યો છે.

ઓગણીસમી સદી વીસમી સદીને જમાડે છે.

*

આઠ-દસ વર્ષ પર રતિલાલ બોરીસાગર અને જયંતિભાઈ અંધારિયા મારે ઘેર મળવા આવ્યા હતા. જયંતિભાઈ રહે છે ભાવનગર, દીકરીને ઘેર અમદાવાદ આવ્યા હતા અને મને યાદ કર્યો, એક નિવૃત્ત અધિકારીને.

બોરીસાગરભાઈ કુંડલાના, જયંતિભાઈની પણ લગભગ આખી કારકિર્દી કુંડલામાં. તેથી, વાતવાતમાં મેં ઓઢાભાઈના સમાચાર પૂછ્યા. બધાને વડીલ માટે ભારોભાર આદર.

સમાચાર મળ્યા. અલબત્ત, ઓઢાભાઈ ઘણાં વર્ષો પહેલાં નિવૃત્ત થયા હતા. સ્વાસ્થ્ય સારું હતું.

જાણીને મને આનંદ થયો.

રૂબરૂ મળીને કે પત્ર દ્વારા, રતિભાઈએ ખુમાણસાહેબને અમારી મુલાકાત વિશે જાણ કરી હશે, તેના ફળસ્વરૂપે થોડા દિવસમાં જ મારી પર પત્ર આવ્યો.

એ પત્ર વિશે વાત કરું તો પહેલાં વાચકનું ધ્યાન, એમાં ઘેર મને નોતર્યો હતો તે પ્રસંગ તરફ દોરું છું. એમની આતિથ્યભાવના વિશે મારાથી લખાયું છેઃ 'ઓગણીસમી સદી વીસમી સદીને જમાડે છે.' પત્રને આ વાક્યના સંદર્ભમાં મૂલવવા વિનંતી છે. ઓઢાભાઈ મારા સમકાલીન નહોતા, એ જુદા યુગના પ્રતિનિધિ હતા. એ મને આદર આપે તેથી મારે ફુલાઈ જવાનું કારણ નહોતું.

એ પત્રનાં વિષયવસ્તુ અને શૈલીને બાજુએ રાખી પ્રથમ આપણે એના બાહ્ય સ્વરૂપની વાત કરીએ. પોસ્ટકાર્ડ તો નહીં જ, આંતરદેશીય પણ ન ચાલે. ભાવને અનુરૂપ કદ હોવું જોઈએને? દળદાર, તૂટુંતૂટું થતું પરબીડિયું હતું.

અને સરનામું!

સરનામામાં, જેને ઉદ્દેશીને પત્ર લખાયો હતો તે વ્યક્તિના નામની આગળ, ટપાલીને થકવે, ગૂંચવે, એનો પગાર વસૂલ કરે એવાં અને એટલાં વિશેષણોની શૃંખલા.

માનનીય પરમઆદરણીય...

રાજમાન રાજેશ્રી...

નામની પાછળ, સમતોલન માટે, કંઈ કંઈ હોદ્દા.

માત્ર સરનામું જ, ટપાલી જેવા કેન્દ્રસરકારના કર્મચારીને હરાવી દે તો, પાંચ-સાત ફૂલસ્કેપ પાનાંએ રાજમાનશ્રીના રાજેશ્રીપણાની શી દશા કરી હશે તેની સુજ્ઞ વાચકે કલ્પના જ કરવી રહી.

નર્યો પ્રેમ. ઓહોહો! આટલાં વર્ષે આ વૃદ્ધને યાદ કર્યો?

વિષયવસ્તુ હતું નહીં.

પત્ર નહોતો, સંગીત હતું.

*

ઓઢાભાઈ વિશે લખવાનો વિચાર આવ્યો અને મેં રતિલાલ બોરીસાગરને ફોન કરી સમાચાર પૂછ્યા. ત્યારે જાણવા મળ્યું હતું કે બાણુ વર્ષની વય થઈ છે, સાવ પથારીવશ છે.

એકાદ મહિના પછી અન્ય કોઈ કામે

ફોન કર્યો. છેલ્લે પૂછ્યું, 'ઓઢાભાઈ-?'

રતિભાઈએ સમાચાર આપ્યાઃ ચાર-પાંચ દિવસ પહેલાં જ એમનું અવસાન થયું હતું.

મને વિચાર આવે છેઃ અહીં દૂર બેઠોબેઠો એક માણસ વૃદ્ધને યાદ કરે છે, એમના વિશે લખી રહ્યો છે. લગભગ અચેતન અવસ્થામાં સૂતેલા વૃદ્ધની ચેતનામાં આછો સંચાર થાય છે. હોઠ પર સ્મિત ફરકી જાય છે - મને યાદ કર્યો!

મારા શબ્દો તે કાંકરા નથી.

* * *

૩૬. નટુભાઈ ભટ્ટ

નટુભાઈ ભટ્ટ (એન. જે. ભટ્ટ) અને હું સરકારી નોકરીમાં સાથે જોડાયા. પહેલું પોસ્ટિંગ પણ બંનેનું ભાવનગરમાં થયું. હોદ્દો સમકક્ષ, પણ કામનો પ્રકાર જુદો. તે વર્ષે જ નવી દાખલ થયેલી પ્રૌઢશિક્ષણની યોજનાના અમલ માટે દરેક જિલ્લામાં પ્રૌઢશિક્ષણ અધિકારીની જગ્યા ઊભી કરવામાં આવી હતી. ભટ્ટસાહેબને ભાવનગર જિલ્લાની જવાબદારી સોંપવામાં આવી હતી.

સંજોગો એવા કે શરૂઆતથી જ અમારી જોડી કંઈક રમૂજપ્રેરક હદે અવિભાજ્ય બની ગઈ. પહેલા દિવસે હાજર થવા માટે ભાવનગર સાથે જવું એમ નક્કી કર્યું હતું. અમદાવાદથી નીકળતા પહેલાં નટુભાઈ મને આગ્રહ કરીને એમના મોટાભાઈ રામચંદ્રભાઈના ઘેર લઈ ગયા હતા. રામચંદ્ર ત્યારે રાયપુર દરવાજાની બહાર કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. હતા, નીચે પોલીસ-સ્ટેશન અને એની ઉપર નિવાસસ્થાન. ભાભીના હાથનું ભોજન સાથે લીધું હતું. એ જ ભાભીના પવિત્ર હાથ વડે, નટુભાઈની સાથે સાથે આ દિયરના કપાળે પણ ચાંલ્લો થયો હતો અને 'ફત્તેહ કરો-' એવા આશીર્વાદ મળ્યા હતા.

ભાવનગર પહોંચ્યા તો ઉતારો સાથે, માજીરાજ રેસ્ટહાઉસમાં. નવા નિશાળિયા તરીકેની મૂંઝવણો, ગોટાળા અને ગમ્મતોમાં ભાગીદારી. નવો પાઠ ભજવવાનો હતો તે બંધબેસતો આવે નહીં. પોતે અભિનેતા અને પોતે પ્રેક્ષક - એ ફારસની કદર કરવાની, એને માણવાની ક્ષમતા અમારા બેમાંથી કોનામાં વધારે હતી તે કહેવું અઘરું.

કોઈ અજાણ્યા શહેરમાં પહોંચી ગયા છીએ અને ભૂલથી પકડીને ખુરશીમાં બેસાડી દેવામાં આવ્યા છે. અમારા વડીલ જેવા માણસો વિનમ્રતાથી ઝૂકીને વાતો કરે છે. પટાવાળા સલામ કરે છે -

પોલ પકડાઈ જશે ત્યારે-?

દિવસના અંતે રેસ્ટહાઉસ પર જઈએ ત્યારે વેશ ઉતારી હળવાફૂલ થઈ અમે ખૂબ હસતા.

દરમિયાન ભાડાના ઘરની શોધ ચાલતી હતી. નસીબજોગે એમાં પહેલી

સફળતા મને મળી, પરંતુ એનો અર્થ એ નહીં કે ભટ્ટસાહેબ પાછળ રહી ગયા. વાયુનો અવતાર હતા, એમની ગતિ નિરાળી હતી. ડોક ફેરવીને તમે પાછળ નજર કરો તો દેખાય નહીં. એ આગળ નીકળી ગયા હોય અને કોઈ ઊંચી ટેકરીની ધાર પર બેઠાં બેઠાં હાથ ફરકાવતા હોય, હું ત્યાં નથી, અહીં છું!

એકાદ અઠવાડિયા પછી એમણે વધાઈ ખાધી, 'મકાન મળી ગયું, પ્રવીણસિંહ!'

'બહુ સરસ! ચાલો, એક કામ પત્યું.'

'તમારા કરતાં ઘણું સારું.'

'એ તો એમ જ હોય ને, ભટ્ટસાહેબ. ક્યાં તમે અને ક્યાં હું!'

ઘસાઈ ગયેલી રમૂજો તરફ ધ્યાન આપવાનો સમય નહોતો. દૃષ્ટિ સમક્ષ કોઈ અલૌકિક દૃશ્ય દેખાતું હોય એમ એ ડોલતા હતા, 'અહાહા! અદ્‌ભુત!'

મેં કહ્યું, 'માફ કરજો, પણ તમારો આ હરખ કંઈક વધારે પડતો લાગે છે.'

'વધારે નથી, ઓછો છે.'

'ભઈ, ઘર એટલે ઘર. ભીંતો અને માથે છાપરું. અને તેય પોતાનું નહીં, ભાડાનું. એમાં વળી અદ્‌ભુત શું હોઈ શકે? તમારું આ ઘર વૃક્ષની ડાળીએ ઝૂલે છે? હવામાં તરે છે?'

'અચ્છા,' એ ઉત્તેજનાથી હાથ મસળવા લાગ્યા, 'કોનું હશે, કહો જોઉં?'

મને થોડી ચીડ ચડી. ઘર મળ્યું નવી નવાઈનું, એમાં આટલાં નખરાં?

મેં કહ્યું, 'ભટ્ટસાહેબ, તમે બાદશાહ અકબરની અદાથી મારી કસોટી કરી રહ્યા છો, પણ હું બિરબલ નથી. આ કોયડાનો ઉકેલ–'

'તમે કલ્પના નહીં કરી શકો.'

'ન જ કરી શકું.'

મારી પાસે આવી હળવેથી કાનમાં ફૂંક મારી, 'નાનાભાઈનું.'

'કોનું?'

'નાનાભાઈ ભટ્ટનું. બોલો, માનશો?'

શબ્દો ભીતર પ્રવેશ્યા, કર્યા, તે પછી મેં કહ્યું, 'ઇડરિયો ગઢ કે દેલવાડાનાં દહેરાંમાં ભાડે રહેવા જેવી વાત છે, પણ તમે કહો છો તેથી માની લઉં છું.'

ભટ્ટ સાથે ભટ્ટનો પ્રાસ મળી ગયો. કાવ્યતત્ત્વ શોધવાની કડાકૂટમાં પડવાની જરૂર નહોતી.

*

પ્રત્યક્ષ મળ્યા તેની પહેલાં પણ અમારી વચ્ચે સંબંધ હતો તેની જાણ મને પાછળથી થઈ. એકવાર મારા આ સાથીદારનો ઉલ્લેખ અમરસિંહભાઈ સમક્ષ કર્યો ત્યારે એ કંઈક વિચારતા હોય, આંકડા મેળવતા હોય એમ થોડીવાર બેસી રહ્યા.

'નામ શું કહ્યું?'

'નટુભાઈ ભટ્ટ.'

'એન.જે. ભટ્ટ?'

'હા.'

'કડીના?'

'હા, આપણું કડી.'

'તો, તો એ કદાચ રામચંદ્રના ભાઈ હશે, પૂછી જોજોને.'

પૂછવાની જરૂર નહોતી. અગાઉ ઉલ્લેખ કર્યો તેમ, રામચંદ્રભાઈને હું મળી ચૂક્યો હતો.

અમરસિંહ ચાવડા અને રામચંદ્ર ભટ્ટ મહેસાણાની ટી.જે. હાઈસ્કૂલમાં સાથે ભણતા. વળી, ભણવાનું પૂરું કરીને રામચંદ્ર પોલીસખાતામાં સબ ઇન્સ્પેક્ટર તરીકે જોડાયા ત્યારે પહેલું પોસ્ટિંગ વિસનગરમાં મળ્યું, જ્યાં એમનો સહપાઠી સ્વાગત માટે હાજર હતો.

*

પ્રૌઢશિક્ષણની યોજના નવી, એ માટે એકડેએકથી શરૂઆત કરવાની હતી, તંત્ર ઊભું કરવાનું હતું. ઓફિસ માટે સ્વતંત્ર મકાન નહોતું, કામચલાઉ ધોરણે અમારી ઓફિસમાં જ ભોંયતળિયે બે નાની રૂમ ફાળવવામાં આવી હતી અંદરની રૂમમાં સાહેબ, બહારનીમાં બે ક્લાર્ક, બારણાની બહાર સ્ટૂલ પર પ્યુન ટિડાભાઈ.

રિસેસમાં અમે સાથે ચા પીવાનું રાખ્યું હતું. મારું કહેણ જાય એટલે નટુભાઈ આવે, બેસે, ચા પીવાય, વાતો થાય. થોડા દિવસ પછી મને લાગ્યું કે મિત્ર કંઈક અસ્વસ્થ રહેતા હતા. ચહેરા પર ઉદાસીનતા. હસે તો પરાણે.

એમની પ્રકૃતિ અનુસાર ખીલતા નહોતા. કંઈક નડતર હતું.

ધીમે ધીમે સમજાયું કે મારા ટેબલ પરની ફાઈલો નડતી હતી, બહાર બેઠેલા મુલાકાતીઓ નડતા હતા, રિસેસમાં પણ ક્યારેક ફોનનું બઝર સંભળાય તે નડતું હતું.

અમારે કામનો પ્રકાર જુદો હતો, જવાબદારી જુદી હતી, સરખામણી ન થવી જોઈએ છતાં મનોમન થઈ જાય તે સમજાય એવું છે. એમને ખોબા જેવડી ઓફિસ, ગણીને ત્રણનો સ્ટાફ, દિવસમાં માંડ બે-ત્રણ કાગળો સહી માટે આવે, એકાદ રડ્યોખડ્યો મુલાકાતી આવી ચડે.

વાસ્તવિકતા જે હતી તે હતી, એમાં તો હું ફેરફાર કરી શકું નહીં (દા.ત. મારી અડધી ફાઈલો એમની સહી માટે મોકલવી, અડધા મુલાકાતીઓને એ દિશામાં વાળવા), પરંતુ મિત્રની અસ્વસ્થતા તો દૂર થવી જ જોઈએ. એમનું સ્વમાન ઘવાય તે ન ચાલે.

મને એક સરળ કીમિયો સૂઝ્યો.

એક દિવસ રિસેસ પહેલાં ફોન કરીને, અચકાતાં અચકાતાં દરખાસ્ત મૂકી, 'ભટ્ટસાહેબ, અનુકૂળ હોય તો આપની ચા પીવા આવું.'

મિત્ર પ્રસન્ન.

મુદ્દો આટલો જ હતોઃ નાનો હોય તે મોટાની પાસે જાય. ભટ્ટસાહેબ મોટા હતા.

તે પછી આ વ્યવસ્થા કાયમ રહી.

હવે, રિસેસમાં જે દૃશ્યો રચાતાં એમાંથી નમૂનારૂપ એકાદ-બે લઈએ.

હું જાઉં ત્યારે ખુરશીમાંથી ઊભા ન થાય, ઊછળે. એમની બાજુમાં તેમ સામે બધી ખુરશીઓ ખાલી હોય, ઠીક લાગે ત્યાં બેસી શકાય, મને બેસતાં આવડે, તે માટે મદદની જરૂર ન હોય, હું અપંગ નહોતો, વૃદ્ધ નહોતો-

ભટ્ટસાહેબ સામા ધસી આવે, હાથ પકડી ખેંચીને મને એમની પાસેની ખુરશીમાં લગભગ પછાડે. નિરાંતે બેસીને વાતો કરવા માટે સામેનું આસન જ વધારે અનુકૂળ આવે, પરંતુ એમની સમજ જુદી હશેઃ સામેની ખુરશી બહારના માણસો, અરજદારો માટે, સ્વજનનું સ્થાન તો રાજાની અડોઅડ જ હોય.

વારું. હું ખુરશીમાં બેઠો. એ બેઠા. પછી?

ખાસ્સીવાર મારી સામે જોઈને મલકાયા કરે. અચાનક ઊભા થઈને પંખાની સ્વિચ મચડી નાખે - તમને ગરમી લાગતી હશે! પંખા પછી ડોરબેલનો વારો આવે. જોકે, એ મંદિરમાં ડોરબેલ માત્ર ધાર્મિક હેતુ પૂરતો જ હતો. વ્યવહારમાં એનું કોઈ વજૂદ નહોતું, કારણ કે ડોરબેલનું ગળું દાબી દે એવી હાઈ ફ્રિકવન્સીવાળી ત્રાડ બહાર પહોંચી ગઈ હોય - ટિડાભાઈ!

તે જ ક્ષણે ટિડાભાઈ અને ચા હવામાંથી પ્રગટ થાય.

આક્રમક યજમાનધર્મના કેટલા ગુણ ગાવા!

નિરાંતે ચા ન પીવા દે. વચ્ચે એકાદવાર, મારું આસન મને પૂર્ણ કક્ષાનું સુખ આપી રહ્યું નથી એવું એ પોતાની સ્વતંત્ર (મિત્રતામાં પલળેલી) બુદ્ધિ વડે નક્કી કરે અને ઊભા થાય. મને હડસેલી હડબડાવી (અરે, આ શું કરો છો, ભટ્ટસાહેબ? મારી ચા... જુઓ... એ... આ... ઢળી!) પીઠ પાછળની ગાદી સરખી કરે.

- હવે શાંતિથી બેસો!

મારે માટે એ અડધો કલાક અમૂલ્ય હતો. બધો થાક ઊતરી જાય અને લટકામાં આખો દિવસ ચાલે એટલું હાસ્ય. એમની પાસે જાતજાતના અનુભવ હતા, કથનકલા હતી, અભિનયશક્તિ હતી. રાજનેતાઓ, અધિકારીઓ, પંડિતો અને શિક્ષણકારોથી લઈ શાકની લારીવાળા સુધીનો વારો આવતો. અનેક દેવતાઓની મૂર્તિઓ ખંડિત થતી.

આવા સંબંધો ઓફિસ પૂરતા મર્યાદિત ન રહે, કુટુંબ સાથે એ મારે ઘેર આવતા, અમે એમના (કે નાનાભાઈ ભટ્ટના?) ઘેર જતાં. અમારાં સંતાનો સાથે રમતાં.

એમને બે દીકરા અને એક દીકરી. મોટો જગત ત્યારે દસ-બારનો હતો. નાનાનું નામ 'ટ્વિંકલ' હુલામણું નહીં, કાયદેસરનું, સ્કૂલના ચોપડે નામ 'ટ્વિંકલ.'

આ મુદ્દે અમારા ધર્મેન્દ્રને ભવિષ્યની ચિંતા સતાવતી.

'પપ્પા, આ ટ્વિંકલ ખરોને-'

'ખરોસ્તો!'

'એ મોટો થશે-'

'થશેસ્તો!'

'ત્યારેય એ ટ્વિંકલ જ રહેશે કે પછી ટ્વિંકલચંદ્ર બનશે? અથવા ટ્વિંકલકુમાર?'

સવાલ આ હતોઃ માણસ મોટો થાય તેની સાથે એનું નામ મોટું થાય કે નહીં.

'બાપ બનશે, દાદો બનશે-'

'બેટા, કાળના ક્રમમાં સઘળું-'

'ત્યારે છોકરાનાં છોકરાં એને શું કહીને બોલાવશે- ટ્વિંકલદાદા?'

*

રમૂજો, અટ્ટહાસ્યો, આખા બિલ્ડિંગને ધ્રુજાવતી ગર્જનાઓ. પ્રવીણસિંહ, આ ખાઓ, પેલું પૂરું કરો. બેસોને, યાર! ઓફિસમાં જઈને શું - પાડા મૂંડવાના છે? (આ એમનો પ્રિય શબ્દપ્રયોગ હતો.)

નટુભાઈની કથા આટલેથી છોડી દઈ શકાય?

એમની કથાનો ઉત્તરાર્ધ તે પૂર્વાર્ધના અનુસંધાનમાં નથી, તે સહજ વિકાસનું પરિણામ નથી, તે વિકૃત છે-

પરંતુ, ના. એમ છટકી શકાતું નથી. થોડા શબ્દોમાં પણ એની નોંધ લેવી પડશે.

દોઢેક વર્ષ પછી એમની બદલી અમરેલી અને ત્યાંથી ગાંધીનગર થઈ. જુદી જુદી જગ્યા પર કામ કર્યું. નાનામાં નાના માણસ સાથે મિત્ર જેવો વ્યવહાર રાખે. લોકપ્રિયતા પણ મળી.

પરંતુ એક મુકામે અચાનક જાણે આડું વાદળ આવી ગયું. અદૃશ્ય હાથો વડે યંત્રની કોઈ ગુપ્ત કળ પાડવામાં આવી હોય એમ એ બેકાબૂ બની ગયું. ભાઈ રામચંદ્રનું ભરજુવાનીમાં હૃદયરોગના હુમલાથી અવસાન થયું. અનૂજના ભક્તહૃદયની જે સ્થિતિ થઈ તેનો હું સાક્ષી છું. આ પરાકાષ્ટા નહીં, પ્રારંભ હતો. મોટાભાઈ પછી વૃદ્ધ પિતા જયંતિલાલ, માતા, તે પછી એક બહેન ટૂંકા ગાળામાં, એક પછી એક, સ્વજનોની વિદાય.

મૃત સ્વજનોના ફોટાઓની શૃંખલાથી નટુભાઈના ઘરની દીવાલો નમી ગઈ હતી.


રથ નિર્દય ગતિએ ચાલી રહ્યો હતો, હડફેટે અમારા મિત્ર પણ આવ્યા. એમને પક્ષાઘાત થઈ ગયો. આ બન્યું નિવૃત્તિનાં થોડાં વર્ષ પહેલાં. ઊછળતો, ગર્જના કરતો માણસ આપણને જોઈને હાથ ઊંચો કરી શકે નહીં, હોઠ ફફડાવે પણ શબ્દો નીકળે નહીં. વિકલ્પે, જીભનું કામ આંખો કરે.

અંત જલદી આવ્યો નહીં, ઘણાં વર્ષ રિબાવું પડ્યું.

[ક્રમશઃ]

"દરરોજ કંઈક નવું જાણવાની પ્રક્રિયા એ વિદ્યા.
દરરોજ કંઈક જતું કરવાની ક્રિયા એ જ્ઞાન."

- ઝેન કહેવત



તસ્વીરઃ સૂની તારાપોરવાલા

રશીદ ઇરાની સ્મરણાંજલિઃ

સુસંસ્કૃત મુંબઈગરાની લુપ્ત થતી પેઢીના

કાવ્યરસિક અને સિનેસમીક્ષક

☐ વિનોદ પટેલ

૧૯૪૭માં જન્મેલા અને ૨૦૨૧ની બીજી ઓગસ્ટે મુંબઈના ધોબીતળાવ સ્થિત નિવાસસ્થાને અવસાન પામેલા રશીદ ઈરાની મુંબઈગરાંની એ પેઢીના પ્રતિનિધિ હતા જેમણે મુંબઈ શહેરની ફિલ્મ સંસ્કૃતિને બરાબર પચાવી જાણી હતી. તેઓ સિનેમાના ક્ષેત્રમાં આવેલાં વિવિધ પરિવર્તનો જેમ કે બ્લેક એન્ડ વ્હાઇટથી વાયા ઓરવો અને ઈસ્ટમેન કલર અને આઠ એમએમની સિંગલ રીલ સિનેમાથી વાયા ૭૦એમએમ સિનેમાસ્કોપથી માંડી ૩૬૦ ડિગ્રી ડોમ થિયેટર

સુધી અને વીસીઆર-સીડી-ડીવીડીથી ઓટીટી પ્લેટફૉર્મ સુધીના સાક્ષી બન્યા હતા. તેઓ સિનેમા જગતની સમગ્ર ઉત્ક્રાંતિને એક અખિલાઈમાં જોનારી પેઢીના પ્રતિનિધિ હતા.

ઈરાનમાં વિવિધ પ્રાંતોમાંથી ૧૯મી સદીના આરંભે ભારતમાં ખાસ કરીને મુંબઈમાં આવેલા બસ્તાની, કયાની, સસાયનિયન, મેરવાન અને ઈરાની સમુદાયના તેઓ સભ્ય હતા. આ સમુદાયે મુંબઈની આગવી ઓળખ ગણાતા અને હવે લુપ્ત થઈ રહેલાં ઈરાની રેસ્ટોરાંઓની સ્થાપના કરી તેમને એક સદી સુધી ધમધમતાં રાખ્યાં છે. રશીદ ઈરાની પણ મૂળે તો એક જમાનામાં ધોબીતળાવ પર આવેલી બ્રેબોર્ન રેસ્ટોરાંના માલિકના સંતાન. પણ ચૌદ કલાક રેસ્ટોરાંના થડા પર બેસીને રેસ્ટોરાંનો વહીવટ કરતા રશીદનો માંહ્યલો તો કળાનો રસિયો હતો. આ જ કારણે ૭૦ના દાયકામાં બીટ જનરેશનની એન વાલ્ડમેન નામની અમેરિકન પર્ફૉર્મિંગ પોએટ બ્રેબોર્નમાં તેની કવિતા પર્ફૉર્મ કરી ગઈ હતી. સિનેમાના શોખીન રશીદે સિનેમાની કોઈપણ વિધિસરની તાલીમ મેળવ્યા વિના આપમેળે વિખ્યાત ફિલ્મ જર્નલો મેળવી અને સતત સિનેમા જોઈ પોતાની આગવી સિનેમાસૂઝ વિકસાવી હતી. તેમની એકમેવ સિનેમાસૂઝ અને ધારદાર સિનેમા યાદદાસ્તને કારણે આગલી પેઢીના શ્યામ બેનેગલ અને ગોવિંદ નિહલાની અને વર્તમાન પેઢીના કરણ જોહર અને અનુરાગ કશ્યપ પણ તેમની વિદ્વત્તા સમક્ષ નતમસ્તક બની રહેતા હતા. તેમની સાથેના ત્રણેક દાયકાના સિનેપ્રવાસનાં સંસ્મરણો આલેખે છે વિનોદ પટેલ.

નેવુંના દાયકાના આરંભે દિલ્હીમાં ફિલ્મોત્સવોમાં ફિલ્મો જોવાનું શરૂ કર્યું ત્યારે એ સમયે શહેરનાં વિવિધ સિનેમાગૃહોમાં ફિલ્મો બતાવવાનો ચાલ હતો. એક રસપ્રદ ત્રણ કલાકની લાંબી ફિલ્મ દિલ્હીના એક અંતરિયાળ ઇલાકામાં આવેલા સિનેમાગૃહમાં દર્શાવવામાં આવી રહી હતી. આખા ફિલ્મોત્સવમાં તેનો એક જ શો હતો એટલે એ ફિલ્મ જોવી હોય તો ત્યાં જઈને જ જોવી પડે તેવો ઘાટ હતો. મેં સાહસ કર્યું. ફિલ્મ પૂરી થઈ ત્યારે રાત્રીનો દોઢ વાગ્યો હતો અને દિલ્હીની ઠંડી પૂરબહારમાં હતી. વાહનો તો મળવાનાં નહોતાં એટલે ચાલવાનું નક્કી કરી કૂચકદમ શરૂ કરી ત્યારે પાછળથી અચાનક એક ટેક્સી આવીને ઊભી રહી. જોયું તો રશીદ ઈરાની. મને કહે ચાલ બેસી જા. તારી હોટલ સુધી મૂકી દેઉં. આમ શરૂ થયેલી મારી સિનેમાયાત્રા તેમની સાથે અનેક ફિલ્મોત્સવો અને શહેરોમાં ૨૦૧૮

'નવનીત-સમર્પણ'માં જાહેરખબર

જીવન, સંસ્કાર અને સાહિત્યના સામયિક તરીકે 'નવનીત સમર્પણ' શુભ અને સુંદર વિચારોનો પ્રસાર કરે છે તે આપ સૌ જાણો છો. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોના જતન-સંવર્ધન સાથે જીવનના આધુનિક પ્રવાહોનું સન્માન કરતા આ સામયિકમાં જાહેરખબર મોકલી આ ઉમદા કાર્યમાં સહભાગી થઈ શકો છો.

જાહેરખબરના દર આ પ્રમાણે છે:

જાહેરખબરના દર

આખું પાનું (Colour)	રૂ. 9,000/-
આખું પાનું B/W	રૂ. 5,000/-
અડધું પાનું (Colour)	રૂ. 5,000/-
અડધું પાનું B/W	રૂ. 3,000/-
બીજું/ત્રીજું મુખપૃષ્ઠ (4 Colours)	રૂ. 11,000/-
પાછલું મુખપૃષ્ઠ	રૂ. 12,000/-

અન્ય વિગતો :

આખું પાનું

કુલ સાઈઝ 19.5 સે.મી. X 13.5 સે.મી.
પ્રિન્ટ એરિયા 15.5 સે.મી. X 10.5 સે.મી.

અડધું પાનું

આડું પાનું 8.0 સે.મી. X 10.5 સે.મી.
ઊભું પાનું 15.5 સે.મી. X 5 સે.મી.
બ્રોમાઈડ, આર્ટપુલ, આર્ટવર્ક B/W જા.ખ. માટે 4 કલરની (રંગીન જા.ખ. માટે), સી.ડી.
છાપકામઃ કાગળની જાત ઉપર

સુધી ચાલતી રહી. મારા કરતાં રશીદ ઈરાનીની ઉંમર બે દાયકા વધારે પણ ફિલ્મો જોવાના અનુભવની વાત આવે ત્યારે તે પાંચ દાયકા આગળ.

૩૦ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ એલન ગિન્સબર્ગની પેઢીની બીટ જનરેશનની કવયિત્રી એન વાલ્ડમેન મુંબઈમાં જ્ઞાન- પ્રવાહ સંસ્થાના ઉપક્રમે તેની પર્ફોર્મિંગ પોએટ્રી રજૂ કરવા માટે આવી હતી. તેનો કાર્યક્રમ માણી તેમની આગવી છટામાં કવિતા રજૂ કરવાની શૈલીથી પારાવાર અચરજ પામીને હું સાંજે પ્રેસ-ક્લબમાં ગયો. ત્યાં રશીદને કવિતા રજૂ કરવાની આ અનોખી શૈલી વિશે વાત કરી તો થોડીવાર તે મારી સામે તાકી રહ્યા, પછી કહે તે એન વાલ્ડમેન હતી ? હું આશ્ચર્યચકિત. તેમણે હળવેથી ઉમેર્યું, તે વીસ વર્ષ અગાઉ મારી બ્રેબોર્ન રેસ્ટારાંમાં પર્ફોર્મ કરી ગઈ છે. અમેરિકન પર્ફોર્મિંગ પોએટ્રી અને તે પણ ઈરાની રેસ્ટોરાંમાં ...ક્યા બાત હૈ.

પછી તો કવિતાની વાતોની મહેફિલ જામતી રહી. શિલ્પકાર અને કવિનું દુર્લભ સંયોજન ડો. ગીવ પટેલના અખાની કવિતાના અંગ્રેજી અનુવાદથી માંડી ગિરીશ દમણિયાના કાવ્ય-ખજાના સુધી ફેલાયેલા કવિતાના જાદુની અમે અઢળક વાતો કરી. પણ તેમાંય રશીદને ચીની કવિતાઓ પ્રત્યે વિશેષ લગાવ હતો. તેમણે દુનિયાભરમાં તેમના

મિત્રોને કહી રાખેલું કે જ્યારે પણ ચીની કાવ્યસંગ્રહનાં કોઈપણ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ પ્રકાશિત થાય એટલે તે મારા માટે ખરીદી લેવાનો. એમ મનાય છે કે આખા ભારતમાં ઉત્તમ ચીની કવિતાનો વિરાટ સંગ્રહ રશીદ પાસે સચવાયો હતો.

ફિલ્મોત્સવમાં રશીદ અને મારો એક નિયમ હતો કે સાંજે મોટાભાગે ક્લાસિક ફિલ્મોનો રિટ્રોસ્પેક્ટિવ હોય તો ક્લાસિક ફિલ્મોને રિ-વિઝિટ કરવી. અમને સિને ક્લાસિક ફરી માણવાની ગજબની મજા પડતી હતી. તેમાં પણ રશીદ સાથે હોય તો તે ફિલ્મના દિગ્દર્શકથી માંડી તે ફિલ્મના સમયના ઇતિહાસની વાતોનો ખજાનો ખૂલી જાય. મુંબઈ ફિલ્મોત્સવમાં એકવાર આવી જ રીતે જાપાનના વિખ્યાત ફિલ્મસર્જક યાસુજિરો ઓઝુની ફિલ્મોનો રિટ્રોસ્પેક્ટિવ યોજાયો હતો. સ્વાભાવિક રીતે જ મોટાભાગના ફિલ્મોત્સવમાં બને છે તેમ ઓડિયન્સના અભાવે આ રિટ્રોસ્પેક્ટિવ પણ રાત્રે દસ વાગ્યાના સ્લોટમાં ગોઠવાયેલો હતો. આખો દિવસ વિશ્વ- સિનેમાની ફિલ્મો જોઈને થાકીને ચૂર થયેલા અમે સાડાનવે ઓડિટોરિયમમાં પહોંચ્યા તો કોઈ મળે નહીં. થોડી તપાસ કરતાં સમજાયું કે શો કેન્સલ થયો નથી પણ ફિલ્મ સેલ્યુલોઇડ રીલ સ્વરૂપે છે એટલા માટે તેના ખાસ પ્રોજેક્ટરની ગોઠવણી કરવામાં વાર લાગે તેમ છે. અમે કહ્યું કશો વાંધો નહીં. છેવટે દસ વાગ્યાની આસપાસ અમારી સાથે ગણીને બીજા ત્રણ-ચાર મહાનુભાવોએ આસન ગ્રહણ કર્યાં એટલે પડદા પર ઓઝુની બ્લેક એન્ડ વ્હાઇટ કવિતા રચાવી શરૂ થઈ. એ સમયે મીની થિયેટરમાંથી આવતો પ્રોજેક્ટર ચાલવાનો અવાજ ટરરરર... ટરરરરર કમાલનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક પૂરું પાડતો હતો. પણ ત્રીજા રીલે સેલ્યુલોઇડની પટ્ટી તૂટી... ટર્ર્ર્... ફટાક. ઓઝુની સિંગલ ફ્રેમ સેલ્યુલોઇડ કવિતા સ્થગિત થઈ ગઈ. અમે જોયું તો રીલમાંથી સેલ્યુલોઇડની પટ્ટી આખી નીકળી આવી હતી અને તેના બે-ત્રણ ટુકડા થઈ ગયા હતા. હવે ક્રમ પણ જાળવવાનું શક્ય નહોતું. આખરે સમજાયું કે આ ઇતિહાસની એ ક્ષણ છે જ્યારે સેલ્યુલોઇડની પટ્ટી પર આલેખાયેલી ઓઝુની બ્લેક એન્ડ વ્હાઇટ કવિતા ભારતમાંથી વિદાય લઈ રહી છે. રશીદે અફસોસ વ્યક્ત કરતાં જણાવ્યું કે એમ્બેસીવાલાઓએ આ રીલ ખાસ જાપાનથી મંગાવ્યા હતા. બીજા કોઈ સ્વરૂપે આ ફિલ્મ દર્શાવી શકાય તેમ ન હોવાથી તેને માટે ખાસ સેલ્યુલોઇડ પ્રોજેક્શનની વ્યવસ્થા કરવામાં આવી હતી. રશીદ અને હું ઓઝુની કવિતાના અંતરા માણી છૂટા પડ્યા ત્યારે મારા સ્માર્ટફોનની ડિજિટલ ક્લોકમાં દિવસ અને સમય બદલાઈ રહ્યો હતો. હવે તો નગરજીવનમાંથી ટાવરના ડંકાની કવિતા પણ વિદાય લઈ ચૂકી છે.

ગોવામાં ૨૦૧૮માં યોજાયેલા ભારતના ઇન્ટરનેશનલ ફિલ્મોત્સવ દરમ્યાન ૭૨ વર્ષની ઉંમરે થાક લાગવાને કારણે રશીદ ઈરાની પડી ગયા હતા. જેને કારણે તેમને તાબડતોબ ગોવાની એક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. થોડા સમય બાદ તેઓ જ્યારે મુંબઈના કેમ્પ્સ કોર્નર ઇલાકામાં આવેલી પારસી જનરલ હોસ્પિટલમાં શિફ્ટ થઈ સારવાર લઈ રહ્યા હતા ત્યારે અમે મળ્યા ત્યારે તેમણે ગોવાથી તેમની સાથે લાવેલા ફિલ્મોત્સવનું કેટલોગ મને બતાવ્યું અને કહ્યું આ વર્ષે આટલા નવા ફિલ્મ-નિર્દેશકોની સારી ફિલ્મો રજૂ થઈ છે. હું ગયો હતો તેમની ખબર કાઢવા અને આ માણસ મને ઉત્તમ ફિલ્મોની ખબર આપી રહ્યો હતો. તેમની સિનેમા પ્રત્યેની લગની સામે હું નતમસ્તક હતો.

એ પછી પ્રેસ-ક્લબમાં શનિવારની સાંજે છેલ્લાં પંદર વર્ષથી ચાલતા ફિલ્મ સ્ટડી ગ્રુપમાં એક સ્ક્રિનિંગ બાદ તેઓ પગથિયું ચૂકી જતાં પડી ગયા હતા. કોઈ ઈજા થઈ નહોતી છતાં અમે તેમને તાબડતોબ જી ટી હોસ્પિટલમાં લઈ જઈને તેમને ટિટેનસનું ઇન્જેક્શન અપાવ્યું હતું. તેમનું શરીર જવાબ આપી રહ્યું હોવાનો આ સંકેત હતો. પણ ૨૦૨૦માં જ્યારે કોરોના થયો ત્યારે તેમણે ફરી તેમના લડાયક મિજાજનો પરચો આપી ડાયાબીટિસ અને બ્લડપ્રેશર જેવી તકલીફો છતાં કોરોના સામેનો જંગ જીતી બતાવ્યો હતો. પણ લોકડાઉનને કારણે દક્ષિણ મુંબઈમાં એકાકી જીવન જીવતા આ મહેફિલના માણસનો લોકોની સાથેનો સંપર્ક મર્યાદિત થઈ ગયો હતો. સતત બંધને કારણે ખાવાપીવાની તકલીફો અને મિત્રોની સંગત વિના રશીદનો જીવ મૂંઝાવા માંડ્યો હતો અને તેમણે આ વેદના એક મુલાકાતમાં વ્યકત પણ કરી હતી. છેલ્લે જુલાઈ ૨૦૨૦માં કોરોનાની રસી લેવા માટે હું જ્યારે પ્રેસ-ક્લબ ગયો ત્યારે થયેલી મુલાકાત આખરી નીવડશે તેવો અમને બંનેને કોઈ જ અંદાજ નહોતો. એ સમયે પણ તેમણે પ્રેસ-ક્લબના મીડિયા સેન્ટરમાં બેસીને લેપટોપ પર રોજની એક ફિલ્મ જોવાનો તેમનો રોજિંદો ક્રમ જાળવી રાખ્યો હતો. પણ એકલતાના કિનારા તેમની ચોતરફથી ભીંસાઈ રહ્યા હોવાનું જણાઈ આવતું હતું.

આખરે બીજી ઓગસ્ટ ૨૦૨૧ના રોજ રશીદ સતત ત્રણ દિવસ માટે પ્રેસ-ક્લબમાં સવારનો ચા-નાસ્તા કરવાનો ક્રમ ચૂક્યા એટલે ઘરે જઈને તપાસ કરવામાં આવી તો ખબર પડી કે રશીદ ઈરાની સાહેબ તો કોઈને કશું પણ કહ્યા વિના ચૂપચાપ ખોદાયજીને ઘેર જવા રવાના થઈ ગયા છે. અલવિદા, સાહેબજી.

❑❑❑



શોર્ટકટ

☐ વલ્લભ નાંઢા

ડિસ્કોની ધમધમાટી અને કાન ફાડતું મ્યુઝિક, જુવાન છોકરાઓ સાથે કમર નચાવી યૌવનનો રસ પીતી પોતાની ઉંમરની છોકરીઓની કિકિયારી... રાકેશે લંબાવેલા હાથમાં વીંટળાઈને નીતા તરફડીને નાચવા લાગી. ધમ ધમ ધમ! પાછા ફરવાનો સમય થઈ રહ્યો હતો પણ પાર્ટીનો નશો તેના કાનમાં ઢોલ વગાડતો હતો. નાચ, નાચ, નાચ! રાકેશ, પછી દિલીપ, પછી રોશન, પછી કરન, જોગિન્દર, પછી અહમદ... લાંબા વાળવાળા, કાને બુટિયાંવાળા, મૂછાળા ને ભૂંગળી જેવા વાળવાળા બ્લ્યુ જિન્સ પહેરેલા જુવાન મજબૂત પગવાળા છોકરા નીતાની નસોમાં શરાબ રેડતા હતા. દરેક છોકરો તેના કાનમાં છાનું છાનું કશું કહેતો હતો. કામુક કશું બોલતો... ચાલ, મારી કારમાં મારા ઘેર; અથવા ચાલ મારી સાથે કાર્ડિફની મારી કૉટેજમાં.' નીતાને જીવનમાં પહેલીવાર પોતાના બદનના જાદુનો અહેસાસ થયો.

કઠોર પિતાની ચેતવણી, સમયપાલનના આગ્રહો વગેરે દૂર દૂર જવા લાગ્યું. તેને થયું કે કિશોરાવસ્થામાંથી તેણે જુવાનીમાં ભૂસકો માર્યો છે. આ ડિસ્કો પાર્ટી, તેમાં પિવાતી શરાબ, અને મારીજુઅનાનો કશ તે પોતાની જિંદગીનો આસવ પીવા માટેનો શોર્ટકટ છે. બહેનપણીઓની નજર ચુકાવી જોગિન્દરની સાથે તે ઓરડાની બહારની બાલ્કનીમાં આવી. નીચે આખું શહેર તેની જુવાનીને વધાવતું હતું- શાબાશ. જાણે તેના જવાબમાં તેણે જોગિન્દરની પાઘડી ખેંચીને તેના કાનમાં કહ્યું, "યુ મેઈક મી હેપી." તેના કથનના જવાબમાં ઓરડામાં સંતરીની જેમ ઊભેલા ગ્રાન્ડફાધર ક્લોકમાં ડંકા પડ્યા. એક બે ત્રણ... ત્રણ વાગ્યા!

નીતાએ ચોંકીને પોતાની રિસ્ટવૉચ તરફ નજર નાખી. જાણે આટલું મોડું કરાવ્યાનો વાંક પોતાની કાંડાઘડિયાળનો હોય.

* * *

વિક્રમસિંહ રજપૂતે ચોંકીને આંખ ચોળી. રાતના ત્રણ વાગ્યા હતા. પુત્રીની રાહ જોતાં જોતાં તે દીવાનખાનાના સોફામાં ઊંઘી ગયા હતા. નીતા અઢાર વરસની થઈ ગઈ હતી. તેને મોટા થવાની ઉતાવળ હતી. વિક્રમસિંહજીએ કઠોર હાથે તેને શિસ્તમાં ઉછેરી હતી. સંતોષબા દીકરીનું ઉપરાણું લેવા આવે ત્યારે વિક્રમસિંહની આંખ જોઈને પાછાં પગલે ચાલ્યાં જતાં. મા-દીકરી છાનું છાનું રડી લેતાં, પરંતુ વિક્રમસિંહ મચક ન આપતા. મોડું થાય તો તેની સજા ભોગવવાની હોય. નીતાના મનમાં છવાઈ જવું જોઈએ કે ડેડી સમયપાલનના આગ્રહી છે. જરાય વહેલુંમોડું સાંખી લેશે નહિ! એમના આ ફોજદારી હુકમનું ઘરના દરેક સભ્યે ચુસ્તપણે પાલન કરવાનું છે. સવારે ઊઠવાનો સમય, ચા- નાસ્તાનો સમય, બપોરે ભોજનનો સમય, બપોરે ચાનો સમય, સાંજે વાળુનો સમય ને રાત્રે સૂવાનો સમય બધું ડેડીએ નિયત કરેલું. તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારને ડેડી ધોઈ સૂકવી નાખતા. અને તોય આજે નીતા રાતના ત્રણ વાગ્યા સુધી બહાર હતી. વિક્રમસિંહને અંદરથી કોઈ કહી રહ્યું હતું કે, દીકરી ઉપરથી તેમનો કાબૂ ઓછો થતો જાય છે. નીતા આવશે તો કોઈની સાથે આવશે કે ટેક્સીમાં? તેની પાસે પૈસા હશે કે પોતાને આપવાના થશે? શું નીતા મોડી આવ્યા છતાં પિતાને જગાડીને ટેક્સીના પૈસા માગવા જેટલી ઉદ્ધત થઈ ગઈ છે? કે લપાતીછુપાતી આવીને પોતાના રૂમમાં જઈને સૂઈ જશે? આ પરિસ્થિતિ વિક્રમસિંહ ચલાવી શકે નહિ. તેમણે કશુંક નિર્ણાયક પગલું લેવાનું નક્કી કર્યું અને સોફામાંથી ઊભા થયા.

* * *

જોગિન્દરે કહ્યું કે ચાલ મારી સાથે, નોટિંગ હિલ પાસે મારો ફ્લૅટ છે. કાલે સવારે તારા ઘરે મૂકી જઈશ, આજની રાત આપણે આનંદ કરીએ. કોઈ બીજો

દિવસ હોત તો નીતાએ આવું સાંભળતાં-વેંત કહેનારને તમાચો મારી દીધો હોત, કે મુઠ્ઠી વાળીને ભાગી ગઈ હોત, કે ચીસો પાડી હોત. પણ આજની રાતના બાર વાગ્યા પછી તેણે અઢારમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે. આજથી તે પોતાના ડેડી, મમ્મીની ગભરુ બેબી નથી, નીતા નીતા છે! ખબરદાર! હવે કોઈએ તેને કહેવાનું નથી કે ક્યારે ઊઠવું ને ક્યારે સૂવું ને કોની સાથે સૂવું! હો હો હો... નીતાનું માથું ચક્કર ચક્કર ફરવા લાગ્યું. તેણે જોગિન્દરના ગળે બે હાથ મૂકી દીધા. તેની બહેનપણીઓ કાયમ તેની મશ્કરી કરતી: હજી તારે કોઈ બોયફ્રેન્ડ નથી, હજી તું વર્જિન છો, હજી તું બા-બાપુજીના કહ્યામાં રહે છે.....હો હો હો... હવે તે બધું સમાપ્ત. નીતા નીતા છે.

બાલ્કનીની ઠંડી હવામાં નીતાને ધીમે ધીમે ખ્યાલ આવ્યો કે પોતે નીતા છે. તેમ જ તેને એક ઘર છે, જેના દીવાનખાનામાં તેના ડેડી હાથમાં સોટી લઈને સોફામાં બેઠા છે. આજ ને આજ તો નીતા ઘરમાંથી બહાર રહેવા જઈ શકે નહીં. આજની રાત તો તેને ઘરે જવાનું છે. પિતાનો ક્રોધ જીરવવાનો છે. અને કાલથી તે જોગિન્દરની સાથે રહેવા ચાલી જશે. ડેડીને જે કરવું હોય તે કરી લે. નીતા પોલીસમાં જઈને કહી આવશે કે તેના પિતા તેને હેરેસ કરે છે. કેમ કે હવે નીતા નીતા છે.

જોગિન્દર પોતાનો ગ્લાસ ભરવા અંદર ગયો, અને નીતા તેની પાછળ પાછળ ફરી રૂમમાં પ્રવેશી. આ એક ગ્લાસ જોગિન્દર પી લે, એટલે નીતા તેને કહેશે કે હું કાલે તારે ત્યાં રહેવા આવું છું. આજે મને મૂકી જા. મારા પિતા કંઈ કહે તો મારું રક્ષણ કરજે. જોગિન્દર હોંશે હોંશે હા પાડશે કારણ કે નીતાની પાછળ એ ગાંડો છે. કૉલેજના બધા છોકરા ગાંડા છે. નીતાએ કોઈને હાથ લગાડવા દીધો નથી. જે નીતાને જીતે તે કોલેજનો શૂરવીર ગણાશે. જોગિન્દર કહેશે કે નીતા ઈઝ માય ગર્લ! અને કોલેજમાં એ બેની જોડી બધાની ઈર્ષાને પાત્ર બનશે. આહ, લાઈફ ઈઝ સો સ્વીટ!

જોગિન્દર રાકેશને કાંઈક કહેતો હતો. નીતા તે સાંભળવા પાસે ગઈ. રાકેશ અને જોગિન્દર બીજા બે છોકરાઓની પાસે ગયા. મોહન અને એહમદ ચાર છોકરાઓ અને ચાર છોકરીઓ: નીતા, રીટા, નિક્કુ અને લલિતા. બધાંએ અત્યારે જોગિન્દરના ફ્લેટ પર જવું અને જલસા કરવા.

નીતાના કાનમાં ભમરા ફરી ગયા. એકીસાથે ચાર-ચાર છોકરાઓની સંગત એક જ રાતમાં? તેના હાથની મુઠ્ઠીઓ વળી ગઈ. તેણે રીટા અને નિક્કુને પાસે ખેંચીને પર્સ લઈને બહાર ભાગવા કહ્યું. ત્રણે છોકરીઓ શું શું કહેતી, પોતપોતાના ઓવરકોટ પહેરીને બહાર નીકળે તે પહેલાં નીતાએ ચીસ પાડીને ટેક્સી-સ્ટેન્ડ પર ઊભેલી ટેક્સીને હાથ

કર્યો. જાણે તેની ઉંમર ફરી પાછલા પગે જતી હતી. પુખ્ત યુવતીમાંથી ફરી બાળકી, ડેડી-મમ્મીની બેબીડૉલ બની ગઈ હતી.

અને અત્યારે આટલું મોડું થઈ ગયું હતું. નીતા ગભરાટ અનુભવી રહી હતી... ફરી ડેડીની સોટીનો ડર લાગી રહ્યો હતો... ટેક્સીમાં તેણે બહેનપણીઓને છોકરાઓના કાવતરાની વાત કરી : ચારેયનું કાવતરું હતું કે ચારે છોકરીઓને દારૂ પાઈ નશો કરાવી ફ્લેટમાં લઈ જવી. દરેક છોકરી સાથે દરેક છોકરો મજા કરી લે તે પછી સવારે કાઢી મૂકવી, અને બીજા દિવસે કૉલેજમાં તેનો ઢંઢેરો પીટીને છોકરીઓને વધુ હ્યુમિલિયેટ કરવી. તેનો વિચાર આવતાં નીતાને ડેડીની સોટીઓ વધુ હૂંફ આપતી હતી. ઘરે જઈને પિતાને પગે પડીને કહેશે કે સોરી, હવે આવું નહીં કરું.

ટેક્સીમાં બેઠા પછી પણ નીતાને આ જ વિચારો સતાવી રહ્યા હતા. ડેડીને સામે ચાલીને કહેવું ને ક્ષમા માગવી કે દબાતે પગલે ચૂપચાપ દાદરો ચડી જવો અને લપાતાંછુપાતાં પોતાના બેડરૂમમાં સરકી જવું! મમ્મીની વાત જુદી છે. એ નીતાને સારી રીતે સમજી શકે છે... જરા લિબરલ છે... નીતા તરફ થોડો સમભાવ પણ રાખે છે, પણ ડેડીના મનમાં તો કોઈ પણ હિસાબમાં નહિ. એ જે કરે, એ જે કહે તે જ સાચું! ડેડી ગુસ્સે થયા હોય ત્યારે મમ્મી તેનું ઉપરાણું લેવા દોડી આવતી અને વારવાની કોશિશે લાગી જતી. એટલે આજે પણ મમ્મી તેનો બચાવ કરવા દોડી આવશે તેવી ધરપત હોવા છતાં ડેડીનો કડક ચહેરો યાદ આવી જતાં ફફડી ઊઠી.

મોડું થયાની દોષભાવના નીતાના મનમાંથી હટતી નહોતી. વળી પાર્ટીમાં મોડું થયું તેમાં દોષ તેની એકલીનો ન હતો. એ તો અગિયાર વાગ્યાથી ઘરે પહોંચવા તલપાપડ બની હતી પણ રીટા અને નિક્કુએ ફોર્સ કરીને ડિસ્કો પૂરો થાય ત્યાં સુધી તેને રોકી રાખી હતી. નીતા બન્ને બહેનપણીઓના આગ્રહને ઠેલી શકી નહોતી... વધુમાં છોકરાઓની ચાલબાજીમાં તે આવી ગઈ હતી. આમ ત્રણ ક્યાં વાગી ગયા તેની નીતાને ખબર પણ નહોતી રહી! પણ અત્યારે રિસ્ટવૉચના ડાયલ પર નજર નાખતાં તેને ગભરામણ છૂટી પડી હતી.

અચાનક રીટાની નજર પાછળ આવતી બે હેડલાઈટો તરફ ગઈ: તેણે ચીસ પાડી; 'અરે! રાકેશની ગાડી પીછો કરે છે!' નીતાએ ટેક્સીવાળાને ઝડપ વધારવા બૂમાબૂમ કરી મૂકી. છોકરાઓ તેમની પાછળ પડ્યા હતા. હવે જાન બચાવી ભાગવાનું હતું. નીતાને ઊબકા આવવા લાગ્યા. કોને ખબર કાલ સુધી એ જીવતી હશે કે કેમ?

એકાએક પિતાના મારનો ભય ભુલાઈ ગયો. નશામાં ગાંડાતૂર બનેલા

ચાર-ચાર છોકરાઓ તેને અને તેની બહેનપણીઓને ફાડી ખાશે, અને રસ્તે ફેંકી ચાલ્યા જશે તો? ટેક્સીવાળાને વાત સમજાવી નીતાએ ભુલભુલામણા રસ્તે નીકળીને રીટાને કિલબર્ન ઉતારી. પાછળ નજર ફેંકીને ખાતરી કરી લીધી કે કોઈ પીછો કરતું તો નથીને! ફિંચલી રોડ ઉપર નિક્કુને ઊતરવાનું હતું. તેને ડ્રોપ કર્યા પછી નીતાને સહેજ નિરાંત થઈ; પાછળ કોઈ નથી; ડેડી ઊંઘી ગયા હશે, અને પોતે ટેક્સીમાંથી ઊતરીને ચૂપચાપ પોતાના રૂમમાં પેસી જશે. બીજા દિવસે માફી માગશે. માર સહી લેશે, કે સજા કરશે તે સ્વીકારી લેશે. સહીસલામત ઘેર પહોંચી જાઉં તો ભગવાનનો ઉપકાર...

અને ત્યાં બીજો વિચાર આવ્યો: તેની પાસે પૈસા રેગ્યુલર ભાડા જેટલા જ હતા. પાછળ આવતી રાકેશની ગાડીને ગોટે ચડાવવા તેણે ભુલભુલામણીનો લાંબો રસ્તો લેવા ડ્રાઈવરને કહેલું. તેથી ટેક્સીભાડું વધી જશે તો? ડેડીને ઉઠાડવા પડશે? ફરી નીતાને પરસેવો થયો. અને ત્યાં આંખો મિચકારતી હોય તેમ પાછળથી બે હેડલાઈટોનાં આંખમિચામણાં થયાં! બાપ રે! પેલા લુચ્ચા કુત્તાઓ લપાતાછુપાતા પાછળ આવે છે... હજી તેને એકલી પાડવા સંતાતાં સંતાતાં આવતા હતા? બધી છોકરીઓ ઊતરી જાય તેની રાહ જોતા હતા. અને હવે ટેક્સીમાં એ એકલી હતી.

ટેક્સીના માઈલોમીટરનો કાંટો બિનધાસ્ત સ્ટૉપવૉચની માફક આગળ ધપી રહ્યો હતો. મીટરમાં આંકડા ચડતા જતા હતા. નીતાના શરીરમાં પાછી ગભરામણ છૂટી. આ ઘડિયાળ ભાડા પેટે આપી દઉં? ટેક્સીવાળો તે સ્વીકારશે? આ ઘડિયાળની કિંમત કરતાં તો તેની બેટરી મોંઘી છે. ટેક્સીરાઈડના બદલામાં આ તુચ્છ વસ્તુ એ થોડો સ્વીકારવાનો હતો? અને છોકરાઓ કશુંક કરે તો ટેક્સીવાળો તેને બચાવવાનો હતો? તેણે ટેક્સીડ્રાઈવરને કહ્યું કે તારા મોબાઈલ ફોનથી તારી ઑફિસે ખબર કર કે એક મોરિસ કાર તેનો પીછો કરે છે. એક છોકરી પૅસેન્જર છે. પોલીસ મોકલો! ટેક્સીવાળાએ કહ્યું કે તે એવી કોઈ માથાકૂટમાં પડવા માગતો નથી. પાછળવાળી કાર કદાચ તેના દોસ્તની હોય અને જુવાન છોકરા-છોકરી ગમ્મત કરતાં હોય તો નાહક તેણે માલિકનો ઠપકો સાંભળવો પડે.

પણ ટેક્સી હવે પોતાના લત્તામાં આવી ચૂકી હતી.

નીતા ઝડપથી વિચારવા લાગી. પોતાના લત્તાની ભૂગોળથી એ માહિતગાર હતી. કઈ ગલી, કઈ એલી, કયું મકાન ખાલી છે, અને કોના બૅકયાર્ડમાંથી ઠેકીને ક્યાં નીકળાય અને શોર્ટકટ થાય- બધું જાણતી હતી. પોતાના ડેડી સાથે તે નાની હતી ત્યારે આ જગ્યાઓમાં 'હાઈડ એન્ડ સીક'ની રમતો રમી હતી. તેણે અચાનક ટેક્સીડ્રાઈવરને ટેક્સી રોકવા

કહ્યું. પાછળની કાર પણ થોડા ફીટ દૂર ઊભી રહી.

નીતાએ ક્રોસ હિલ લેન અને લિંક્સ એવેન્યુના ખાંચા નજીક ટેક્સી ઊભી રખાવી હતી. તેણે પર્સ ફંફોસ્યું. નસીબજોગે ટેક્સીભાડા કરતાં બેચાર વધુ પેન્સ પર્સમાં હતાં. નીતાએ બધું ચેન્જ ટેક્સીડ્રાઈવરને આપી દીધું. અને નીતાને શાંત, ધુમ્મસિયા, નિર્જન અને અંધકારભર્યા રોડ પર ઉતારી ટેક્સી ધુમ્મસથી વીંટળાયેલા એ લાંબાચોડા રસ્તામાં અદશ્ય થઈ ગઈ. પાછળની કારે હેડલાઈટ મિચકારી હોર્ન માર્યું.

રસ્તા પરની શીતળતાએ તેનાં રૂંવાડાં ખડાં કરી દીધાં. તેને લાગ્યું કે, જગત આખું અને જગતના લોકો પણ આ જડ શીતળતાને લીધે થીજી ગયાં છે. કેવળ તેના સેન્ડલનો ટપટપાટ નિ:શબ્દતાના આવરણને ખલેલ પહોંચાડી રહ્યો છે.

પાછળવાળી ગાડી ધીમે ધીમે સરકતી સરકતી તેની નજીક આવીને ઊભી રહી. અંદરથી એક હાથ બહાર આવ્યો અને વળતી ક્ષણે જ નીતા જંગલી હરિણીની ઝડપે છલાંગ મારી પાસેની ફૅન્સ કૂદી ગઈ અને દોડવા લાગી... જોગિન્દર... રાકેશ, દિલીપ, રોશન, કરન... બધાના ઓશિયાળા ચહેરા તેના ચક્ષુદર્પણમાં એક પછી એક ડોકું કાઢી ગયા. પણ તેને ધરપત હતી: તેનો પીછો કરી રહેલી કાર હવે તેની પાછળ આવી શકે તેમ નહોતી. અને તેમાં બેઠેલા છોકરાઓ આવે તો તેમને કેમ ભૂલા પાડવા તેની નીતાને બરાબર ખબર હતી.

તેણે ફરી કાંડાઘડિયાળ તરફ જોયું. ઓહ, માય ગોડ! સવારના ચાર વાગી ગયા! તેનો ફફડાટ વધ્યો. સામે એક ગલી હતી, તેનો ઉપયોગ કરે તો પાંચેક મિનિટનો ફેર પડે. એ શોર્ટકટ હતો.

પણ એ સાંકડી – અંધારી ગલીમાંથી અને આ ભેંકાર સન્નાટામાં પસાર થવું જોખમવાળું હતું. વળી તેનાં સૅન્ડલ્સનો ટપટપાટ પેલા લફંગાઓનું ધ્યાન ખેંચ્યા વગર રહેશે? તે સિવાય પણ લોકલ ગુંડાઓ અને ખૂનીઓના આવી સૂમસામ જગ્યાઓમાં જ અડ્ડા હોય છે અને કોઈ છોકરીને અહીં એકલી જોતાં તેના શા હાલ કરે! એ વિચાર આવતાં તેના શરીરમાં કંપારી પ્રસરી ગઈ!

તેનો ડર અકારણ ન હતો. કદાચ તેનું ખૂન થઈ જાય તો સવારે બધા કહેવા લાગશે: જૂઈના ફૂલ જેવી છોકરીનું કોઈએ મર્ડર કરી નાખ્યું! અને ક્યારેય હત્યારાનો પત્તો નહીં લાગે! થોડો વખત કાગારોળ કરીને લોકો અને પાડોશીઓ પણ શાંત પડી જશે અને કદી કોઈને તેના મૃત્યુનું રહસ્ય જાણવા સુધ્ધાં નહીં મળે!

એ વીફરેલી વાઘણની જેમ છલાંગો ભરતી ઝપાટાબંધ ચાલવા લાગી. થોડું ચાલ્યા પછી તેણે જોયું તો ગલીની સામેની બાજુ તરફથી એક ઊંચો, તગડો પુરુષાકાર તેની તરફ આવી રહ્યો હતો. નીતા છળી પડી. એ ભ્રાંતિ હતી

કે સાચે જ કોઈ આવી રહ્યું હતું તે નક્કી કરી શકી નહિ. તેને પાછા વળી જવાનો વિચાર આવ્યો, પણ પાછળની દિશામાંથી પેલા ચાર કુત્તા તેને ફાડી ખાવા આવી રહ્યા હોય તો? તેના હૃદયના ધબકારાનો અવાજ જાણે તેના સેન્ડલના ટપટપાટથી પણ તેજ બન્યો. આગળ વધવામાં જીવનું જોખમ હતું... તોય અંદરથી તેનું મન તેને ટપારતું હતું: આગળ વધ... આગળ વધ... તને કંઈ નહીં થાય...

એટલીવારમાં પેલો પુરુષ આકાર લેમ્પપોસ્ટની લગોલગ આવી ચૂક્યો હતો. નીતા બીજી તરફ જોવા લાગી. તે પોતાની જાતને કહી રહી હતી: હું કોઈથી ડરતી નથી! હું બૂમો પાડીને શેરી ગજાવીશ... પોલીસ બોલાવીશ... પણ અંદરથી ડર હતો: છોકરાઓ તેનું મોઢું દબાવી દે તો? તેને બેહોશ કરી નાખે તો? તેને પીંખીચૂંથી રસ્તે લોહીલુહાણ મૂકી દે તો?

લેમ્પપોસ્ટ વટાવ્યા પછી એ તગડો આકાર જરાકવાર અંધકારમાં ગારદ થઈ જતો હોય એમ લાગ્યું. પણ બીજી એકાદ બે મિનિટમાં ફરી તે તેના તરફ આવતો જણાયો. હવે તે બહુ નજીક આવી ગયો હતો. બે ચાર ફૂટનું જ અંતર રહ્યું હતું! તે ગલી એટલી બધી સાંકડી હતી કે આમને-સામનેથી બે વ્યક્તિ પણ પસાર ન થઈ શકે... બન્ને વચ્ચે થોડાં જ પગલાંનું અંતર રહ્યું હતું... એ ડરની મારી થીજી ગઈ હતી...

સામે જાણે કાળ આવીને ઊભો રહી ગયો હતો અને આસપાસ ચોમેર સ્મશાનવત્ સન્નાટો છવાયેલો હતો. નીતા ચીસ પાડી તેને કહેવા માગતી હતી: "ગેટ આઉટ ઓફ માય વે... લેટ મી ગો..." પણ ચીસ તેના ગળા સુધી આવીને ગળામાં જ અટકી પડી.

તેણે આંખો મીંચી લીધી.

પેલો પુરુષાકાર હજી પણ સામે ઊભો હતો. શું એ આ રીતે નીતાની સામે ઊભીને તેને ડરાવવા માગતો હતો? પોતાનો જમણો હાથ લાંબો કરી નીતાનો ખભો પકડવા જતાં એ બરાડ્યો: ''અત્યારે કેટલા વાગ્યા છે તેનું તને ભાન છે? ઘરે આવવાનો આ વખત છે?"

નીતાએ આંખો ખોલી સામે જોયું. એ આકારનો ચહેરો જોતાં જ તેના મોંમાંથી આનંદની ચિચિયારી સરી પડી: "ડેડી..." કહેતાં એ - એના ડેડી વિક્રમસિંહ રજપૂતને ચોંટી પડી.

"તમને કેમ ખબર પડી કે હું અહીંયાં હોઈશ?" નીતા મીઠું હસતાં પૂછવા લાગી.

"આ રસ્તા તને કોણે બતાવ્યા છે, ગાંડી? મને ખબર ન હોય કે આપણા ઘરનો શોર્ટકટ કયો છે?"

કહી વિક્રમસિંહ રજપૂત લાગણીભીના હાથે ચૂપચાપ નીતાનો ખભો પસવારવા લાગ્યા અને નીતા ડેડીને ગળે હાથ વીંટાળી એમની સોડમાં સંતાઈ ગઈ.

❑❑❑



કાશીમાં કૈલાસ

રખડુનો કાગળ : બનારસ ગેલેરી

☐ મહેન્દ્રસિંહ પરમાર

પ્રિય,

આ વખતે 'રખડુનો કાગળ' - લખ્યું ત્યારે અંદરથી એક ઝીણી ચીસ નીકળી ગઈ! દોઢ વરસથી ઘરની બહાર નીકળવાનું થયું નથી અને તોય રખડુનો કાગળ? રખડવા જઈએ તો જ રખડાય એવું થોડું હોય? ઘરમાં બંધક બન્યા હોઈએ ત્યારે 'બાહેર' ભટકવાનું ભલભલું થતું હોય છે. પેલું 'મોનેર પાખી' તો થોડું બંધક બન્યું છે? એટલે, આજે ટેબલ રાઈટિંગ કરવાનું છે. ફેબ્રુઆરી' ૨૦ના દિવસોમાં બનારસ ગયા ત્યારે મોબાઈલમાં સંઘરી રાખેલી કથાઓ-વિડિયો સ્ટોરીઝ - મારી હાર્ડ ડિસ્કમાં એક ફોલ્ડર બનાવીને સાચવી રાખી છે. હાર્ડ ડિસ્કનું પણ નામ અમારા શક્તિએ પાડ્યું છે :'અખેપાતર!' (બિંદુ ભટ્ટ, માફ કરજો હોં!) જીવનનાં જળ ડૂક્યાં હોય ત્યારે અક્ષયરસ પૂરો પાડવાનું કામ આ ફોલ્ડરે ઘણી વાર કર્યું છે. ફોલ્ડરને નામ આપ્યું છે : બનારસ ગેલેરી. આ 'ગેલેરી' માટે આપણે અટ્ટાલિકા કે વીથિકા... જે નામ આપીએ તે, પણ એમાં અવનવી કથાઓ, કવિતાઓ, નિબંધો નાના-નાના કટ રૂપે પડ્યાં છે... આજે તમને એમાં ફેરવું. એ 'જોઈને' તમને જે થાત એ 'વાંચીને' કે 'સાંભળીને' થશે કે નહીં તે હું નથી જાણતો, (જો કે, તમને એ જોવા પણ મળશે જ એમ ધારું છું.) પણ કમસે કમ હુંય એ વીથિકામાં-ગેલેરીમાં

નિજાનંદે ફરી ભટકી લઉં. [દરમિયાન, વિવેકભાઈની 'બનારસ ડાયરી' આવી ગઈ છે ને હરીશ મીનાશ્રુની 'બનારસ ડાયરી'ની કવિતાઓ પોંખાઈ ચૂકી છે. એ બન્ને કલાકૃતિઓ પણ મને મારી આ 'ગેલેરી'નો જ એક સૌંદર્યમંડિત ગવાક્ષ લાગે છે.] તો ચાલો, કટકે-કટકે, એક-એક કટ તમને દેખાડતો જાઉં ને એની સાથે મારી ટકટક ઉમેરતો જાઉં!

કટ – ૧ : सुबह-ए-बनारस

આ પહેલો કટ ખોલું છું તો સામે આવે છે અસ્સી ઘાટનો રંગમંડપ. [અસ્સી ઘાટના કાંઠે જ ઉતારા હુઆ થા હમરા, તો સવારમાં પાંચ-સવાપાંચનો સમય થાય એટલે ચહલપહલ સંભળાય ને ડંકા વાગે કે દોડીને ઘાટ પર.] રંગમંડપ સફેદ રંગના પ્રકાશથી અજવાળાયેલો છે ને કોઈ તપસ્વીના ચિત્ર સાથે એની દીવાલ પર કેલિગ્રાફિક શૈલીમાં सुबह–ए–बनारस લખાયેલું છે. એના स, ह, ए, र ના વળાંકો – બલકે એ આખા લખાણમાં, અક્ષરોના વળાંકોમાં જાણે બનારસનો એક લય છલકાતો હોય એવું લાગે. આ દૃશ્યમાં, બેકગ્રાઉન્ડમાં આરતી-ઝાલર-શંખના નાદ ગુંજે છે ને પરદા પર સાત તરુણીઓ હારબંધ ઊભી રહીને એમના હાથને સમક્ષિતિજ - લંબક્ષિતિજ (ન સમજાય તો હોરિઝોંટલ અને વર્ટિકલ) લયમાં જાણે સવારને-અને સ્વરને પણ!, ઝુલાવતી મંત્રગાન કરે છે. એમના કંઠમાંથી વહેતા વેદગાનને મા ગંગામાં તરતું મૂકવા એ સાતેય 'એક' બની ગઈ છે! હવે, મોબાઈલ-ધારકે આ અવાજને બેકગ્રાઉન્ડમાં રાખ્યો ને ગંગાજીની પ્રાતઃવંદના કરતા પીળાં વસ્ત્રોમાં સજ્જ યુવકો તરફ કેમેરા ફેરવ્યો છે. કન્યાઓના ગુલાબી વસ્ત્રોમાંથી નીકળીને આંખને હવે આમનાં પીળાં વસ્ત્રો પકડે



છે. ઋચાઓના પાર્શ્વધ્વનિ સાથે આ યુવકોના શંખનાદ એક આવાહન કરે છે. સાત-સાત આરતીઓમાંથી પ્રગટેલ ધૂમ્ર વાદળો આખા દૃશ્યને રહસ્યમય બનાવે છે. ને આ ઝાલર વગાડતા યુવકની પાછળ અંધારામાં વહેતી ગંગામૈયાને બન્ને હાથોથી જાણે ઓવારણાં લેતા હોય એવી મુદ્રા સાથે દૃશ્ય વિલાય છે. ધુમાડો બહુ સરસ રંગ પૂરતો હતો આ કટમાં. [બનારસની, અસ્સી ઘાટની અનેક સવારો ચિત્તમાં સ્થિર થયેલી હતી તેને આ કટ જોઈને અંદર-અંદર વાચા મળી. ચાલો, થોડી અંકે થયેલી સવારો જ તમને બતાવું.]

કટ-૨ : મોર્નિંગ ગ્લોરી

ત્યાં મંચ પર હવે કોઈ વાદ્યસંગીત ચાલી રહ્યું છે. સરોદમાં સવારનો કોઈ રાગ-કદાચ આહીરભૈરવ - વાગે છે ને એક ઊંચાઈ પરથી ગંગામાં સૂર્યોદયની પગદંડી ઝલમલી રહી છે. કેમેરા ત્યાંથી સરતો- સરકતો ગંગામૈયાના આછા ધુમ્મસઢાંક્યા દર્શન કરાવે છે. થઈ ગયેલી આરતીમાંથી નીકળતા ધુમાડા અને સર્પછત્રવાળાં આરતીપાત્રોનો વિડિયો એક સ્થૂળકાય પરદેશી બાઈ લઈ રહી છે. ઘાટ પર હવે પછી થનારા યોગ-વર્ગોની તૈયારી દેખાય છે. લાલ પાથરણાંઓ પર સ્વાસ્થ્ય-ઇચ્છુક લોકો ગોઠવાઈ રહ્યા છે. ચાની કીટલી પર થોડા યુરોપિયનો ઊપસી રહ્યા છે. એમાંના એકાદના ચહેરા પર સૂર્યપ્રકાશની



તસ્વીર

આભા સરસ રીતે ઝલકી રહી છે. ઘાટે બંધાણી હોડીઓની પોતાની એક પ્રાતઃભાષા સંભળાય છે. સ્થિર ઊભેલી હોડીઓની પાછળ, એકલપ્રવાસી ફોટોગ્રાફર છોકરીને લઈને જતી હોડી ઝૂમ થઈને નજીક આવે છે ત્યારે પાણીનો આ પટ રજત-કેસરી અને પેલી ફોટો પાડતી હોડીનો કાળો પડછાયા જેવો આકાર આ કટને 'વાઉ' મોમેન્ટ આપી દે છે! કાંઠે હવે થોડી ચહલપહલ વધી છે ને એકલદોકલ ભાવિક ગંગાસ્નાન કરી રહ્યું છે. એક નાવિક અને એના પ્રિય શ્વાનની જુગલબંદી ચાલી રહી છે. આ 'યુધિષ્ઠર'ના પગમાં પેલું આળોટીને-

પૂંછડી પટપટાવી લાડ કરી રહ્યું છે ને પેલો ગમછાવાળો 'યુધિષ્ઠર' (એ પણ બપોરે ઘરાકી નહીં હોય ત્યારે ઘાટ પર દ્યૂત રમવાનો છે અને હારવાનો છે- નક્કી.) એની સાથે કોઈ વૈશ્વિક ભાષામાં વાત કરી રહ્યો છે. એ બેજ સમજે એવી એ વાતો હશે. ઘાટનાં પગથિયે ચાની કીટલી પર થોડા ધોળિયાઓની રંગમંડળી જામી છે. એમાં એક ભગવાધારી ધોળિયો ખાખી-સાદી બીડીના ધુમાડા કાઢી રહ્યો છે! ત્યાં સવારે સરોદ વગાડતા હતા એ યુરોપિયન કલાકાર અત્યારે અહીં ચાની ચૂસકી લઈ રહ્યા છે. ગોરી ચામડી પર ભારતીય વસ્ત્રો ને સંસ્કારના પુટ ચડ્યાની કેટલીય કથાઓ બનારસની ગલીઓમાં ઘૂમી રહી છે પણ કેમેરા તો ઘાટ ઉપર જ છે!

કટ-૩ : आज खेले होरी…

कन्हैया घर चलो गुईयां आज खेले होरी…

હોળીના દિવસોમાં કાશીમાં હોવાનો અર્થ અત્યારે આ જોતાં-જોતાં પણ પાછો અનુભવાય છે. સવારની તડકીમાં ઘાટથી આગળ જતાં પથ્થરના ઊંચા આસન પર સંગીતમંડળી બેઠી છે ને બધાના ગાલ પર બહુ હળવા-હળવા રંગના લીસોટા કર્યા છે. છોકરી ગાઈ રહી છે : आज खेले होरी…! તબલાંના લયમાં પશ્ચાદ્ભૂમાં એક હોડી એનાં હલેસાંના લય જોડતી નીકળી જાય છે. સંગીતમંડળીની પાસે રંગના પાંચ પડિયા પડ્યા છે. આ પાંચ રંગના તો બીજા કેટલા પરચા કાશીમાં જોયા છે એની શું વાત કરીશ? કરી જોઉં.

એ ઊંચા પથ્થરના આસન પર પેલી છોકરીએ સૂરની હોળી રમાડી પછી બીજા કટમાં થોડા નીચે ઊતર્યા છીએ. ત્યાં મંડળીમાં જે ભાઈ પાછળ બેસી સૂર પુરાવતો હતો એણે અહીં નીચે એક લાકડાના નાના મંચ પર, નદીથી સહેજ નજીક એની જમાવટ માંડી છે. પેટી-ઢોલક અને ઝાંઝ... હોલી ખેલે મસાને મેં...

(આ ગીત બપોર પછી બીજો અનુભવ કરાવવાનું હતું, કહું છું.) થોડાં ભોજપુરી ગીતો એણે ગાયાં છે, ધારા ૩૭૦નું ગીત પણ એમાં આવ્યું છે ને આ 'લોક'ને સબ મસ્ત ભઈલવા...

આ- જેવું છે. અને આ... અમારો જનક (ડૉ. પ્રોફેસર ભાવનગરમાં, અહીં તો જનકો) કૂદ્યો છે ને નાચવા માંડ્યો છે આ કટમાં. એના નર્તનના અંગવળાંકો અને એની તલ્લીનતા જોવા જેવાં છે! પછી તો બીજા કટમાં એ ઝાંઝ લઈને બેસી ગયો છે! એની આ ભાગીદારી કરવાની ને અજાણ્યાઓને પોતાના કરવાની તાલાવેલી થકી તો એ અમારો ભાઈબંધ છે! અને આ ત્રીજા કટમાં એને આંટી મારે એવી એક પરદેશી યુવતી- કદાચ જાપાનીઝ - છે એ સંગીતમંડળીની પાછળની જગ્યાને મંચ બનાવી જે ઊર્જાથી નાચવા માંડી



કટ ૪ ખેલે હોરી

છે! વિડિયોમાં એનું દૂરથી નજીક આવવું, એક મસ્ત હાસ્યની મુદ્રા સાથે એના મોં પર ઊભરાતી નકરી પ્રસન્નતાનો ચેપ એના પગને લાગવો અને એનું નાચવા માંડવું... એટલું તો અદ્‌ભુત ઝિલાયું છે. એના ચહેરા પર આખી આનંદની ગંગા વહેતી દેખાય છે. 'હમ ભર પિચકારી લાયેંગે તુમ દેખતે રહીઓ...'

એને તાલની ખબર પડે છે એ એનો નાચ કહે છે અને હવે... એક એનાથી નાની જાપાનીઝ છોકરી પણ એનું પર્સ ગળામાં ભરાવી નાચી રહી છે. 'બમ બમ બોલ રહા હૈ કાશી... આ બન્ને છોકરીઓ જે આનંદ ઉઠાવી રહી છે... નાચવાનો આનંદ! એમાં કોઈને કંઈ અજુગતું નથી લાગતું. ઓમ નમઃશિવાયના લયમાં એમનું શરીર ચકર-ભમર ફરતું બરાબર ઓગળી ગયું છે. ઓહો! કાશીનો આ રંગ તો સાવ પોતીકો! મારા હાથમાં આ ક્ષણોને ઝડપી લેવાનું રમકડું હતું એટલે મન મારીને શૂટ કરતો રહેલો... બાકી હિમાચલના અંતરિયાળ હાથકોટિ ગામમાં કોઈ અજાણી જાનમાં પહાડી નૃત્ય કરવા આપડેય ઊતરી પડેલા ને કન્યાપક્ષે ભાવથી ભોજન કરાવેલું એ આ કેમેરામેન અહીં લાચાર હતો! હોળીની સવારના આ કટ આજે ફરી જોયા તો મન ફટફટફટ કરતું ઘાટનાં પગથિયાં ઊતરીને એ મંડળી સાથે નાચવા માંડ્યું! બમ બમ બોલ રહા હૈ કાશી!

કટ ૪ : હોરી ખેલે મસાને મેં!

આ કટ જોઉં છું તો ભય, જુગુપ્સા, ઘૃણા, નિર્વેદ, વિષાદ,... અને એ બધાંમાંથી ઘૂંટાયેલો આનંદ ટપકે

છે અંદર ચિત્તમાં. અસ્સી ઘાટથી મણિકર્ણિકા જવા નીકળ્યા હતા- ઘાટને રસ્તે નહીં, કાશીની ગલીઓમાંથી. રિક્ષા બાંધી હતી. થોડા આગળ પહોંચ્યા તો એક ધાર્મિક સરઘસ નડ્યું. રસ્તો બંધ થઈ ગયો. રિક્ષાવાળાએ બનારસની સાંકડી ગલીઓમાંથી વાંકીચૂંકી જગ્યા કરી જ્યાં બીજા મુખ્ય રસ્તે રિક્ષા કાઢી તો પેલું સરઘસ ત્યાં જ આવી પહોંચેલું! મણિકર્ણિકા જવાનું હું ટાળતો હતો. (કેમ, તે અહીં નથી કહેતો.) આજે પણ મનમાં ઇચ્છા ઓછી ઓછી હતી ને અહીં અમને રોકી પાડ્યા અઘોરીઓની શોભાયાત્રાએ! 'શોભયાત્રા' કહું છું ત્યારે સહેજ મરકું છું કેમ કે બિહામણા ચહેરાવાળા અને ભૂત-પિશાચનાં મહોરાં પહેરેલા લોકો ઊંટ પર અને પગપાળા હતા એમાંના કેટલાક બિહામણું નૃત્ય કરતા હતા. એક મૃતદેહ અંતિમવિધિ માટે પસાર થઈ ગયો. જો કે અહીં એની નવાઈ નથી. મણિકર્ણિકા જે માટે જવાના હતા એ અહીં સામે આવી ગયું! એક જટાધારી અઘોરી સ્મશાનમાં મળે તો બેભાન કરી દે એવો અહીં ટોળામાં 'દૂરથી' દર્શન કરી લેવા જેવો છે... આ અઘોરીઓના મુખ્ય બાબા-ઓહો! સમશાનમાં રહે છે ને ખાઈ-પીને એયને મોટા બમ્બ દેખાય છે... ભક્તો ટપોટપ એમના પગમાં પડે છે ને એ ધબ્બો મારી 'ખેરિયત' પૂછે છે. આ સંઘ હરિશ્ચન્દ્ર ઘાટ જઈ રહ્યો છે. આ એક બીજો કટ શરૂ થયો. વીસેક જુવાન છોકરાઓના હાથમાં મહાકાય ડમરું છે. એમનો ડમરું વગાડવાનો ચોક્કસ લય છે. બન્ને હાથે ઊભાં ડમરું રાખી હાથને ચોક્કસ ગતિમાં હલાવી એ લોકો ધીમું - ધીમું ડમરુંવાદન કરે છે ને અચાનક એક જ સમયે, કોણ જાણે કોની સૂચનાથી એક ભયંકર ગતિથી મચી પડે છે. ડમરુંના એ સહિયારા અવાજનો અનુભવ હું તમને સંભળાવી નહીં શકું! છેક કૈલાસ પહોંચતો હોવો જોઈએ આ અવાજ! ઊંચી તાન માર્યા પછી ફરી ધીમે-ધીમે વાગે, ફરી એક ચોક્કસ થાપ પર ઊંચકાય. આ અવાજની એક છત્રી બની ગયેલી છે ને એની નીચે આખું સરઘસ સફેદ-રૂપેરી રંગ પરથી રંગાયેલું છે. અને... સફેદ-રૂપેરી રંગ, સ્મશાનની ચિતામાં બળેલી લાકડાં અને મડદાંની રાખ હતી એવી ખબર પડી ત્યારે સ્તબ્ધ- ચકિત- જે કહો તે થઈ જવાયું. કોથળા ભરી-ભરીને એ રૂપેરી રાખ આ આખાય સરઘસને જીવન-મૃત્યુના તાણેવાણે મઢી દેતી દેખાય. અઘોરી સંપ્રદાય દર હોળીએ હરિશ્ચન્દ્ર ઘાટ પર આવીને કોઈ વિધિ કરે છે. આ એનો ભાગ હતું! અમારા જેવા રસના ઘોરીઓને એમાં એક નિરાળો અનુભવ મળ્યો. DJ સાઉન્ડનો ઘોંઘાટ અને હાથમાં તલવાર લઈને નાચતા, માથા પર મોટાં મહોરાં પહેરનારા કલાકારોએ સહેજ જીવ ઊંચો પણ કરી દીધેલો કેમકે



હોળી ખેલે મસાને મેં

એમાંના એકે તલવાર વીંઝતાં વીંઝતાં અચાનક વિડિયો ઉતારતા આશિષની છાતી પર તલવારની અણી મૂકી દીધેલી! એના મોઢા પરનું બિહામણું મહોરું ક્લોઝ-અપમાં આવી ગયું છે! આશિષના ચહેરા પરનો ભાવ ઝીલવાનું કેમેરામેનના હાથમાં નહોતું કેમકે એય બી ગયો હતો!

હવે આ કટ ઘાટ પર પાછો આવ્યો છે. હરિશ્ચન્દ્ર ઘાટ પર એક એક ચિતા સળગી રહી છે. પેલી અસ્સી ઘાટ પરની ધુમ્મસનુમા સવાર અને આ હરિશ્ચન્દ્ર ઘાટ પર સ્મશાનની રૂપેરી રાખ ઉડાવેલી હોળીની ઉજાણીની બપોર આમ જુઓ તો અરધો કિલોમીટરના અંતરે જ હતાં. સળગતી ચિતાની બરાબર બાજુમાં જ જુવાનિયાઓ કોથળામાંથી રાખ ઉડાવી એક ભોજપુરી ગીત પર નાચવે ચડ્યા છે. ઘાટનાં પગથિયાં, આડી પડેલી બકરીઓ કટમાં આવી છે ને અમારો ભાઈબંધ આશિષ અહીં આ બાજુ એની મોજમાં નાચવા માંડ્યો છે. એના નર્તનમાં પણ બીજી ભાતનો લય છે. પછી એ અને જનક પેલા ટોળામાં નાચવા ગયા છે. આ લોકો જીવન-મૃત્યુ બન્નેનું નાચી રહ્યા છે. જનકે દક્ષિણભારતીય પરિધાન કર્યું છે. પોતડીમાં એ દક્ષિણભારતીય લાગે છે. અને આ એક હોડીવાળો હવે અમારા બેય નચવૈયાઓ સાથે ભળ્યો! એના બિહારી ઢંગની સાથે અમારા ગુજરાતી ઢંગની રાષ્ટ્રીય એકતા સધાઈ! ઓહ, આ હોડીવાળો જે આશિષની સાથે નાચે છે, એનો એક બીજો કટ મારી ગેલેરીમાં હતો એ યાદ આવ્યું! હરિશ્ચન્દ્ર ઘાટ પર આગલે દિવસે બપોરે અમે બેઠેલા એ વખતનો એક

કટ છે. જેમાં આ જ હોડીવાળો બિહારી પોતાના કોઈ સ્વજનની ચિતા સળગાવી, દારૂના નશામાં ને દુ:ખમાં ચકચૂર થઈ લથડિયાં ખાતો ને એને પોતાની છાતીએ ચાંપી, માથે હાથ ફેરવતો એનો કોઈ બીજો સાથી જે રીતે એને આશ્વાસન આપે છે. અને આવડો આ પેલી તરફ મારી ફ્રેમમાંથી બહાર નીકળી ગયો હતો ત્યાંથી જ પાછો એન્ટ્રી મારે છે. ગઈકાલની ઘટના જાણે બની જ નથી એમ આજે એ અમારા બેય ભાઈઓની સાથે નાચી રહ્યો છે. એની કમરના ઠૂમકા અને પગના ઠેકા સાથે આગલા દિવસના લથડતા લયનો કોઈ મેળ દેખીતી રીતે નથી જ! પણ એ જ તો લય નથી? ભડભડતી ચિતાની એકધારી હાજરીમાં ઊજવાતો આ જીવનરંગ આ કટમાંથી જુદા અકલ્પ્ય લોકમાં (અકલ્ટમાં) તાણી જાય છે!

આ દિવસોમાં આપણે સહુએ અનેક મણિકર્ણિકાઓ અને હરિશ્ચન્દ્ર ઘાટો અનુભવ્યા છે. મૃત્યુનો આવો સામૂહિક અને બિહામણા તાંડવ જેવો અનુભવ શિવજીના ડમરુંના પેલા સામૂહિક ઘોષની બાજુમાં મુકાય છે તો થડકી જવાય છે, ભડકી જવાય છે ને અકાટ્ય મૃત્યુની નરી-નરાતલ વાસ્તવિકતાને સ્વીકારીને ઊડતી ચિતાભસ્મથી શરીરને રંગવાની બનારસી-લીલા વળી અંદર એક હામ ઉગાડે છે! મન થોડું ભરાઈ આવ્યું એટલે એને બીજે વાળવા વળી એક કટ ખોલું છું:

સાંજે ફરી અસ્સી ઘાટ પર આખા બનારસની જુવાની હેલે ચડી હતી અને પેલી બપોરની વાસ્તવિકતાને નવી વાસ્તવિકતામાં પલટી નાખતી હતી. ક્રેઈન અને ટ્રોલીવાળા કેમેરા સાથે એ હાઈપ્રોફાઇલ હોળીમાં યુ.પી.બિહાર લૂંટવા આવેલી ગાયિકા અને 'હોરી ખેલે રઘુબીરા'-નબીરાઓ એટલા તો રંગે ભરાયા છે કે એમની મૂળ ઓળખ ખોઈ ચૂક્યા છે! એમાં આ અચાનક એક 'સારા જમાના... હસીનો કા દીવાના' ગીત પર ઝૂમતો ખરો પાગલ માથું ને પગ 'રોક' કરતો પસાર થયો ને એ સાચુકલા પાગલની હરીફાઈ કરતી બે યુવતીઓ પણ ઝિલાઈ છે!

નદી. તટ. નાવ. ઘાટ. યુવાનો. હું. રંગરંગ વાદળિયાં.

મસાણમાં હોળી રમવાની વાત સવારે અસ્સી ઘાટ પર ગવાતી હતી, બપોરે હરિશ્ચન્દ્ર ઘાટ પર રમાતી હતી, સાંજે ફરી અસ્સી પર અતરંગી ખેલ બતાવી અત્યારે જીવનઘાટ પર અનુભવાય છે! અસ્સીથી અસ્સી વાયા હરિશ્ચન્દ્ર ઘાટ આવતી આ કટ-કથા કાશીના ઘાટ પરથી નયન-ચિત્તના ચાકડે ચડી ને આમ અંતરઘાટ પર રમતી રહી ને મનમાં પેલી ગૂંજ અઘાટ ચાલતી રહી :

बम बम बोल रहा है काशी!
बमबमबमबम बोल रहा है काशी!!

❑❑❑



જ્ઞાની શ્રી ધીરજરામ શાસ્ત્રીજી અને વિજ્ઞાની ડો. પંકજ જોશી, ૧૯૭૧

જ્ઞાની અને વિજ્ઞાની

એક વૈશ્વિક સંવાદ

☐ ડો. પંકજ જોશી

૭. કરવાનું કરી લેજો!:

આ સઘળી વાતોના સંદર્ભે શાસ્ત્રીજીએ ત્યારે તેમના પોતાના જીવનની એક સત્ય ઘટના સંભળાવી. તેમના યુવાનીના દિવસોમાં તેમના ઘરે એક જ્યોતિષી આવેલા. આમતેમ વાત કરીને પછી તેમણે શાસ્ત્રીજીને ભારે ગંભીરતાથી કહ્યું કે તમારો જીવનકાળ ફક્ત છેતાલીસ વર્ષનો છે. તમે તમારા જીવનમાં જે કરવા માગતા હો તે જલદીથી કરી લેજો! ત્યારે શાસ્ત્રીજીએ તેને તરત જવાબ વાળ્યો કે મેં તો મારા જીવનમાં જે

કરવાનું છે તે પહેલા જ કરી લીધું છે, પણ તારી વાત ખોટી છે! તારી આ ગણતરી યોગ્ય નથી.

જો કે આ બધું જે બન્યું તે પરિવારના કેટલાક સભ્યો અને તેમનાં પત્નીએ પણ સાંભળ્યું હતું, અને ત્યાં કચવાટ સર્જાયો. દરેક જણ એકદમ ડરી ગયા! શાસ્ત્રીજીએ પોતાનાં પત્નીને સમજાવ્યું કે તું ચિંતા કરીશ નહિ, એવું હોય તો હું તને કહું ને! પણ પત્ની તો એમાં કંઈ માન્યાં નહીં. કહે કે કેટલીક વાત તો તમે મારાથી છુપાવો જ ને! છેવટે શાસ્ત્રીજીએ તેમના પોતાના એક વયોવૃદ્ધ મહાપુરુષ, જે વડોદરામાં એ સમયે શાસ્ત્રીજીના પદે હતા, તેમને પત્ર લખ્યો કે આવો પ્રશ્ન ઊભો થયો છે. ત્યારે તેમણે એમ કહીને પાછું લખ્યું કે તમારું આયુષ્ય એંશી વર્ષથી ઉપર છે. આખરે ત્યારે જ કુટુંબમાં શાંતિ પાછી આવી! આ બધી વાત કરીને છેવટે શાસ્ત્રીજી બોલ્યા કે આજે તો હવે એ સમય પણ પસાર થઈ ગયો છે!

મારો શાસ્ત્રીજી સાથેનો સંપર્ક ઘણાં વર્ષ રહ્યો, જે ૧૯૭૧ની સાલથી શરૂ કરીને તેમણે ૧૯૯૧માં એકાણું વર્ષની ઉંમરે દેહ છોડ્યા પર્યન્ત બે દાયકાઓ જેવો સમય ચાલતો રહ્યો. તેમાં એક ઘણી રસપ્રદ વાત એ હતી કે આ એક પ્રસંગ સિવાય જ્યોતિષ વિષયક અને એવી બધી કોઈ વાત અમારા વચ્ચે ક્યારેય થઈ નથી. હંમેશાં તત્ત્વચર્ચા અને વિશાળ ફલક પર જ અમારું ધ્યાન રહેતું. અન્ય વાતો કે મુદ્દાઓ પર ચર્ચાઓ કરવાનો કદી સમય જ નહોતો. મારા બ્રહ્માંડ વિશેના પ્રશ્નો એટલા બધા હતા કે તેમનો સઘળો સમય એ બધામાં જ જતો!

૮. વિધિ-વિધાન-કર્મકાંડ:

ભારત દેશમાં એકદમ પશ્ચિમમાં ગુજરાત પ્રદેશ અને તેમાં પણ વળી પશ્ચિમમાં જઈએ એટલે જેનો અતિ પ્રાચીન ઇતિહાસ છે એવો સૌરાષ્ટ્ર પ્રદેશ આવે. આ સૌરાષ્ટ્રની સરહદો દરિયાથી ઘેરાયેલી છે અને પ્રાચીન સમયમાં તેનાં અનેક સમૃદ્ધ બંદરો પરથી દેશ, પરદેશ વ્યાપાર થતો.

આજે તો સૌરાષ્ટ્ર અને એ દરિયા કિનારો પણ વિશેષ પ્રવૃત્તિશીલ બનવા લાગ્યા છે, પરંતુ જ્યારે હું શાસ્ત્રીજીને મળવા નીકળી પડતો ત્યારે તો આ સ્થળો અને એ બધો પ્રદેશ ઘણો શાંત અને સુષુપ્ત હતો. શાસ્ત્રીજી રાજુલા ગામે રહેતા હતા, જે રાજુલા સીટી તરીકે પણ જાણીતું હતું. તેમાં ગામની બરાબર વચ્ચે, મોટી બજારમાં તેમનું ઘર હતું, જે 'શારદાશ્રમ' તરીકે જાણીતું હતું.

મારી આવી એક મુલાકાત દરમિયાન સાંજ પડતાં શાસ્ત્રીજી બોલ્યા:

"ચાલો આજે નદી પાર કરીને ગામ બહાર આવેલા સંન્યાસ આશ્રમે જઈ આવીએ. એક સારા મહાત્મા ત્યાં આવ્યા છે. આપણે થોડું ફરવાનું થશે

અને સાથે તેમનાં દર્શન અને મુલાકાત પણ થઈ જશે.''

અમે શાંતિથી ચાલતાં સુકાયેલી નદીનો રેતીવાળો પટ પાર કરીને સંન્યાસ આશ્રમ પહોંચી ગયા. ત્યાં આવેલા સંન્યાસી અમને જોઈને ખુશ થયા. મને નીચે બેઠેલા એક-બે મુલાકાતીઓ સાથે બેસવાનું કહી શાસ્ત્રીજીને તેમણે કહ્યું કે આપ તો અહીં મારી બાજુમાં જ બેસો. આપનાં વસ્ત્રો ભલે શ્વેત હોય, પરંતુ આપના જ્ઞાનનો રંગ તો મારા ભગવાં કપડાંથી પણ વધુ અધિક ભગવો છે!

૯. બાહ્યાચાર:

હવે બધામાં સૌથી ઓછી ઉંમરનો અને સાવ છોકરડા જેવો તો હું એક જ ત્યાં હતો. આથી થોડી સત્સંગની વાતો કરી પછી સંન્યાસીજીએ મને કેટલોક ઉપદેશ આપવાનું શરૂ કર્યું. આ બધા ઉપદેશમાં મોટાભાગની વાત એવી હતી કે સવારે ઊઠીને સૂર્યનારાયણને પ્રણામ કરવા, પછી માતા-પિતાને પગે લાગવું, એ પછી બેસીને સ્નાન-સંધ્યા અને પૂજા કરવાં, એ પૂજા કેવી રીતે કરવી એવી બધી અનેક વાતો સ્વામીજી મને કરવા લાગ્યા. ઘણો બધો ભાર દઈને, અને આ બધું કરવું અનિવાર્ય છે તેવું વજન દઈને. આ બધી વાતો મોટાભાગની શું કરવું અને શું ન કરવું એ પ્રકારના બહારના વર્તનની હતી.

પછી થોડીવારે સંધ્યાકાળ થઈ જતાં અમે પાછા ફરવા નીકળ્યા અને ત્યારે ચાલતાં ચાલતાં શાસ્ત્રીજી મને કહેવા લાગ્યા:

''સંન્યાસીએ જે બધું કહ્યું અને તેં સાંભળ્યું એ સારી વાત છે. પરંતુ આવી બધી ચિંતા બહુ કરીશ નહિ. એ યાદ રાખવું કે આ બધી વાતો છેવટે તો બહારનો એક આચાર છે. એમાંથી જે ગમે તે અને કરવું હોય તે કરવું, પરંતુ કેવળ તેમાં ફસાઈ જવું નહીં. ઘણીવાર એવું થતું હોય છે કે મૂળ વાત અને તત્ત્વ ભુલાઈ જાય. જે તત્ત્વ પ્રાપ્તિ કરવાની વાત છે એ એક બાજુએ રહી જાય અને માત્ર વિધિ- વિધાનમાં જ વ્યક્તિ ફસાઈ રહે છે.''

આ રીતે તેઓ કંઈક એવું કહેતા હતા કે કોઈપણ બહારનો આચાર કે વિધિઓ એ સઘળું છેવટે તો કેવળ તત્ત્વની પ્રાપ્તિ માટે જ હોય છે. એનાથી સ્વતંત્ર એ બધાનું કોઈ મહત્ત્વ નથી. વળી અલગ અલગ જગ્યાએ, વિવિધ ધર્મો કે સંપ્રદાયોના લોકો જુદાં જુદાં વિધિ અને વિધાન બતાવતા હોય છે. જેમકે કોઈ કહે છે રોજ મંદિરે દર્શન કરવા જાઓ, કોઈ કહે છે દાન કરો, વળી બીજા કંઈક બીજું બતાવે છે. આ બધામાં વધારે પડતું ઊંડા ઊતરવાની જરૂર નથી તેમ શાસ્ત્રીજીએ વાત કરી. પોતપોતાની અભિરુચિ પ્રમાણે નાનું-મોટું આવું કંઈ પોતાના સંતોષ માટે કરો એ જુદી વાત છે, પણ તત્ત્વ ભૂલીને થતો બાહ્યાચાર તે નકામી વાત છે, જેમાં

જીવનનો કિંમતી સમય ચાલ્યો જાય છે.

૧૦. પાયાની વાત-- તત્ત્વદૃષ્ટિ:

આવા અન્ય એક પ્રસંગે મેં તેમને પૂછેલું કે સંધ્યા-વંદન કરવાં એ આવશ્યક છે? ત્યારે શાસ્ત્રીજીએ સુંદર પ્રત્યુત્તર આપ્યો હતો. તેમણે કહ્યું કે અવશ્ય સંધ્યા કરવી એ જરૂરી છે, અને તને કોઈ પૂછે તો જરૂર કહેજે કે હું એ નિયમિત કરું છું. તને કરવા આપેલો અભ્યાસ એ સંધ્યા નહીં તો બીજું શું છે? આમ, તેમણે 'સંધ્યા'ની વ્યાખ્યા જ વ્યાપક કરી દીધી! બાહ્યાચારથી ઉપર ઊઠી તત્ત્વને પકડવાની વાત, ત્યાં દૃષ્ટિ સ્થિર કરવાની વાત હંમેશાં શાસ્ત્રીજી પાસેથી મળતી.

અહીંયાં એક ઘણી રસપ્રદ અને નોંધવા જેવી બાબત આવે છે. આ સંધ્યા કરવા અંગેનો પ્રશ્ન મેં શાસ્ત્રીજીને બહુ શરૂઆતમાં, સંન્યાસીના પ્રસંગના અરસામાં કરેલો. તેમણે જે જવાબ આપ્યો તેની આપણે વાત કરી, પણ પછી આ જ સવાલ મેં ફરી થોડાં વર્ષોના અંતર પછી તેમને કરેલો. આમ તો આગળના આ વિશેના સવાલ-જવાબ મને બરાબર યાદ હતા. અને તે મેં લખી પણ રાખેલા, પણ મને થયું ચાલો ફરીવાર પૂછીને પાકું કરીએ, કદાચ બાપાના વિચાર બદલાયા હોય તો! અને ત્યારે જે અદ્ભુત વસ્તુ બની તે એવી હતી કે તેમણે જે જવાબ ફરી આપ્યો તે બરાબર એ જ હતો એમાં તસુભારનો પણ ફરક નહોતો. એટલે કે વર્ષો પછી પણ એનો એ જ જવાબ મળ્યો! મેં આગળની વાત નોંધપોથીમાં લખી રાખેલી હોવાથી તેની ચોકસાઈ કરીને હું તો ભારે આશ્ચર્યમાં ડૂબી ગયો. આ તો શબ્દેશબ્દ લગભગ સમાન આવે છે! મારા માટે આ વાત ચમત્કારથી જરાય ઓછી ન હતી, કારણ કે હું અનેક મોટા માણસોને મળ્યો છું અને તેમને એક જ મુદ્દા વિશે જુદા જુદા પ્રસંગે જુદી-જુદી વાતો અથવા અભિપ્રાય આપતા જોયા છે!

હવે આ વાતની મેં શાસ્ત્રીજીને યાદ આપી અને કહ્યું,

''કેટલાંક વર્ષો પહેલાં પણ મારા આ પ્રશ્નનો આપે બરાબર આ જ જવાબ આપેલો!''

મેં આવું કહ્યું ત્યારે તેમણે જરા હસીને એક અદ્ભુત વાત કરી અને કહ્યું,

''જે ઉત્તર આવે છે એ તો સત્યમાંથી અને તત્ત્વમાંથી આવે છે. હવે તેને સમયની સાથે શો સંબંધ? સત્ય તો અકાલ છે, સમયથી નિરપેક્ષ છે અને આથી સ્વાભાવિક રીતે જ ઉત્તરમાં કંઈ ફેરફાર કે પરિવર્તન થાય નહીં!''

૧૧. રક્ષણ રાખવાં!:

આ સાથે જ બીજી એક વાત એ પણ હતી કે ક્રિયા-કાંડ ભલે ન હોય, બાહ્ય ક્રિયાઓને ભલે એટલું મહત્ત્વ ન આપીએ, પરંતુ જીવનમાં તેઓ જીવન

જીવવાની પદ્ધતિ અને સાવધાનીને ઘણું અને વિશેષ મહત્ત્વ આપતા હતા. મને યાદ છે કે એકાદ પ્રસંગે ગમે તે અથવા ગમે તેવાં કપડાં પહેરવાની કે બીજી વાળ કપાવવાની કે એવી કોઈ વાત કે ઘટના હતી, તો તેમાં શાસ્ત્રીજીએ પોતાની સહજ અભિવ્યક્તિ એક જ વાક્યમાં દર્શાવી અને કહ્યું,

''એની શું જરૂર હતી? કેટલાંક રક્ષણ તો રાખવાં જોઈએ!''

કોઈ પણ ઉત્તમ ધ્યેયની સિદ્ધિ માટે આ ઘણી આવશ્યક સૂચના છે!

આ વાત શ્રી રામકૃષ્ણ પરમહંસ ઘણીવાર કહેતા તેની યાદી આપી જાય છે. રામકૃષ્ણ કહેતા કે ભલે મોટું વડલાનું વૃક્ષ હોય પણ જ્યારે તે ઊગતું હોય અને નાનું હોય ત્યારે તો તેની આસપાસ વાડ વગેરે કરીને એને પૂરું રક્ષણ આપવું જોઈએ. જો એવું ન કરીએ તો કોઈ ઘેટાં બકરાં તેને તરત ચાવી જાય અને બધા પ્રયત્ન નકામા થાય. પણ એક વાર તે ઝાડ મોટું થઈ જાય પછી તો કોઈ ચિંતા નહિ, તેને કોઈ રક્ષણની જરૂર નહીં, અને એ જ ગાય, ઘેટાં, બકરાં તેની નીચે શીતળ છાયામાં નિરાંતે બેસીને આરામ પણ કરે!

આમ એમની વાતમાં બે અગત્યના મુદ્દાઓ આવે છે. એક તો બહારના આચારમાં વધુ પડતું ફસાઈ ન જવું, પરંતુ આ સાથે જ જીવનના યોગ્ય વિકાસ માટે, તે ગમે તે દિશામાં વહી ન જાય એ માટે યોગ્ય સંતુલન પણ રાખવું, આ બંને જરૂરી વાત.

આ રીતે, જીવન વિકાસ માટે જે સાવધાની રાખવી જોઈએ તેના પર શાસ્ત્રીજી અવારનવાર ભાર આપતા. જુદાં જુદાં વિધિ-વિધાનો અને કર્મકાંડો માટે તો તેમનું કહેવું એવું હતું કે માણસ પછી એની એક ટેવ પાડી બેસે છે, પછી એ આદતનો ગુલામ બની જીવનનો મૂળ હેતુ, મૂળ ધ્યેય ભૂલી જાય છે. ત્યારે પછી કેવળ બહારના આચારમાં સંતોષ માની લઈને જીવનનો મહત્ત્વનો સમય પસાર થઈ જાય છે.

આ બધી વાત થતાં અમીર ખુસરોની એક સૂફી રચનાની મઝાની પંક્તિઓ સહજ યાદ આવી જાય છે, ''છાપ, તિલક સબ છીની રે, મો સે નૈના મિલાઈ કે... પ્રેમ, ભગતી કે મદવા પિલાઈ કે...'' તેમાં પણ વાત એ જ આવે છે કે એકવાર ધ્યેય તરફનો શુદ્ધ પ્રેમ, સમજણ અને ભાવ જાગી જાય તે પછી કોઈ વિધિ-વિધાન-કર્મકાંડનું મહત્ત્વ રહેતું નથી. છાપ-તિલક આ તો બધાં ઘણાં પ્રાથમિક સાધન છે, તેમાં કેવળ ફસાઈને કિંમતી જીવન પસાર કરી દેવાનું નથી, મૂળ ધ્યેય ભૂલવાનું નથી!

આપણે ત્યાં પણ આ જ વાત ફરી ફરી અનેકવાર કહેવાઈ છે. કવિ કહે છે, 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ, તુલસી દેખી તોડે

પાન, પાણી દેખી કરે સ્નાન!' આવી જ છાપ-તિલકની વાત અખો ભગત પણ કરે છે, 'તિલક કરતાં ત્રેપન ગયાં, જપમાળાનાં નાકાં ગયાં, તીરથ ફરી ફરી થાક્યાં ચરણ, તોય ન પહોંચ્યો હરિને શરણ'.

આપણને અહીંયાં સ્વાભાવિક પ્રશ્ન થાય કે આટઆટલા પ્રયત્ન કર્યા છતાં, 'હરિને શરણ', કે જે મૂળ ધ્યેય છે, ત્યાં કેમ ન પહોંચાયું? તો એનો ઉત્તર સરળ છે. એકવાર બરાબર કર્મકાંડમાં પડ્યા એટલે પછી 'હરિ'નું ધ્યેય ભુલાયું, અને 'કર્મકાંડ' એ પોતે જ મુખ્ય ધ્યેય બની ગયું! પછી એ વિધિ- વિધાનો પણ એક અહંકાર આપે છે, અને તેમાંથી એક વ્યર્થ સંતોષ જેવી લાગણી પણ ઊભી થાય છે. છેવટે જીવન તો આમ જ પસાર થઈ જાય છે. અંતે ખબર પડે કે આનાથી તો કંઈ મળ્યું નથી, ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હોય છે.

તો કરવાનું શું છે? એક જ વાત કરવાની છે કે, 'દધી મથી ઘૃત કાઢી લિયો, ડાર દેઇ છોરી'. પરિશ્રમ કરીને, પુરુષાર્થ કરીને મૂળ તત્ત્વ મેળવી લેવાનું છે, પછી વિધિવિધાન રૂપી બચેલી છાશનું કોઈ મોટું મહત્ત્વ નથી. વળી એ કાર્ય કર્યા સિવાય બીજી નકામી બાબતોમાં જો જીવન પસાર થઈ જાય તો તેના જેવી મોટી ખોટ બીજી કોઈ નથી!

❑❑❑

ડો. શુમાકરનું 'સ્મોલ ઈઝ બ્યુટિફૂલ' લગભગ અરધું વાંચીને ગયેલો ગાંધીજીએ રસ્કિનની પ્રેરણા નીચે અર્થશાસ્ત્ર વિષયક જે પ્રતિપાદનો કર્યાં છે તેમાં તેમની દલીલો નીતિશાસ્ત્રના આધાર પર કરેલી છે. રસ્કિને પણ પ્રધાનતઃ એ જ ભૂમિકાએ. શુમાખર એ વાત અર્થશાસ્ત્ર અને ઈકોલોજીની દૃષ્ટિએ બુદ્ધિયુક્ત રીતે 'નાનકડું તે રૂપાળું' પુસ્તકમાં સિદ્ધ કરી છે. પુસ્તક જુદાં જુદાં વ્યાખ્યાનોને આધારે લખેલ છે એટલે જોઈએ તેટલું સુગ્રથિત નથી. પણ. આરંભનાં પ્રકરણો. અત્યંત વિશદ અને મૌલિક છે. મને વિશેષ ગમ્યું તેનું કારણ એ પણ ખરું કે તેમણે ટોલ્સ્ટોયનો જે ફકરો પોતાના વિધાનના પ્રવેશક તરીકે ટાંક્યો છે તેની મારા પર 'ત્યારે કરીશું શું?' વાંચતાં ભારે અસર થયેલી.

- મનુભાઈ પંચોળી 'દર્શક', 'દેશવિદેશે'માંથી સાભાર

* * *

'મિત્ર બનાવવા જહેમત માગી લે છે, પણ શત્રુઓ સામે ચાલીને મળશે.'

- યહૂદી કહેવત



એક સાઇકિએટ્રિસ્ટની ડાયરી-૧૦

☐ ડૉ. આનંદ નાડકર્ણી ☐ અનુ.: અમી ભાયાણી, ડૉ. શેફાલી થાણાવાલા

દેવી-દેવતા - શરીરનાં અને મનનાં

દસેક વર્ષ પહેલાંની વાત છે. એમ.બી.બી.એસ. પૂરું થયા પછી ઇન્ટર્નશીપના ગાળામાં હું ધૂળે જિલ્લાના એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કામ કરતો હતો. એક સાંજે હું અને મારો એક સહકર્મચારી ક્વાર્ટરના આંગણમાં ખાટલો ઢાળીને હવા ખાતા બેઠા હતા, ત્યાં અચાનક વૉર્ડબૉય દોડતો આવ્યો. કહે, જલદી ચાલો. સેન્ટરના મકાનમાં પહોંચીને જોયું તો પચીસ-ત્રીસ સ્ત્રી-પુરુષોનું ટોળું. એમાંનો એક જણ આગળ આવ્યો અને કહ્યું, "જલદી આવો ડૉક્ટર, પેલીને જરા જુઓ અને તમને યોગ્ય લાગે તે સ્ટેટમેન્ટ આપો." અમારી પાછળ એ ટોળું દરવાજા સુધી આવ્યું અને ત્યાં જ અટકી ગયું. વીસેક વર્ષની વિખરાયેલા

વાળવાળી, ગોબરી સ્ત્રી એ ઓરડામાં ધૂણી રહી હતી. એના 'હૂ... હૂ' ના અવાજમાં એક સરસ તાલ હતો.

તકલીફ એ હતી કે આ છોકરીને (પેલા આગળ આવેલા ગૃહસ્થની પત્ની) દર અમાસે શરીરમાં માતાજી આવતાં. પૂજા-નૈવેદ્ય કર્યાં પછી ચૂપચાપ નીકળી જતાં. પણ આ વખતે કોણ જાણે કેમ, ચોવીસ કલાક થઈ ગયા તોય માતાજી જવા જ તૈયાર નહોતાં. બધા જ પ્રયત્નો વ્યર્થ ગયા પછી, છેવટે કોઈને ડૉક્ટર પાસે જવાનું સૂઝયું.

મેં અને મારા સહકર્મીએ દરવાજો બંધ કર્યો કે એ વધુ જોરથી ધૂણવા લાગી. એનું ધ્યાન અમારી તરફ જ હતું. હું એની પાસે ગયો તો એ ખૂબ જ તેજ ગતિમાં ધૂણવા લાગી. મેં તેને દબડાવતાં કહ્યું, "બાઈ, હવે બંધ કરે છે કે એક લગાવી દઉં?" (અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિના અમારા એક મિત્ર આને ઝાપટમાર ટેક્નિક કહે છે. અલબત્ત, ત્યારે આ નામની ખબર નહોતી.) મેં હાથ ઉગામ્યો અને એ જ સમયે ઈથરમાં બોળેલું રૂનું પૂમડું સહકર્મીએ એના નાક પર ધર્યું. 'હિસ્ટેરિકલ ટ્રાન્સ'માંથી બહાર કાઢવા માટે ઈથરની ઉગ્ર ગંધ સારી કામમાં આવે છે. બે-ત્રણ શ્વાસમાં જ તે એકદમ શક્તિપાત થયો હોય તેમ પલંગ પર ફસડાઈ પડી. ઓરડીનો દરવાજો ખોલીને હું વિજયી મુદ્રામાં બહાર આવ્યો. "માતાજી ફરી પોતાના ઘરે સિધાવ્યાં છે." પત્રકાર પરિષદમાં જાહેરાત કરતો હોય તેમ મારા સહકર્મીએ જાહેર કર્યું.

શરીરમાં માતાજી આવવાં એ બાબત આમ તો ખૂબ જ નાટકીય છે. આને તકનીકી ભાષામાં 'પઝેશન સિન્ડ્રોમ' અથવા તો 'કલ્ચર ઇન્ડયૂસ્ડ સ્ટેટસ' કહેવાય. વ્યક્તિની આસપાસનું વાતાવરણ તથા તેના સાંસ્કૃતિક તાંતણા આમાં ખૂબ મહત્ત્વના છે. એટલે કે, મોરોક્કોમાં રહેતા માણસના શરીરમાં માતાજી નથી આવતાં અથવા તો ઝાંબિયાની છોકરીને ક્યારેય પીપળાનું ભૂત વળગતું નથી.

વિશિષ્ટ સાંસ્કૃતિક વાતાવરણમાં રહેનાર વ્યક્તિનો ધાર્મિક કર્મકાંડમાં વિશ્વાસ હોવો એ પણ એક જરૂરી પરિબળ છે. એકાદા નાસ્તિકના શરીરમાં ભાગ્યે જ માતાજી આવે છે.

એના પછીનું મુખ્ય પરિબળ, વ્યક્તિ સ્ત્રી છે કે પુરુષ એ છે. શરીરમાં માતાજી આવવાનું પ્રમાણ પુરુષો કરતાં સ્ત્રીઓમાં વધારે હોય છે અને ગ્રામીણ સ્ત્રીઓમાં શહેરની સ્ત્રીઓ કરતાં વધારે હોય છે. ગ્રામીણ સ્ત્રી એક તો શિક્ષણથી વંચિત, પરંપરાના બોજ નીચે દબાયેલી, વળી એનાં સુખ:દુ:ખ વહેંચી શકવા માટે પણ કોઈ માર્ગ નહીં. આવી વ્યક્તિઓમાં શ્રદ્ધા-અંધશ્રદ્ધા વચ્ચેની પાતળી ભેદરેખા ઝાંખી થતી જાય છે.

ઘણી વાર આવી વ્યક્તિના અંતરમનના બધા જ સંઘર્ષ અનાવૃત્ત

થઈને બહાર આવવા માટે, અમુક મહત્ત્વના ધાર્મિક દિવસો, દેવીઓના વાર અથવા તો માતાજીની યાત્રા, ઉત્સવો, ઘરમાં રાખેલી પૂજા વગેરે કારણભૂત થાય છે. અમુક સ્ત્રીઓ એવી પણ જોવા મળે કે ફક્ત નવરાત્રિ જેવા ઉત્સવો દરમિયાન વર્ષમાં એકાદ બે વાર જ શરીરમાં માતાજી આવે. મનની બધી જ ભડાશ નીકળી જાય એટલે તેઓ ફરી પાછાં વર્ષ આખાના તણાવ પચવવા તૈયાર થઈ જાય. ઉત્સવો દરમિયાન અથવા તો પૂજા વખતે માતાજી આવવાનું પ્રમાણ વધી જાય એનું પણ કારણ છે.

આપણે ત્યાંનાં પ્રાચીન મંદિરોનાં સ્થાપત્ય વિશે વિચારી જુઓ. ગર્ભસ્થાન હંમેશાં જ અંધકાર તથા ઊંડાણની પ્રતીતિ કરાવનાર હોય છે. દીવડાંની જ્યોતના પ્રકાશમાં તો એ અંધકારને એક અનોખું એવું પોત પ્રાપ્ત થાય છે. સ્થાપત્ય એવું હોય છે કે માણસનું બધું ધ્યાન મૂર્તિ પર કેન્દ્રિત થાય. એટલે મન એકાગ્ર કરવા માટે એક સ્થિર બિંદુ હોય છે. એ જ સમય દરમ્યાન જ્ઞાનેન્દ્રિયો પર અફળાઈને સંવેદના ઉત્પન્ન કરનાર વસ્તુઓની યાદી બનાવીએ. ઘંટ, ઢોલ, આરતી, ઝાંઝ વગેરેનો એકધારો (મોનોટોનસ) પણ મોટો અવાજ, દેહ પર ધસી આવતાં ધ્વનિ અને તાલ... નજર સમક્ષ ફૂલોના રંગોમાંથી ઊપસી આવતું કોલાજ જેવું ચિત્ર. એ વાતાવરણમાં પ્રસરેલી ધૂપસળી તેમ જ કપૂરની સુગંધ... ધાર્મિક અંત:કરણ, ઈશ્વર સાથે ઐક્ય સાધવાની આંતરિક ઇચ્છા... આ બધાંના પરિણામ સ્વરૂપ, વ્યક્તિ એક વિશિષ્ટ જાગૃતાવસ્થામાં પ્રવેશે છે. આને 'ઑલ્ટર્ડ સ્ટેટ ઑફ કૉન્શિયસનેસ' કહેવાય. આવી અવસ્થામાં આંતરિક સંઘર્ષ અને ધરબાયેલી લાગણીઓ નિર્બંધ રીતે તથા મુક્તપણે બહાર આવે છે અને માનસિક શક્તિનો વિસ્ફોટ થાય છે; અને એટલે જ આમાંથી બહાર આવ્યા પછી માણસને ભયંકર થાક અને નબળાઈનો અનુભવ થાય છે.

ક્યારેક ક્યારેક માનસિક સંઘર્ષ અને તેમાંથી ઉદ્ભવતી અતૃપ્ત ઇચ્છાઓ વ્યક્ત કરવા માટે આ અવસ્થાનો ગેરલાભ લેવામાં આવે છે. આવે વખતે એ વ્યક્તિને સારવારની જરૂર હોય છે. ઝાપટમાર ટેક્નિક પછી એ છોકરી સાજી થઈ ગઈ. ત્યાર પછી જ્યારે મેં તેની અને તેના ઘરના લોકો સાથે વાત કરી ત્યારે ખબર પડી કે લગ્ન પછી એને એનાં સાસરિયાં ખૂબ ત્રાસ આપતાં. એને ક્યારેય પૂરતો શારીરિક કે માનસિક આરામ મળતો નહીં. એના વરનો સ્વભાવ પણ અતિશય ગુસ્સાવાળો અને કઠોર. પણ જ્યારથી એના દેહમાં સાસરાની કુળદેવીનો પ્રવેશ થયો તે દિવસથી આખી બાજી જ પલટાઈ ગઈ. તેને હવે 'ભાગ્યશાળી વહુ'નું બિરુદ મળ્યું. બધાનો એના તરફનો દૃષ્ટિકોણ બદલાયો અને દર

અમાસે તેનામાં માતાજી આવવાનું શરૂ થયું. હવે આ વખતે આ પ્રકરણ કેમ લંબાયું એનો જવાબ શોધવાનું બાકી હતું. એ સમયે અલબત્ત, મનોવિજ્ઞાન હજી એટલું પ્રચલિત નહોતું. એટલે એ વાત ત્યાં જ પડતી મુકાઈ.

આગળ ઉપર મનોવિકારશાસ્ત્રના શિક્ષણ દરમિયાન આવો જ એક માતાજી આવવાનો 'લંબાયેલો' કેસ આવ્યો. એ છોકરીને અમે સાજી કરી અને પછી એને નસ વાટે ઇન્જેક્શન આપીને 'રાસાયણિક સંમોહન' (કેમિકલ હિપ્નોસિસ)ની અવસ્થામાં લઈ ગયા. આ ટેક્નિક 'પેંટોથાલા ઇન્ટરવ્યુ' કહે છે. ત્યારે આ લંબાયેલ અવસ્થાનું સ્ત્રીસહજ એવું એક કારણ હાથ લાગ્યું. એકદમ જાગૃતાવસ્થા પણ નહીં અને સાવ નિદ્રાવસ્થા પણ નહીં, એવી વચ્ચેની સ્થિતિમાં ઝોલાં ખાતી તે બોલી, "આ વખતની સાડી બહુ મોંઘામાંની નહોતી...." દર વખતે સાડી-બ્લાઉઝ આપીને એનો ખોળો ભરવામાં આવતો. આ વખતે આપેલી સાડી તેની પસંદગીમાં ખરી ન ઊતરી. આમાં સાડી કે ભેટ કરતાં 'માન' વધારે મહત્ત્વનું છે. માન ઓછું થવું એટલે મહત્ત્વ ઓછું થવું એટલે કે મૂળ ઉદ્દેશ પર જ પ્રહાર થવો!

મનમાં ધરબાયેલી સુષુપ્ત ઇચ્છાઓ પૂરી કરવા માટે ક્યારેક 'માતાજી આવવાં' એ શસ્ત્રનો ઉપયોગ કરવામાં આવે છે. એક કેસમાં જ્યાં સુધી સાસુ ખોળો ભરી વહુને પગે ન લાગે ત્યાં સુધી માતાજી દેહમાંથી વિદાય થવાનું નામ ન લે. આવા પ્રસંગો માનવીય સંબંધો વિશે ઘણું શીખવી જતા હોય છે. અહીં વહુને એક સંતોષ થતો કે મેં સાસુને 'નમાવી' અને સાસુને થતું, "હું કંઈ એના પગે નથી પડતી, હું તો માતાજીને પગે લાગું છું..." આ રીતે બન્નેનું આત્મસન્માન જળવાઈ રહેતું.

આ તો થઈ અંતરમનની વાતો. પણ કોઈ કોઈ વાર તો જાગ્રત મનની ઇચ્છાઓ પૂરી કરવા માટે દેવી-દેવતાઓનો હેતુપૂર્વક 'ઉપયોગ' કરવામાં આવે છે. આવા કિસ્સાઓમાં 'ઝાપટમાર ટેક્નિક'ના વપરાશથી તત્કાળ ફળ મળે છે.

કેટલાંક વર્ષ પહેલાં બે દેવીઓ વચ્ચેની લડાઈની એક કથાનો હું સાક્ષી થયો હતો. થયું'તું એવું કે કે.ઈ.એમ.ના અમારા વૉર્ડમાં 'એકવીરા' દેવીનો પ્રવેશ જેનામાં થતો એવી એક છોકરી ઍડ્મિટ થઈ હતી. એટલે કે એના વિસ્તારના એક સામાજિક કાર્યકર્તાએ તેને ઍડ્મિટ થવાની ફરજ પાડી હતી. અઢાર વર્ષની આ છોકરી અને તેની બહેનપણી બન્ને એમની વસતીના એક જ યુવાનના પ્રેમમાં પડી. એના પર 'ઇમ્પ્રેશન' જમાવવા બન્ને વચ્ચે એકદમ ફિલ્મી સ્ટાઈલમાં ખેંચતાણ શરૂ થઈ. પહેલાં એ બીજી છોકરીને ખબર પડી કે એ છોકરો ખૂબ આસ્તિક અને દેવભીરુ

છે. હાલમાં સંતોષીમાતા ખૂબ લોકપ્રિય દેવી હોવાને કારણે એણે પહેલાં તો એ માતાનું વ્રત શરૂ કર્યું. એ છોકરાને તથા એના ઘરનાંઓને ખાસ પૂજામાં બોલાવ્યાં અને શરીરમાં માતાજી પ્રવેશાવવાનું મુહૂર્ત કર્યું.

હવે પેલી બીજી પ્રેમિકા માટે એની આ ચાલનો પ્રત્યુત્તર આપવો ખૂબ જરૂરી થઈ પડ્યો. તેણે શોધી કાઢેલી યુક્તિ ખૂબ સહેલી પણ અસરકારક હતી. કારણ 'એકવીરા' પેલા છોકરાની કુળદેવી હતી. કાળક્રમે 'એકવીરા' દેવી તેના દેહમાં વસી ગઈ. એ બહાને એણે એ છોકરા સાથે એકવીરા દેવીના દર્શનાર્થે છેક કાલરા સુધીની જાત્રા કરવાની તક ઝડપી લીધી. પછી તો તેના શરીરમાં માતાજી ત્યારે જ આવતાં જ્યારે તેને લાગતું કે એ છોકરો પેલી 'સંતોષીમાતા' આવનાર છોકરી તરફ વધારે ધ્યાન આપે છે. ટૂંકમાં કહીએ તો, દેવી-દેવતાઓને કેવાં કેવાં કામ કરવા માટે ફરજ પાડવામાં આવે છે!

'માતાજી આવવાં' અને 'હું જ દેવી છું એવું માનવું' એ બન્ને વચ્ચેનો ભેદ પણ સમજી લેવો જોઈએ. પહેલી સ્થિતિ એક વિશિષ્ટ પ્રકારની જાગૃતાવસ્થા (સ્ટેટ) છે, જ્યારે બીજો પ્રકાર એક વિચાર છે. હું દેવી છું એવું સમજીને જો કોઈ વ્યક્તિ વર્તતી હોય તો એ વ્યક્તિના વિચારમાં કંઈક ખામી છે.

તો ક્યારેક અચાનક દેખા દેનારી અમુક માનસિક બીમારીને દૈવી કોપ માની લેવાય છે. દૈવી કોપ, દુષ્ટ શક્તિની કરણી, ભૂતપિશાચ આ બધાંનો સમાવેશ કરતો એક શબ્દ છે, 'બહારનું કંઈક.' ઘણી વખત આવા દર્દીના સંબંધીઓ મને કહેતા હોય છે, "ડૉક્ટર, બહારનું કંઈ તો નથી ને એ તપાસ કરાવી લીધી, પછી તમારી પાસે આવ્યા." સારી 'ક્લિનિકલ સેન્સ' ધરાવતા માંત્રિકોને પણ પોતાની ક્ષમતા બહારના દર્દીઓને નિષ્ઠાપૂર્વક ડૉક્ટર પાસે મોકલાવતાં મેં જોયેલા છે.

કાલ-પરમદિવસ સુધી સાજી-સમી હોય એવી વ્યક્તિની વર્તણૂક જ્યારે અચાનક બદલાય છે ત્યારે તેની આસપાસના માણસોને કંઈક 'બહારનું' હોવાની શંકા થાય છે. દૂધમાં ઊભરો આવે ત્યારે જ આપણું ધ્યાન એ તરફ જતું હોવા છતાંય, એ વાસણની અંદર બહુ પહેલાંથી ઊકળતું હોય છે. માંદગી 'દેખાવા' લાગે એનો અર્થ એની શરૂઆત તો ક્યારનીય થઈ ગયેલી હોય છે. આવે વખતે સગાં-વહાલાંઓને સમજાવીને કહેવું પડે છે કે આ કંઈ 'બહારનું' નહીં, પણ 'અંદરનું' જ છે.

દૈવી ઉપચાર, માંત્રિક-તાંત્રિક એ બધાંમાં ઘણો સમય વેડફાઈ જતો હોય છે, જે સારવારની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનો હોય છે. કારણ, મનોવિકારમાં જેટલો જલદી ઉપચાર શરૂ થાય એટલી સાજા થવાની શક્યતા વધી જાય છે.

જેને સામાન્ય રીતે ગાંડપણનો હુમલો કહેવાય છે, એવી બીમારી ધરાવતા ગામડાના એક છોકરાને રાતના લગભગ અગિયાર-સાડાઅગિયાર વાગે હૉસ્પિટલના નિરંતર-સેવા વિભાગમાં ઍડ્મિટ કરવા માટે લાવવામાં આવ્યો. હું તે વખતે ઇમર્જન્સી ડ્યુટી પર હતો. એનામાં આ લક્ષણો દેખાવા લાગ્યાં એ વાતને માંડ અડતાળીસ કલાક પણ નહોતા થયા. અમે તાત્કાલિક સારવાર આપવાનું ચાલુ કર્યું અને અઠવાડિયામાં તો એ છોકરો એકદમ સાજો થઈ ગયો. આદિવાસી સમાજમાંથી આટલી તત્પરતાથી દર્દીને લાવવામાં આવતો નથી. એટલે એના પિતાને મેં એ વિશે પૂછ્યું, તો એ જરા શરમાઈને કહે, "મને થયું, પોતાના જ છોકરાના જીવને શા સારુ જોખમમાં મૂકવો?..."

આ ભાઈ પોતે તાંત્રિક હતા અને દેવી-દેવતાઓના કર્મકાંડમાં નિપુણ હતા. પરંતુ આ પ્રકરણ પોતાની ક્ષમતા બહારનું છે એ સમજાતાં જ એમણે ત્વરિત નિર્ણય લીધો. એ છોકરાને ડિસ્ચાર્જ આપતી વખતે એમણે અમને ભરપૂર આશીર્વાદ આપ્યા. અલબત્ત, આવા 'વિચારવંત' તાંત્રિક જવલ્લે જ જોવા મળે.

મનમાં થાય છે કે, આવા દર્દીઓના કેસિસ એક મોટા ધર્મયુદ્ધની નાની-મોટી લડાઈ સમાન હોય છે. ખરું ધર્મયુદ્ધ તો રૂઢિ-અંધશ્રદ્ધા અને વિજ્ઞાન વચ્ચેનું છે. વિજ્ઞાન આવી એકાદી નાની લડાઈ જ્યારે જીતે છે ત્યારે આનંદ જરૂર થાય છે, પણ મન તરત જ પોતાને સમજાવે છે, અરે! હજુ તો બહુ મોટું યુદ્ધ જીતવાનું બાકી છે... સહસ્ર સદીઓથી બાઝેલાં જાળાં છે... આનંદ ફક્ત એક જ વાતનો છે કે આપણે યોગ્ય દિશામાં જઈ રહ્યા છીએ અને પવન પણ એ જ દિશામાં ફૂંકાઈને આપણને સાથ આપી રહ્યો છે.

(મિરામધુરા, ૧૯૮૮)

આજની તારીખે : તેજ ગતિથી વધી રહેલા શહેરીકરણને કારણે આજની તારીખે શહેરોમાં આવા દર્દીઓ ઓછા જોવા મળે છે. ભૂવા-માંત્રિક લોકોની જમાત આધુનિકતાના અંચળા હેઠળ પોતાની હાટડીઓ માંડીને બેઠી છે. ટી.વી. પર સતત વ્યસનમુક્તિ માટે 'અકસીર' ઔષધોની જાહેરાતો આવતી હોય છે. ડિપ્રેશન દૂર કરવા માટે વિવિધ પ્રકારનાં નંગો તથા અંગૂઠીઓ પણ મળે છે...

સ્ત્રીઓમાં જેમ જેમ શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે તેટલા પ્રમાણમાં તેઓ આર્થિક તેમજ સામાજિક રીતે વધુ સક્ષમ થઈ રહી છે. અને 'પઝેશન સ્ટેટસ'નું પ્રમાણ ઘટી રહ્યું છે એવું તારણ નિરીક્ષણો પરથી કાઢી શકાય. એનો અર્થ એવો નથી કે આવી સ્ત્રીઓને માનસિક તણાવ નથી હોતો. પરંતુ, હવે પોતાની લાગણીઓ વ્યક્ત કરવા માટેના વિવિધ માર્ગો તથા સંબંધો તેઓ શોધી કાઢે છે.

- લેખક



ચિત્ર સૌજન્ય : વૃંદાવન સોલંકી

નિરુત્તર

☐ મોના લિયા વિકમશી

પ્લાસ્ટિકની થેલીમાં રહેલી ઘડીબંધ વસ્તુ એણે બહાર કાઢી. થોડી રજ આસપાસ વિખેરાઈ. એની આંખો સહેજ બંધ થઈ ગઈ. જાંબલી રંગના રેશમી કાપડ પર આંગળી ફેરવીને ખોલ્યું. અંદર રંગબેરંગી ભરતકામ ભરેલું હતું. એણે ઊભા થઈ કાપડને અગાસીની પાળી પર સૂકવવા નાખ્યું. આસપાસ પડેલાં બીજાં કપડાં પર નજર નાખી. ક્યાંક મોતીકામની

જ્વેલરી, જરીકામનાં ચોલી, રબારી ભરતના ઘાઘરા, રેશમી દોરાથી ભરેલા રૂમાલ, અને ગાલીચા આ બધું. વર્ષો થયાં આમ જ પોટલામાં બંધ હતું. આજે એમને તડકો મળી રહ્યો હતો.

હમણાં તો દરરોજનો એક ક્રમ ગોઠવાઈ ગયો હતો. સવારે ચા-નાસ્તો પતાવી સીધા બાજુના ઘરમાં પહોંચી જવાનું. નીચે પડેલાં પોટલાં ઉપાડી સ્વર અગાસી પર મૂકી આપે. એ બંધ પડેલાં પોટલાં ખોલતી જાય ને એમાંથી નીકળતાં ભરતકામનાં કપડાં આમતેમ પાથરતી જાય. લગભગ દસેક વર્ષથી બંધ પડેલા આ કિંમતી અસબાબને એ ખૂબ સંભાળીને રાખવા માગતી હતી.

એક એક વસ્તુ એ અચરજથી જુએ. ક્યારેક એના મનમાં પ્રશ્ન થાય, હાથથી ભરત ભરતાં કેટલા મહિના લાગ્યા હશે. આટલી મહેનત પછી એ સ્ત્રી શું કામ કોઈને આપી દેતી હશે કે વેચી નાખતી હશે...?

એનું મન ચોલીના રંગને જોઈને વિચારે આ કોણે પહેરી હશે? રંગીન ચોલી જોઈને કોઈ નવી નાજુક વહુ સામે ખડી થઈ જાય, સાઈઝમાં મોટી ચોલી આધેડ ઉંમરની સ્ત્રી પહેરતી હશે એવું લાગે... કાળી ઓઢણી જોઈને વિધવાનું ચિત્ર સામે આવે.. બિચારી.. એ સ્ત્રી ઉંમરમાં કેટલીક હશે! શરૂ શરૂમાં તો એ પોતાના મનમાં આવે એ બધું સ્વરને કહેતી. શરૂઆતમાં એ સાંભળતો પરંતુ પછીથી એ પણ સીધુંસટ સંભળાવી દેતો.

"માનસી... તું તો બહુ વિચારે છે... એટલું સમજ એ લોકો નવાં વાસણો મળે એટલે આ બધું ભરત વેચી કાઢતા. પોતાની ઇચ્છાથી.. પોતાની મરજીથી.. કોઈનાં દબાણ વગર..."

સ્વરના પપ્પા રમણીકલાલે આ ધંધો ચાલુ કર્યો હતો. જૂની વસ્તુઓ ખરીદે... વેચવાની નહીં, વસ્તુ ખરીદી એને ભૂલી જવાની. આમ કરતાં તો આખી દુકાન માલથી ભરાઈ ગઈ હતી. ગામડામાં સ્ત્રીઓ ભરતકામ અને જૂની વસ્તુઓ સથવારાને વેચતી. એ સથવારા જૂની વસ્તુ ખરીદતા વેપારી પાસે આવે. રમણીકલાલમાં નીચા ભાવે વસ્તુ ખરીદવાની કળા હતી. ક્યારેક ખરીદી કરવા હાથમાં રૂપિયાની તાણ હોય તો છસોની વસ્તુ છ હજારમાં વેચતાં એમને આવડતી.

રમણીકલાલને ગયે છ મહિના થયા હતા. એ જીવતા હતા ત્યારે ઘણીવાર વહુ-દીકરા બંનેને કહેતા, "દુકાને આવો, આપણા ધંધાને સમજો." સ્વર ઓફિસના કામમાંથી સમય ન કાઢી શકતો. માનસીના બુટીકમાં લગ્નગાળો, તહેવારની સિઝન ચાલ્યાં કરતાં. એમાંથી સમય મળે ત્યારે એક્ઝિબિશન બુક કરાવ્યાં હોય. ઘણીવાર કોઈ કિંમતી માલ રમણીકલાલ ઘરે લઈ આવતા. મનોમન વિચાર્યું હોય, જમીને નિરાંતે

બેસીશું ત્યારે બતાવીશ. કરન્સી, હાથીદાંતની જ્વેલરી, અમુક સિક્કા બધાં સાથે બેસીને જોવે.

"આ આની શું કિંમત હશે?" રમણીકલાલ જે અદામાં બોલતાં. બધાં એ વસ્તુને ધારી ધારી જોઈ રહેતાં.

"આ આટલો અમથો સિક્કો વીસ હજારમાં તો મેં લીધો છે. ઓછામાં ઓછા લાખ દોઢલાખ ફોરેનર હસતાં હસતાં આપે."

બધી વસ્તુઓ બતાવ્યા બાદ કમળાબેનને સાચવીને ઘરની તિજોરીમાં મૂકવાનું કહે. માનસી તરફ જોઈને બોલતા, "બેટા તમે સમજો.. તમે તો બિઝનેસ કરો છો. સ્વર કરતાં મને તમારામાં વધારે આશા છે." માનસી હા કે ના બોલ્યા વિના સાંભળતી. પપ્પાના ગંભીર મોં સામે જોઈને કૈંક બોલવા માંગતી પરંતુ શબ્દો હોઠ પર આવે એ પહેલાં ઓગળી જતા.

ઓફ-સિઝનમાં ઘણી વાર માનસીનું અમુક દિવસ ઘરે રહેવાનું થતું. બુટીક પર ખાસ કામ ન રહેતું. આરામ કરવાનો સમય મળતો. હજુ ગયા વર્ષે જ પપ્પા એને સમજાવતા હતા, "આ મોચીટાંકો હવે બહુ રેર છે. આ જતલોકોનું કામ. એમની આખી જિંદગી ઊંટ પર આમથી તેમ ફરતાં ફરતાં પસાર થાય. ઢેબરિયા રબારી અને આયરનું ભરતકામ આજે પણ જોઈએ એટલું મળી જાય." આ બધું બોલતા હોય ત્યારે એમની પ્રતિભા યુનિવર્સિટીના પ્રોફેસરથી સહેજ પણ ઊતરતી ન લાગે.

સૂર્યનો તાપ વધતો હતો. માનસીએ માથા પર દુપટ્ટો બાંધ્યો. પપ્પાએ ભેગી કરેલી એક એક વસ્તુ તડકો પીતી હતી. આ જ કામ એમની હાજરીમાં થયું હોય તો એ કેટલા ખુશ થાત! દરરોજ આ એક વિચાર એને ઘેરી વળતો. પછી મનોમન એ પપ્પા સાથે તંતુ જોડવાનો પ્રયાસ કરતી. કોઈ અગોચર વિશ્વના ખૂણે પપ્પાની શોધમાં એનું મન ભટક્યા કરતું. હવે એ પપ્પાને કહેવા માંગતી હતી, જુઓ મેં બુટીકનું કામ નિશાને સોંપી દીધું, હવે બધું એ જુએ છે. હું તમારી લીધેલી વસ્તુઓ સાથે આખો દિવસ રહું છું. પણ તમે ક્યાં ચાલ્યા ગયા?

"હું ચાલ્યો ગયો, તો તું આવી ગઈ ને...!" બોલતાં આછું હાસ્ય એમના મોં પર ઝિલાતું.

માનસી થોડી નિરાશ થતી. "આમ ઝાંખી કેમ પડી ગઈ.. તું તો મારી સિંહપુતર છો ને... ચલ તો મંડી પડ."

પપ્પા સાથેના મૌન સંવાદમાં એ હંમેશાં બળ આપતા. પોતે મનોમન માફીના બે શબ્દો બોલવા મથતી. પરંતુ એ માટે જોઈતી તૈયારી કદાચ પોતામાં ન હતી. વસ્તુની કિંમત નક્કી ન થાય ત્યારે પપ્પાના શબ્દોના રૂમમાં પડઘા પડતા:

"વસ્તુ સાથે વાતો કરો, એની કિંમત એ પોતે તમને આપશે."

પપ્પા વાતોના માણસ. એમની પાસે બેસીએ એટલે વાતો અખૂટ હોય. છેલ્લાં ઘણાં વર્ષોથી એમની ફરિયાદ હતી, "તમે ઘરમાં છો, પણ ઘરમાં નથી." રવિવાર મોડા ઊઠવામાં જતો. બપોરે કોઈ મૂવી ને સાંજે બહાર ડિનર. રજા નાની-મોટી ટૂરમાં વપરાઈ જતી. એ ઘણું કહેવા માગતા હતા, ધંધા વિશે, પોતાના કોમ્પિટિટર્સ સાથેના ટર્મ્સ બાબતે, સાચી વસ્તુની પરખ કેમ કરવી, છેતરામણીથી કેવી રીતે બચવું... આ અને આવું બીજું ઘણું ઘણું એમને કોઈને કહેવું હતું.

આખી અગાસી વસ્તુઓથી ભરાઈ ગઈ હતી. માનસી પગથિયાં ઊતરવા લાગી. એના ચહેરા પર પરસેવાનાં બિંદુ ચમકી રહ્યાં હતાં. નીચે આવતાં શીતળતાનો સ્પર્શ થયો.

ચારેબાજુ દીવાલને અઢેલી રખાયેલાં લોખંડના રેક્સમાં સામાન ગોઠવાયેલો હતો. ચાકડા, નાના-મોટા પેચ, થેલી, કેડિયાં, ચોલી, ધાણીયા[i], થેલા[ii] બધું જુદું કરી મૂક્યું હતું. વચ્ચેની ખાલી જગ્યામાં ટેબલ પર કમ્પ્યુટર સામે ખુરશી. અગાસીમાં વસ્તુઓ પાથરી દઈ એ થોડા કલાક ઓનલાઈન કામ કરતી. સોશિયલ મીડિયા પર પેજ બનાવતી, પેજ પર પ્રોડક્ટ પોસ્ટ કરતી. એ બધું પતાવી વેબ ડેવલપર અને પ્રોડક્ટ ફોટોગ્રાફર પાસેથી અપડેટ લેતી. જૂની વસ્તુઓ વિશે ઝીણવટભરી વિગતો જાણવામાં, વસ્તુની કિંમત નક્કી કરવામાં એ ખાસી મૂંઝાઈ જતી.

એ ખુરશી પર ટેકો દઈ થોડીવાર બંધ આંખે બેઠી રહી. બુટીક મૂક્યાને છ મહિના થવા આવ્યા હતા. આ સમયમાં એ ક્યારેક જોઈ આવતી, ત્યાં બધું કામ બરાબર ચાલતું હતું. ભરતકામની એક નવી વિશાળ રેંજ એણે ત્યાં ઉમેરી. એ માટે ક્લાઈન્ટ્સનો ધાર્યા કરતાં સારો રિસ્પોન્સ મળી રહ્યો હતો. તો પછી શું ખૂટતું હતું..? કે ખૂંચતું હતું..! એ જેમ જેમ ઊંડી ઊતરતી, જાણે પાછળ કોઈ તાળું લગાવી એને અંદર પૂરી દેતું. પોતે એ અજાણી અંધારી ગુફામાં એકલી અથડાતી હતી. ત્યારે સ્વર બબડતો, "યાર તું કેમ આટલી સેન્ટિમેન્ટલ થતી જાય છે!" એ પહેલાંની જેમ પ્રેક્ટિકલ બનવા પ્રયાસ કરતી. પરંતુ કોઈ રંજથી એનું મન જાણે એરટાઈટ ડબ્બામાં પુરાઈ જતું, પછી એનો શ્વાસ રૂંધાવા લાગતો.

---

[i]ડામચિયાને ઓઢાડવા વપરાતું સુશોભિત કપડું.

[ii]અનાજની બોરીઓ જેટલી મોટી સાઈઝ ધરાવે છે, લગ્ન વખતે કન્યા ભરતકામથી બનાવેલ થેલામાં કરિયાવરની વસ્તુ લાવે છે.

આંખ ખોલી ચારેબાજુ નજર કરી. સામે પડેલાં પોટલાં અને કોથળાની વસ્તુઓ એના થાકેલા ચહેરા સામે અટ્ટહાસ્ય કરતી હતી. ભરત ભરેલાં કપડાં અને ચાંદીનાં ભારેખમ ઘરેણાં ધારણ કરેલી વ્યક્તિ એની આસપાસ વીંટળાઈ જઈ પ્રશ્નોની શૃંખલા વરસાવતી. જમણી બાજુ શોકેસમાં ગોઠવાયેલા આફ્રિકન અબુની લાકડામાં કોતરાયેલાં સ્ત્રી પુરુષના ચહેરા એની દયા ખાઈ રહ્યા હતા. આ બધું સમેટતાં અને સમજતાં જ આમ થાકી જવાતું હતું. એ પાણીની બોટલ શોધવા ઊભી થઈ. બંધ બારીઓ ખોલી નાખી.

બહાર દરવાજાની સાંકળ ખખડવાનો અવાજ સંભળાયો. એક સથવારણ બહેન સામાન લઈને દરવાજા બહાર ઊભેલાં હતાં. પોતાની પાસે રહેલો સામાન બતાવવા ખાસ તો વેચવા માંગતાં હતાં. "રમણીકભા, ક્યારે ખાલી હાથ નથી હલાવી. એ કાંક લેતા જ..." એને આધેડ વયનાં બહેનની આંખોમાં આશાવાદ દેખાયો. એમને અંદર આવવાનું કહી એ ખુરશી પર બેઠી.

પેલાં બહેન પોટલું ખોલી વસ્તુઓ બતાવી રહ્યાં હતાં. આ વસ્તુ વિશે માનસીને કોઈ જાણકારી ન હતી. એ બહેન બોલ્યે જતાં હતાં. મૌન માનસી વિચારતી હતી, એમને શો જવાબ આપવો.

❑❑❑

''ગુસ્સો જ્યારે તમને ગ્રસી લે છે ત્યારે તમે તમારા માલિક રહેતા નથી, ગુસ્સો જ સર્વેસર્વા હોય છે.
અને ગુસ્સો જ્યારે માલિક બને છે ત્યારે તમારા માટે અકલ્પ્ય સંજોગો ઊભા થાય છે.''

- ઝાન ડુપ્રો



સત્યજિત રાય દિગ્દર્શિત દસ્તાવેજી ફિલ્મ *સિક્કિમ*ની સુવર્ણજયંતી (૧૯૭૧-૨૦૨૧)

અને તેના પ્રદર્શન પર મુકાયેલા પ્રતિબંધનો ઇતિહાસ

☐ અમૃત ગંગર

સત્યજિત રાયની ૩૭ વર્ષ (૧૯૫૫-૧૯૯૨) દીર્ઘ ફિલ્મસર્જનની કારકિર્દીમાં દસ્તાવેજી ફિલ્મ *સિક્કિમ* કોઈ અગમ્ય કહેવાય એવા કારણસર આગવી તરી આવે છે અને એ સંદર્ભે અત્રે હું જે વાતો કરવાનો છું તે ભારતના મોટા ભાગના ફિલ્મરસિકોથી અજાણ રહી છે; *નવનીત સમર્પણ*ના સુજ્ઞ વાચકોને એના વિશે માહિતગાર થવાનું ગમશે. કદાચ આપ સૌને જાણીને નવાઈ લાગશે કે એક કલાક અવધિની દસ્તાવેજી ફિલ્મ *સિક્કિમે* તેનાં પચાસ વર્ષ (૧૯૭૧-૨૦૨૧)ના અસ્તિત્વનાં ચાળીસ વર્ષ ઓઝલમાં ગાળ્યાં હતાં.


વૅલ, *સિક્કિમ* ફિલ્મની સ્મૃતિએ મને સૌ પ્રથમ *નવનીત સમર્પણ*ના સંગ્રહાલય

(આર્કાઇવ્ઝ)ને ફંફોસવા માટે પ્રેર્યો, એવું 'સિનેમા-સંગ્રહાલય' જેની સાથે મારી નિજી નિસબત ત્રણ દાયકા પુરાણી છે (૧૯૯૨-૨૦૨૧). વિશ્વવિખ્યાત ફિલ્મ દિગ્દર્શક મૃણાલ સેન સાથેની મારી દીર્ઘ મુલાકાત *નવનીત સમર્પણ*ના ૧૯૯૨ના વર્ષના ઑક્ટોબર મહિનાના અંકમાં પ્રગટ થઈ. તો, *નવનીત સમર્પણ*ની મારી અંગત આર્કાઇવ્ઝ ફંફોસતાં મને લાધે છે સત્યજિત રાયની *સિક્કિમ* ફિલ્મનો સંદર્ભ. સત્યજિત રાયના અને *સિક્કિમ* ફિલ્મના કૅમેરામૅન સૌમેન્દુ રૉય સાથેની મારી ૨૭ વર્ષ અગાઉ લીધેલી મુલાકાતમાં આ સંદર્ભે મેં પ્રશ્ન પૂછ્યો હતો, જોકે, ઉત્તર અધૂરો મળ્યો હતો:

અ: ૧૯૭૨માં તમે રાયની *સિક્કિમ* પર એક દસ્તાવેજી ફિલ્મનું શૂટિંગ કરેલું; શું હજી આ ફિલ્મ પર ભારત સરકારનો પ્રતિબંધ કાયમ છે? આ જ સરકારે તો સત્યજિત રાયને ભારતરત્ન ખિતાબથી નવાજ્યા છે! *સિક્કિમ* ફિલ્મની પ્રિન્ટ ક્યાં છે?

સૌ. (હસે છે) એની મને ખબર નથી... સિક્કિમનાં મહારાણીએ માણિકદાને એ દસ્તાવેજી ફિલ્મ બનાવવા માટે સૂચવ્યું હતું. એ વખતે ભારત સરકારે એના પર પ્રતિબંધ મૂક્યો હતો. ફિલ્મનું પ્રોસેસિંગ જેમિનિ લેબોરેટરીમાં થયું હતું. એની નેગેટિવ કોના તાબામાં છે એની મને ખબર નથી. *(સત્યજિત રાયના કૅમેરામૅન સૌમેન્દુ રૉય સાથે મુલાકાત,* અમૃત ગંગર, *નવનીત સમર્પણ,* ઓગસ્ટ ૧૯૯૪; પૃ.૧૮*).* **નોંધ:** ૧૯૭૨ના બદલે ૧૯૭૧ વાંચવું. સત્યજિત રાયને તેમના સંબંધીઓ અને મિત્રો માણિક(દા)ના હુલામણા નામે બોલાવતા; જેમિનિ લેબોરેટરી મદ્રાસ / ચેન્નઇ-સ્થિત હતી. ભારત સરકારે ૧૯૯૨ના વર્ષમાં સત્યજિત રાયને દેશના સર્વોચ્ચ ખિતાબથી નવાજ્યા હતા. **- અ.**

સિક્કિમ સરકાર તરફથી તેમનાં રજવાડાં વિશે દસ્તાવેજી ફિલ્મકૃતિ નિર્માણ કરવા માટે સત્યજિત રાયને આમંત્રિત કરાયા હતા. ફિલ્મ વિશે સત્યજિત રાય સાથે પ્રાથમિક ચર્ચા સિક્કિમના બારમા ચોગ્યાલ (શાસક) પાલ્ડેન થોન્ડુપ નામગ્યાલ (૧૯૨૩-૧૯૮૨) અને તેમનાં અમેરિકન પત્ની ગ્યાલમો (રાણી) હોપ કૂકે (જ.૧૯૪૦) જાતે કરી હતી. સત્યજિત રાયે ઈસ્ટમૅન કલરમાં ખૂબ સુંદર ફિલ્મનું દિગ્દર્શન કર્યું, તેનું સંગીત જાતે જ કમ્પોઝ કર્યું અને કોમેન્ટ્રી પણ જાતે જ બોલીને જે.ડી. ઈરાની દ્વારા રેકર્ડ કરી, ધ્વનિનું ઑવરઑલ રેકોર્ડિન્ગ મંગેશ દેસાઈએ કર્યું હતું. થયું એવું કે ૧૯૭૧માં આ ફિલ્મનું નિર્માણ થયા બાદ ટૂંક સમયમાં જ તેના પ્રદર્શન પર 'પ્રતિબંધ' મુકાયો હતો; એ ઇતિહાસ રોમાંચક અને હજી પણ થોડો રહસ્યમય રહ્યો છે.



સિક્કિમ દસ્તાવેજી ફિલ્મના પ્રણેતા સિક્કિમના બારમા ચોગ્યાલ પાલ્ડેન થોન્ડુપ નામગ્યાલ (૧૯૨૩-૧૯૮૨) તેમનાં અમેરિકન પત્ની ગ્યાલમો (રાણી) હોપ કૂક (જ. ૧૯૪૦) સાથે ગૅન્ગટૉકમાં સત્યજિત રાય, છબી સૌ. સિક્કિમ ટાઇમ્સ

સૌ પ્રથમ આ ફિલ્મને તેના કૅમેરામૅન સૌમેન્દુ રૉયની જહેમતથી જીર્ણોદ્ધાર (રીસ્ટોર) કરેલી ફિલ્મની ડીવીડી કૉપીનું પ્રૉજેક્શન ૨૦૧૦ના નવેમ્બર મહિનામાં પશ્ચિમ બંગાળ સરકારના નંદન સંસ્કૃતિ સંકુલ ખાતે યોજાયેલા કલકત્તા ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં થયું હતું. *સિક્કિમ* ફિલ્મનું ભારતમાં આ પ્રકારે યોજાયેલું એ પ્રથમ સાર્વજનિક પ્રદર્શન હતું એમ કહી શકાય. અને તેના સાક્ષી થવાનો મને મોકો મળ્યો હતો. પણ એક પ્રદર્શન દરમિયાન જ કોલકાતા ફિલ્મ ફેસ્ટિવલના એ વખતના ડિરેક્ટરને નોટિસ મળી હતી કે *સિક્કિમ* ફિલ્મનું તેમનું પ્રદર્શન ગેરકાયદેસર હતું અને એ તરત બંધ કરવામાં આવે, પણ ફિલ્મનું પ્રથમ પ્રદર્શન પૂરું થયું હતું. તેના પર સિક્કિમ હાઇકોર્ટનો સ્ટે ઑર્ડર પણ આવ્યો હતો કારણકે ફિલ્મના કૉપીરાઇટ્સ આર્ટ ઍન્ડ કલ્ચર ટ્રસ્ટ ઑવ સિક્કિમ (ACT) પાસે હતા.

આખરે સિક્કિમ ફિલ્મનું વર્લ્ડ પ્રીમિયર તેના જન્મના ચાર દાયકા પછી સિક્કિમ રાજધાની ગૅન્ગટૉકમાં આવેલા વજ્ર સિનેમાઘરમાં ૨૦૧૧ના વર્ષની ચોથી એપ્રિલની સાંજે સાડાપાંચ વાગે ખાસ અતિથિઓની હાજરીમાં ગોઠવાયું હતું. આ પ્રસંગને શક્ય બનાવનાર સંસ્થા ACT જ હતી. એ પ્રસંગના ઉદ્‌ઘાટન વખતે સિક્કિમ ફિલ્મકૃતિના સિનેમેટોગ્રાફર સૌમેન્દુ રૉય અને સત્યજિત રાયના સહાયક



સિક્કિમના બારમા ચોગ્યાલ પાલ્ડેન થોન્ડુપ નામગ્યાલ તેમનાં અમેરિકન પત્ની ગ્યાલમો (રાણી) હોપ કૂક, તેમનાં બાળકો અને અધિકારીઓ સાથે વાર્ષિક સમારંભમાં હાજરી આપવા જઈ રહ્યાં છે, છબી સૌ. સ્ક્રીન શૉટ

ટિનુ આનંદ મુખ્ય અતિથિઓ તરીકે હાજર રહ્યા હતા.

કમનસીબે આ પ્રસંગ વખતે સત્યજિત રાય (૧૯૨૧-૧૯૯૨) જીવંત નહોતા કે નહોતા ફિલ્મના પ્રણેતા સિક્કિમના બારમા ચોગ્યાલ પાલ્ડેન થોન્ડુપ નામગ્યાલ. હોપ કૂક તો અમેરિકા ચાલ્યાં ગયાં હતાં. *સિક્કિમ* ફિલ્મમાં સત્યજિત રાય ચોગ્યાલ અને હોપ કૂકનાં લગ્નનો ક્યાંય ઉલ્લેખ કરતા નથી પણ ફિલ્મના પ્રદર્શન પર ભારતે મૂકેલા પ્રતિબંધની વાત સંદર્ભે તેના વિશે થોડું જાણવું અગત્યનું થાય. ૩૦ જાન્યુઆરી ૧૯૮૨ની *ન્યુ યૉર્ક ટાઇમ્સ*ની આવૃત્તિમાં ઑલ્બિન કેબ્સે લખ્યું હતું, ''સગાઈની જાહેરાત તો ૧૯૬૧માં થઈ ગઈ હતી પણ સિક્કિમ અને ભારતના જ્યોતિષોના મતે આખું ૧૯૬૨નું વર્ષ લગ્ન માટે અપશુકનિયાળ હતું એટલે લગ્નસમારંભ પાછળ ઠેલાયો હતો. ભારત સરકારે એ લગ્નની વિરુદ્ધમાં ચોગ્યાલને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે એક બૌદ્ધ નેતા વિદેશી ખ્રિસ્તી મહિલાને પરણે એ વાત મંજૂર નહોતી. પણ સિક્કિમના રાજકુમારે ભારતની ચેતવણીને અવગણીને અમેરિકન મહિલા સાથે લગ્ન કર્યાં. કુમારી હોપ કૂકે લગ્ન પછી બૌદ્ધધર્મ અંગીકાર નહોતો કર્યો.''

ન્યુ યૉર્ક ટાઇમ્સે એ પણ લખ્યું હતું, કે લગ્ન પછી યુગલ ગૅન્ગટૉકમાં ઠરીઠામ થયું ત્યાર બાદ રાજકુમાર પાલ્ડેન નામગ્યાલે ભારતથી વધારે

પ્રમાણમાં મુક્ત થવાની યોજનાઓ ઘડી. તેમને સિક્કિમને સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્ર બનાવીને સંયુક્ત રાષ્ટ્રસંઘનું સભ્ય બનવું હતું. ભારત, ભુતાન, નેપાળ ને ચીન સાથે સીમાસબંધો રાખતા હિમાલયમાં પાંચ હજાર ફૂટની ઊંચાઈએ આવેલા સિક્કિમની બે લાખની (જેની સરખામણી અમેરિકાના મીડ-ઍટલાંટિક રાજ્ય ડૅલવે સાથે થાય) પ્રજા પર શાસન કરતા હતા.

બાકી ઇતિહાસ તો ઘણો વિદિત છે. ફિલ્મ ૩૫મીમીની સેલ્યુલૉઇડ પર શૂટ થઈ હતી અને વખત જતાં એ ખરાબ પણ થઈ ગયેલી. ઘણા વખત સુધી તો એમ મનાતું હતું કે એ ખોવાઈ ગઈ હતી. અમેરિકાની મોશન પિક્ચર્સ આર્ટ ઍન્ડ સાયન્સિસ દ્વારા તેની વ્યવસ્થિત મરમ્મત કરાઈ હતી, અને તેનું ડિજિટાઇજેશન કરાયું હતું. ચાર દાયકાના લાંબા ગાળા સુધી એ પ્રદર્શિત થઈ ન હોવાથી તેના વિશે કશું ખાસ લખાયું નહીં અને તેનું રહસ્ય કાયમ રહ્યું હતું જે સૌમેન્દુ રૉય સાથેના મારા ઉપરોક્ત વાર્તાલાપમાં પણ છતું થાય છે. ઍન્ડ્રૂ રોબિન્સનના પુસ્તક *સત્યજિત રાય: ધ ઇનર આઇ* સિવાય મૅરી સીટન લિખિત સત્યજિત રાયની બાયોગ્રાફી પણ *સિક્કિમ* ફિલ્મ વિશે વાત નથી કરતી. ટિપ્પણી કરતી વખતે રોબિન્સને પણ ફિલ્મ જોઈ નહોતી પણ તેમણે તેના વિશે સત્યજિત રાય સાથે વાતચીત કરી હતી અને તેના આધારે લખ્યું હતું:

રોબિન્સન: ''દાર્જિલિંગમાં રહેતા સત્યજિત રાયના પિતરાઈ, જેમણે કાંચનજંઘા ફિલ્મમાં નાનોસરખો પાઠ ભજવેલો, સિક્કિમના રાજવી યુગલને સારી રીતે ઓળખતા. તેમણે સત્યજિતને સિક્કિમ વિશે ફિલ્મ બનાવવા માટે મનાવી લીધા એમ કહીને કે તેમને ભર પગારે રજા માણવાની તક આપશે અને ફિલ્મ સંપાદન કરવાની આઝાદી પણ. નવાઈની વાત એ હતી કે પહેલાં ફિલ્મના નિર્માતાઓ અને પછી ભારત સરકાર, બેઉએ ફિલ્મના નિર્માણને અંતે દખલગીરી કરી.'' સત્યજિત રાયના ફિલ્મ દિગ્દર્શક સુપુત્ર સંદીપ રાય સાથે વાત કરતાં તેમણે મને જણાવ્યું હતું કે તેમના પિતાજી *સિક્કિમ* ફિલ્મના નિર્માણને અંતે તેના વિશે રાજી નહોતા. ઇન અધર વર્ડ્સ, સિક્કિમનાં રાજારાણીએ સૂચવેલા કાપોથી તેમજ ભારત સરકારના વલણથી તેમને સંતોષ નહોતો. રોબિન્સને લખેલી વાતને સંદીપ રાયે અમારા ટેલિફોનિક સંવાદમાં પુષ્ટિ આપી હતી.

રોબિન્સન હજી એક અગત્યની વાત કરે છે: ''ફિલ્મનો લગભગ ૪૦ ટકા ભાગ સિક્કિમ રજવાડાના અધિકારીઓના કહેવાથી આંકડાકીય માહિતીઓથી ભરેલો છે. પરિણામે એ સિક્કિમી અને નેપાલી વસ્તીના સમતોલ પ્રમાણને જાળવી નથી શકતી.'' સત્યજિત રાયે ફિલ્મના એક દૃશ્યનું સ્મરણ કરીને રોબિન્સનને વાત કરી હતી. ''આ દૃશ્ય ચોગ્યાલ અને તેમનાં



સિક્કિમ સૈન્યની સલામી લેતાં ચોગ્યાલ, છબી સૌ. સ્ક્રીન શૉટ

પત્નીના કહેવાથી કાઢી નાખવું પડ્યું હતું. એ દૃશ્યમાં રજવાડાના મોટા અધિકારીને એક પાર્ટીમાં નૂડલ ખાતાં જોઈને રાણી હોપ કૂકે ચિડાઈને કહ્યું હતું, 'ધીસ ઇઝ વીકેડ! ધીસ ઇઝ વીકેડ!' (આ દુષ્ટ છે!)'' સંપાદિત થયેલી ફિલ્મમાં આ દૃશ્ય બાકાત છે અને બીજાં કેટલાંક પણ હશે. (*ઇનર આઇ*, ઍન્ડ્રૂ રોબિન્સન, રૂપા ઍન્ડ કં., ૧૯૯૦, પૃ. ૨૭૫)

આંકડાઓની રીતે એક વિગત એ વખતની ભારત સરકારને સદી નહીં હોય એવું અનુમાની શકાય. શાળાએ જતાં બાળકોને જોતાં આપણે સત્યજિત રાયે બોલેલી કોમેન્ટ્રી દ્વારા સાંભળીએ છીએ કે ''સિક્કિમ રજવાડું તેના વાર્ષિક બજેટનું ૨૫ ટકા નાણું શિક્ષણક્ષેત્રે ખરચે છે.'' આ ફિલ્મકૃતિ વિશે મેં કોલકાતામાં રહેતા સત્યજિત રાયની ફિલ્મોના બંગાળી વિદ્વાન દેવાશીષ મુખોપાધ્યાય સાથે વાત કરી ત્યારે તેમણે તેમના ૨૦૧૧ના વર્ષમાં બંગાળીમાં લખેલા એક લેખ તરફ મારું ધ્યાન દોર્યું હતું: ''જ્યારે આ દસ્તાવેજી ફિલ્મ બનતી હતી ત્યારે ૧૯૭૦માં સિક્કિમમાં રાજકીય ચળવળ ચાલતી હતી. નેપાળીઓએ અધિકારની રીતે સિક્કિમમાં સ્થાયી થવાની માગણી કરી હતી. આ વાત ચોગ્યાલને પસંદ નહોતી. ફિલ્મમાં ગેન્ગટોકની બજારમાં દેખાતા નેપાળીઓની હાજરીથી આપણને એવો અણસાર મળે છે. બીજી તરફ આર્થિક રીતે સિક્કિમ ભારત પર ઘણો મદાર રાખતું હતું. ચોગ્યાલને સિક્કિમમાં ટૂરિઝમ ઇન્ડસ્ટ્રી વિકસાવીને આર્થિક સધ્ધરતા લાવવી

હતી અને તેમની ઇચ્છા હતી કે સિક્કિમ આઝાદ રજવાડું (મોનાર્કી) બને. આ જ વાતથી ભારત સરકાર અસ્વસ્થ હતી. સિક્કિમ ભારતનું રાજ્ય બને તેવી તેની વ્યૂહરચના હતી.

''એ જ વખતે સિક્કિમ તરફ ચીનના આક્રમક વલણની પણ શરૂઆત થઈ રહી હતી. ભૌગોલિક અને રાજકીય પરિપ્રેક્ષ્યમાં ભારતને સિક્કિમ પર અંકુશ ગુમાવવો પાલવે તેમ નહોતું. ફિલ્મમાં સત્યજિત રાય ચોગ્યાલને માનસન્માનથી જુએ છે એ વાત પણ ભારત સરકારને એ વખતે જચી નહીં હોય. જ્યારે ચોગ્યાલે નેપાળના રાજા વીરેન્દ્રનાં લગ્નપ્રસંગે મહેમાન રાજવી તરીકે હાજરી આપી હતી ત્યારે ભારત સરકારની સૂચના હેઠળ સિક્કિમ રાજ્યના વડા તરીકે તેમની ગણના નહોતી કરાઈ. ત્યાર બાદ દુભાયેલ ચોગ્યાલની વૃત્તિ ભારત સરકાર વિરુદ્ધ થઈ હતી. સિક્કિમમાં આવતા વિદેશી સહેલાણીઓ પર ભારત તરફથી મુકાતા અંકુશો સિક્કિમના ચોગ્યાલને બિલકુલ ગમતા નહોતા. સિક્કિમને તેની ખેતી અને કુટીર ઉદ્યોગની પેદાશોને નિર્યાત કરવાની પણ છૂટ નહોતી. જો કે સિક્કિમી જાજમોની વિદેશમાં બહુ માંગ હતી. ભારત સરકારના આદેશ હેઠળ નિર્યાત કરવા પર અંકુશો હતા.'' (દેવાશીષ મુખોપાધ્યાય, *શરદ પર્યારી,* બંગાળી ટ્રાવેલ મૅગેઝિન, ૨૦૧૧, પૃ. ૬૮-૭૦)

દેખીતી રીતે અને સંજોગોવશાત સત્યજિત રાયની દસ્તાવેજી ફિલ્મ સિક્કિમની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઈ હતી. એક તરફ આર્થિક અને રાજકીય સ્તરે ભારત સરકાર માટે ફિલ્મ અસ્વીકાર્ય હતી તો સિક્કિમના ચોગ્યાલ અને તેમની પત્નીને તેમના ચિત્રણ બદલ વાંધો હતો. અને એ રીતે ઉભય પક્ષે ફિલ્મ જાહેરમાં પ્રદર્શિત થાય એ વાતમાં રસ નહોતો, પરિણામે ફિલ્મ ડબ્બામાં પડી રહી, એ પણ ચાળીસ વર્ષો માટે! પરંતુ આજે નિષ્પક્ષ રીતે ફિલ્મ જોતાં તેમાં કશું વાંધાજનક હોય એવું લાગશે નહીં. સંદીપ રાયે પણ મને કહ્યું કે ફિલ્મના પ્રદર્શન પર પ્રતિબંધ લગાવવામાં કોઈ તર્ક નથી દેખાતો!

સત્યજિત રાયના સત્તાવાર સ્થિરચિત્રોના ફોટોગ્રાફર નેમાઈ ઘોષ તેમના પુસ્તક *માણિકદા: મેમરીઝ ઑવ સત્યજિત રાય* (૨૦૧૧, પૃ. ૪૪)માં લખે છે તેમ ફિલ્મનું શૂટિંગ કોઈ વૈભવી સ્થિતિમાં નહોતું થયું. વર્ષ ૧૯૬૯થી ૧૯૭૧ દરમિયાન સત્યજિત રાયની શૂટિંગ- ટુકડી ત્રણ વખત સિક્કિમ ગઈ હતી. નેમાઈ ઘોષ ૧૯૬૯ની સિક્કિમ સફર વિશે લખે છે: ''સત્યજિત રાયને અલાયદો ઓરડો આપવામાં આવ્યો હતો બાકીના એક ઓરડામાં સાત જણ રહેતા હતા. પણ એ ગીચ હોવાથી હું રાતે સત્યજિત રાયના આવાસે જતો. મારાં નસકોરાંથી તેમની ઊંઘમાં ખલેલ ન પહોંચે એટલા માટે હું આખી રાત

જાગીને વિતાવતો.''

ઘોષ કહે છે તેમ, સિક્કિમનું અનેરું નૈસર્ગિક સૌંદર્ય દર્શાવવાની આ દસ્તાવેજી ફિલ્મની મુખ્ય થીમ હતી. ''મારા કેમેરામાં માણિકદાને કામ કરતાં ઝડપવાની સાથે મેં સમસ્ત સિક્કિમને - તેની શાળાઓ ને તેના સ્લમ્સ (ઝૂંપડપટ્ટી) સહિત સિક્કિમની દરેક દિશાઓની મેં તસવીરો લીધી હતી.''

સત્યજિત રાય તેમની ફેલુદા ડિટેક્ટિવ વાર્તાઓ માટે બંગાળમાં ખૂબ લોકપ્રિય છે. જોગાનુજોગે ૧૯૭૦ના વર્ષમાં એક ફેલુદા વાર્તા લખી હતી જેનું બંગાળી ભાષામાં નામ હતું ગૅન્ગટૉકે ગૉંડોગોલ (ગૅન્ગટૉકમાં ગરબડ). તેમાં આવતી કેટલીક ભૌગોલિક-રાજકીય વિગતો આપણા સંદર્ભે રસપ્રદ નીવડે, દા.ત. ''બજારથી મુખ્ય શહેર તરફ જતો રસ્તો ચઢાવવાળો હતો. રસ્તે ઉપર ચઢતા લોકો અને રહેઠાણોની સંખ્યા વધતી ઘણી ઓછી થતી દેખાય. મોટા ભાગના વટેમાર્ગુઓ શાળાનો ગણવેશ પહેરેલા વિદ્યાર્થીઓ. દાર્જિલિંગની જેમ અહીં કોઈ ઘોડેસવાર જોવા ન મળે, કદાચ લશ્કરી મથક હોવાને લીધે એમ હોય. ગૅન્ગટૉકથી ૧૬ માઈલે ૧૪૦૦૦ ફૂટની ઊંચાઈએ આવ્યું હતું નાથુલા. અને ત્યાં જ ભારતીય સીમા સમાપ્ત થતી હતી. પચાસ વારે તો ચીની સૈન્ય ઊભેલું દેખાય.'' દિલચસ્પ *ગૅન્ગટૉકે ગૉંડોગોલ* વાર્તામાં વીરેન્દ્ર નામનું પાત્ર પણ છે. મૂળ બંગાળી વાર્તા ૧૯૭૦ના બંગાળી માસિક *દેશ*ના અંકમાં પ્રગટ થઈ હતી, અર્થાત્ દસ્તાવેજી ફિલ્મ હજી શૂટિંગના તબક્કે હતી ત્યારે જ. એટલે સમયની રીતે પણ એ રસપ્રદ છે, તેમાં વર્ણવેલા અમુક પ્રસંગો પણ રોચક છે.

ખેર, ૧૪ એપ્રિલ ૧૯૭૫ના દિવસે સિક્કિમના રજવાડામાં લોકમત લેવાયો હતો અને મત ગણતરી કરતાં સિક્કિમની ૯૭.૫૫ ટકા પ્રજાએ રાજાશાહી (મોનાર્કી)નો અંત લાવવાની તરફેણમાં મત આપ્યો હતો. પરિણામે સિક્કિમ લોકશાહીને વરેલા પ્રજાસત્તાક ભારતનું એક રાજ્ય બની ગયું હતું. હવે ચોગ્યાલની સત્તાનો અંત આવ્યો હતો. જોકે આ વાત હજી પણ વિવાદાસ્પદ ગણાય છે; અને સત્યજિત રાયકૃત દસ્તાવેજી ફિલ્મ *સિક્કિમ* ચાર દાયકા સુધી ઓઝલમાં રહેવાની વાત પર પણ વિવાદના ઓછાયા હજી સાવ ઓસર્યા નથી...

સત્યજિત રાયની જન્મશતાબ્દિ (૧૯૨૧-૨૦૨૧)ના વર્ષમાં તેમની આ વિવાદાસ્પદ ફિલ્મની પણ આપણે સુવર્ણજયંતી (૧૯૭૧-૨૦૨૧) મનાવી રહ્યા છીએ. લો, હવે તો ચાર દાયકા સુધી પ્રજાએ નહીં જોયેલી ફિલ્મ યુ-ટ્યુબ પર પણ ઉપલબ્ધ છે. તો, ખોલો આ લિન્ક -

https://www.youtube.com/watch?v=D2WTDhMZPVc

❑❑❑



એનર્જીથી એન્ટ્રોપી - એક યાત્રા

અવ્યવસ્થા

☐ તરલિકા ત્રિવેદી

તમે બે કલાક મહેનત કરીને ઘરમાં કબાટ ગોઠવો, અને થોડા જ સમયમાં તમારા કોઈ જ પ્રયત્ન વગર એ અવ્યવસ્થિત થઈ જાય!

બસ, આ એન્ટ્રોપીનું સાવ જ સાદું અવૈજ્ઞાનિક ઉદાહરણ, એન્ટ્રોપી એટલે અવ્યવસ્થા, Disorder, Chaos!

મનમાં આવે તેમ એલફેલ બોલવા/લખવામાં પ્રયત્ન ઓછો, આપમેળે થઈ જાય અને અવ્યવસ્થિતતા વધારે. પણ કોઈ એક વિષય પર વ્યવસ્થિત બોલવું એ પ્રયત્ન માગી લે એવું કામ છે!

જે ક્રિયા આપમેળે થાય તેમાં અવ્યવસ્થા વધે, વ્યવસ્થા આપમેળે ન થાય, કશુંક કરવું પડે!

ઇલેક્ટ્રિક મોટર ચલાવીને ઓવરહેડ પાણીની ટાંકી ભરીએ, બધું પાણી એક જ જગ્યાએ - ટાંકીમાં વ્યવસ્થિત ભેગું થાય પણ જો ટાંકી છલકાઈ કે કાણું પડ્યું તો પાણી નીચે તરફ જ્યાં ઢાળ મળે ત્યાં ફેલાઈ જાય.

લાકડું સડી જાય, દીવાલો પરથી રંગના પોપડા ખરવા મંડે, પર્વતોને ઘસારો લાગે, નદી વહેવા લાગે, ચામડું કોહવાઈ જાય... બધા જ દાખલા વ્યવસ્થિત ચીજો આપમેળે અવ્યવસ્થિત થાય છે એના.

ક્લાસમાં વિદ્યાર્થીઓને બોલાવવા ટાઈમટેબલ, ઘંટ અને હાજરીપત્રકની બીક પણ ક્લાસમાંથી શિક્ષક બહાર જાય એટલે કશું કહ્યા, કર્યા વગર જ વિદ્યાર્થીઓ આપમેળે વેરાઈ જાય!

આ બધી ક્રિયા આપમેળે થયા જ

કરે છે, કોઈ કાંઈ કરતું નથી. આપણેય આવી વાતથી જ ટેવાઈ ગયા છીએ. કાચનો ગ્લાસ તૂટે અને કાચના ટુકડે ટુકડા થઈ જાય, અવ્યવસ્થા સર્જાય. પણ કોઈ વૈજ્ઞાનિક ફેન્ટેસીમાં એવું બતાવે કે કાચના ટુકડા ઊભા થઈ, પોતપોતાની મેળે સંધાઈ ગ્લાસ બની જાય! તો આ ઘટના "કુદરતી" નથી!

વૈજ્ઞાનિકો એવા તારણ પર આવ્યા કે બ્રહ્માંડમાં અવ્યવસ્થા વધ્યા જ કરે છે. બ્રહ્માંડ જન્મ્યું ત્યારે વ્યવસ્થિત હતું, હવે એની ગતિ અવ્યવસ્થા તરફ છે!

એટલે કોઈ અવ્યવસ્થિત માણસ કહી શકે કે હું શું કરું, આખું બ્રહ્માંડ જ અવ્યવસ્થિત થતું જાય છે!

જેમ પદાર્થ ગરમ છે કે ઠંડો એ માપવા માટે તાપમાન એક માપદંડ છે તેમ અવ્યવસ્થા માપવાનો માપદંડ એન્ટ્રોપી છે, આ એક ગ્રીક શબ્દ છે જેનો અક્ષરશ: અનુવાદ થાય- en -energy શક્તિ અને - troppe- ફેરફાર શક્તિમાં થતો ફેરફાર. પણ આ શક્તિ આપણને કામ કરવા પ્રાપ્ય ન રહે, વેડફાઈ જાય અને જગતની અવ્યવસ્થા વધારે.

(સુખદ આશ્ચર્ય એ થયું કે શ્રી પી. જી. દેશપાંડેની Universal English Gujarati Dictionary જોતાં આ એન્ટ્રોપીનો અર્થ સારી રીતે સમજાવ્યો છે: વિશ્વની અવનતિ અથવા અવ્યવસ્થાનું માપ ; કોઈ પદાર્થમાં અણુઓની અવ્યવસ્થાનું પ્રમાણ ; યાંત્રિક કાર્યમાં ફેરવવા વપરાતા એન્જિનમાં અંતે ઊર્જાની અનુપલબ્ધતાનું માપ.)

બ્રહ્માંડમાં બીગ બેન્ગ થયું તે સમયે સંપૂર્ણ વ્યવસ્થા હતી, પણ જેમ જેમ બ્રહ્માંડ વિસ્તરે છે તેમ ડીસઓર્ડર વધતો જાય.

તો ઘણા વૈજ્ઞાનિકો આ એન્ટ્રોપીને કોસ્મિક ક્લોક પણ કહે છે, એક હદ સુધી એન્ટ્રોપી વધે પછી બ્રહ્માંડ પાછું સંકોચાય! એન્ટ્રોપી ઘટતી જાય, અને એવા બ્રહ્માંડમાં કુદરતી ક્રિયાઓ વ્યવસ્થિતતા લાવે!

મધુ રાયે એક સુંદર ટૂંકી વાર્તા લખેલી, જેમાં બધું ઊંધું ચાલે છે. અચાનક લાકડાની ખુરશી લીલીછમ થઈ જાય, બે- ચાર ખુરશીટેબલ ભેગાં થઈ એક ઝાડ બનાવી દે! અંતમાં, વાર્તાનો નાયક નાનો થતો થતો માના પેટમાં ટૂંટિયું વાળી પડેલો હોય!

એન્ટ્રોપીના માપને "Arrow of Time" પણ કહે છે.

કોઈ પણ એક સિસ્ટમની એન્ટ્રોપી વધે, ઘટે નહિ. આ વાતથી ભૂતકાળ અને ભવિષ્યકાળને જુદા પાડી શકાય! જે સમયે એન્ટ્રોપી વધારે, અવ્યવસ્થા વધારે એ ભવિષ્ય! આમ આપણું ભવિષ્ય અવ્યવસ્થિત જ છે!

હવે અહીં કોઈ કહે કે જીવોની ઉત્ક્રાંતિમાં તો નાના નાના કોષોવાળા જીવને બદલે મોટું પ્રાણી બને અને વ્યવસ્થિત થાય. તો બાયોલોજિકલ સિસ્ટમમાં એન્ટ્રોપી ઘટતી જણાય તો? ના, એમ નથી, એક મોટો જીવ જીવતો

હોય ત્યારે એ આજુબાજુના વાતાવરણમાં પોતાને લીધે ઘણી અવ્યવસ્થા ઊભી કરે છે. આમ કુલ એન્ટ્રોપી તો વધે જ છે. એમાંથી થર્મોડાયનેમિક્સનો બીજો નિયમ કહ્યો, "વિશ્વની એન્ટ્રોપી હંમેશાં વધે છે."

બ્રહ્માંડ આખું અવ્યસ્થિત થતું જાય છે તો આપણેય એવા જ હોઈએને? હાશ! કોઈ જવાબદારી જ નહિ, દુનિયા તો આમ જ ચાલે!

"ધીરી બાપુડિયા!"

થોભો અને વિચારો!

સાવ એવું નથી કે તમે કાંઈ ન કરી શકો, હાથ ખંખેરી એન્ટ્રોપી વધાર્યા કરો, ન ચાલે!

બ્રહ્માંડના પ્રારંભ સમયે સંપૂર્ણ વ્યવસ્થા શક્ય છે. થર્મોડાયનેમિક્સના ત્રીજા નિયમ પ્રમાણે જેમ પદાર્થમાં વ્યવસ્થા વધતી જાય તેમ એન્ટ્રોપી ઘટતી જાય, શૂન્ય તરફ પણ જઈ શકે. નિરપેક્ષ શૂન્ય તાપમાને કોઈ સ્ફટિકમય પદાર્થના અણુ- પરમાણુની ગોઠવણી એકદમ વ્યવસ્થિત હોય.

કડક માસ્તરના ક્લાસમાં છોકરાઓ હલેય નહિ તેવી જ રીતે શૂન્ય કેલ્વિન તાપમાને સંપૂર્ણ સ્ફટિકમય પદાર્થના અણુઓમાં ન વાઈબ્રેશન, ન રોટેશન. આડુંઅવળું ખસવાની તો વાત જ નહિ. પણ જેમ જેમ તાપમાન વધે તેમ અણુ- પરમાણુ આળસ મરડે, કોઈને ધક્કો મારે, કોઈને કોણી મારે, કોઈનો ખભો હલાવે. ટૂંકમાં કોઈ એક સમયે તમે નિશ્ચિત કહી ન શકો કે કેવી ગોઠવણી હશે, શક્યતાઓ ઘણી જ, વધતી જ જાય. જ્યારે કોઈ જ મર્યાદા ન હોય ત્યારે અલગ અલગ ઘણી પરિસ્થિતિ ઉદ્‌ભવી શકે.

સીધો સાદો છોકરો હોય તો સાંજે સાત વાગ્યે એ ક્યાં હશે તે તમે નિશ્ચિતપણે કહી દો કે આ સમયે એ ફૂટબોલના મેદાનમાં જ હશે. આની અનિશ્ચિતતા ઓછી, અવ્યવસ્થા ઓછી. જ્યારે "રખડુ" હોય, એનું પૂછીએ તો જવાબ મળે, "ભઈ, એના કોઈ ઠેકાણાં નહિ, ગમે ત્યાં હોય!" આ રખડુની એન્ટ્રોપી વધારે, હવે આ અવ્યવસ્થાને અધર્મ સાથે સરખાવીએ. તમે કોઈ જ દરકાર વગર જેમ ફાવે તેમ વર્તતા જાવ, તો સમાજમાં અવ્યવસ્થા ઊભી થાય, જેને સામાજિક ભાષામાં અધર્મ કહી શકાય.

અહીં અધર્મ એટલે પોતાની ડ્યુટી ન બજાવવી, સમાજનું, આસપાસના વાતાવરણનું જરાય ધ્યાન રાખ્યા વગર ફક્ત ને ફક્ત જાત માટે જ જીવવું. કુદરતી સંપત્તિનો બેફામ ઉપયોગ કરવો કે દુરુપયોગ કરવો, વેડફવી.

ધર્મ પાળવાવાળા માટે એક જ રસ્તો હોય પણ જેને અધર્મ કરવો છે, એ કેટલાય રસ્તે કરી શકશે. વીજળી અને પાણીનો બગાડ, ઇન્કમટેક્સમાં ચોરી, કાળું નાણું, અણહકનું લઈ લેવું, વગેરે ઘણું ઘણું.

પણ જો ધર્મના રસ્તે ચાલવું હોય તો - એક જ ધોરી માર્ગ- સત્યનો, કાયદાનો. ધર્મ એટલે મારી સાથે જે વ્યવહાર થાય કે મને ન ગમે તો એવો વ્યવહાર હું

બીજા સાથે ન જ કરું. મને કોઈ મારે, ધૂતી જાય, લૂંટી જાય એ મને ન જ ગમે તો હુંય બીજા સાથે એવું ન જ કરું. મારું કોઈ શોષણ કરે તે ન ચાલે, તો મારેય કોઈનું શોષણ ન કરવું.

સાવ જ સ્ફટિકમય, પારદર્શક નિખાલસ, બને તેટલી અહિંસક, અપરિગ્રહી જિંદગી જીવું તો યુનિવર્સની એન્ટ્રોપી કાંઈક અંશે ઘટાડી શકું!

ધર્મ પાળવામાં એક જ વાત હોય, દરેક મૂંઝવણ, દરેક સમસ્યાનો સાવ જ સીધો ઉપાય હોય. ધર્મ આચરણમાં કોઈ "આડા રસ્તા"ની - વ્યવહારુતા નથી.

પણ જેમ આપણાથી આપોઆપ જ કબાટ અવ્યવસ્થિત થઈ જાય છે તેમ જ આપોઆપ અધર્મ થઈ જાય, પ્રકૃતિવશ થઈ જાય. જેમ કબાટ ગોઠવવામાં કામ કરવું પડે, પ્રયત્ન કરવો પડે, એમ જ ધર્મ પાળવામાં પ્રબળ ઇચ્છાશક્તિ જોઈએ.

તેથી જ મહાભારતમાં દુર્યોધન કબૂલે છે:

जानामि धर्मं न च मे प्रवृत्तिर्जानाम्यधर्मं न च मे निवृत्तिः ।

केनापि देवेन हृदि स्थितेन यता नियुक्तोऽस्मि तथा करोमि ।।

"હું ધર્મ શું છે તે જાણું છું પણ એ માર્ગે નથી ચાલી શકતો, અધર્મને ઓળખવા છતાં એને છોડી શકતો નથી. મારા હૃદયમાં કોઈ દેવ વસે છે, એ મારી પાસે જેમ કરાવે એમ હું કર્યા કરું છું."

હવે ફરી એન્ટ્રોપી સાથે અધર્મને સરખાવીએ.

વૈજ્ઞાનિકોએ બ્રહ્માંડના પ્રારંભથી વધતું જ જતું એક પરિમાણ એટલે એન્ટ્રોપી એવું કહ્યું છે. વૈજ્ઞાનિક ફિલોસોફર આર્થર એડિન્ગટન એન્ટ્રોપીને "સમયનું તીર" કહે છે. જેવું બ્રહ્માંડ વિકસવાનું શરૂ થયું કે આ તીર છૂટી ગયું.

તો આ અવ્યવસ્થા- આ એન્ટ્રોપી શું વધતી જ જાય? અમુક વૈજ્ઞાનિકો કહે છે કે એક હદ સુધી એન્ટ્રોપી વધશે પછી જેને આપણે પ્રલય કહીએ એવું થઈ શકે, બ્રહ્માંડ stand still થઈ જાય અને પછી બ્રહ્માંડનું સંકોચન થઈ ચક્ર પાછું ફરશે. આમ "આ" બ્રહ્માંડનીય એક ઉંમર છે, આયુષ્ય છે જે એન્ટ્રોપીનો માપદંડ નક્કી કરે.

તો આમાં હવે આપણે શું કરી શકીએ? આ એન્ટ્રોપીના ઉપલક્ષ્યમાં આપણો ધર્મ શું?

તો ફૂલ નહિ ને ફૂલની પાંખડી જેટલું કરાય, આપણે બિનજરૂરી અવ્યવસ્થા ન વધારીએ, બને તો વ્યવસ્થા કરવા પ્રયત્ન કરીએ. બસ, આ અવ્યવસ્થા વધારો એ અધર્મ કરો છો અને વ્યવસ્થા વધારવાનો પ્રયત્ન એ ધર્મ!

આપણાથી જો આ એન્ટ્રોપીમાં ઘટાડો કરી શકાય તો તો બહુ સારું, નહિ તો વધારો તો બહુ ન કરીએ, અને બ્રહ્માંડનું આયુષ્ય એકાદ નેનો સેકન્ડેય વધારી શકીએ તો જીવન સાર્થક!!!

❑❑❑



ચિત્રકારઃ અરવિંદ બારોટ

વેશ...

☐ અરવિંદ બારોટ

અજવાળી રાતનો બીજો પો'ર છે. સૂમસામ વગડામાં શિયાળની લાળી અને અંતરિયાળ ગામડામાંથી કૂતરાંના ભસવાનો અવાજ આવે છે. ઘોડાના ડાબલા અને રથનાં પૈડાંના અવાજથી સીમાડો જાગતો લાગે છે. મહા મહિનાના ટાઢા વાયરા વાય છે. સોરઠની લીલીછમ વાડિયુંમાંથી લીલોતરીની મીઠી સોડમ આવે છે. એક રથ અને આઠ-દસ ઘોડસવારોનો આ રસાલો ઉતાવળે મારગ કાપે છે. પાછળપાછળ બીજા કેટલાક રથ અને ઘોડસવાર સેવકોનો કાફલો આવે છે.

મધરાતનો ગજર ભાંગ્યો છે; પણ, વિરામ કે વિશ્રામની વેળા નથી. રસ્તાના ખાડા-ટેકરામાં રથ પછડાય ત્યારે રથમાંથી ઝીણોઝીણો કણસાટ સંભળાય છે. એક ઘોડેસવાર રથનો પરદો ઊંચો કરે છે.

"બહુ વેદના થાય છે, બાપુ?"

"વેદના તો... થાય જ ને, દીકરા! રૂંવાડે રૂંવાડે ઘા પડ્યા છે."

"યુદ્ધવૈદ્યે ટાંકા લઈને પાટા બાંધ્યા છે, એટલે લોહી નીકળતું તો બંધ થઈ ગયું...

"ટાંકા પણ... બહુ કળે છે... અને... અણશક્તિ... બહુ... વરતાય છે...

બોલનારને થાક લાગ્યો, અધબીડી આંખોથી કંઈક કહે છે એવું લાગ્યું...

"શું કહેવું છે, બાપુ?"

ત્રુટક-ત્રુટક વેણ નીકળ્યાં...

"હવે હું ઝાઝું... નહીં જીવું... મને ઝટ સોરઠના સીમાડાની... બહાર લઈ જાઓ... પાટણ તો... નહીં પહોંચાય; પણ, મને ખંભાત... કે વઢવાણ પહોંચાડો! મારે સોરઠમાં નથી મરવું... ઝટ કરો..."

જેનાં અંગેઅંગ વેતરાઈ ગયાં છે એવા રથમાં સૂતેલા એ ઘાયલ વીર યોદ્ધાનું નામ છે ઉદયન મહેતા, પાટણનો દંડનાયક. સાથે બે પુત્રો છે- વાહડ અને આંબડ.

○

જૂનાગઢના રા' નવઘણ ત્રીજાએ પાટણની આણ સ્વીકારેલી. પણ, એના પછી સોરઠની ગાદીએ આવેલ રા' કવાટ બીજાએ પાટણને ખંડણી આપવાનું બંધ કર્યું. પાટણની સામે માથું ઊંચકનાર રા'કવાટને વશ કરવા સોલંકીરાજ કુમારપાળે દરિયા જેવડી સેના લઈને ઉદયન મહેતાને જૂનાગઢ મોકલ્યો.

ઉદા મહેતાએ જૂનાગઢને ઘેરો ઘાલ્યો. શૂરવીર સોરઠિયાઓ પટ્ટણીસેનાનો વીરતાપૂર્વક સામનો કરે છે. એકએક સોરઠિયો દસદસ શત્રુઓને ભારે પડે છે. રા' કવાટે શત્રુદળમાં કાળો કેર વરતાવ્યો છે.

ઉદયન મહેતા, જાતનો જૈન વાણિયો, કીડીને પણ ન મારે એવો અહિંસાવાદી, જૈનધર્મનાં જપ-તપ-નિયમને પાળવાવાળો. આજ સોરઠી સેના પર વિકરાળ થઈને ત્રાટક્યો છે. લોહીની નદીઓ ચાલી. મડદાંના ઢગ થયા છે. ઉદા મહેતાને પણ રૂંવેરૂંવે ઘા પડ્યા છે. આખરે... પાટણની વિશાળ સેના સામે રા' હાર્યો.

ફાગણ મહિનાનો ખાખરો ખીલ્યો હોય એમ ઉદો મહેતો લોહીથી તરબોળ છે. છાવણીમાં લઈ જઈને સારવાર કરવામાં આવી... પારાવાર પીડા છે; પણ, જંગ જીત્યાનો સંતોષ છે.

ઉદા મહેતાને સમજાઈ ગયું કે હવે આયુષ્યની દોરી તૂટવાની તૈયારીમાં છે. આજ્ઞા કરી...

"આ જ ઘડીએ અહીંથી નીકળવું છે... સાબદા થાઓ..."

થોડી જ વારમાં ઉદયન મહેતાએ જૂનાગઢ છોડ્યું.

○ ○ ○

દિવસરાત જોયા વિના મારગ કપાય છે. ઉદયન મહેતા ગમે ત્યારે દેહ છોડી દે એવી સ્થિતિ છે. વાહડ અને

આંબડના મનમાં ઉચાટ છે. ક્યારેક-ક્યારેક રથમાંથી કણસાટના અવાજ સંભળાય છે.

અને આખરે વઢવાણ પહોંચ્યા. પાદરમાં છાવણી નાખી. અર્ધબેભાન ઉદા મહેતાને પલંગ પર સુવડાવ્યા.

પુત્રો અને અધિકારીઓ વીંટળાઈને ઊભા છે. વઢવાણના શ્રાવકો પણ સમાચાર મળતાં હાજર થઈ ગયા છે.

થોડી વાર પછી મહેતાએ આંખો ઉઘાડી. ઇશારાથી વાહડને નજીક બોલાવ્યો. બહુ જ ધીમા અને અસ્પષ્ટ શબ્દો ઉચ્ચાર્યા.

"હું... હવે... ઘડી... બે... ઘડી... છું..., અંત... વેળાએ... મહારાજ... સાહેબના... મુખેથી... ધર્મનાં વચન સાંભળવાં છે... સાધુ ભગવંતનાં દર્શન થાય... તો... મારા... જીવની ગતિ... થાય... ઝટ કરો... મહારાજ સાહેબને તેડી આવો..."

થોડા અધિકારીઓ અને શ્રાવકો દોડ્યા. અપાસરામાં તપાસ કરી... કોઈ મહારાજ સાહેબ હાજર નહોતા. અઠવાડિયા પહેલાં જ અપાસરામાં બે સાધુ હતા; પણ સાધુ તો ચલતા ભલા...

બહુ તપાસ કરી; પણ નિરાશા મળી. વાહડ, આંબડ, અધિકારીઓ અને ગામના શ્રાવકો મૂંઝાયા...

સંતના દર્શન માટે જેનો જીવ અટક્યો હોય એવા છેલ્લા શ્વાસોને ઘૂંટતા... મરતા માણસની અંતિમ ઇચ્છા પૂરી ન થાય તો તો... વઢવાણના મહાજનને કાયમનો અફસોસ રહી જાય. શ્રાવકોને વડી વિમાસણ થઈ. વઢવાણના નગરશેઠને એક ઉપાય સૂઝ્યો.

"એક રસ્તો છે. વઢવાણમાં એક ભાંડરાજા રહે છે. બહુ કાબેલ બહુરૂપી છે. એ કોઈ પણ વેશ પહેરે, એ આબેહૂબ ભજવી બતાવે એવો બાહોશ કલાકાર છે. આપણે એને કહીએ કે જૈન સાધુનો વેશ પહેરીને દર્શન આપે... એટલે...."

"અરે, એ તો છળ કહેવાય...! નકલી સાધુ...? એ તો ધર્મના નામે બનાવટ કહેવાય...!" આંબડ બોલ્યો.

"કોઈના ભલા માટે અસત્યનો આશરો લેવો પડે તો એમાં પાપ નથી. દંડનાયકના આત્માના કલ્યાણ માટે નાનકડું છળ કરવું પડે તો એમાં જરાય ખોટું નથી. અને તેમ છતાંય જો એમાં કોઈ પાપ લાગતું હોય તો એ પાપ હું મારા શિરે લઉં છું."

ધર્મની ઝીણવટને પામેલા નગરશેઠના રૂપમાં એક સાચો શ્રાવક બોલ્યો.

○

વઢવાણના છેવાડાની એક સાંકડી શેરીના એક ઘરની ડેલીની સાંકળ ખખડી.

"અરે, શેઠબાપા, તમે? જય જિનેન્દ્ર, પધારો... પધારો!"

"જય જિનેન્દ્ર, ભાઈ બિરજુ! તારું એક કામ પડ્યું છે."

"આજ્ઞા કરો, બાપા!"

નગરશેઠે ઉદા મહેતાની છેલ્લી

ઘડીએ સાધુ ભગવંતના આશીર્વાદ લેવાની ઝંખના વિશે ટૂંકમાં વાત કરી.

"ભલે, બાપા! તમે જાઓ. હું વેશ પહેરીને આવું છું...''

૦ ૦ ૦

રાજકીય ચોપાટનો વિચક્ષણ ખેલાડી, રણક્ષેત્રમાં શત્રુદળ સામે વિકરાળ બનીને હાહાકાર મચાવતો વીર યોદ્ધો, પાટણપતિ કુમારપાળના વિશ્વાસ અને આશ્રયનું ઠેકાણું, જીવનમાં પગલે પગલે જિનશાસનને અનુસરતો શ્રદ્ધાવાન શ્રાવક, એવા ઉદયન મહેતાનો જીવ છેલ્લે ડચકે અટક્યો છે. મોક્ષના માર્ગે લઈ જનાર સંતવચનની પ્રતીક્ષા છે એ જીવને.

બન્ને પુત્રો, અધિકારીઓ, નગરશેઠ, શ્રાવકો અને સેવકો સાધુની પ્રતીક્ષા કરે છે. નીરવ શાંતિ છે...

છાવણીની બહાર ધીમો પગરવ સંભળાયો. પ્રભાવક અવાજમાં ઉચ્ચારણો કાને પડ્યાં.

'જૈનમ્ જયતિ શાસનમ્...'

'જૈનમ્ જયતિ શાસનમ્...'

ધર્મશાસનનો નાદ સાંભળતાં જ મોતના દરવાજે ટકોરા મારી રહેલા ઉદા મહેતાની કાયામાં શક્તિનો સંચાર થયો... પથારીમાં બેઠા થયા...

સામે દિવ્ય અને તેજોમય આકૃતિને જોઈને બે હાથ જોડ્યા...

સૌ કોઈ એ તેજસ્વી સાધુને વિસ્મયથી જોઈ રહ્યા. કેટલું પ્રભાવશાળી વ્યક્તિત્વ! જિનશાસનની યશપતાકાને સમગ્ર વિશ્વમાં ફરકાવી શકે એવા આ સાધુના તેજથી સૌ વશીભૂત થઈ ગયા.

પાંચેય ઇન્દ્રિયો અને ષડ્ રિપુઓ પર વિજય મેળવ્યો હોય; પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તી, બાવીસ પરિષહ, દસ યતિધર્મ, બાર ભાવના અને પાંચ ચરિત્રો દ્વારા જેણે કર્મોને રોક્યાં હોય એવા સાધુ ભગવંતની વાણીએ તો હવાના અણુઅણુને ધર્મનો સ્પર્શ આપ્યો.

"હે પાટણના દંડનાયક! મનને વોસરવાની આ ઘડી છે. પાટણના રાજ્યશાસનનું એક અંગ હોવા છતાં તમે એક શ્રાવકનો ધર્મ જીવનપર્યંત નિભાવ્યો છે. હવે ધર્મ સિવાયનું સઘળું છોડીને મુક્તિના માર્ગે પ્રયાણ કરો. મારું-તારું, મોહ-ઘૃણા..બધું છોડો. બધું જ નાશવંત છે. વિરક્તિનો ભાવ ધરો...

खामेमि सव्वे जीवा, सव्वे जीवा खमंतु मे;
मीटी मे सव्व भुएसु, वैरं मज्जन न केणई ।

(હે શ્રાવકશ્રેષ્ઠ! સૃષ્ટિના સર્વ જીવોને ક્ષમા કરો! સર્વ જીવોની ક્ષમા યાચો! બધું જ જો માટીમાં મળી જવાનું હોય તો વેર કોની સાથે કરવું?

अनित्यानि शरीराणि वैभवो नैव शाश्वतः ।
नित्यं सन्निहितो मृत्युः कर्तव्यो धर्मसंग्रहः ।।

(મનુષ્યનું શરીર નશ્વર છે, અને ધન-વૈભવ પણ શાશ્વત નથી. મૃત્યુ સદૈવ આપણી સાથે જ હોય છે.આપણું કર્તવ્ય છે કે ધર્મનું પાલન કરવું.)

મહારાજ સાહેબની દિવ્ય વાણીનું

શ્રવણ કરતાં કરતાં ઉદા મહેતાનું શરીર શાંત પડવા માંડ્યું.

નમો અરિહંતાણમ્ ।

નમો સિદ્ધાણમ્ ।

નમો આયરિયાણમ્ ।

નમો ઊવજ્ઝાયાણમ્ ।

નમો લોએસવ્વસાહૂણમ્ ।

એસો પંચ નમુક્કારો, સવ્વ પાવ્વપ્પણાસણો; ।

મંગલાણમ્ ચ સવ્વેસિમ્, પઢમમ્ હવઇ મંગલમ્ ॥

નવકાર મંત્ર સાંભળતાં જ ઉદયન મહેતાની આંખ મીંચાઈ ગઈ.

○ ○ ○

"ભાઈ બિરજુ! ધન્ય છે તારી કળાને. આજે તેં વઢવાણની લાજ રાખી છે. જેવો અદ્ભુત વેશ એવું જ જ્ઞાન અને એવી જ આરપાર ઊતરી જાય એવી વાણી... તારી કળાનાં મૂલ ન થાય, ભાઈ! પણ, પ્રેમથી આ સો કોરી આપું છું. બક્ષિસ તરીકે."

નગરશેઠ ગદ્ગદિત થઈ ગયા.

બિરજુના ચહેરા પર મંદમંદ સ્મિત છે.

"ભાઈ, આપની કળાને અમારા પ્રણામ. આપની કદર કરવાનું અમારું ગજું નથી. નગરશેઠે એમની લાગણી વ્યક્ત કરી. અમારા તરફથી પણ સ્નેહપૂર્વકની ભેટ સમજીને આ બસો કોરી સ્વીકારી લો. અમે સદા આપના ઋણી રહીશું. અમારા પિતાજીની અંતવેળા સુધરી ગઈ."

આટલું બોલતાં વાહડનું હૈયું ભરાઈ ગયું.

"હા, બિરજુભાઈ!"

ભીની આંખે આંબડ બોલ્યો- "આપના આશીર્વાદ થકી એમના આત્માનું કલ્યાણ થઈ ગયું. સાધુ ભગવંતના રૂપમાં આપનાં દર્શન કરીને અમારા પિતાજીની આંખ મીંચાણી."

"તમારા પિતાશ્રીની આંખ મીંચાણી ને મારી આંખ ઊઘડી...!"

જૈન મુનિના સ્વાંગમાં બિરજુ બહુરૂપી બોલ્યો.

"હું આપની ભેટ સ્વીકારી શકતો નથી, મને ક્ષમા કરો. એક જ ઘડીના નકલી સાધુના વેશમાં મુજ બહુરૂપીને જોઈને પાટણનો દંડનાયક મરણપથારીએથી બેઠો થઈ જતો હોય, મુજ વેશધારીના આશીર્વાદથી એમના આત્માનું કલ્યાણ થતું હોય, તો આ વેશ હું શા માટે ઉતારું? મને આત્મકલ્યાણની દિશા મળી ગઈ છે. મને મારો મારગ મળી ગયો છે.

આ વેશ હવે નહીં ઊતરે..."

આટલું કહીને બહુરૂપીએ, ના ના; બહુરૂપીએ નહીં, એક મુમુક્ષુએ ધર્મના પંથે ડગલાં માંડ્યાં.

(બહુરૂપીએ પછી દીક્ષા લીધી અને આખરી વેળાએ જૂનાગઢમાં સંથારો લીધો. વાહડ અને આંબડ વાગ્ભટ અને આમ્રભટના નામથી પ્રસિદ્ધ થયા)

❑❑❑

[પૃ. ૩૮થી ચાલુ]

પ્રશ્ન: આપનાં અનેક સર્જનોના ભારતીય ભાષાઓમાં અને વિદેશની ભાષાઓમાં અનુવાદ થયા છે. આપ પોતે પણ અનુવાદ કરો છો. અનુવાદની પ્રક્રિયા વિષે અને અનુવાદના આપના અનુભવ વિષે અમને કંઈક કહેશો? આપની કવિતાના અન્ય ભાષાઓમાં થયેલા અનુવાદ આપ જુઓ ત્યારે એ કાવ્યના મૂળ સર્જક તરીકે આપ એને કેવી રીતે જુઓ કે મૂલવો?

અનુવાદની પ્રક્રિયા મારે બહુ શરૂઆતથી શરૂ કરવી પડી, એટલા માટે કે હું જાણતો હતો કે મને સંસ્કૃત માટે કોઈ પુરસ્કાર મળવાના નથી, અને ગુજરાતીમાં ધીરુભાઈ પરીખ જેવા તંત્રીઓ હતા તે પાંચ રૂપિયા પુરસ્કાર આપતા હતા, જે મને પસંદ નહોતું. એટલે મેં એક ત્રીજી ભાષા પસંદ કરી- અંગ્રેજી, અને મારી સંસ્કૃત કવિતાઓના હું અંગ્રેજી અનુવાદ કરવા માંડ્યો. સાહિત્ય અકાદમીના 'ઇન્ડિયન લિટરેચર' માં મેં પહેલી કવિતા મોકલી, ૧૯૮૦માં એના દળદાર અંકમાં એ છપાઈ. ત્યાર પછી મારા ત્રીસ-પાંત્રીસ જેટલા અનુવાદો એમાં છપાયા. એ લોકો પુરસ્કાર સારા આપતા હતા, એ વખતે ૧૦૦૦ રૂપિયા પુરસ્કાર હતો, એટલે મને સંસ્કૃતમાં લખવાથી જે ખોટ હતી એ પૂરી પડી જતી હતી. પછી 'સમકાલીન ભારતીય સાહિત્ય' એ સારું મેગેઝિન છે, એમાં હિન્દી અનુવાદો કરીને મેં મોકલવા માંડ્યા. મારી કોલેજમાં ગુપ્તા સાહેબ હતા એ મારી હિન્દીની ભૂલો સુધારી આપતા. આપણે જાતે અનુવાદ કરીએ એનો પણ એક રોમાંચ હોય છે, એ જોવાની મજા પડે છે કે ભાષા કેવી રીતે બદલાઈ જતી હોય છે. આમ અનુવાદો કરવાને કારણે મારી કવિતાઓ અલગ અલગ ભાષાઓમાં પહોંચી શકી અને એને કારણે આપણને પ્રોત્સાહન મળતું હોય છે એ મહત્ત્વની વાત છે. એ અનુવાદોથી હું કાશ્મીરી ભાષામાં પણ પહોંચ્યો અને સતીષ વિમલે કાશ્મીરી ભાષાના અગિયાર કવિઓમાં મારો સમાવેશ કરીને મારો એક કાવ્યસંગ્રહ બહાર પાડ્યો. પછી મારો એક ગુજરાતી કાવ્યસંગ્રહ 'અલકનંદા' હતો એમાં મેં ગુજરાતી અનુવાદ પણ સાથે મૂકેલા, એની પ્રતિક્રિયા ઊલટી આવી. અમારા સંસ્કૃતના પંડિતોએ એવું કહ્યું કે હર્ષદેવ તો પહેલાં ગુજરાતીમાં લખે છે અને પછી એનું સંસ્કૃત કરે છે. માત્ર ઈર્ષાને કારણે લોકો આવાં વાક્યો બોલતા હોય છે. એટલે એવા લોકોને શાંત કરવા માટે ત્યાર પછીના મારા કોઈપણ કાવ્યસંગ્રહોમાં અનુવાદ આપ્યા નથી. મારા અઠ્ઠાવીસ કાવ્યસંગ્રહો થયા એમાં કોઈમાં મેં અનુવાદો આપ્યા નથી, પણ પછી પરિસ્થિતિ એ થઈ કે બીજા લોકો અનુવાદો કરવા માંડ્યા. અને એમ

કરતાં કરતાં પંજાબી, મલયાલમ, તેલુગુ, મરાઠી, ઉર્દૂ જેવી ભાષાઓમાં અનુવાદો થયા. અને છેવટે આ મારો સાહિત્ય અકાદમી પુરસ્કૃત કાવ્યસંગ્રહ છે 'તવ સ્પર્શે સ્પર્શે' એનો નેપાળી ભાષામાં ઇન્દ્રગિરીએ આ કોરોના સમયમાં અનુવાદ કર્યો. આ કોરોના સમય મને બહુ ફળદ્રુપ રહ્યો. મેં ખૂબ સર્જન કર્યું અને એના ચાર ભાષાઓમાં અનુવાદ થઈ ગયા. ૧૯૮૮માં સંસ્કૃતના મૂર્ધન્ય પંડિત રામકરણ શર્માએ બહુભાષી કવિ તરીકે મને સ્થાન આપ્યું. એપ્રિલ ૨૦૨૦થી શરૂ કરીને જુલાઈ ૨૦૨૦ સુધી હું રોજ એક હાઈકુ અથવા મોનો-ઇમેજ સંસ્કૃતમાં લખતો અને એની સાથે હિન્દી કે અંગ્રેજી અનુવાદ સોશિયલ મીડિયામાં મૂકતો. એ વખતે લોકો ઘરમાં હતા, બીજી કોઈ પ્રવૃત્તિઓ નહોતી અને બધા સાહિત્યકાર સાહિત્ય વાંચતા હતા. પછી ધીમેધીમે એના અનુવાદો થવા માંડ્યા. સાંજ સુધીમાં પંદર-વીસ ભાષાઓમાં એના અનુવાદો થઈ જાય, પ્રતિભાવો આવે, એનું વિવેચન થાય, કોઈ એનું રસદર્શન કરાવે. અને એમ કરતાં કરતાં સંસ્કૃતમાં પહેલો 'ફેઈસબુક પોએમ્સ'નો એક આખો કાવ્યસંગ્રહ તૈયાર થયો. એનું નામ મેં આપ્યું 'गगनवर्णानां गूहगवेषा'. આ કાવ્યસંગ્રહ હમણાં જ પ્રકાશિત થયો.

પ્રશ્ન: સંસ્કૃતમાં મૌલિક સર્જન ઉપરાંત સાહિત્ય મીમાંસા, સંસ્કૃતનો શબ્દકોષ, અને બોલચાલની સંસ્કૃત ભાષાના શિક્ષણને લાગતાં પુસ્તકો તૈયાર કરવાનું શ્રેય પણ આપને જાય છે.

આમાં એવું હતું કે વિવેચન માટે પણ મારા મનમાં થોડા જુદા દૃષ્ટિકોણ હતા. જેને આપણે ગુજરાતીમાં વિવેચન અને અંગ્રેજીમાં લિટરરી ક્રિટિસિઝમ કહીએ છીએ એને સંસ્કૃતમાં અલંકારશાસ્ત્ર કહેવાય છે. સંસ્કૃતમાં બહુ મોટામોટા કાવ્યશાસ્ત્રીઓ થઈ ગયા છે-મમ્મટ, આનંદવર્ધન એ બધા. વીસમી સદીમાં સંસ્કૃતમાં છ નવાં અલંકારશાસ્ત્રો લખાયાં. એમાં છેલ્લું અલંકારશાસ્ત્ર મેં લખ્યું. અને એનું મેં નામ આપ્યું 'વાગીશ્વરી કંઠસૂત્ર'. ૨૦૧૨માં જ્યારે મનમોહનસિંહ વડાપ્રધાન હતા ત્યારે એમના હસ્તે વિશ્વ સંસ્કૃત કોન્ફરન્સમાં એનું ઉદ્‌ઘાટન થયું. સંસ્કૃતમાં સૂત્રો બહુ પ્રસિદ્ધ છે. તો એ પુસ્તકમાં મેં નવાં સૂત્રો બનાવ્યાં અને એની સાથે, સંસ્કૃતમાં જેને ટીકા કહેવાય એ, મારું પોતાનું વિવેચન મેં ઉમેર્યું અને એક આખો નવો કાવ્યસિદ્ધાંત મેં આપ્યો. એ કાવ્યસિદ્ધાંત શાક્તદર્શન અને યોગદર્શનના આધારે મેં ઊભો કર્યો, જેમાં આખા વિશ્વની કવિતાનું વિવેચન થઈ શકે એવા માપદંડો મેં આપ્યા. મારું પ્રતિપાદન એવું હતું કે કવિતા એ વાણીની દેવી સરસ્વતીનું વરદાન છે. અને સરસ્વતીની આરાધના ચાર ભાવનાઓથી થાય છે. 'લલિતાસહસ્રનામ'નું એક બહુ સરસ તંત્રનું પુસ્તક છે, એમાં માતાજીનું એક બહુ

સુંદર વિશેષણ છે 'મૈત્રાદિવાસનાલઘ્ય'. મારું આખું કાવ્યશાસ્ત્ર અહીંથી ઊઘડ્યું છે, કારણકે હું શાક્તતંત્રનો અભ્યાસી અને એનો ઉપાસક છું. તો ભગવતી જો મૈત્રી વગેરે વાસનાઓથી મળતી હોય તો કવિને એ સહજ છે. કારણકે એ માનો પુત્ર છે, એ સારસ્વત છે. એટલે એમાંથી મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા આ સાહિત્યના મૂળભૂત સિદ્ધાંતો છે એવું મને લાગ્યું. અને એમાંથી તમે જુઓ તો માર્ક્સવાદ એ ગરીબોની ઉપેક્ષામાંથી આવ્યો છે. દલિત સાહિત્ય એ આખું દલિતોની ઉપેક્ષામાંથી આવ્યું છે. તો કાલિદાસ છે એ મુદિતાનો, આનંદનો કવિ છે, કિટ્સ એ આનંદનો -રોમેન્ટિક કવિ છે. ભવભૂતિ અને ભાસ છે એ મૈત્રીના કવિ છે. એમનામાં સપત્નીઓ પણ એકમેકની મિત્ર બની જાય છે. દુશ્મનો પણ મિત્ર બની જાય છે, દુર્યોધન ઉદારતાથી પોતાનું અડધું રાજ્ય પાંડવોને આપી દે છે. તો કવિની અંદર જે વાસનાઓ પડી છે એમાં આખી વિશ્વકવિતા પથરાયેલી છે.

હવે તમે બીજી જે વાત કરી સંસ્કૃત શિક્ષણનાં પુસ્તકોની, તો હું જ્યારે એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે ભણતો હતો ત્યારે મને સંસ્કૃત શીખવાની ઘણી તકલીફ પડી, કારણકે એવું કોઈ પુસ્તક નહોતું જેમાંથી ભાષા પૂરેપૂરી શીખી શકાય. વ્યાકરણમાં રૂપોની ગોખણપટ્ટી કરવાની, વ્યવહારની ભાષા તદ્દન જુદી,



અને ક્લાસિકલ કવિઓને વાંચો તો તમે ક્લાસિકલ થઈ શકો, પણ આધુનિક ન થઈ શકો. મારે ગરોળી શબ્દનું સંસ્કૃત ક્યાં શોધવા જવું? કઈ ડિક્શનરીમાંથી એ મળે? આવા પ્રશ્નો હતા. સંસ્કૃત વ્યાકરણનાં પણ થોડાં પુસ્તકો મેં વાંચ્યાં, એમાંથી મારી તરસ અમુક છીપી, અમુક ન છીપી. પસ્તીમાંથી કમળાશંકર ત્રિવેદીનું એક સંસ્કૃત પુસ્તક હું ખરીદી લાવ્યો. એમાં બહુ સરળ ભાષામાં સમજાવટ હતી. એના આધારે હું ધીરેધીરે સંસ્કૃતમાં લખતાં શીખ્યો. પણ મારી મુખ્ય તકલીફ આ હતી કે મારી પાસે આધુનિક શબ્દકોષ નહોતો. એટલે મારે રેલ્વે સ્ટેશનને શું કહેવું, અથવા ફોનને શું કહેવો, આવી

મુશ્કેલી થતી. આ બધું સહન કરતાં કરતાં જ્યારે હું અધ્યાપક બન્યો ત્યારે મને થયું કે મને જે તકલીફો પડી એ તકલીફ નવા શીખનારને ન પડે. એટલે મેં સંસ્કૃતનાં કેટલાંક પુસ્તકો લખ્યાં 'સંસ્કૃતની આબોહવામાં', 'સંસ્કૃતના વરસાદમાં', 'સંસ્કૃતના ઉપવનમાં' આવાં બધાં એમનાં નામો. એના દ્વારા તમે સંસ્કૃતના શબ્દો શીખી શકો, એનાં વાક્યો બનાવતાં શીખી શકો, તમારે બોલચાલ કરવી હોય તો એ કરી શકો. વ્યવહારભાષા તરીકે સંસ્કૃતની બહુ જરૂર છે, કારણકે લોકોને એ જ નથી આવડતું. એકવાર લોકોને સંસ્કૃત બોલવાનો ડર જો નીકળી જાય તો સંસ્કૃત એ આપોઆપ લોકભાષા બની શકે. સંસ્કૃતનું વ્યાકરણ એની સૌથી મોટી પનોતી છે. કેમકે તમે રૂપો ગોખો પણ એ રૂપો શેને માટે કામ આવે એ તમને ખબર જ નથી, ભણાવનારને ખબર નથી અને ભણનારને ખબર નથી. એટલે રૂપોની ગોખણપટ્ટીમાંથી લોકોને બહાર કાઢવા માટે આ પુસ્તકો મેં લખ્યાં. પહેલાં 'નવચેતન' મેગેઝિનમાં મારી આ કોલમો થઈ અને પછી એનાં પુસ્તકો થયાં. આમાં મારી એક જ દૃષ્ટિ છે, કે સંસ્કૃત સરળતાથી શીખી શકાય, એમાં વાતચીત કરી શકાય. હવે તમે જાણો છો કે આપણું વિશ્વ બહુભાષી બનતું જાય છે. એટલે એકીસાથે ચાર ભાષાઓ શીખી શકાય એ રીતે મેં બહુભાષી સચિત્ર શબ્દકોષ બનાવ્યા. આ બધો સંસ્કૃતના અધ્યાપક તરીકેનો મારો પરિશ્રમ હતો. મને એમ થયું કે સંસ્કૃતના રોટલા ખાઉં છું તો એ ભાષાને લોકો સુધી પહોંચાડવી એ મારું કર્તવ્ય છે, એકલા રોટલા ખાઈને બેસી ન રહેવાય. આજે જ્યારે હું મારી સંધ્યાના સમયે ઊભો છું ત્યારે મને લાગે છે કે મારું આ કર્તવ્ય મેં નિષ્ઠાપૂર્વક પૂરું કર્યું છે. શાક્તતંત્ર અને શિવતંત્ર એ વિષે ગુજરાતીમાં કોઈને ખબર નહોતી, મહેતા સાહેબનાં પુસ્તકો સિવાય. તો એના વિષે મેં તેર પુસ્તકો લખ્યાં. ૨૦૨૦માં 'તંત્રસાહિત્યમાં ભગવાન શિવના રહસ્ય' મારું પુસ્તક પ્રકાશિત થયું. વેદ ઉપર હું પંદરેક વર્ષથી 'અખંડ આનંદ'માં કોલમ લખું છું. એના પણ ત્રણ પુસ્તકો થયાં, જેમાં મારા મનમાં એ હતું કે મારે ઋષિની ચેતના સુધી પહોંચવું છે. એનું કારણ એ છે કે વેદમંત્રો એ જ્ઞાન-વિજ્ઞાનની સમસ્ત શાખાઓ સાથે જોડાયેલા છે. મને પોતાને એમાં દિવ્ય ચેતનાનો અનુભવ થાય છે. આપણી સંસ્કૃત ભાષાને દેવભાષા કેમ કહેવાય છે? એટલા માટે કે એમાં એક આધ્યાત્મિક ચેતના રહેલી છે. એટલે આપણે જ્યારે એક સામાન્ય શ્લોક વાંચીએ, એના આધ્યાત્મિક અર્થો જુદા હોય. 'गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वरा...' એ શ્લોકમાં બ્રહ્મા શબ્દ પહેલાં કેમ આવ્યો? એટલા

માટે કે બ્રહ્મા એ મૂલાધાર ચક્રના સ્વામી છે. વિષ્ણુ શબ્દ કેમ આવ્યો? કારણકે સ્વાધિષ્ઠાન ચક્રના સ્વામી વિષ્ણુ છે. એટલે મૂલાધારમાં સૂતેલી વાણી છે એને જગાડવા માટે મૂલાધારમાં બ્રહ્મા, સ્વાધિષ્ઠાનમાં વિષ્ણુ. હવે એ શ્લોકમાં 'મહેશ્વર' શબ્દ કેમ વાપર્યો? કેમ રુદ્ર કે શંકર શબ્દ ન વાપર્યો? મહેશ્વર છે એ આજ્ઞાચક્રના સ્વામી છે. એટલે આ બધામાંથી પસાર થતી થતી તમારી વાણી જ્યારે પશ્યંતિ વાણી સુધી પહોંચે ત્યારે ગુરુ અને પરબ્રહ્મ એ બંને એક થઈ જાય એવી કલ્પના કરવા માટે આ મંત્ર બોલવામાં આવે છે.

પ્રશ્નઃ આપે અગાઉ કહ્યું તેમ સંસ્કૃતનું વ્યાકરણ ભલભલાને અઘરું લાગે એવું છે. એ દૃષ્ટિએ કેટલાક વિદ્વાનો એને લેટિન ભાષા સાથે સરખાવે છે. આ સંદર્ભે ભાષાની વિશેષતાઓ વિષે આપ શું કહેશો?

જે વાત પંડિતો કહે છે એ ખોટી નથી. પણ મુશ્કેલી એક છે કે બધાએ પંડિતોની ભાષા બોલવાની જરૂર નથી. સંસ્કૃત એ બહુ મધુર અને મૃદુ ભાષા છે, એ ચમત્કારિક ભાષા છે, એની પાસે લગભગ બે લાખ જેટલા શબ્દો છે અને અમે લોકો નવા શબ્દો બનાવતા જઈએ છીએ. એટલે એમાં નવાનવા શબ્દકોષો ઉમેરવાની શક્યતાઓ પણ છે. અને સૌથી વધુ તો સંસ્કૃત ભાષાનું જે લાઘવ છે, એને કારણે તમે એ ભાષામાં લખો ત્યારે તમને મહાકવિઓની અને ઋષિઓની ચેતનાનો અનુભવ થાય. આપણે વ્યાકરણને બાજુએ મૂકીએ. જે લોકો ગુજરાતી બોલે છે એ બધાને શું વ્યાકરણ આવડે છે? અંગ્રેજી પરિવારોમાં બાળક જન્મે ત્યારે એને પહેલું અંગ્રેજી શીખવાડે છે કે વ્યાકરણ શીખવાડે છે? તો ભાષા શીખવા માટે પહેલાં વ્યાકરણ શીખવું જરૂરી નથી. આ વાત બધી ભાષાઓને લાગુ પડે છે. તો આપણે આ વ્યાકરણનો ડર અને પંડિતોએ ઊભો કરેલો હાઉ દૂર કરી દઈએ તો ભાષા બહુ સરળ, મધુર અને આવકારે એવી છે. અને સંસ્કૃત ભાષાનું તમને એક વાર ઘેલું લાગે તો પછી એ પૂરેપૂરા રંગી નાખ્યા વિના છોડતી નથી. એ ગરિમાપૂર્ણ ભાષા છે. એવો અનુભવ તમને ઉર્દૂમાં થાય, જો લખનવી ઉર્દૂ હોય તો. સંસ્કૃતમાં કોઈ માણસ તમને એમ ન પૂછે કે 'તમે ક્યાં રહો છો?', પણ સંસ્કૃતમાં 'આપ કયા પ્રદેશને શોભાવો છો?' 'આપના વિરહમાં કયા પ્રદેશની સુંદરીઓ વ્યાકુળ બની ગઈ છે?' 'આપે આપના જન્મથી કયા કુટુંબને ધન્ય કર્યું છે?' આવા પ્રકારની શિષ્ટ સંસ્કૃત પદાવલીઓ સંસ્કૃતમાં છે, અને એને કારણે મને સંસ્કૃત બહુ ગમે છે.

પ્રશ્નઃ આપણે સંસ્કૃતને અનેક ભારતીય ભાષાઓની જનની પણ કહીએ છીએ. આ વાત કેટલી હદે સાચી છે? સાથે ભાષાઓની ઉત્પત્તિ,

સ્થિતિ અને લયની વાત પણ કરીએ. ભાષાઓ જો સમય સાથે પરિવર્તનશીલ રહે, એમાં નવા પ્રયોગો થાય તો એ ભાષા જીવિત અને જીવંત રહે. સંસ્કૃત ભાષા સંદર્ભે શું કહેશો?

સંસ્કૃત ભાષા એ વિશ્વભાષાઓની જનની છે એવું અંગ્રેજોએ પણ માન્યું છે, ભારતીય ભાષાઓની જનની તો છે જ, એમાં કોઈ સવાલ નથી. મોનિયર વિલિયમ્સ અને પછી વિલિયમ જોન્સ એ લોકોએ રોયલ એશિયાટિક સોસાયટીમાં વ્યાખ્યાનો આપેલાં અને એમાં એમણે સંસ્કૃત, ગ્રીક અને લેટીન એ ત્રણ ભાષાઓની સરખામણી કરી. અને વિશ્વભાષાઓમાં એનો કેવો પ્રભાવ છે એની બહુ વિસ્તારથી ચર્ચા કરી. એવા પણ અભ્યાસો થયા છે કે ભારતીય ભાષાઓમાં સંસ્કૃતના શબ્દો કેટલા. જો તમે તત્સમ શબ્દો બધી ભાષાઓમાંથી દૂર કરી દો તો બધી ભાષાઓ દરિદ્ર થઈ જાય. ગુજરાતી પ્રજા પહેલેથી વેપારીવૃત્તિવાળી એટલે આપણી ભાષામાં ફારસી, ઉર્દૂ વગેરે ભાષાઓના શબ્દો આવ્યા, અંગ્રેજી શબ્દો પણ આવ્યા. પણ તમે જુઓ તો દક્ષિણ ભારતની ભાષાઓ છે એકદમ રૂઢિચુસ્ત છે. તમે મલયાલમ ભાષા સાંભળો તો એના ઘણા શબ્દો સમજી શકો. એનું એક કારણ એ છે કે સંસ્કૃતની શબ્દાવલી. એટલું જ નહીં, સંસ્કૃત પ્રાચીન ભાષા છે પણ અર્વાચીન બનવાની એનામાં પૂરેપૂરી ક્ષમતાઓ છે. સંસ્કૃતમાં અંગ્રેજી શબ્દો સીધા ઉઠાવાતા નથી, ગુજરાતીને એવું કરવું પડે છે. જ્યારે સંસ્કૃત એ નવા શબ્દો બનાવી શકે છે, જે તે વસ્તુ ઉપરથી. મોબાઈલ, ટેલિફોન, ટેલિવિઝન જેવા અર્વાચીન શબ્દો મેં મારા શબ્દકોષોમાં મૂક્યા અને એ પ્રચલિત થયા. દાખલા તરીકે 'સેલ્ફી' શબ્દ છે એને ગુજરાતીમાં સેલ્ફી જ કહીએ છીએ પણ એને માટે મેં સંસ્કૃત શબ્દ બનાવ્યો स्वच्छ्छविः, અને માસ્ક માટે मुखावरणम्. કોરોના સમયમાં મેં એક હાઈકુ લખ્યું आत्मनिर्भरा जाताः श्रमिका गन्तुं गृहं च मृत्यु. ચાલીને જતા મજૂરો જોઈને કવિનો એ વિલાપ છે. આ શ્રમિકો આત્મનિર્ભર થઈ ગયા, ઘર તરફ જવા માટે કે મૃત્યુ તરફ જવા માટે? સરકારે તો એમને છોડી દીધા, ઘર તરફ જાઓ કે મૃત્યુ તરફ જાઓ. આ ભાષાની તાકાત છે.

પ્રશ્ન: આજે ગુજરાતી ભાષાને ઘસારો પહોંચ્યો છે, એને જીવિત રાખવા વિષે અનેક લોકો ચિંતિત છે. એવા સમયમાં સંસ્કૃત ભાષાના ભાવિ વિષે આપ ચિંતિત છો?

ના, જરાય નહીં. સંસ્કૃત એ પીપળો છે. પીપળાને તમે એક જગ્યાએથી કાપો તો એ બીજે ઊગે. સંસ્કૃત ભારતમાં નહીં તો વિદેશોમાં પણ જીવતી રહેશે અને વિદેશોમાં નહીં તો અંતરિક્ષમાં પણ જીવશે. તમે મારી વાત કરો. મારામાં સંસ્કૃત ક્યાંથી રોપાયું? ગુજરાતી

ભાષા ઉપર જોખમ એટલા માટે છે કે ગુજરાતીઓ પોતે ભાષા માટે સજાગ નથી. શિવરંજની શબ્દ હોય તો 'શી' દીર્ઘ કર્યું હોય, સૂર્યપૂજા શબ્દ હોય તો સુ હ્રસ્વ કર્યો હોય. જ્યાં સુધી ગુજરાતીઓને પોતાની ભાષાનું ગૌરવ નહીં થાય ત્યાં સુધી ગુજરાતી ભાષાને કોઈ બચાવી નહીં શકે. પણ સંસ્કૃતનું એવું નથી, સંસ્કૃત એ પીપળાનું ઝાડ છે, એનાં મૂળ ઘણાં ઊંડાં હોય છે. એ ઋષિમુનિઓની ભાષા છે. યોગ, આયુર્વેદ, કામસૂત્ર આ બધું સંસ્કૃતમાં છે અને વિદેશીઓ પણ એને સંસ્કૃતમાં વાંચે છે. ચાણક્યનું અર્થશાસ્ત્ર પાકિસ્તાનમાં ભણાવાય છે. તો આ રીતે વિચારીએ તો સંસ્કૃત ભાષા ક્યારેય મરવાની નથી. ચિંતા પ્રાદેશિક ભાષાઓએ કરવાની છે. મેઘાણી છે તો ગુજરાતી જીવે છે, ધૂમકેતુ છે તો ગુજરાતી જીવે છે, મુનશી છે તો ગુજરાતી જીવે છે. આ બધાને આપણે વાંચવા પડશે. સંસ્કૃતમાં જ્યાં સુધી નોબેલ પારિતોષિક નહીં આવે ત્યાં સુધી અમે જન્મ લેતા રહીશું.

પ્રશ્ન: સંસ્કૃતના અધ્યયન અને સેવન વિષે કંઈક વાત કરીને આપનો કોઈ સંદેશ આપશો?

અત્યારની જે શિક્ષણપ્રણાલી છે એમાં સંસ્કૃત શીખી શકાય એવું નથી, એટલા માટે કે સેમેસ્ટર સિસ્ટમ છે, પરીક્ષાઓ છે. બે મહિના ભણાવાય, એક મહિનો પરીક્ષા ચાલે, વિદ્યાર્થી આવે-ન આવે. આ રીતે કોઈ પણ ભાષા શીખી શકાય નહીં. આજની શિક્ષણપ્રણાલી ભાષાઓ માટે ઘાતક છે. અમે ભણતા ત્યારે વેકેશનમાં સંસ્કૃતનાં ક્લાસિક વાંચતા. આજે પરિસ્થિતિ એ છે કે અભ્યાસક્રમમાં એક આખું નાટક પણ નથી હોતું. પછી વિદ્યાર્થીને કેવી રીતે ખબર પડે કે આ નાટક કેટલું ભવ્ય છે? અભિજ્ઞાન શાકુંતલના બે અંક પહેલા સત્રમાં ભણો, ત્રીજો અંક બીજા સત્રમાં ભણો. પછી બાકીના અંકનું શું? વિદ્યાર્થીઓએ પોતે મહેનત કરવી પડશે. પાઠશાળા પ્રણાલી, ગુરુકુળ પ્રણાલી, એમાં જો સારી રીતે શિખવાડાય તો એ સારી પ્રણાલી છે. અને જે ભાષા આપણે શીખવી હોય એને આપણે વધુમાં વધુ વાંચવી જોઈએ. લોકો સંસ્કૃતનાં ક્લાસિક પુસ્તકો વસાવે અને બાળકોને બહુ નહીં તો થોડું થોડું શીખવાડે. સંસ્કૃત ભાષા બાળકો શીખશે તો સંસ્કૃતિ જળવાઈ રહેશે.

❑❑❑

'તમે વેરની વસૂલાત કરવા નીકળ્યા છો, તો બે કબર ખોદજો.' **- ચાઈનીઝ કહેવત**

* * *

'શાંતિ ઉપરથી લાદી શકાતી નથી, એ માત્ર સમજદારીથી જ પામી શકાય છે.'

- આલ્બર્ટ આઈન્સ્ટાઈન

તમારી દૃષ્ટિએ

'નવનીત સમર્પણ' જુલાઈ ૨૦૨૧ના અંકમાં બ્રહ્માંડ જેવા અગાધ અને વિસ્તરતા જતા વિષય ઉપર અતિ રસાળ શૈલીમાં માહિતીપ્રદ લેખ લખવા બદલ તરલિકાબેન ત્રિવેદીને અભિનંદન! લેખમાં ફરી ફરી વિસ્તરણ અને સંકોચન પામતા બ્રહ્માંડના સિદ્ધાંત વિષે વાંચી તે સાથે સંકળાયેલી એક અદ્‌ભુત કલ્પના યાદ આવી ગઈ. બ્રહ્માંડના સંકોચનના અંતે જ્યારે જ્યારે પ્રચંડ ધડાકો (big bang) થાય છે ત્યારે ત્યારે સમય ફરી શરૂ થાય છે. ભૌતિકશાસ્ત્રના નિયમો પ્રમાણે આ સાથે ઇતિહાસનું આબેહૂબ, કાંઈ પણ ફેરફાર વિના, પુનરાવર્તન થાય. જ્યારે પણ અમદાવાદથી કોઈ ગાડી મુંબઈ આવવા નીકળે ત્યારે એનાં એજ સ્ટેશનો આવે તેવી દેખીતી આ વાત છે. ઉદાહરણ તરીકે આ કલ્પના પ્રમાણે વારંવાર નવનીત સમર્પણના જુલાઈ ૨૦૨૧ અંકમાં તરલિકાબેનનો લેખ છપાશે એટલું જ નહીં પણ આવું અસંખ્ય વાર બની ચૂક્યું છે. અહીં વિજ્ઞાન, આત્માના અમરત્વનો દાવો કરતા આધ્યાત્મથી પણ એક ડગલું આગળ વધીને, શરીરના પણ અસંખ્ય પુનર્જન્મોની આગાહી કરે છે. જો કે હબલ ટેલિસ્કોપનાં અવલોકનોએ સ્થાપિત કર્યું છે કે બ્રહ્માંડના વિસ્તરણનો દર વધી રહ્યો છે અને તેના સંકોચનની કોઈ શક્યતા નથી.

હબલ ટેલિસ્કોપે આપણા બ્રહ્માંડમાં બ્રહ્માંડ કરતાં પણ વધુ જૂના કેટલાક ઘટકો જોયા છે. આવાં અવલોકનોનાં અર્થઘટનોને કારણે બ્રહ્માંડની વ્યાખ્યા અને તેના વિષેના ખ્યાલો બદલાઈ રહ્યા છે. હબલ ટેલિસ્કોપથી અનેક ગણું વધારે શક્તિશાળી જેમ્સ વેબ્બ ટેલિસ્કોપ આ વર્ષના અંતમાં સૂર્યની કક્ષામાં મુકાશે ત્યાર પછી આ વિષે બીજી ઘણી રસપ્રદ માહિતી મળવાની શક્યતા છે.

વાશી **- હર્ષદ પ્રા. વ્યાસ**

* * *

જુલાઈ ૨૧નો અંક પ્રત્યક્ષ રૂપે વાંચવા મળ્યો. આનંદ. આ અંકમાં વીનેશ અંતાણીની મુલાકાત દ્વારા સર્જક વિશે ખૂબ જાણવા મળ્યું. એમની નવલકથા, નિબંધ, આત્મકથા વાંચી હોવાથી મુલાકાત વાંચવાનો આનંદ થયો.

હિમાંશી શેલતની વાર્તા 'શિવસંકલ્પ' આજના સમયની તાસીર રજૂ કરે છે પણ લેખિકાએ બતાવ્યું કે મા તે મા! પ્રવીણસિંહ ચાવડાની વાર્તા એ ટેલિફોન યુગની સ્મૃતિ અપાવી. નિલેશ રાણાના કોરોના વિશેના લેખો સાદી, સરળ ભાષામાં વાંચવા/વંચાવવા ગમે છે કોરોના વિશે સચોટ માહિતી આપવા બદલ એમનો આભાર. પુનરાવર્તન કરીને કહું છું કે ગુજરાતી ભાષામાં 'નવનીત સમર્પણ' શિરમોર સામયિક છે. આપ સહુને હાર્દિક અભિનંદન...

જામનગર - નૌશાદ ઉકાણી




ભવન્સ-વૃત્ત

શ્રદ્ધાંજલિ

પ્રા. સુરેશચન્દ્ર અંબાલાલ ઉપાધ્યાય

જન્મ તા. ૨૧-૯-૧૯૩૨, અવસાન તા. ૧૩-૮-૨૦૨૧



સંસ્કૃત-વિદ્યા અને ભારતીય સંસ્કૃતિના વિલક્ષણ સાધક અને પ્રૌઢ વિદ્વાન તેમ જ ભારતીય વિદ્યા ભવનના વિવિધ સંસ્કૃત-વિભાગોના અધ્યક્ષ પ્રા. સુરેશચન્દ્ર અંબાલાલ ઉપાધ્યાયનું મૂળ વતન આંકલાવ (જિ. ખેડા, ગુજરાત) અને મુંબઈમાં સ્થાયી થયેલા નાંદેરા બ્રાહ્મણ. તેમણે મુંબઈ યુનિવર્સિટીની બી.એ. (૧૯૫૨) અને એમ.એ. (૧૯૫૪) પરીક્ષાઓ સંસ્કૃત વિષય સાથે પ્રથમ વર્ગમાં પ્રથમસ્થાને ઉત્તીર્ણ કરી હતી. ઈ. સ. ૧૯૫૨થી ખાલસા કોલેજ, અને કે. સી. કોલેજ ખાતે કેટલાંક વર્ષ સંસ્કૃત અધ્યાપક તરીકે સેવા આપ્યા બાદ તેઓ ૧૯૬૦માં ભારતીય વિદ્યા ભવનની મુંગાલાલ ગોયેન્કા અનુસ્નાતક અને સંશોધન સંસ્થામાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા અને ઈ. સ. ૧૯૭૦થી તેઓ આ સંસ્થાના નિદેશક તરીકે સેવા આપી રહ્યા હતા. તેઓ સંસ્કૃત, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને નૃત્ય (લલિત કલા)ના માન્ય પ્રાધ્યાપક અને સંશોધન-માર્ગદર્શક (પીએચ.ડી. ગાઈડ) હતા અને તેમના માર્ગદર્શન હેઠળ ત્રીસેક વિદ્યાર્થીઓએ સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયમાં શોધ-નિબંધ લખીને પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરી છે.

તેમણે ઈ. સ. ૧૯૭૦માં હાઈડલબર્ગ યુનિવર્સિટી, જર્મની ખાતે DAAD સ્કોલર તરીકે, અને ઈ. સ. ૧૯૭૮માં ટ્યુબિંગન યુનિવર્સિટી, જર્મની ખાતે એ.વી. હુમ્બોલ્ટ ફેલો તરીકે સંસ્કૃત-અધ્યાપન કર્યું હતું તેમ જ જર્મનીનાં અનેક સંસ્કૃત-શિક્ષાકેન્દ્રોનો વ્યાપક પ્રવાસ કર્યો હતો. ઈ. સ. ૧૯૮૦-૮૨માં ટ્યુબિંગન યુનિવર્સિટી, જર્મની

ખાતે તેમણે સંસ્કૃતના અતિથિ-પ્રાધ્યાપક તરીકે સેવા આપી હતી.

વૈદિક પરંપરા, પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્ય, ભારતીય સંસ્કૃતિ, ભારતીય વિદ્યા વિષયક સંશોધન વગેરે વિષયોમાં પ્રા. ઉપાધ્યાયે અંગ્રેજી ભાષામાં અનેક શોધ-લેખો લખ્યા છે. તેમણે પોતાનાં લેખન, સંપાદન અને વ્યાખ્યાનોના માધ્યમથી સંસ્કૃત અને ભારતીય વિદ્યાના ક્ષેત્રે વિપુલ પ્રદાન કર્યું છે.

સંસ્કૃત વાઙ્મય અને ભારતીય સંસ્કૃતિના ક્ષેત્રે તેમણે આપેલા બહુમૂલ્ય પ્રદાન બદલ પ્રા. સુરેશ ઉપાધ્યાયનું ૧. મહારાષ્ટ્ર રાજ્ય શાસનનો ઉત્તમ શિક્ષક પુરસ્કાર (૧૯૯૨), ૨. રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્હી; દ્વારા વિશિષ્ટ સંસ્કૃત વિદ્વાન પુરસ્કાર (૨૦૦૦), ૩. સ્વામી અખંડાનંદના સત્સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ દ્વારા સંસ્કૃત-વિદ્વત્-પુરસ્કાર (૨૦૦૫), ૪. ભારતના રાષ્ટ્રપતિના હસ્તે સમ્માનપત્ર પુરસ્કાર (૨૦૦૭), ૫. અખિલ મહારાષ્ટ્ર પ્રાચ્યવિદ્યા પરિષદ અને મુંબઈ યુનિવર્સિટી દ્વારા વિશિષ્ટ વૈદિક વિદ્વાન સન્માન (૨૦૦૭), ૬. બ્રાહ્મણ સભા, મુંબઈ; દ્વારા વૈદિક ક્ષેત્રે પ્રજ્ઞાવંત પુરસ્કાર (૨૦૦૮), ૭. મુંબઈ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગની સુવર્ણજયંતીના અવસરે સંસ્કૃત-પ્રાધ્યાપક - સન્માન (૨૦૧૨), ૮. નાલંદા નૃત્યકલા શોધ સંસ્થાન (મુંબઈ) દ્વારા ભરતમુનિ સન્માન (૨૦૧૨), ૯. ચિત્રકૂટધામ, તલગાજરડા (ગુજરાત) દ્વારા વાચસ્પતિ પુરસ્કાર (૨૦૧૪) અને ૧૦. સાંદીપનિ આશ્રમ, પોરબંદર (ગુજરાત), દ્વારા બ્રહ્મર્ષિ પુરસ્કાર (૨૦૧૫) વગેરે પુરસ્કારોથી સન્માન કરવામાં આવ્યું હતું.

ધર્મ, તત્ત્વજ્ઞાન, ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત વાઙ્મય અને સમગ્ર ભારતીય વિદ્યા જેવા વિષયો પર લખાયેલા મૂળ ગ્રંથો અને તે વિશેના ભારતના અને વિદેશના અનેક મૂર્ધન્ય વિદ્વાનોનાં સંશોધન-કાર્યનો ગહન અભ્યાસ, વિષયનું પરીક્ષણ અને સમાલોચન કરવાની આગવી છટા, વિચાર-વિમર્શને રજૂ કરવાની અનન્ય પ્રસ્તુતિ-પદ્ધતિ, અધ્યયન અને અધ્યાપનની કળાની ઊંડી સૂઝ અને મંત્રમુગ્ધ કરી દેનારી વક્તૃત્વ કળા એ પ્રા. સુરેશ ઉપાધ્યાયની સારસ્વત પ્રતિભાનાં કેટલાંક વિલક્ષણ અંગો હતાં.

તેમનાં કુટુંબીજનોમાં તેમનાં ધર્મપત્ની કોકિલાબેન, પુત્ર સંજય, પુત્રવધૂ પારુલ, અને બે પરિણીત પુત્રીઓ શ્રીમતી શ્રદ્ધા રાજેશ પાઠક અને શ્રીમતી સ્મિતા જયેશ પાઠક તેમ જ તેમનાં સંતાનોનો સમાવેશ થાય છે.

આજીવન સારસ્વત ઉપાસક એવા સ્વ. પ્રા. ઉપાધ્યાયની પાવન સ્મૃતિમાં સમગ્ર ભારતીય વિદ્યા ભવન પરિવાર સાદર શ્રદ્ધાંજલિ સમર્પિત કરે છે.

શ્રદ્ધાંજલિ



નવી દિલ્હી કેન્દ્રના ભૂતપૂર્વ નિદેશક જે. વીરરાઘવનનું ૯૦ વર્ષની ઉંમરે અવસાન થયું હતું. વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતા વીરરાઘવન ભારત સરકારના માનવ સંસાધન વિભાગના ભૂતપૂર્વ કેન્દ્રીય સંચાલક અને સાંસ્કૃતિક વિભાગના સંચાલક હતા. તેમ જ UNESCAPના સમાજવિકાસના પ્રાદેશિક સલાહકાર હતા. અને UNESCO, બેંગ્કોકના શિક્ષણ પરામર્શક હતા. ૧૯૮૬માં ઘાના સરકારમાં શિક્ષણ વિકાસનું નવનિર્માણ કરવા પરામર્શક તરીકે નિમણૂક પામેલા. તેમ જ ભારત સરકારના શિક્ષણ પ્રયોજન સમિતિના સલાહકાર તરીકે ૧૯૮૩-૧૯૮૬ દરમિયાન હતા. અમદાવાદની HRD શિક્ષણસંસ્થા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન, પ્લાનિંગ અને એડમિનિસ્ટ્રેશનના ૧૯૭૮ થી ૮૩ દરમિયાન એક્ઝિક્યુટિવ સેક્રેટરી રહ્યા હતા. તેઓ ૩૫ વર્ષ કરતાં વધુ સમય ભવન સાથે સંકળાયેલા રહ્યા હતા. અને વર્ષો સુધી સંસ્થાઓનાં જૂથનું ઉચ્ચ શિક્ષણ ન થયું ત્યાં સુધી નિદેશક તરીકે કાર્યરત રહ્યા. નવી દિલ્હી કેન્દ્ર સંપૂર્ણતયા એમના નેતૃત્વ નીચે વિકાસ પામ્યું અને સંસ્કૃતિ, કળા અને શિક્ષણક્ષેત્રે સક્રિય થયું. તેઓના પરિવારમાં તેમનાં પત્ની છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.



શ્રદ્ધાંજલિ

મુખ્ય કાર્યાલયના સ્ટાફ વિભાગના સહાયક શ્રી રાજેશ ડી. પરમારનું ૬૫ વર્ષની વયે ૯ જૂન ૨૦૨૧ના અવસાન થયું છે. તેઓએ ભવનમાં ૫૦ વર્ષ સુધી સન્નિષ્ઠ સેવા આપી હતી. તેમના પરિવારમાં તેમનાં પત્ની શાંતા, પુત્ર રૂપેશ અને પુત્રી સોનલ તથા પ્રપૌત્રો છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

ભવનના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કોવિદ હેલ્પલાઈન શરૂ કરી

બોસ (ભવન્સ ઓલ્ડ સ્ટુડન્ટસ સોસાયટી) ભવન વિદ્યાલય, ચંડીગઢના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ હાલમાં જ લોકોને જરૂરી કોવિદ ને લગતો ઔષધીય પુરવઠો પહોંચાડવા કોવિદ હેલ્પલાઈન શરૂ કરી છે. જરૂરિયાતમંદોને દવા, અનાજ, ઇંજેક્શન, ઓક્સિજન સિલિન્ડર્સ અને જરૂરી ઔષધીય વસ્તુઓ બોસના સભ્યો દ્વારા પહોંચાડાય છે. આ જૂથમાંની એક વ્યક્તિ કોવિદની સારવાર માટે જરૂરી વિવિધ વસ્તુઓની નોંધ રાખે છે, બોસની ટુકડી તેમને પહોંચાડે છે. આ બદલ તેમને રોજ તેમનાં પ્રશંસનીય કાર્ય માટે વખાણ કરતાં ફોન આવે છે.

નવી દિલ્હી કેન્દ્રઃ ડો. અંજુ ટંડનનું 'રાજ્ય શિક્ષક' એવોર્ડ દ્વારા સન્માન



ભારતીય વિદ્યા ભવન્સ, મહેતા વિદ્યાલય, નવી દિલ્હીનાં આચાર્યા ડો. અંજુ ટંડનનું ૨૬ માર્ચ ૨૦૨૧ના દિલ્હી સેક્રેટરિયેટ ખાતે ભવ્ય સમારોહમાં નવી દિલ્હીના ઉપમુખ્યપ્રધાન શ્રી મનીષ સિસોદિયાના હસ્તે 'રાજ્ય શિક્ષક'ના એવોર્ડ દ્વારા સન્માન થયું હતું. આ એવોર્ડ તેમને શિક્ષણક્ષેત્રે તેમના અદ્વિતીય પ્રયાસો, અમૂલ્ય સેવા અને પ્રદાન બદલ આપવામાં આવ્યો છે. એવોર્ડમાં રૂ. ૨૫,૦૦૦ રોકડ, સન્માનપત્ર, રજતચંદ્રક અને શાલ સામેલ હતાં.

ડો. અંજુને મૂલ્યવાન અને પ્રશંસનીય સેવાની કદર રૂપે શિક્ષણમાં ઉત્કૃષ્ટ યોગ્યતા ધરાવનાર શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૪માં CBSE નેશનલ એવોર્ડ ફોર ધ ટીચર્સનો એવોર્ડ મળ્યો હતો. અને કર્તવ્યપરાયણતા અને પ્રંશસનીય સેવાની કદર રૂપે વર્ષ ૨૦૦૭ના સ્વાતંત્ર્ય દિને કેન્દ્રિય કમાન્ડ-ઈન-ચીફના હસ્તે પ્રશંસાપત્ર આપવામાં આવ્યું હતું હતું.



આર. સી. બારમોલા

ભારતીય વિદ્યા ભવને ૨૩ જુલાઈ ૨૦૨૧ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી નિમિત્તે સંસ્કૃત વિભાગના સહાયક પરીક્ષામંત્રી શ્રી કૃષ્ણકુમાર ઝા, સહકાર્યકર શ્રી રાહુલકુમાર વિશ્વકર્મા દ્વારા સ્કંદપુરાણમાંથી ગુરુગીતાના પઠનનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે ભવન્સ મુમ્બાદેવી આદર્શ સંસ્કૃત મહાવિદ્યાલયના સાહિત્યમાં સહાયક પ્રાધ્યાપક રમેશચંદ્ર બારમોલાએ 'શિક્ષણપરંપરા અને શિક્ષણ કૌશલ્ય' વિષય પર હિન્દીમાં ઓનલાઈન વ્યાખ્યાન આપ્યું હતું. ભવન્સ મુમ્બાદેવી આદર્શ સંસ્કૃત મહાવિદ્યાલયના આચાર્ય અને અદ્વૈતવેદાંતના સહાયક પ્રાધ્યાપક ડો. ગણપતિ વી. હેગડેએ વેદિક પ્રાર્થના રજૂ કરી અને સ્વાગત પ્રવચન કર્યું હતું. ભવન્સ અનુસ્નાતક અને સંસ્કૃત વિભાગના અતિરિક્ત નિદેશક શ્રી ગિરિશ બી. જાનીએ વક્તાનો પરિચય આપ્યો હતો. પ્રાધ્યાપક આર. સી. બારમોલાએ પ્રાચીન ભારતની શિક્ષણ-પદ્ધતિ અને ગુરુકુલ પરંપરા સ્પષ્ટ રૂપે સમજાવ્યાં હતાં. તેમણે વેદિક, પૂર્વ વેદિક અને પૌરાણિક સમયમાં પ્રચલિત શિક્ષણ-પદ્ધતિ હતી તેનું વર્ણન કર્યું હતું અને સર્જનાત્મકતા, ધૈર્ય, ઉત્સાહ, શ્રદ્ધા, સમર્પણ, કુનેહ, વિદ્યાકૌશલ્ય જેવા માહિતીપ્રદ મુદ્દાઓ સમજાવ્યા હતા. ભવન્સ સંસ્કૃત પરીક્ષાવિભાગના સહાયક શ્રી દેવ નારાયણ શુક્લાએ આભારવિધિ કર્યો હતો.

ચંડીગઢ કેન્દ્રઃ મોબાઈલ વિડિયો પ્રતિયોગિતામાં ભવન વિદ્યાલય ચંડીગઢના વિદ્યાર્થીઓની પ્રશસ્ય કામગીરી





ખુશી શિઓરન ઓજસ્વી અગ્ગરવાલ

ભવન વિદ્યાલય ચંડીગઢ સ્કૂલની વિદ્યાર્થિની, ધોરણ ૬ની ઓજસ્વી અગ્ગરવાલ અને ધોરણ ૧૨ની ખુશી શિઓરન દ્વારા મોબાઈલ વિડિયો બનાવવાની પ્રતિયોગિતામાં પ્રશંસનીય કાર્ય કર્યું છે. આ પ્રતિયોગિતાનું આયોજન પર્યાવરણ વિભાગ અને યુવસત્તાએ વિશ્વપર્યાવરણ દિન ૫ જૂન ૨૦૨૧ના રોજ કર્યું હતું. 'પર્યાવરણ અને મનુષ્યો સાથે વાઈરસનો પારસ્પરિક સંબંધ' વિષય પર આધારિત પ્રતિયોગિતામાં ૩૫ શાળાઓમાંથી ૬૦૦ વિડિયો આવ્યા હતા. વિદ્યાર્થીઓના વિડિયો 'અમે સફળ થઈશું! નથી કોઈ ભય' વિષય પર આધારિત હતા.

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.
હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com
ફારૂક શાહ: જેઠવા નિવાસ સામે, શ્રેયસ ક્લીનિક પાસે, વોકળા કાંઠા રોડ, જિ. રાજકોટ ધોરાજી-360 410.
હેમાંગ દેસાઈ: ડેપ્યુટિ રજીસ્ટ્રાર, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર-382 030.
ડો. હેમાંગ દેસાઈ: ડેપ્યુટી રજિસ્ટ્રાર, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર-382 030
પ્રણવ પંડ્યા: ઈ-૬૦, "અનુગ્રહ", ગુજરાત હાઉસિંગ બોર્ડ સોસાયટી, અમરેલી-365 601
ડો. ભરત ગોહેલ: 'ભરત', સહજાનંદ નગર, રેલવે સ્ટેશન પાછળ, ગોંડળ, જિ. રાજકોટ. પિન-360311.
સાહિલ: નિસા, 3/15, દયાનંદ નગર, રાજકોટ-360002. મો. 9428790069
દક્ષા રંજન: ઈ-305, સમ્પક એપાર્ટમેન્ટ, બકેરી સીટી, મકરબા રોડ, વેજલપુર, અમદાવાદ-380051
અનિલ ચાવડા: સી/303, અર્જુનવિલા, આનંદ પાર્ટી પ્લોટની બાજુમાં, રાણીપ, અમદાવાદ-382480.
ભરત ત્રિવેદી : bharattrivedi@sbcglobal.net
પારુલ એચ. ખખ્ખર: ‘તીર્થ’, ૧૫૩-ગુરુકૃપાનગર, ચિત્તલ રોડ, અમરેલી-365 601
કુશલ ખન્ધાર: એ-૪૩, હાઈવે એપાર્ટમેન્ટ્સ, ઈસ્ટ્રન એક્સપ્રેસ હાઈવે, સાયન (ઈસ્ટ), મુંબઈ-400 022
હિમાંશી શેલત: સખ્ય, 18 મણિબાગ, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ-396007. મો. 9375824957.
ડો. ભાલચન્દ્ર હ. હાથી : ૬૭૭, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર - ૨૧, ગાંધીનગર. પીન : 380 021
આરાધના ભટ્ટ: aradhanabhatt@yahoo.com.au
અરુણા જાડેજા: એ-1, સરગમ ફ્લેટ્સ, ઈશ્વર ભુવન રોડ, નવરંગપુરા, અમદાવાદ-380 014
સતીશ વૈષ્ણવ: ૩૦૨, સોનેટ, એફ.સી.આઇ.ની પાસે, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઇટ, અમદાવાદ 380 015
આનંદિતા રૈયાણી: બી-304, ગોલ્ડન નેસ્ટ એપાર્ટ. 1, સિલ્વર ગોલ્ડ રેસિડન્સી, નાના માવા રોડ, રાજકોટ-360 005
પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015
વિનોદ પટેલ: 604-બી, જય ચિત્રકૂટ, કુલુપવાડી, બોરીવલી (ઈ), મુંબઈ-66, મો. 9869437259
વલ્લભ નાંઢા: vallabh324@aol.com
મહેન્દ્રસિંહ પરમાર: 20, ગૌરીશંકર સોસાયટી, જ્વેલ્સ સર્કલ પાસે, ભાવનગર-364003
ડો. પંકજ જોશી: ઉપકુલપતિ, ચારુસત યુનિવર્સિટી, નડિયાદ પેટલાદ હાઈવે, ચાંગા, આણંદ-388 421
અમી ભાયાણી: 19, ગોલ્ડ વિલા, આકૃતિ સોસાયટી, બાવડિયા કલાન, ભોપાલ, મધ્યપ્રદેશ-462026
મોના લિયા વિકમશી: 1078, લાભશુભ સોસાયટી, રાવલવાડી રીલોકેશન સાઈટ, ભુજ, કચ્છ 370001
અમૃત ગંગર: ઇ-૫૦૪ પંચશીલ ગાર્ડન્સ, મહાવીર નગર, કાંદિવલી પશ્ચિમ, મુંબઈ 400 067
તરલિકા ત્રિવેદી: ૩૬, સનરાઈઝ પાર્ક, કલ્યાણ પાર્ટી પ્લોટની સામે, વાસણારોડ, વડોદરા
અરવિંદ બારોટ: ૨/૨ જાહ્નવી બંગલોઝ, સરકારી બોરની સામે, બોપલ, અમદાવાદ-380 058
શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

શિક્ષક : મારા સવાલનો સૌ પહેલાં જવાબ દેશે એને વહેલો ઘરે જવા દઈશ.

મગને દફ્તરનો બારી બહાર ઘા કર્યો એ સાથે.

શિક્ષકે પૂછ્યું: ઈ કોણે દફતરને ઘા કર્યો?

મગનઃ એ મેં... લ્યો ત્યારે જાઉં છું જય માતાજી!

☺ ☺ ☺

એકવાર તાનસેન અને ભીખાની કોમ્પિટિશન થઈ. ગીત ગાવામાં...

તાનસેને અડધી કલાક દીપક રાગ આલાપ્યો પછી માંડ ધીરે ધીરે એક દીવડો પ્રગટ્યો...

પછી ભીખાનો વારો આવ્યો. ભીખાએ એક લીટી હજી પૂરી પણ નહોતી કરી, ત્યાં તો આખા મહેલના દીવા ઝળહળી ઊઠ્યા...

તો પેલો જે તાનસેનવાળો દીવો સળગ્યો હતો એણે બીજા દીવાઓને પૂછ્યું...

એલા, આટલી બધી અસર?

તો દીવા કહે...

આનું ગીત આખું સાંભળવા કરતાં સળગી મરવું સારું...

☺ ☺ ☺

છેવટે નીરજ ચોપરાએ સાબિત કર્યું કે ‘ફેંકવું’ એ અતિશય કૌશલ માંગતી કળા છે.

☺ ☺ ☺

હમણાં હમણાં MCQ ના જમાનામાં વિદ્યાર્થીઓને ફેરનહીટમાં માર્ક્સ મળે છે, 96, 97, 98, 99...

અને આપણે ભણતા ત્યારે આપણને તો સેન્ટીગ્રેડમાં મળતા... 36.5, 37, 37.5, 38... 39... એનાથી વધારે તો ક્યારેય જોયા જ નથી.

હાસ્યેન સમાપયેત

આ લોકડાઉનમાં દરેક સ્ત્રીનું સપનું,
મન ભરીને ખાઉં અને જાડી પણ ના થાઉં!

☺ ☺ ☺

દૂધના ભાવ સાંભળીને હવે ભેંસ પણ દોહતી વખતે ભાવ ખાવા માંડી છે.

☺ ☺ ☺

પિતા : ''રિમોટ ક્યાં છે?''
દીકરો એની મમ્મી સામે જોવા લાગ્યો.
પિતા : ''મારું નહિ, આ ટીવીના રિમોટનું પૂછું છું!''

☺ ☺ ☺

કરસન કાકા : ''સરકારે ફેસબુક અને વોટ્સએપ ઉપર આ ખુલ્લા મોઢે ફરતાં ઈમોજી ઉપર પ્રતિબંધ લાદવાની જરૂર છે.
આ રીતે ખુલ્લા મોઢે ફરશે તો કોરોના ઓનલાઈન ફેલાવાની શક્યતા છે.''

☺ ☺ ☺

જ્યોતિષ : ''બેટા, તારી કુંડળીમાં ખૂબ ધન છે.''
ગ્રાહક : ''મહારાજ, કુંડળીનું ધન મારી બેંકમાં કઈ રીતે જમા થાય એનો રસ્તો બતાવો.''

☺ ☺ ☺

ડોક્ટર : ''તમને હૃદયમાં સ્ટેન્ટ બેસાડ્યાં પછી ફાયદો થયો?''
દર્દી : ''થયો, પણ તમને થયો એટલો નથી થયો.''

☺ ☺ ☺

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866
E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
ગોળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2021-2023 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.